વિનોબા

રાષ્ટ્રીય જીવનચરિત્રમાળા

વિનોબા

નિર્મળા દેશપાંડે

અનુવાદિકા

ભારતી વૈદ્ય

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

આ પુસ્તક પર્યાવરણ સહૃદય પુનર્નિર્મિત કાગળ પર છાપવામાં આવ્યુ છે

ISBN : 81-237-1673-7

1996 (*શક* 1917)

VINOBA *(Gujarati)*

રૂ. 35.00

પ્રકાશક : નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા,

એ-5, ગ્રીન પાર્ક, નવી દિલ્હી - 110 016.

અનુક્રમણિકા

પ્રસ્તાવના

"આવા માણસનું ચરિત્ર ન લખાય. તમે લખશો શું ? તમે થોડી સ્થૂળ ઘટનાઓ ભેગી કરશો. પણ એ લોકોનું સાચું જીવન-આંતરિક જીવન કેવું છે - શું છે એની કોઇને ખબર નથી હોતી."

વિનોબાનું જીવનચરિત્ર લખવાનો વિચાર કર્યો ને એક જ્ઞાની પુરૂષે કહ્યું, "જેની માહિતી નથી એ શી રીતે લખશો?" વિનોબા મજાકમાં કહેતા, બાપુએ પોતાની આત્મકથાને "સત્યના પ્રયોગો" એવું નામ આપ્યું. હું આત્મકથા લખું તો એને "અસત્યના પ્રયોગ" એવું નામ આપીશ. કારણ કે મને કંઇ જ યાદ નથી. એટલે હું જે કંઇ કહીશ એ અનાત્મ કથા હશે. એમાં આત્મા નહીં હોય. એ ફક્ત 'કથા' હશે. એટલે જ તો હું આત્મકથા લખતો નથી.

એમણે પોતે નથી લખી. બીજાએ પણ ન લખવી જોઇએ એ સાચું. આવા માણસો દુનિયામાં આવે છે, દુનિયાને પ્રભાવિત કરી જાય છે. કંઇક દેખાયું - જોવાયું એવો ભાસ થાય છે, પણ એ આભાસ જ હોય છે.

પ્રકાશના કિરણના સાત રંગ આંખે જોઇ શકાય છે. પણ તે સપ્તરંગી ઇન્દ્રધનુષ્ય હોય છે કેવળ આભાસ, નયનરમ્ય, મનોહારી, સુખકારી પણ આભાસ. વૈજ્ઞાનિકો કહે છે : એ સાત રંગની આસપાસ ઘણું બધું હોય છે. ઇન્ફ્રા રેડ, અલ્ટ્રા વાયોલેટ વગેરે જુદાં જુદાં નામથી પ્રગટ થતું અને એથી વધારે ઘણું અપ્રગટ એવું. સારાંશ એટલો કે ખરું પ્રકાશકિરણ આપણે જોઇ શકતાં પણ નથી ને સમજી શકતાં પણ નથી.

અને છતાં માણસ લખતો રહે છે, મહાપુરુષોનાં જીવનચરિત્ર લખતો રહે છે. પોતાને જે સમજાયું નથી એ બીજાને કહેતો રહે છે. કારણ કે જ્ઞાન નથી એ સમજ્યા જેટલું જ્ઞાન પણ ક્યાં હોય છે ?

આવા માણસોનાં દર્શન કરવા માટે 'ચક્ષુતઃ ચક્ષુ' આંખોની આંખ હોવી જોઇએ, તે કહે તે સાંભળવા માટે 'શ્રોત્રસ્ય શ્રોત્રમ્', કાનના કાન હોવા જોઇએ અને તેમનું સાચં સ્વરૂપ સમજવા માટે 'મનસો મનો' મનનું મન હોવું જોઇએ.

આમાંનું કંઇ જ ન હોય તે છતાં જીવનચરિત્ર લખવા બેસવું એટલે 'જે રસ્તે જતાં દેવદૂત ગભરાય એ રસ્તે મુરખા દોડી જાય છે' એવી કહેવત જેવું થયું.

અજ્ઞાનનું જ્ઞાન નથી એટલે જ કલમ સરકતી જાય છે, કંઇક લખાતું આવે છે અને શેતાન શાસ્ત્રવચનનો આધાર લે એ પ્રમાણે જ્ઞાનદેવનું સ્મરણ કરવામાં આવે છે.

"મ્હણોનિ માઝી વૈખરી, મૌનાચેહિ મૌના કરી," જ્યાં મૌન જ શોભે ત્યાં મૌનને પણ મૌન કરી દેવાના મિથ્યા પ્રયત્ન થાય છે.

અને પછી હવેનાં પૃષ્ઠો પર વાંચવા મળનારું વિનોબાનું જીવનચરિત્ર પ્રકાશમાં આવવા લાગે છે. આમાં વિનોબા પ્રગટ થાય છે કે નહીં કે પછી ઢંકાઇ જાય છે એ કોણ નક્કી કરે ? પરંતુ આ વાંચીને વિનોબા કોણ અને શું હતા એ જાણવાનું કુતૂહલ મૂઠીભર વાચકોના મનમાં પણ જાગે તો આ મિથ્યા પ્રયાસ સાર્થક થયો ગણાશે.

બાળપણ

"दुर्लभम् भारते जन्म, मानुष्यम् तत्र दुर्लभम्" - ભારતમાં જન્મ પ્રાપ્ત થાય એ જ એક સૌભાગ્યની વાત છે અને તેમાં પણ મનુષ્ય જાતિમાં જન્મ એ વળી અહોભાગ્ય. આમ ભારતમાં કીડી-મંકોડાનો જન્મ મળે તો પણ એ સદ્‌ભાગ્યની વાત ગણાય.

માતૃભૂમિના પ્રેમની મોટી મોટી વાતો બધા જ કરે છે, પરંતુ આવાં વચન દુનિયાની બીજી કોઇ પણ ભાષામાં કદાચ નહીં સાંપડે. આ દેશમાં એવું "કંઇક" છે. કવિ ઇકબાલના શબ્દોમાં કહીએ તો "કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી", હસ્તી જે ખરેખર દુર્લભ છે. ઇતિહાસનું ચક્ર જોતાં અનેક રાજ્યના ઉદય ને અસ્ત થયેલા જણાય છે. સ્વાતંત્ર્ય અને ગુલામીનું ચક્ર પણ નિરંતર ફરતું જ હોય છે. ગુલામીમાં દેશ કાં દબાઇ જાય અને નહીં તો હાથમાં શસ્ત્ર લઇ હિંસક પ્રતિકાર કરવા ઊઠે, પરંતુ ગુલામીના દીર્ઘ સમય ગાળામાં ભારતમાં જે કંઇ બન્યું એ વિલક્ષણ હતું. અંગ્રેજી સામ્રાજ્યનો ફાંસો જેમ જેમ ગળે મજબૂત બનતો જતો એ તેમ તેમ ભારતીય પ્રતિભા મહોરી ઊઠી હતી. આ સમયમાં એટલા મહાપુરુષ, સાધક, શોધક, તત્ત્વચિંતક, સમાજસુધારક થઇ ગયા અને એમની પ્રતિભાએ એટલાં ઊંચાં નિશાન તાક્યાં કે તે જોઇને કોઇ પણ આશ્ચર્યચકિત થઇ જાય. રાજા રામમોહન રાયથી માંડીને ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર, દેવેન્દ્રનાથ, રવીન્દ્રનાથ ટાગોર, મહર્ષિ દયાનંદ, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, સુબ્રમણ્યન ભારતી, શ્રી નારાયણ ગુરુ, રાનડે, ગોખલે, આગરકર, લોકમાન્ય ટિળક અને ગાંધીજી, વિનોબા સુધીના બધા મોટા માણસો ગુલામીની બક્ષિસ છે. આપણો દેશ શા માટે અને શી રીતે ગુલામ બન્યો એનો જવાબ મેળવવાના પ્રયાસ કરતાં કરતાં નવજાગૃતિના, નવનિર્માણના નવા નવા ઉન્મેષ પ્રગટ થતા ગયા અને ભારતને જ નહીં, આખી દુનિયાને ઘણી નવી પ્રાપ્તિ થઇ. આવી રહેલા યુગમાં વિકટ પ્રશ્નો ઉકેલવાના નવા નવા ઇલાજ હાથ આવતા ગયા.

ઓગણીસમી સદીના અંતિમ દાયકામાં બંગાળ અને મહારાષ્ટ્રમાં વધારે મંથન થઇ રહ્યું હતું. નવા-જૂનાનો સંઘર્ષ ચાલી રહ્યો હતો. દેશની નવજાગૃતિમાં

આ બન્ને પ્રદેશોનો હિસ્સો ઘણો મોટો હતો. મહારાષ્ટ્ર તો સંતોની ભૂમિ. મધ્ય યુગના જ્ઞાનદેવ, નામદેવ, એકનાથ, તુકારામ ને રામદાસ આ પાંચ મુખ્ય સંતોએ મહારાષ્ટ્રના માનસનું ઘડતર કર્યું. ગરીબાઇ અને દૈન્યથી ગ્રસ્ત, જૂની, કાલબાહ્ય પ્રણાલિકાથી જકડાયેલો મરાઠી માણસ જેમ તેમ જીવતો હતો એવી પરિસ્થિતિ ન હતી. એ જીવનનાં આહ્વાનો સ્વીકારી આગળ વધવાનાં સ્વપ્નાં જોતા મહાનુભાવો એમાંથી જ બહાર આવી રહ્યા હતા.

રત્નાગિરી જિલ્લાના ગુહાગર પાસેનું અડૂર ગામ સવાઇ માધવરાવ પેશ્વાએ 1680માં શિવાજી નારાયણ ભાવેને ઇનામમાં આપ્યું અને શિવાજીના બે પુત્રોને વાઇ ખાતે દસ વીઘાં જમીન ઇનામ આપી. વાઇમાં ભાવેએ રત્નેશ્વર અને કોટેશ્વરનાં મંદિર બંધાવ્યાં. વાઇના ભાવે કુટુંબના નરસિંહ ભાવેને આંગ્રે સરદાર તરફથી કોંકણના કુલાબા (અત્યારના રામગઢ) જિલ્લામાં પેણ પાસે આવેલું ગાગોદા ગામ ઇનામમાં મળ્યું હતું. નરસિંહ ભાવેના પુત્ર શિવાજીએ વાઇના શંભુ ભાવેને દત્તક લીધો. પહાડોના ખોળામાં અને જંગલની ઘેરી ઝાડીમાં છુપાયેલા આ નાનકડા ગાગોદા ગામમાં શંભુરામ ભાવે નામનો એક સુશીલ બ્રાહ્મણ એકનિષ્ઠાથી શિવભક્તિ કરતો હતો. કહેવાય છે કે એક દિવસ શંકર ભગવાન એને સ્વપ્નામાં આવ્યા અને કહેવા લાગ્યા કે હું તારે ઘેર આવવાનો છું. તે વખતે તેની પુત્રવધૂ અને નરહરિ પંતની પત્ની રુક્મિણીબાઇ ગર્ભવતી હતી. રુક્મિણીબાઇ જન્મપિંડીના સંગીતપ્રેમી વૈદ્ય કુટુંબની પુત્રી હતી. તેનું પિયરનું નામ વેણુ હતું. સંતોનાં ભજન એ સાંભળતી રહે અને ભક્તિભાવથી ગાયા કરે. સસરાએ કહેલી વાતથી એનું ભોળું મન પ્રભાવિત થઇ ગયું હતું. 11મી સપ્ટેમ્બર 1895ના બુધવારે, ભાદરવા સુદ ચોથને દિવસે સાંજે સાતને પચાસે 'વિનાયક'નો જન્મ થયો. શંભુરાવને થયું, તેમની જન્મોજન્મની તપશ્ચર્યા ફળી છે.

શંભુરાવ ચાંદ્રાયણ વ્રત કરતા. રોજ ચંદ્રદર્શન કરીને ચંદ્રની કળા વધે એ સાથે રોજ એક એક કોળિયો વધારતા જઇ ખોરાક લેવો અને બાકી દિવસ આખો નકોરડો ઉપવાસ, શિવલિંગ પર સતત અભિષેક. આવું વ્રત તેઓ કરતા. ચંદ્રોદયનો સમય રાતના બારનો હોય કે એકનો, નાનો 'વિન્યા' એમની સાથે હોવો જ જોઇએ. ચંદ્રદર્શન થાય એટલે વિન્યાને ઊંઘમાંથી ઉઠાડી ભગવાનને પ્રણામ કરાવી પછી જ તેઓ મોઢામાં કોળિયો લેતા. દાદા, દાદી, મા સહુ વિન્યાને રામાયણ-મહાભારતની વાતો કહેતા. આંગણામાં ફણસનું ઝાડ હતું. એની ઉપર ક્યારે ફળ આવે. ક્યારે પાકે અને એના મીઠા ગર ક્યારે ખાઉં એમ વિન્યા રાહ જોતો હોય, પણ મા ફણસ કાપે, ગર થાળીમાં ગોઠવે અને વિન્યાને કહે 'પહેલાં

ગામનાં છોકરાંને વહેંચી આવ, પછી ખાજે.' થાળ નોકરના હાથમાં હોય અને વિન્યા એમાંના ગર ગામનાં છોકરાંને વહેંચવા નીકળે. બધાંને વહેંચાઇ જાય પછી મા કહે કે "હવે તું ખા." વહેંચીને ખાવાની મીઠાશ વિન્યાએ આમ બાળપણથી જ ચાખી લીધી હતી. બીજાને આપ્યા વિના ખાવાનો તને અધિકાર નથી- "तेन त्यक्तेन भुंजीथाः " નો પાઠ એણે ગળથૂથીમાં જ લીધો હતો. સમસ્ત સૃષ્ટિ સાથે સંબંધ બાંધવાની, ઝાડ, પાન, ફૂલફળ, પક્ષીદેવતાને પ્રેમ કરવાની શીખ મા આપતી રહેતી. તુલસીને પાણી રેડયા સિવાય જમવા ન બેસવાનો માનો નિયમ. ક્યારેય ખૂબ રમી થાકીને આવેલો વિન્યા ઘરમાં પગ મૂકતાં જ જમવાનું માગે અને દોડીને પાટલે બેસી જાય તો મા પૂછતી, તુલસીને પાણી પાયું ? વિન્યા ના કહે અને મા પ્રેમથી પણ દૃઢતાપૂર્વક કહે, પહેલાં તુલસીને પાણી પિવડાવ, પછી જ તને જમવાનું મળશે. વિન્યા ચૂપચાપ ઊઠે, તુલસીને પાણી રેડે પછી પાછો પાટલે આવીને બેસે. મા પ્રેમથી એને જમવાનું પીરસે.

વિન્યાના પિતા બહારથી આવે ત્યારે કંઇ ને કંઇ ખાવાનું લેતા આવે. એક વાર તેઓ ગોળ પડીકાંને બદલે ચોખંડું પડીકું લઇ આવ્યા. વિન્યા દોડીને મા પાસે જઇ કહેવા લાગ્યો મા, જો આજ કેવું ખાવાનું લાવ્યા છે. એ વખતે એની ઉંમર પાંચ-છ વર્ષની હશે. વિન્યાએ પડીકું ખોલ્યું અને જોયું તો અંદરથી બાલરામાયણ અને બાલભારત નીકળ્યાં. માની આંખો ભીની થઇ. એણે કહ્યું, વિન્યા, આનાથી ઉત્તમ ખોરાક બીજો એકે ન હોઇ શકે. આઠમે વર્ષે તો વિન્યાએ આખી 'જ્ઞાનેશ્વરી' વાંચી લીધી હતી. ચાતુર્માસમાં સહુને ભક્તિવિજય વાંચી સંભળાવીને શાબાશી મેળવી. જ્ઞાનેશ્વર, તુકારામ, મોરોપંતનું સાહિત્ય વાંચ્યું, જે વંચાય તેનો મોંપાઠ પણ જલદી થઇ જતો. પછી ચાળીસ હજાર શ્લોક જોતજોતામાં મોઢે થઇ ગયા. વિન્યાના નાના કાકા ગોપાળ ભાવે મનથી ક્રાંતિકારી, તેઓ અનેક ક્રાંતિવીરોને આશ્રય આપતા. મુળશી સત્યાગ્રહ, ગોરક્ષણ જેવી ચળવળના તેઓ પુરસ્કર્તા. લોકો દારૂ છોડે એ માટે એમણે ચા છોડી. ચાર દિવસ ઉપવાસ કરીને બાજુના પાનેડ ગામમાંથી દારૂનું સરકારી પીઠું બંધ કરાવ્યું. તેઓ વિન્યા પાસે કેસરી, કાળ જેવાં વર્તમાનપત્રો વંચાવતા અને સાંભળતા.

દસમે વર્ષે વિનાયકને જનોઇ દેવાઈ. એ જ વખતે એણે બ્રહ્મચર્યનો સંકલ્પ કર્યો. બાળક વિનાયકના મન પર સમર્થ રામદાસનો ઘણો પ્રભાવ હતો. રામદાસનું દાસબોધ વાંચ્યા વિના મા કદી સૂતી નહીં. નાનો વિન્યા હંમેશાં કહેતો, "સમર્થ ઘર છોડીને ગયા તેમ મારે પણ જવું છે." માની શીખ તેને આવી અંતઃપ્રેરણા આપતી. "વિન્યા, માણસ સારો ગૃહસ્થાશ્રમી હોય તો માતાપિતાનો ઉદ્ધાર

થાય." પણ સારું બ્રહ્મચર્ય પાળે તો બેંતાળીસ પેઢીનો ઉદ્ધાર થાય. હું પુરુષ હોત તો તને વૈરાગ્ય એટલે શું એ બતાવી દેત. માના આવા વાકયની પણ વિન્યાના મન પર અસર પડી. મા-દીકરા વચ્ચે ચર્ચા થાય તે પણ અધ્યાત્મ વિષે જ. માના મીઠા ગળામાંથી નીકળતા મરાઠી અને કાનડી સંતોના ભજનના સૂર અને શબ્દ વિન્યા સાંભળતો. મા ભજન ગાતાં ગાતાં રસોઇ કરતી. ક્યારેક શાકમાં મીઠું નાખવાનું ભૂલી જતી તો ક્યારેક બબ્બે વાર નાખી દેતી. વિન્યાએ 'રસ-રસના જનાર્દન' સાંભળ્યું હતું. એટલે એને બીજા સ્વાદની ખાસ ખબર પડતી નહીં. પણ નાના બે ભાઇઓ બાળકોબા અને શિવાજીને થાળીમાં જે પિરસાય તે ચૂપચાપ ખાઇ લેવું પડતું. મા દરરોજ પૂજા કરતી વખતે "હે અનંત કોટિ બ્રહ્માંડનાયક, મારા અપરાધ ક્ષમા કર" એમ હાથ જોડીને બોલે ત્યારે એની આંખમાંથી આંસુ સરે. વિનાયકના મન પર આ વાતની ઊંડી અસર થાય. પિતાની નોકરીને કારણે ભાવે કુટુંબને વડોદરા જવું પડયું. ત્યાં રાવપુરામાં કાપડી પોળના મનોહર કુટુંબના વાડામાં એમણે ઘર રાખ્યું.

માતા ભક્ત અને ભોળી, તો પિતા વૈજ્ઞાનિક અને બુદ્ધિનિષ્ઠ. બન્નેની વૃત્તિ આમ બે અંતિમ પર. પિતાના પ્રયોગો નિરંતર ચાલતા હોય, ખાસ કરીને રંગને લગતા, એ વખતે રંગ પરદેશથી મંગાવવા પડતા એટલે નરહરિ પંત ભારતીય રંગની શોધ કરતા હતા. તેઓ જુદા જુદા રંગ બનાવે ને ચીંથરાં રંગે. આમ કાયમ ચાલતું રહે. રુક્મિણીબાઇ કહેતાં "આમ આટલાં ચીંથરાં રંગીને શો ફાયદો ? એક લૂગડું આખું ક્યારેય રંગી દીધું છે ? " નરહરિ પંત ગાયન વાદનમાં કુશળ હતા. મૃદંગવાદન ઉપર તો એમણે ત્રણ ભાગમાં પુસ્તક લખ્યું હતું. ધ્રુપદ, ઠુમરી વિષે અભ્યાસ કરી એમણે પુસ્તકો લખ્યાં હતાં. એમને મન ગણિતનું ઘણું મહત્ત્વ હતું. વિનાયકનો ગણિતી સ્વભાવ પણ પિતાની બક્ષિસ હશે. શ્રાવણમાં રુક્મિણીબાઇ ચોખા ચઢાવવાનું વ્રત કરતાં. તે માટે તેઓ ચોખાનો એક એક દાણો ગણવા બેસતાં. નરહરિ પંત કહેતા "અમસ્તો વખત બગાડે છે. એક પાવમાં કેટલા દાણા આવે એ જોઇ લે અને પછી એકલાખ દાણા એટલે કેટલા શેર તેનો હિસાબ કાઢ. એટલા શેર ચોખા કાઢી લેવાનાં જોઇએ તો વધારાના ચપટી ચોખા ઉમેરી લેવાના એટલે થયું કામ." આ રસ્તો માતાને બુદ્ધિથી સમજાય ખરો, પણ મન ન માને, એ ધીમે રહીને વિન્યાને પૂછેઃ "તારો મત શું છે ? " વિન્યા જવાબ આપે "બાપુજીની વાત આમ સો ટકા સાચી છે. પણ ચોખાના દાણા ગણવાથી એક એક દાણા સાથે આપોઆપ દેવના નામનો જાપ થતો જાય છે ને ભક્તિ ભાવ દૃઢ બનતો જાય છે." વિન્યાનો મત એટલે

માતાને મન જાણે સર્વોપરી અદાલતનો ચુકાદો. પિતાની કોઇ વાત મનમાં બેસે નહીં તો તે વિન્યાને પૂછી લે અને મોટે ભાગે વિન્યા માની બાજુ જ મત આપતો.

વિન્યા હવે વડોદરાની નિશાળમાં જવા માંડયો હતો. ઘરમાં એ બહુ ઓછું બોલતો. નાના ભાઇઓને તો એના માટે માન પણ ખરું, પરંતુ સાથે એનો ડર પણ લાગે. એનું મિત્રમંડળ મોટું હતું. મિત્રો સાથે એ રાષ્ટ્ર અને ઈશ્વર અંગે ચર્ચાઓ કરતો. મોટા માણસોનાં જીવનચરિત્ર વાંચી સંભળાવતો. રાષ્ટ્રની સ્વતંત્રતા માટે જાન ન્યોછાવર કરવાની કેવી જરૂર છે, એ કહે, સાથીઓને લઇને દૂર દૂર સુધી ફરવા જાય. આમ દૂર દૂર ફરવા જવું એ એનો મોટામાં મોટો શ્રેય. 1914માં સ્થપાયેલા "વિદ્યાર્થી મંડળ"નાં બાળકોએ પોતાના વાચનાલય માટે સોળ સો પુસ્તક ભેગાં કર્યાં. દર રવિવારે અભ્યાસ-વર્ગ ચાલે. એક વાર વિનાયકે જોસેફ મેઝિની વિષે ખૂબ સુંદર ભાષણ કર્યું હતું. એમ એના મિત્રો કહેતા. એ દિવસોમાં વિનાયકે જે મિત્રો મેળવ્યા એ જીવનભર એની સાથે રહ્યા. કેટલીક વાર વિન્યાનું વર્તન વિચિત્ર લાગતું. એ ચંપલ ન પહેરતો, ગળ્યું ન ખાતો. એકવાર ફરીને આવતી વખતે પિતાના એક મિત્ર રસ્તામાં મળ્યા. વિન્યાની દાઢી થોડી વધેલી, વાળ સરખા ઓળેલા નહીં એ જોઇને એમણે પૂછયું. "અરે વિન્યા, વાળ કેમ વ્યવસ્થિત ઓળેલા રાખતો નથી ?" વિન્યાએ સામો પ્રશ્ન કર્યો, "તમે હજામ છો કે શું ? લોકોના વાળ તરફ હજામોનું જ ધ્યાન જાય." વિચિત્રતાઓને કારણે વિન્યાને પિતાના હાથે માર ખાવાના અનેક પ્રસંગો બનતા. પિતાના હાથનો માર ન ખાધો હોય એવો એકાદ દિવસ ભાગ્યે જ જતો. એક દિવસ માર ન મળ્યો. વિન્યાને આશ્ચર્ય થયું. બીજો દિવસ પણ માર વિનાનો ગયો. એટલે એણે માને પૂછયું, બા આ તે કેવું આશ્ચર્ય ? આમ કેમ બન્યું ? માએ કહ્યું "અરે દીકરા તને સોળમું બેઠું ને ? " પિતાએ "प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रवदाचरेत" સોળ વર્ષના પુત્રને મિત્ર ગણવાનું બોધવાકય વ્યવહારમાં ઉતાર્યું અને તેનો બરાબર અમલ કર્યો.

1913માં વિનાયક મેટ્રિક પાસ થયો. હવે ક્યો વિષય લઇને આગળ અભ્યાસ કરવો એ પ્રશ્ન ઊભો થયો. પિતાએ કહ્યું. "ફ્રેંચ લે. એ વિજ્ઞાનની ભાષા છે." માએ કહ્યું, "તું સંસ્કૃત લે. એ આપણી પ્રાચીન ભાષા છે. " વાદવિવાદ પછી નિર્ણય ફ્રેંચ ભાષાની તરફનો આવ્યો. મા એક જ વાક્ય બોલી "બ્રાહ્મણનો દીકરો ને સંસ્કૃત નહીં શીખ્યો ? " આ વાક્ય વિનાયકને સોંસરવું ઊતરી ગયું. એણે સંસ્કૃતનો અભ્યાસ કરી ઉત્તમ જ્ઞાન મેળવવાનું નક્કી કર્યું. ફ્રેંચ ભાષાના અભ્યાસને પરિણામે એ ભાષાના વિશાળ સાહિત્યનો પરિચય મેળવવાની તક મળી. તે

વખતે વડોદરાનું પુસ્તકાલય સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકનું ગણાતું. વડોદરાના જાણીતા રાજવી સયાજીરાવ ગાયકવાડે કળા, વિજ્ઞાન, શિક્ષણ, રમતગમત, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ વગેરે ક્ષેત્રોને ખીલવવામાં ખૂબ ઉત્તેજન આપ્યું હતું. એટલે વડોદરા એ સમયનું સાંસ્કૃતિક કેન્દ્ર બની ગયું હતું. વિનાયકે પુસ્તકાલયમાંથી એકેએક પુસ્તક વાંચી લીધું હતું. એબીસીડીથી એણે શરૂઆત કરી. પહેલાં 'એ' વર્ગમાં આવતાં પુસ્તકો પસંદ કર્યા, વાંચ્યાં. પુસ્તકાલયમાં ક્યું પુસ્તક ક્યાં છે એની વિનાયકને બરાબર ખબર હતી.

સયાજીરાવ ગાયકવાડને બુદ્ધનું બહુ આકર્ષણ હતું. વડોદરાના પ્રસિદ્ધ ઉદ્યાનમાં એમણે ધ્યાનમગ્ન બુદ્ધની વિશાળકાય મૂર્તિ બેસાડી હતી. માઇલોના માઇલો ફરી આવ્યા પછી વિનાયક એ ઉદ્યાનમાં જતો. અને કલાકોના કલાકો એ બુદ્ધમૂર્તિ સામે બેસી ધ્યાન ધરતો. શ્રી અરવિંદ વડોદરામાં કેટલોક સમય પ્રાધ્યાપક તરીકે કામ કરતા હતા. ઇંગ્લૅન્ડના પ્રવાસેથી પાછા આવીને તરત સયાજીરાવે શ્રી અરવિંદને વડોદરા બોલાવી લીધા હતા. ગુણીજનોને રાજ્યમાં ભેગા કરવાની સયાજીરાવની વૃત્તિને કારણે એ દિવસોમાં વડોદરાની પ્રજાને જ્ઞાનગંગાનું જળ ઘેર બેઠાં પીવા મળતું. શ્રી અરવિંદ અને બીજા અનેક વિદ્વાનોનાં પ્રવચન સાંભળવાની તક વિનાયકને આ કારણે જ મળી હતી. શ્રી અરવિંદના ગુરુ લેલે શાસ્ત્રીને પણ વિનાયક મળ્યો હતો.

અબોલ અને વિચિત્ર સ્વભાવના લાગતા વિનાયકના મનમાં સતત મંથન ચાલતું હોય છે એનો એની માતાને ખ્યાલ હતો. એના મનમાં વૈરાગ્યની આગ પ્રજ્વલિત હતી અને તે સાથે દેશભક્તિની જ્વાલા પણ ભભૂકી રહી હતી. સાધુ, સંત, ફકીર ઋષિમુનિઓનો આ પ્રાચીન દેશ ભારત, જગતને જ્ઞાનદાન કરતો દેશ ભારત આજે ગુલામ બન્યો હતો. મુઠ્ઠીભર અંગ્રેજો એના સ્વત્વને પગ તળે કચડી રહ્યા હતા. આ બધું વિનાયક જેવા યુવાનથી કેમ સહન થાય ? પણ કરવું શું ? ચિંતન ચાલી રહ્યું હતું. શંકરાચાર્ય, બુદ્ધ, રામદાસ સહુએ ઘર છોડ્યું હતું. ઘરનો ઉંબરો ઓળંગવો એજ સહુથી મુશ્કેલ કાર્ય.

વિનાયક ઘરમાં રહેતો હતો ખરો, પણ એનું મન ઘરમાં રમતું ન હતું. બ્રહ્મચારી લગ્નપ્રસંગ નિમિત્તે બનતા ભોજનના પદાર્થો ખાય નહીં એવું એણે ક્યાંક વાંચ્યું હતું. મોટી બહેનના લગ્ન વખતે હું જમીશ નહીં એવો એનો નિર્ણય સાંભળી પિતા ગુસ્સે થયા, માતાએ પણ ખૂબ સમજાવ્યા; પરંતુ વિનાયકે એક વાર નિર્ણય લીધો એ લીધો. છેવટે માતાએ એને માટે જુદાં દાળભાત રાંધ્યાં અને જમાડ્યો. જમાડતી વખતે એને ફરી સમજાવ્યો. અરે વિન્યા, લગ્નનું જમણ

એટલે ગળ્યું - મીઠાઇ નહીં ખાવાનું. એમાંથી સાદાં દાળભાત જમવામાં શો વાંધો હતો ? વિનાયકને આ વાત ઠીક લાગી. એને સત્યાગ્રહનો એક પાઠ પણ મળ્યો. વિનાયકના દૃઢ વૈરાગ્યભાવની અસર નાના બન્ને ભાઇઓને પણ થઇ. ત્રણે ભાઇઓ બ્રહ્મચારી, ત્રણે ગાંધીભક્ત અને વિદ્વાન. નિવૃત્તિ, જ્ઞાનદેવ અને સોપાન પછી વિનોબા, બાળકોબા અને શિવાજીની ત્રિમૂર્તિ મહારાષ્ટ્રમાં અવતરી. વિનાયકની તબિયત પહેલેથી જ નરમગરમ રહેતી. માતા કહેતી. વિન્યા, હું તારા જીવનનો એક એક દિવસ ગણતી રહું છું. ક્યારેક માથું દુ:ખે. વિનાયક નળ ખોલીને એના નીચે માથું ધરી બેસી જતો. કહેતો, શિવના મસ્તક પર અભિષેક થાય છે. ક્યારેક મોટે મોટેથી બોલતો જાય. હું એટલે માથું નથી, હું એટલે માથું નહીં, જે દુ:ખે છે તે હું નથી, પોતે દેહથી અલગ છે એની સભાનતા સતત એના મનમાં રહેતી. માથું દુ:ખે ત્યારે માતા ગરમ ગરમ શીરો ખવડાવી, માથે દવા ચોળી આપતી એટલે પછી વિનાયક શાંતિથી સૂઇ જતો

એક દિવસ એક ધાર્મિક વક્તાએ સાત દિવસ પ્રવચન કર્યાં. જૂના વિચારોનું પ્રતિપાદન કર્યું. અને પછી પડકાર ફેંક્યો, મારા વિચારોનું ખંડન કોઇ કરી શકે એમ છે ? વિનાયકે પડકાર ઝીલ્યો. એ જ જગ્યાએ સાત દિવસ પ્રવચન કર્યાં. પોતાનો જ મિત્ર એક મહાન પંડિતના વિચારોનું ખંડન કરવાનો છે એ જાણી વિદ્યાર્થીઓ ઉત્સાહથી મોટી સંખ્યામાં પ્રવચન માટે હાજર રહેતા.

વિનાયકને કવિતા રચવાનો પણ શોખ હતો. સરસ કવિતા રચાય કે તરત એ માતાને સંભળાવી ચૂલામાં નાખી દેતો, અગ્નિદેવને અર્પણ કરતો, કાશી ગયા પછી ગંગાને અર્પણ કરતો. આમ જ એક દિવસ એણે પોતાની નિશાળનાં બધાં પ્રમાણપત્રો બાળી નાખ્યાં.

માતાની માયા વિનાયકને રોકી શકી નહીં. એ દિવસોમાં ઇન્ટરની પરીક્ષા આપવા મુંબઇ જવું પડતું. વિનાયક માતાના આશીર્વાદ લઇ 25 માર્ચ, 1916ના દિવસે મિત્રો સાથે મુંબઇ જવા નીકળ્યો. રસ્તે સૂરત આવ્યું. બે મિત્રો સાથે ગાડીમાંથી ઊતર્યો અને ગાડી બદલી. ભારતના ગમે તે ભાગનો સાધક હોય, એના મનને હિમાલયનાં ગગનચુંબી શિખરો હંમેશાં યુગો યુગોથી આમંત્રણ આપતાં રહે છે. હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? ક્યાં જવાનો છું ? આ જગત એટલે શું ? આ પ્રશ્નોનો ઉત્તર મેળવવા ભારતનો માણસ ઘરની બહાર નીકળે કે હિમાલયની વાટ પકડે છે. પૃથ્વીનો માનદંડ સમો હિમાલય પૃથ્વીની ઊંચાઇનું માપ કાઢે છે અને માનવીની ઊંચાઇ વધારે છે. પૃથ્વી કેટલી ઊંચે જઇ શકે છે એ પણ હિમાલય જ દેખાડી શકે છે. વિનાયકનું મન હીંચકાની જેમ બે છેડા વચ્ચે

ઝૂલી રહ્યું હતું. હિમાલયની શાંતિ તેને સાદ દઇ રહી હતી અને બીજી બાજુ માતૃભૂમિને ગુલામીની બેડીમાંથી મુક્ત કરવા જાન ન્યોછાવર કરવા તત્પર થઇને મથતા બંગાળના ક્રાંતિકારીઓ તેને સાદ દઇ રહ્યા હતા.

અથાતો બ્રહ્મજિજ્ઞાસા

"અથાતો બ્રહ્મજિજ્ઞાસા" કહીને વિનાયક કાશી પહોંચ્યો. દુર્ગા ઘાટ પર મુકામ કર્યો અને સંસ્કૃતનો અભ્યાસ શરૂ કર્યો. સવારે શિંદેના અન્નક્ષેત્રમાં જમવું, ચારે તરફના ઘોંઘાટ પ્રત્યે લક્ષ ન દેતાં પિરસાય ત્યાં સુધી ગીતાનો પાઠ કર્યા કરવો, અઢાર અધ્યાય પૂરા થાય એટલે જમવાનું શરૂ કરવું. ત્યાં મળતી બે પૈસાની દક્ષિણામાંથી સાંજે પંદર તોલા દહીં અને શેકેલાં શક્કરિયાં ખરીદીને તેનું ભોજન કરવું. આ એનો રોજનો ક્રમ. દહીં ને શક્કરિયાં એક જ દુકાને વેચાતાં. થોડા દિવસ આવો ક્રમ ચાલ્યો. પછી તો વિખ્યાત ક્રાંતિકારી તાત્યા ટોપેની બહેનને ઘેર વિનાયકના રહેવાની સગવડ થઇ. ત્યાંની રાષ્ટ્રીય પાઠશાળામાં એણે ભણાવવા માંડયું. એક વાર એક ઘાટ પર દ્વૈતવાદી અને અદ્વૈતવાદી વચ્ચે શાસ્ત્રાર્થ થઇ રહ્યો હતો. અંતે અદ્વૈતના વિજયની જાહેરાત થઇ. ખૂણામાં બેઠેલા એક યુવાને ઊઠીને કહ્યું, ના, દ્વૈત જીત્યા છે. આ તે કોઇ ઉદ્ધત યુવાન છે ? એમ તુચ્છતા દર્શાવતા વિદ્વાન બ્રાહ્મણો બોલી ઊઠયા. યુવાન નિર્ભયપણે આગળ આવીને કહેવા લાગ્યો. જે અદ્વૈત દ્વૈતવાદી સાથે વાદવિવાદ કરવા નીકળે એણે પહેલેથી જ પરાજ્ય સ્વીકારી લીધો ગણાય. એ વળી અદ્વૈતવાદી શેનો ? આથી દલીલ આજ લગી કોઇએ સાંભળી ન હતી. વિનાયકની પ્રખર પ્રતિભા અધ્યયનમાં ઝળકવા લાગી. જે શિક્ષણ મેળવતાં બાર વર્ષ લાગે એ એણે ત્રણ મહિનામાં મેળવ્યું. એ જ વખતે કપરી કસોટી માથે આવી. સાથેનો મિત્ર માંદો પડી મૃત્યુ પામ્યો. અંતિમક્રિયા માટે પૈસા ન હતા. વિનાયક પોતે જ મંત્રો બોલીને મિત્રના અંત્યસંસ્કાર કર્યા. મૃત્યુના સ્પર્શથી વેદાંતનું જ્ઞાન વધારે પાકું થયું.

ગૃહત્યાગ કરતી વખતે વિનાયકનું મન પરસ્પર વિરોધી લાગતા બે અંતિમ વચ્ચે ઝોલાં ખાતું હતું. ક્યાં જવું એનો નિર્ણય થઇ શકતો ન હતો. કાશીમાં એણે ચોરીછૂપીથી બંગાળના ક્રાંતિકારી યુવાનોની મુલાકાત લીધી. એને ખબર પડી કે આ યુવાનોનો રાષ્ટ્રપ્રેમ પ્રેરક છે, પણ તેમના ચિંતનમાં ઊંડાણ નથી. તેમનું ચિંતન ઉપરછલ્લું છે. રાષ્ટ્રના જીવનની ઇમારત આવા ઉપરછલ્લા ચિંતનના

પાયા પર ન રચી શકાય. તો પછી ? હવે શું ? આ પ્રશ્નનો હજી ઉત્તર મળ્યો ન હતો.

પંડિત મદનમોહન માલવિયાએ સ્થાપેલ કાશી હિંદુ વિદ્યાપીઠમાં 4 ફેબ્રુઆરી, 1916ના દિવસે એક મોટો સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં અનેક રાજામહારાજા કિંમતી ઘરેણાં, ઊંચા જરીભરતના પોષાક પહેરીને શણગારીને આવ્યા હતા. વાઇસરોય પોતે પણ આ સમારંભમાં હાજર રહ્યા હતા. એમાં તે વખતે એટલા જાણીતા નહીં થયેલા મોહનદાસ કરમચંદ ગાંધી નામના માણસે એવું સુંદર ભાષણ કર્યું. એમાં એવા નવા વિચાર રજૂ કર્યા કે એ ભાષણથી ચારે તરફ ખળભળાટ થઇ ગયો. વિદ્યાપીઠને ફાળો ને બક્ષિસ આપનારા રાજામહારાજાઓની એણે કડક ટીકા કરી અને દેશની ગરીબાઇ તરફ લોકોનું ધ્યાન દોર્યું. ગાંધીજીએ તેમના આ ઐતિહાસિક ભાષણમાં કહ્યું કે ગરીબોની સેવા માટે તમે તમારા દરદાગીના ઉતારી નાખો. સરકારને એમણે કહ્યું, કે અંગ્રેજો હિંદુસ્તાન છોડીને જશે નહીં ત્યાં સુધી આ દેશનો ઉદ્ધાર થવાનો નથી. અને એમને કાઢી જ મૂકવા જોઇએ એવી મને ખાત્રી થશે તો તમે ચાલતા થાવ એમ એ લોકોને છડેચોક સ્પષ્ટપણે કહેવામાં હું જરાપણ સંકોચ નહીં અનુભવું, મારા એવા મત ખાતર મરણને ભેટવા પણ હું તૈયાર રહીશ.

એ વખતે ગાંધીજીના નામને મહાત્માનું બિરુદ લાગ્યું ન હતું. દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની લડત સફળતાપૂર્વક લડીને, જીતીને તેઓ થોડા સમય પૂર્વે જ દેશમાં પાછા ફર્યા હતા. તેઓ ગોપાળકૃષ્ણ ગોખલેને ગુરુ માનતા હતા, ગોખલેએ તેમને સૂચવ્યું હતું કે એક વર્ષ સુધી દેશમાં ફરીને પરિસ્થિતિનો અભ્યાસ કરો, નિરીક્ષણ કરો અને પછી ભવિષ્યનો કાર્યક્રમ નક્કી કરો. એ સૂચના પ્રમાણે ગાંધીજી દેશમાં પરિભ્રમણ કરતા હતા, ગુજરાતી ગાંધીજીના ગુરુ મહારાષ્ટ્રી અને તેમને પટ્ટશિષ્ય પણ વિનોબા નામે મહારાષ્ટ્રી જ મળ્યો.

ગાંધીજીના ભાષણ અંગે અખબારોમાં ચર્ચા ચાલી રહી હતી. એક દિવસ વિનાયકના હાથમાં એક અખબાર આવ્યું, જેમાં ગાંધીજીના ભાષણનો અહેવાલ છપાયો હતો અને તે સાથે તેમના "સત્યાગ્રહાશ્રમ"ની નિયમાવલી પણ છપાઇ હતી. વિનાયકે એ અહેવાલ અને નિયમાવલી વાંચ્યાં, તેના મન પર ગાંધીજી છવાઇ ગયા. આ તે કેવો માણસ ! આવી જુદી જ જાતની વાત કરનારો ! બ્રિટીશ સામ્રાજ્ય અને એની તરફદારી કરનારા ભારતના લોકો પર જોરદાર હલ્લો કરનારો અને સત્યાગ્રહીઓ માટે આશ્રમ સ્થાપી સત્ય-અહિંસાના પ્રયોગ કરનારો! આ તે ક્રાંતિકારી કે આધ્યાત્મિક સાધક કે પછી બન્ને ? બન્ને એકી સાથે હોવાનું

શક્ય છે ? ઔદ્યોગીકરણમાંથી નિર્માણ થયેલા સામ્રાજ્યવાદનો પાશ જગતને વીંટળાઇ વળ્યો હતો, એની સામે લડવાનો તેનો સશસ્ત્ર પ્રતિકાર કરવાનો માર્ગ ભારતના કેટલાક યુવાનો પણ અવલંબી રહ્યા હતા. વિનાયકને આ માર્ગની નિરર્થકતા સમજાતી હતી. સ્વાતંત્ર્ય એટલે બ્રિટીશ રાજસત્તાનો અંત એટલું જ નહીં. સ્વતંત્રતાના હેતુમાં ઊંડાણ ન હોય, ગુલામીના કારણોનું નિરાકરણ ન હોય તો એ સ્વતંત્રતા ટકશે શી રીતે ? ગુલામીમાંથી મુક્ત થવાનો બીજો કોઇ માર્ગ છે ખરો ? આ દુનિયાથી વેગળા માણસ પાસેથી કંઇ મળશે ખરું ? વિનાયકનું વિચારચક્ર વેગથી ફરી રહ્યું હતું. અને એવામાં એના જીવનની એ મહાન ઘડી આવી. જ્યારે એણે લેખણી હાથમાં લીધી અને ગાંધીજીને પત્ર લખ્યો.

વર્ણભેદની નીતિને અનુસરતી દક્ષિણ આફ્રિકાની આસુરી સરકાર સામે લડત કરનારો, સત્યાગ્રહનું નવું શસ્ત્ર શોધનારો આ અજબ મનુષ્ય સત્ય-અહિંસા એ પ્રચલિત શબ્દોનો પ્રયોગ કરતો હતો ખરો, પરંતુ એ શબ્દોને એણે નવો અર્થ આપ્યો હતો અને તેમાંથી નવી જ શક્તિનું નિર્માણ કર્યું હતું. આધ્યાત્મિક સાધકની ગુફામાં વસતી અહિંસાને એણે જીવનના કુરુક્ષેત્રમાં લાવીને મૂકી અને સમગ્ર દુનિયાને સ્પર્શતા એક પ્રશ્નના ઉકેલ માટે અહિંસાને સામૂહિક રૂપ આપી એમાંથી વિરાટ જન આંદોલન જગાડયું.

ગાંધીજીએ તેમના પત્રના ઉત્તરમાં એટલું જ જણાવ્યું કે તમે ઉપસ્થિત કરેલા પ્રશ્નો મૂળભૂત સ્વરૂપના છે. આવા પ્રશ્નોની ચર્ચા પત્ર દ્વારા થઇ ન શકે. તમે અહીં આવો એટલે આપણે રૂબરૂ વાત કરીએ.

ખરું જોતાં વિનાયકને ટિળકનું ભારે આકર્ષણ હતું. એ વખતે ગાંધીજી એટલા જાણીતા પણ ન હતા. પરંતુ આ અજબ મનુષ્ય કેવો છે, એની બોલચાલ કેવી છે એ જાતે જોવા વિનાયકે અમદાવાદનો રસ્તો લીધો. હિમાલય જવા નીકળેલો આ પ્રખર વૈરાગી સંન્યાસી ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમ તરફ વળ્યો. એના જીવનમાં એ મહાન ક્ષણ આવી જ ન હોત તો ? તો કદાચ હિમાલયના ખોળામાં કોઇ નાની શી ગુફામાં એક અનામી તપસ્વી તરીકે તે તપસ્યા કરતો બેઠો હોત. અને દુનિયાને વિનોબા મળ્યા ન હોત.

7 જૂન 1916ના દિવસે વિનાયકે અમદાવાદમાં ગાંધીજીના કોચરબ આશ્રમમાં પગ મૂક્યો અને જન્મોજન્મનો કોઇ સંબંધ તેમને બાંધી રહ્યો હોય એમ બન્નેને લાગ્યું. અનેક વર્ષો પછી, એક નજર વિનોબા બનેલા વિનાયકે આ પ્રસંગનું વર્ણન કરતાં કહ્યું હતું કે "હું બાપુની સામે પહોંચ્યો ને મને હિમાલયની શાંતિ તેમ જ બંગાળની ક્રાંતિ બન્નેનો અદ્દભૂત સંગમ ત્યાં દેખાયો. તે ક્ષણથી જ મેં

મારું જીવન શાંતિમય ક્રાંતિના કાર્યને અર્પણ કરી દીધું." મહારાષ્ટ્રમાં વિનોબા-તુકોબા એવાં નામોની પદ્ધતિ છે તેને અનુસરીને ગાંધીજીએ જ તેમનું વિનોબા નામકરણ કર્યું હતું. ગાંધીજીએ એમના પિતાને પત્ર લખીને જણાવ્યું હતું કે તમારો વિનોબા અમારે ત્યાં આશ્રમમાં છે. એક પત્રમાં ગાંધીજીએ વિનોબાનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે "અમારા આશ્રમમાં બધા આવે છે, પણ તે કંઈ લેવા માટે આવે છે. આ યુવાન આવ્યાં છે, કંઈક આપવા માટે." વિનોબાને એમણે એકવાર લખ્યું હતું, "હું હિરણ્યકશ્યપુ બનું તો તું પ્રહલાદ થજે."

પછી તો કોચરબથી આશ્રમને સાબરમતીના કિનારે લઇ જવામાં આવ્યો. સત્યાગ્રહાશ્રમમાં સત્યાગ્રહી સૈનિકોને તાલીમ આપવાનું કામ ચાલી રહ્યું હતું, જેના પર સૂર્ય કદી અસ્ત થતો નથી એમ કહેવાતું એવો શક્તિશાળી બ્રિટીશ રાજસત્તા સામે લડવા માટે સૈનિકો તાલીમ લઇ રહ્યા હતા. આ સત્યાગ્રહી સૈનિકોને રોજ સવાર સાંજ પ્રાર્થના કરવી પડતી, રસોડામાં રોટલી વણવી પડતી, સંડાસ સાફ કરવાં પડતાં. પછી આગળ ઉપર ચરખો કાંતવાનો કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો, વિનોબા એક સૈનિકની રીતે શિસ્તમાં રહીને બધાં કામ કરતા. પ્રભાતના પહોરમાં ઊઠીને સાબરમતી નદીના ઠંડાગાર પાણીમાં નાહી લેતા અને બાળકોને ગણિત તથા સંસ્કૃત શીખવતા. શિસ્તપાલનના આગ્રહી હોવા છતાં વિનોબા બાળકોના પ્રિય શિક્ષક હતા. ગાંધીજીએ આ યુવાનને આશ્રમના વિદ્યાલયમાં ધર્મવકતાનું સ્થાન આપ્યું હતું. તેઓ કલાકોના કલાકો કાંતણ અને વણાટકામમાં ગૂંથાયેલા રહેતા. આમાં પણ સહુથી મુશ્કેલ કામ હતું. કસ્તુરબાના હાથ નીચે રસોડામાં કરવાનું કામ. રોટલી સરખી ગોળ વણાવી જોઇએ, દડા જેવી ફૂલવી જોઇએ. એમ ન થાય તો ભલે ને ગમે તેવો મોટો માણસ હોય કસ્તુરબાની પરીક્ષામાં નાપાસ થતો. વિનોબા કસ્તુરબાની પરીક્ષામાં પાસ થયા હતા. પણ આવડા મોટા વિદ્વાન બ્રાહ્મણ પાસે ગાંધીજી રોટલીઓ કરાવે એ કસ્તુરબાને ગમતું નહીં. એમાં પણ ખાસ મહત્ત્વની વાત એ હતી કે કસ્તુરબા વિનોબા પાસે ગીતાનો અભ્યાસ કરતાં હતાં. વિનોબા પછી તો એમના નાના ભાઇ (બાળ) બાળકોબા પણ લગભગ તરત જ આશ્રમમાં આવ્યા. એ તો કસ્તુરબાના પટ્ટ શિષ્ય બની ગયા હતા. સત્યના પ્રયોગ કરનારા મહાત્માજીના જીવનમાં રોજેરોજ કોઇ નવો પ્રયોગ ચાલુ જ હોય. ભંગીના કામની તકલીફ જોઇ બાળકોબાએ ભંગી-કામમાં મદદ કરવાનું શરૂ કર્યું. ગાંધીજીએ એક ક્રાંતિકારી નિર્ણય લીધો કે પ્રત્યેક આશ્રમવાસીએ ભંગીકામ કરવું જ જોઇએ. આ નિર્ણય સાથે જ ખળભળાટ મચી ગયો. કેટલાય લોકોએ આશ્રમનો બહિષ્કાર કર્યો. પણ

બાળકોબા - વિનોબા જેવા નૈષ્ઠિક બ્રાહ્મણોએ ભંગીકામ સ્વીકારી લીધું અને અસ્પૃશ્યતા-નિવારણના કાર્યને એક નવી દિશા પ્રાપ્ત થઇ. એ જ વખતે વિનોબાએ ઉચ્ચ વર્ણની નિશાની સમી પોતાની જનોઇ અગ્નિને સ્વાધીન કરી.

કેટલાક દિવસ પછી વિનોબાએ ગાંધીજી પાસેથી એક વર્ષની રજા લીધી અને પ્રાજ્ઞ પાઠશાળામાં નારાયણ શાસ્ત્રી મરાઠેની પાસે રહી દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરવા તેઓ વાઇ ગયા. આ એક વર્ષમાં એમણે શું કામ કર્યું તેની વિગત વિનોબાએ 10મી ફેબ્રુઆરી 1918ના દિવસે પત્ર દ્વારા ગાંધીજીને આપી :

1. ઉપનિષદો, ગીતા, બ્રહ્મસૂત્રો અને શાંકરભાષ્ય, મનુસ્મૃતિ અને પાતંજલ યોગદર્શનનો અભ્યાસ કર્યો. તે ઉપરાંત ન્યાયસૂત્ર, વૈશેષિક સૂત્ર, યાજ્ઞવલ્કય સ્મૃતિ એ ગ્રંથો વાંચ્યા.
2. ગીતાના વર્ગો ચલાવ્યા. કોઇ પણ પ્રકારે બદલો લીધા વિના છ વિદ્યાર્થીઓને અર્થ સાથે ગીતા ભણાવી.
3. ચાર વિદ્યાર્થીઓને જ્ઞાનેશ્વરીના છ અધ્યાય શીખવ્યા.
4. બે વિદ્યાર્થીઓને નવ ઉપનિષદ ભણાવ્યાં.
5. વિદ્યાર્થીઓ સમક્ષ હિંદી વર્તમાનપત્ર વાંચવાનો કાર્યક્રમ શરૂ કર્યો.
6. બે વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા શીખવી.
7. રાયગઢ, સિંહગઢ, તોરણા વગેરે ઐતિહાસિક સ્થળોની ચારસો માઇલની સફર પગે ચાલીને કરી.
8. પ્રવાસમાં ગીતા ઉપર પચાસ વ્યાખ્યાનો આપ્યાં.
9. વાઇમાં વિદ્યાર્થી મંડળની સ્થાપના કરી. પંદર વિદ્યાર્થીઓ એક પૈસે બે શેરના હિસાબ દળણાં દળવાનું કરતા. એ પૈસામાંથી બે મહિનાની મુદતમાં ચારસો પુસ્તકોનું વાચનાલય શરૂ કર્યું.
10. સત્યાગ્રહાશ્રમના નામનો પ્રચાર કરવાનો પ્રયત્ન કર્યો.

એ દિવસોમાં વિનોબા રોજ દસ-બાર માઇલ ચાલતા, સાત-આઠ શેર દાણા દળતા. એમાં એમણે ત્રણસો નમસ્કાર કરવાના નિયમનો ઉમેરો કર્યો.

વિનોબાનો આ પત્ર જોઈ ગાંધીજીએ કહ્યું - "ગોરખનાથે (શિષ્ય) મત્સ્યેન્દ્રનાથને (ગુરુ) હરાવ્યો. આ તો ભીમ છે ભીમ." 1917ના ગુડીપડવાના દિવસે વિનોબા આશ્રમથી ગયા હતા તે અગાઉ નક્કી કર્યા પ્રમાણે 1918ના પડવાના દિવસે પાછા ફર્યા અને પોતાના કામે લાગ્યા.

આ જ દિવસોમાં 6 માર્ચ 1917ના દિવસે તેઓ લોકમાન્ય ટિળકને મળ્યા. વિનોબાએ લોકમાન્યને ત્રણ પ્રશ્નો પૂછ્યા. "તમે સંપૂર્ણપણે નિર્ભય બન્યા છો

ખરા ? " કબીરનો વેદાંત પરનો ગ્રંથ બીજક તમે વાંચ્યો છે ? આ બે પ્રશ્નોનો જવાબ ન આપતાં એ મહાપુરુષ મારી સામે જોઇ રહ્યા. એ નજરમાં જ મને તેમનો જવાબ મળી ગયો. એમ તેઓ આ પ્રસંગની વાત કરતી વખતે કહેતા. વિનોબાનો ત્રીજો પ્રશ્ન હતો. "જ્ઞાનથી મોક્ષપ્રાપ્તિ થાય એમ તમે માનો છે ? " આ પ્રશ્નના જવાબમાં લોકમાન્યે કહ્યું, 'હા, જ્ઞાનથી મોક્ષ મળે, પરંતુ જ્ઞાની લોકસંગ્રહાર્થે કર્મ કરે છે.' એ પછી લોકમાન્યને સાષ્ટાંગ દંડવત્ કરી વિનોબાએ તેમની રજા લીધી.

આશ્રમમાં રોજની પ્રાર્થના પછી વિનોબાએ ગીતા પર બોલવું એવી ગાંધીજીની સૂચના હતી. ગાંધીજી પોતે વિનોબાનાં વચન સાંભળવા બેસતા એટલે સંયમપૂર્વક બેસવાની મને ટેવ પડી એમ વિનોબા કહેતા. એકવાર એક ગુજરાતીના શિક્ષક રજા પર ગયા ત્યારે ગાંધીજીએ ગુજરાતીના શિક્ષકનું કામ વિનોબાને સોંપ્યું હતું. "ચારિત્ર્ય વિનાના ગુજરાતી શિક્ષક કરતાં ચારિત્ર્યવાન એવો મરાઠી શિક્ષક હું વધારે પસંદ કરું. એમ ગાંધીજીએ કહ્યું હતું."

સાબરમતી આશ્રમની ભોજનશાળામાં ગાંધીજી પોતે પિરસણિયાનું કામ કરતા. કારેલાં સસ્તાં મળે એટલે ઘણીવાર કારેલાનું શાક થતું. વિનોબાને એ શાક જરાય ન ભાવે. માતા એમને કહેતાં પણ ખરાં કે વિન્યા, વૈરાગ્યની મોટી મોટી વાતો તો કરે છે, પણ કારેલાંના શાક આગળ તારો વૈરાગ્ય પણ હારી જાય છે. આશ્રમમાં જમતી વખતે કડવું શાક પહેલાં પૂરું કરવાના વિચારે વિનોબાએ કારેલાનું શાક ખાઈ નાંખ્યું, ગાંધીજી પીરસવા આવ્યા. એમણે જોયું કે વિનોબાની થાળીમાં શાક નથી. એમણે શાક પીરસ્યું. વિનોબાએ એ વિચારે બીજી વાર પિરસાયેલું શાક પણ તરત ખાઇ નાખ્યું. ગાંધીજીને એમ કે આને આ શાક બહુ ભાવ્યું લાગે છે. એટલે એમણે ત્રીજી વાર પીરસ્યું. વિનોબા કહેતા કે ગાધીજીએ શાક પીરસ્યું એટલે તે દિવસથી મને કારેલાનું શાક ભાવવા માંડયું.

એકવાર આશ્રમના વ્યવસ્થાપકે પ્રાર્થના માટે કેટલા જણા આવ્યા છે એની ગણતરી કરી અને આંકડો કહ્યો. તરત વિનોબાએ કહ્યું કે આંકડો ખોટો છે. આમાં એક સંખ્યા હજી ઓછી હોવી જોઇએ. વ્યવસ્થાપકે કહ્યું કે ના, મેં બરાબર ગણતરી કરી છે. વાદ ગાંધીજી આગળ પહોંચ્યો. વિનોબાએ કહ્યું, પ્રાર્થના માટે કોણ કોણ આવ્યું હતું એની ગણતરી કરનાર વ્યક્તિ પોતે જ પ્રાર્થના વખતે ગેરહાજર હતી. કારણ કે એનું ધ્યાન પ્રાર્થનામાં નહી, ગણવામાં હતું. ગાંધીજીએ વિનોબાની વાત કબૂલ કરી.

માતાની માંદગીના ખબર જાણતાંની સાથે જ ગાંધીજીએ વિનોબાને ઘેર

મોકલ્યા. મૃત્યુશૈયા પર પડેલી માને પોતાના લાડકા પુત્રને મળીને ખૂબ સંતોષ થયો. 24 ઓકટોબર 1918ના દિવસે રુક્મિણીબાઇ દેવલોક સીધાવ્યાં. પરંપરા પ્રમાણે બ્રાહ્મણના હાથે અંતિમ ક્રિયા નથી કરાવવી એવો વિનોબાનો આગ્રહ હતો, પણ એ આગ્રહ કુટુંબીજનોને સ્વીકાર્ય ન હતો. ખૂબ વાદવિવાદ થયો. વિનોબાએ અંત્યેષ્ટિમાં હાજરી ન આપી. તેઓ વેદગ્રંથ વાંચવા બેસી ગયા. "મા મને શ્રુતિમાતાને સોંપી ગઈ છે." એમ કહી એમણે વેદનું અધ્યયન શરૂ કર્યું. પોતાના સિધ્ધાંત ખાતર માતાની અંત્યેષ્ટિમાં હાજરી ન આપનાર આ કઠોર વેદાંતી વિનોબા વર્ષો સુધી માતાની એક સાડી ઓશીકે રાખતા હતા, એ ભાગ્યે જ કોઇ જાણતું હશે. ઘેરથી નીકળતી વખતે એમણે આ સાડી અને માતાની પૂજામાંથી અન્નપૂર્ણાની મૂર્તિ સાથે લીધાં હતાં. આ મૂર્તિ પછી વિનોબાએ કાશીબાને પૂજા કરવા સોંપી દીધી હતી.

વર્ધામાં સાબરમતી જેવો આશ્રમ શરૂ કરો એમ શેઠ જમનાલાલ બજાજ ગાંધીજીને કહ્યા કરતા હતા. છેવટે એમના આગ્રહને માન આપી ગાંધીજીએ વિનોબાને વર્ધા મોકલ્યા. ચાર વિદ્યાર્થી અને એક મિત્રને લઇને વિનોબા વર્ધા ગયા, ગાંધીવિચારસરણીના આધારે ત્યાં પણ વિવિધ પ્રકારની સાધના આદરી. ગાંધીજીએ બોલવું અને વિનોબાએ કરવું. "મહારાષ્ટ્ર ધર્મ" નામના એક માસિકમાં વિનોબાની લેખમાળા પ્રસિદ્ધ થવા લાગી. એ લેખોનું સંકલન પણ પાછળથી પ્રસિદ્ધ થયું. ઉપનિષદમાં અભ્યાસ એ તેમનું પ્રથમ પુસ્તક. વિનોબાની પ્રતિભાનો પ્રથમ ઉન્મેષ તેમાં એક પ્રકારની મસ્તી છે, નશો છે. નાગપુર જેલમાં દેશભરના મોટામોટા નેતા સાથે હતા. એ બધા સાથે ચર્ચા કરતાં વિનોબાના ધ્યાનમાં આવ્યું કે ઉપનિષદમાં અભ્યાસની ભાષા લોકોને કિલષ્ટ લાગે એમ છે. એટલે એમણે પોતાની શૈલી જ બદલી નાખી. તેઓ લોકોને સમજાય એવી સરળ ભાષામાં લખવા લાગ્યા. તુકારામનાં અભંગ વિષેની એમની લેખમાળા આગળ ઉપર "સંતામા પ્રસાદ" નામે પ્રસિદ્ધ થઇ. તુકારામ ઇશ્વર સાથે લડાઈઝઘડો કરે છે, ગુસ્સો કરે છે, ઇશ્વરને ગાળ દે છે એ બધું વિનોબાને ગમતું.

માંડલેની જેલમાં છ વર્ષ કારાવાસ ભોગવીને પાછા આવ્યા પછી લોકમાન્ય ટિળકે ફરી ચળવળ શરૂ કરી હતી. અનેક મોટા મોટા નેતાઓ મવાળ કાર્યક્રમ હાથ ધરી બેઠા હતા. આંતકવાદી યુવાનો વચ્ચે વચ્ચે હિંસાના કાર્યક્રમ પાર પાડતા હતા. બ્રિટીશ સરકારનો જુલમ વધતો જ જતો હતો. સ્વાતંત્ર્ય માટેની આતુરતા ઉત્કટ હતી. પણ પછી ? આગળ શું ? કોઇને કંઈ સૂઝતું ન હતું. એ જ અરસામાં અમૃતસરના જલિયાંવાલા બાગના ભયંકર હત્યાકાંડનો પ્રસંગ બન્યો.

સેંકડો લોકો ડાયરની ગોળીઓનો ભોગ બન્યા અને દેશભરમાં ખળભળાટ મચી ગયો, વિરોધનું મોજું ફરી વળ્યું. પણ પછી ? વાતાવરણ તપી રહ્યું હતું, પણ અંદર ને અંદર. ગાંધીજી જલિયાંવાલા બાગનો હત્યાકાંડ જોઇને આવ્યા અને દિલ્હીની એક સભામાં બોલતાં એમણે કહ્યું, બ્રિટીશ સરકારના ન્યાય પરથી મારો વિશ્વાસ ઊઠી ગયો છે. બ્રિટીશ સરકાર એક પાપ છે. પાપ નજરે પડે તો આપણે શું કરીએ છીએ ? આપણે પાપ કરવા નથી માંડતા. પાપ સાથે અસહકાર કરીએ છીએ અસહકાર. એક મહામંત્ર પ્રગટ્યો, અસહકાર. ગાધીજીએ દેશને આવાહન કર્યું. બ્રિટીશ સરકાર સાથે અસહકાર કરો. એક વર્ષ આપો. દેશના સ્વાતંત્ર્ય માટે વકીલો વકીલાત છોડે, વિદ્યાર્થીઓ શાળા છોડે, સરકારી નોકરો નોકરી છોડે. સંપૂર્ણ અસહકાર કરો. એમને અંગ્રેજોએ બધું સમેટીને અહીંથી જવું જ પડશે. આખા દેશે ગાંધીજીનું આવાહન સ્વીકાર્યું. હજારો લોકોએ નોકરી છોડી, વકીલાત છોડી, વિદ્યાર્થીઓ શાળા છોડી બહાર પડ્યા. આખો દેશ સળગી ઊઠ્યો. દુનિયાના ઇતિહાસમાં આવું ક્યારેય બન્યું ન હતું. અનેક દેશોએ આઝાદીની લડાઇ લડી હતી, પણ આ લડાઇ અભૂતપૂર્વ હતી. એક તરફ અત્યંત બળવાન બ્રિટીશ સામ્રાજ્ય, જેના પરથી સૂર્ય કદી અસ્ત થતો નથી એવું પ્રચંડ શક્તિશાળી સામ્રાજ્ય અને બીજી તરફ અસહકાર કરતી નિઃશસ્ત્ર, દીનદુખિયારી, ગરીબ જનતા, નવા જુસ્સાથી જાગૃત થયેલી જનતા, અસહકારના મહામંત્રથી મુગ્ધ થયેલી જનતા. આ જનતા દુનિયાને અહિંસાનું નવું દર્શન કરાવતી હતી. અત્યાર સુધી હિમાલયની ગિરિકંદરાઓમાં, આશ્રમોમાં, મઠ-મંદિરોમાં સાધુસંન્યાસીઓ, સંતયોગીઓ અહિંસાના પ્રયોગ કરતા. પરંતુ આ અહિંસાનો સાવ નિરાળો જ પ્રયોગ હતો. સામૂહિક અહિંસાનો જગતના ઇતિહાસમાં આ પહેલવહેલો પ્રયત્ન હતો. અહિંસા હવે જીવનના રણાંગણમાં ઊતરતી હતી, અવનવા ચમત્કાર સર્જતી હતી. એક ખંડ સમા દેશને ગુલામીની બેડીમાંથી મુક્ત કરવા માટે અહિંસાએ વિરાટ સ્વરૂપ ધારણ કર્યું હતું. એક સાદોસીધો લાગતો સત્યના પ્રયોગ કરતો એક માણસ આ ચમત્કારનો પ્રેરણાદાતા હતો. જનતાએ એને મહાત્માનું બિરુદ આપ્યું. મહાત્મા ગાંધીજી જગતની ક્ષિતિજ પર ઉદય પામેલા દેદીપ્યમાન સૂર્ય સમા તેજોનિધિ હતા, તેમની પ્રજા સમક્ષ મોટા મોટા નેતાઓ પણ ફિક્કા જણાયા. આ શું થઇ રહ્યું છે એ કોઇને સમજાતું ન હતું. કોઇએ સાથ દીધો, કોઇએ વિરોધ કર્યો. કેટલાક હતપ્રભ થઇને ચૂપચાપ બેસી રહ્યા. "મારે સ્વરાજ્ય જોઇએ છે, પણ હિંસા દ્વારા મળેલું સ્વરાજ્ય નથી જોઇતું." એમ હિંમતપૂર્વક કહેનારો આ માણસ દુનિયામાં નવી ક્રાંતિ સર્જવા માગતો હતો. એના પગ ભારતની ભૂમિ પર દૃઢ

પણે ટેકવેલા હતા, એની દૃષ્ટિ જગતને સમાવી લેતી હતી, હૃદય એનું આકાશ જેવડું હતું. એટલે જ આખી દુનિયાના પીડિત માનવોને એ પોતાનો ઉદ્ધારક લાગ્યો.

ગાંધીજીના આ મહાયજ્ઞમાં વિનોબાએ પણ પોતાની આહુતિ આપી. તેઓ પહેલેથી જ જોઇ શક્યા હતા કે આ મનુષ્ય પાસે ક્રાંતિ પણ છે અને શાંતિ પણ છે, સ્વાતંત્ર્ય પણ છે અને સાધના પણ છે. એમણે અસહકારની લડતમાં ભાગ લીધો, નાગપુરના ઝંડા હેઠળ સત્યાગ્રહનું સંચાલન કર્યું અને કારાવાસ વેઠ્યો. જેલમાંથી છૂટયા પછી ફરી વર્ધાના આશ્રમમાં જઈ જીવનસાધનામાં તેઓ મગ્ન થઈ ગયા. તકલી, ચરખો, હાથશાળ એમનાં આઝાદીની લડાઇનાં શસ્ત્રો પણ હતાં. અને પૂજાનાં સાધનો પણ હતાં. સ્વામી વિવેકાનંદે આપેલો અને ગાંધીજીએ સ્વીકારેલો દરિદ્રનારાયણની સેવાનો મંત્ર વિનોબાનો જીવનમંત્ર થઈ પડયો. દીનદૃષ્ટિ, દલિતપીડિત, શોષિત મનુષ્ય આ યુગનો દેવ છે, આ દેવની પૂજા કરવી, દારિદ્રયને નિર્મૂલ્ય કરવું એ જ આ યુગમાં ખરી ભક્તિ ગણાય એવી વિનોબાની દૃઢ માન્યતા હતી. એ માન્યતા મુજબ તેઓ જીવનમાં પ્રયોગ કરતા હતા. ગરીબોના જીવન સાથે એકરૂપ થવા એમણે મજૂર જેવી રહેણીકરણી અપનાવી. બે આનામાં મળી શકે એટલો ખોરાક લેવાનો પ્રયોગ શરૂ કર્યો. આ ગાળામાં ગાંધીજીએ તેમને એક પત્ર લખ્યો હતો :

ચિ. વિનોબા,

તારી ભક્તિ અને શ્રદ્ધા જોઇ આંખમાં આનંદનાં આંસુ આવે છે. હું એને યોગ્ય હોઉં કે ન હોઉ એ જુદી વાત. પણ એક વાત નક્કી કે તને એનાથી જરૂર ફાયદો થશે. તું મહાન સેવાકાર્યનું નિમિત્ત બનીશ. ભવિષ્ય સંબંધે તને એટલી જ સૂચના કરવાની છે કે દૂધ છોડવાનો આગ્રહ ન રાખીશ, શરીરનું રક્ષણ કરજે.

- બાપુના આશીર્વાદ

વિનોબાની પ્રકૃતિ તપસ્યાની, કૃતિ સંન્યાસીની અને માર્ગ ગાંધીજીનો. આમાંથી આધુનિક સમયને અનુકૂળ એવો એક નવો તપસ્યાનો પ્રકાર નિર્માયો. વર્ધામાં વિનોબાએ ગાંધીજીના બધા રચનાત્મક કાર્યક્રમો હાથ ધરી તપસ્યા શરૂ કરી. અસ્પૃશ્યતાનિવારણ માટે ભંગીકામ કરવા સાથે ચર્મોદ્યોગ શરૂ કર્યો. નાલવાડીમાં ચર્માલય શરૂ કર્યું. તેમાં બ્રાહ્મણોને કામે લગાડયા. કાંતણ અને વણાટના પ્રયોગ કર્યા. લગભગ આખું વર્ષ રોજની સોળ આંટી જેટલું સૂતર કાંતીને નવો વિક્રમ સ્થાપિત કર્યો. તેઓ કહેતા, ખાદી કેવળ વસ્ત્ર નથી, તે એક વિચાર છે, સ્વરાજ્યની લડતનો ગણવેષ છે, શોષણવિહીન સમાજની સ્થાપના કરવાની આર્થિક ક્રાંતિના

વિચારનો પાયો છે.

આ અરસામાં ખાદી ગામેગામ પહોંચી. ક્રાંતિનું કામ કરવા ગ્રામસેવા મંડળની સંસ્થા સ્થપાઇ. રચનાત્મક કાર્યક્રમનો એક કાર્યક્રમ કુષ્ઠરોગની સેવાનો. ભારતમાં કુષ્ટરોગીઓની સંખ્યા ઘણી મોટી. સામાજિક બહિષ્કારને કારણે આ રોગીઓની સ્થિતિ અત્યંત દયાજનક થઇ જતી. ગાંધીજીએ તેમની સેવાનો કાર્યક્રમ વિચાર્યો ત્યાં સુધી ખ્રિસ્તી મિશનરીઓ જ આ કામ કરતા. ગાંધીજીની પ્રેરણાથી વિનોબાએ આ કામ હાથ ધર્યું. અને મહારોગી સેવા મંડળ નામની પ્રથમ ભારતીય સંસ્થાની સ્થાપના થઇ. વિનોબાના સહકાર્યકર મનોહર દીવાને આજન્મ બ્રહ્મચારી રહી આ કામને જીવન સમર્પિત કરવાનો નિર્ણય કર્યો. કુષ્ઠસેવાના તેઓ પ્રથમ ભારતીય મિશનરી હતા. ગાંધીજી તો કહેતા કે લોકો મને મહાત્મા કહે છે પણ ખરો મહાત્મા તો મનોહર દીવાન છે.

અસ્પૃશ્યતા એ હિંદુ સમાજ પરનું કલંક છે એ ગાંધીજીનું સૂત્ર વિનોબા શાસ્ત્રવચનના આધારે સમજાવતા. અસ્પૃશ્યતાનિવારણ અને હરિજનસેવાનું કામ તેઓ ભક્તિભાવથી કરતા. વર્ધા પાસે નાલવાડીની હરિજન વસ્તી હતી. અહીં તેઓ નાની સરખી ઝૂંપડી બાંધી રહેવા લાગ્યા. તેઓ હરિજન બાળકોને ભણાવતા, નવડાવતા, યુવાનોને સેવાની દીક્ષા આપતા, સ્ત્રીઓને ભજન સંભળાવતા. ગાંધીજીના આદેશ અનુસાર તેઓ કેરળમાં વાયકમ ખાતે મંદિરપ્રવેશ અંગેના સત્યાગ્રહમાં ભાગ લેવા જઇ આવ્યા. અસ્પૃશ્યોના પડછાયાથી પણ અભડાઇ જવાય એવી માન્યતા ધરાવતા નંબુદ્રી બ્રાહ્મણો સાથે શાસ્ત્રાર્થ કરીને વિનોબાએ તેમની પાસે કબૂલ કરાવ્યું કે અસ્પૃશ્યતાને શાસ્ત્રોને ટેકો નથી, એ શાસ્ત્રવિરોધી છે. પવનાર નજીકના સુરગાંવ ખાતે એમણે સતત ત્રણ વર્ષ સફાઇકામ કર્યું. એક વાર નદીમાં પૂર આવ્યાં એટલે વિનોબા સુરગાંવ જઇ ન શક્યા. નદીના કાંઠે ઊભા રહીને એમણે બૂમો પાડી. ગામનાં છોકરાં ભેગાં થઇ ગયાં. "છોકરાંઓ, ગામના મંદિરમાં જઇને ભગવાનને ખબર કરો કે ગામનો ભંગી આવ્યો હતો. પણ નદીએ એને રોક્યો એટલે એને પાછા ફરવું પડયું છે. શું કહેશો ?" છોકરાંઓએ બૂમ પાડીને જવાબ આપ્યો, કહેશું કે વિનોબા આવ્યા હતા પણ પાણીએ રોક્યા. વિનોબાએ વધુ ઊંચે અવાજે કહ્યું, "ના એમ નહીં કહેવાનું ભગવાનને કહેજો કે ગામનો ભંગી આવ્યો હતો."

આ સમય વિનોબાના ઉત્કટ કર્મયોગનો હતો. બારથી ચૌદ કલાક મજૂરી કરી મજૂરો જેવું જીવન જીવવાનો પ્રયોગ તેઓ કરી રહ્યા હતા. એ સાથે લખવા-વાંચવાનું પણ ચાલુ હતું. અહિંસા, સત્ય અસ્તેય એ એકાદશ વ્રત પર "એકાદશ

વ્રતમાલા" લખી. "વિચારપોથી" પણ આ જ અરસામાં લખાઇ. આમાંનું એક એક વાક્ય અર્થગણ્યે સૂત્ર સમું છે.

વિનોબા હંમેશાં કહેતા, "નામરૂપ તો જવાનાં જ છે. મારી પાછળ શું રહેવાનું છે ? ગીતા, પ્રવચનો અને ગીતાઇ." ગીતાપ્રવચનો એમણે ધુળિયાની જેલમાં 1932માં આપ્યાં. દર રવિવારે એક એક અધ્યાય પર તેઓ પ્રવચન કરતા અને સાને ગુરુજી મોતી જેવા સુંદર અક્ષરે એ પ્રવચનો ઉતારી લેતા. વિનોબાએ ગીતા પર પ્રવચન તો અનેક વાર કર્યાં. એ પણ સાને ગુરુજીને કારણે એ પુસ્તકરૂપે પ્રાપ્ત થયાં. વિનોબા જ્યાં જતા ત્યાં જાણે આશ્રમની સ્થાપના થઈ જતી. ધુળિયાની જેલમાં પણ સત્યાગ્રહી કેદીઓની જવાબદારી જેલરે વિનોબાને શિરે નાખી દીધી હતી, સખત કેદની સજા હોય કે ન હોય બધા કેદીઓને જેલનું કામ કરવું પડતું, કારણકે વિનોબા પોતે જ કામ કરતા. સવારસાંજની પ્રાર્થના પણ નિયમિત ચાલતી. રસોઇનું કામ સામુદાયિક ધોરણે થતું, જેલનું જમણ એટલે દાળરોટલા. પણ વિનોબાની દેખરેખ હેઠળ કલાક સુધી હલાવી હલાવીને તૈયાર કરેલી દાળને હાથે કરેલા રોટલાનું જમણ એટલું સ્વાદિષ્ટ બનતું કે બધા સત્યાગ્રહી કેદીઓનું વજન વધી ગયું હતું.

આ જ સમયની એક મૂલ્યવાન બક્ષિસ તે ગીતાઇ. 1915માં એકવાર માતાએ કહ્યું હતું, "વિન્યા, મને સંસ્કૃતની ગીતા સમજાતી નથી." વિન્યાએ ગીતાના બેત્રણ મરાઠી અનુવાદ લાવી આપ્યા હતા. પરંતુ માતાને અનુવાદ બહુ જ ક્લિષ્ટ લાગ્યા હતા. "વિન્યા, તું જ ગીતાનું મરાઠી ભાષાન્તર કર ને." વિન્યાએ આશ્ચર્યથી પૂછયું હતું, "શું ? હું કરી શકીશ ?" માતાએ એકદમ સહજભાવે કહ્યું હતું, "તું કર, તું કરી શકીશ." માતાની આ શ્રદ્ધાએ વિનોબાના મનમાં ગીતાનો મરાઠી અનુવાદ કરવાના વિચારનું બીજ રોપ્યું હતું. તે અંદરને અંદર અંકુરિત થઇ રહ્યું હતું. અંતે 1930ની 7મી ઓકટોબરે સવારે બ્રાહ્મમુહૂર્તમાં વિનોબાએ ગીતાનો પદ્યાનુવાદ શરૂ કર્યો અને વર્ધાના મહિલાશ્રમમાં, તમામ રોજિંદી પ્રવૃત્તિ કરવા સાથે વહેલી સવારના શાંતિના સમયે ગીતા મરાઠીભાષામાં 'ગીતાઇ' રૂપે પ્રગટ થવા લાગી. માતાની સ્મૃતિ ગીતા-આઇ (માતા) એ શબ્દો દ્વારા અમર થઇ.

ગીતાઇ માઉલી માઝી, તિચા મી બાળ નેણતા,
પડતાં રડતાં ઘેઈ, ઉચલોનિ કડેવરી.
(ગીતાઇ માતા મારી, એનો હું બાળ અબોધ
પડતાં રડતાં તેડી લે, મને (હાથેથી) કેડ પર.)

આ એક જ શ્લોકમાં એમણે માતાનો મહિમા ગાયો. 6 ફેબ્રુઆરી 1931ના દિવસે ગીતાઇનું લખાણ પૂરું થયું. સને 14 જુલાઇ 1932ના દિવસે તેની પ્રથમ આવૃત્તિ પ્રગટ થઇ. ગીતાઇ વાંચવા મા તો હવે હયાત ન હતી, પણ મહારાષ્ટ્રના ઘેરેઘેર હજારો લાખો માતાઓ માટે ગીતાનો જ્ઞાનભંડાર ખુલ્લો મુકાયો હતો. ગાંધીજીએ ગીતાઇ વાંચી ત્યારે એમણે ખૂબ જ આનંદપૂર્વક કહેલું કે મૂળ સંસ્કૃત કરતાં પણ અનુવાદ સારો થયો છે. વિનોબા કહેતા કે ગીતાઇ એટલે છોલીને તૈયાર કરી આપેલું મીઠું મધ જેવું કેળું, પટ્ટ કરીને મોઢામાં નાખો ને મીઠાશ આસ્વાદી શકો. તે પછી તો ગીતાઇની નાની મોટી અનેક આવૃત્તિ પ્રગટ થઈ અને લાખો નકલ વેચાઇ. એક વાર તો ફાંસીના એક કેદીએ પણ ગીતાઇની નકલ માગી હતી અને ફાંસીની સજાનો અમલ થતાં સુધી રોજ તે ગીતાઇ વાંચતો.

સ્વરાજ્ય મેળવ્યા વિના આશ્રમ પાછા ન ફરવાના નિર્ધાર સાથે ગાંધીજી દાંડીયાત્રાએ નીકળ્યા અને દેશ આખામાં મીઠાના સત્યાગ્રહનું પ્રચંડ આંદોલન શરૂ થઇ ગયું. હજારો લોકો જેલમાં ગયા. આખા દેશમાં સ્વાતંત્ર્યની પ્રેરણાની પ્રાણસંચાર થયો. પછી લંડનમાં ગોળમેજી પરિષદ યોજાઇ. ભારતીય ખેડૂતનો પોષાક પહેરી ગાંધીજી ઇંગ્લેન્ડના રાજાને મળ્યા. ત્યાંથી પાછા ફરી તેઓ વર્ધા ગયા અને શેગાંવ નામના નાનકડા ગામડામાં રહેવા લાગ્યા. શેગાંવને પછી સેવાગ્રામ નામ મળ્યું.

વધારે પડતા પરિશ્રમને કારણે વિનોબાની તબિયત નબળી પડી ગઇ છે એમ ગાંધીજી પાસે ફરિયાદ ગઇ. ગાંધીજીએ વિનોબાને બોલાવ્યા અને કહ્યું કે "હવાફેર કરવાની ડૉક્ટરની સલાહ માની લે અને મસુરી, નૈનિતાલ, સિમલા એમાંથી જ્યાં જવું હોય ત્યાં જા, આરામ કર અને તબિયત સારી કરીને પાછો આવ. વિનોબાએ પોતાના સ્વભાવ પ્રમાણે કહ્યું, તમારી આજ્ઞા મને શિરોમાન્ય છે. તબિયત સુધારી દેખાડીશ પણ મસુરી, નૈનિતાલ જેવી જગ્યાઓ ગરીબોને ન પરવડે. વર્ધા નજીક પવનાર ગામમાં ધામ નદીના કાંઠે એક ટેકરી પર જમનાલાલજીએ બંગલો બંધાવ્યો છે. ત્યાં જઇને હું આરામ કરીશ, વચન આપું છું.

1938ની 7મી માર્ચે વિનોબા મોટરમાં પવનાર જવા નીકળ્યા. ગાડી ધામ નદીના પુલ પરથી પસાર થતી હતી ત્યારે "સંન્યસ્તં મયા" એમ ત્રણ વાર બોલીને એમણે પવનારના લાલ બંગલામાં પ્રવેશ કર્યો અને આરોગ્ય સાધનાનો નવો કાર્યક્રમ શરૂ થયો. કંઈ કામ નહીં કરવાનું એ તો ઠીક, વિચાર પણ નહીં કરવાનો. વિચારશૂન્યતા અને અકર્મની અવસ્થાનો પ્રયોગ શરૂ થયો અને તબિયત ઝપાટાબંધ સુધરવા લાગી. જોતજોતામાં વજન વધવા લાગ્યું. ગાંધીજીએ પણ

શાબાશી આપવી પડી. વિનોબા આરામ માટે પવનાર ગયા પણ પછી ત્યાં જ રહી પડયા. પવનારમાં "પરમધામ આશ્રમ" આકાર લેવા માંડયો. આરામના સમયમાં એમણે ધીમે ધીમે ખેતી માટે જમીન ખેડવાની શરૂ કરી. નદી કિનારા પરની એ ટેકરી પર ચૌદસો વર્ષ પહેલાં મોટું રામમંદિર હતું એમ કહેવાતું. પવનાર એટલે વાકાટકોના સામ્રાજ્યનું પવનપુર. તે ઉત્તરદક્ષિણ વેપારી માર્ગ પરનું એક મહત્ત્વનું મથક હતું. રાજમાતા પરમ ભક્ત હતાં. એમણે જ રામમંદિર બંધાવ્યું હતું. ખેતી માટે જમીન ખેડતાં અનેક પ્રાચીન ભગ્નમૂર્તિઓ મળી આવતી. એક દિવસ વિનોબા કોદાળીથી ખોદકામ કરતા હતા ત્યાં પણ એવો અવાજ થયો. નીચે મોટો પથરો હશે એમ ધારીને એમણે સાથીદારોને બૂમ મારીને બોલાવ્યા અને કહ્યું કે બધા મળી માટી બાજુએ સારીને આ પથરો ખસેડીએ. પણ માટી બાજુએ સારીને જુએ છે તો રામ-ભરત મિલનની એક પ્રચંડ મૂર્તિ. ધુળિયાની જેલમાં ગીતા પર પ્રવચન કરતાં બારમા અધ્યાયમાં સગુણ અને નિર્ગુણ ભક્તિની વાત આવે છે તેની સમજૂતી આપતાં વિનોબાએ કહ્યું હતું કે - "લક્ષ્મણની ભક્તિ એટલે સગુણ ભક્તિ, પણ ભરતની નિર્ગુણ ભક્તિ. રામ ચૌદ વર્ષ વનવાસમાં રહ્યા તે દરમ્યાન ભરત સિંહાસન પર પાદુકા મૂકીને તપસ્વીની જેમ રહ્યો. ચૌદ વર્ષને અંતે જ્યારે રામ ભરતને મળ્યા હશે ત્યારે વનવાસ વેઠનાર ખરો તપસ્વી કોણ એ ઓળખવું મુશ્કેલ થઇ પડયું હશે. પહેરોમહોરો સમાન, વયનો થોડો ફરક, ચહેરા પર તપસ્યાનું તેજ સમાન. આવું ચિત્ર બન્ને ભાઇઓનું કોઇ કલાકાર દોરે તો રામ ક્યા ને ભરત ક્યો એ જાણી પણ ન શકાય, એ ચિત્ર અત્યંત સુંદર ને પવિત્ર થાય... વિનોબાના માનસપર પરનું આ ચિત્ર જ જાણે પથ્થરમાં સાકાર થયું હોય એવી આ શિલ્પાકૃતિ હતી. ચૌદસો વર્ષ પૂર્વેનું રામપંચાયતનું એ અપ્રતિમ શિલ્પ હતું, ભારતમાં અન્યત્ર આવું શિલ્પ સાંપડયું ન હતું. ઈશ્વરની કૃપા ગણીને વિનોબાએ એની પ્રતિષ્ઠા કરી અને સાથીદારોએ તેની આસપાસ મંદિર ચણ્યું, રામનાં અસંખ્ય મંદિર હશે, પણ ભરત-રામનું મંદિર આ એક જ છે. કોઇકે વિનોબાને મર્માળો સવાલ કર્યો પણ ખરો કે "વિનોબા, તમે વળી ક્યારથી મૂર્તિપૂજક થઇ ગયા ? પથ્થરને દેવ માનવા લાગ્યા ? " આવે વખતે વિનોબાનો મરાઠી સ્વભાવ ઊછળી આવતો. એમણે જવાબ આપ્યો, મે તો મૂર્તિ બનાવી નથી, પણ ઇશ્વર સામે ચાલીને મારી સમક્ષ આવ્યા છે ત્યારે એજ પથ્થર સમજું એટલો પથ્થર જેવો જડ તો હું નથી.

ગાંધીજીનાં દીધેલાં અગિયાર વ્રતોને વિનોબાએ પદ્યમાં ગૂંથ્યાં અને તેના પર "અભંગ વ્રતો" નામનું ભાષ્ય પણ લખ્યું :

અહિંસા સત્ય અસ્તેય બ્રહ્મચર્ય અસંગ્રહ
શરીરશ્રમ અસ્વાદ સર્વત્ર ભયવર્જન
સર્વધર્મસમાનત્વ, સ્વદેશી સ્પર્શભાવના
આ એકાદશ સેવાવી, નમ્રત્વે, વ્રતનિશ્ચયે.

આમાંથી એક એક વ્રત લઇને વિનોબા સાધના કરતા. સર્વધર્મસમાનત્વના વ્રતની સાધના અચાનક જ શરૂ થઈ. આશ્રમમાં હૈદરાબાદનો એક મુસ્લિમ છોકરો આવ્યો હતો. એને ઇસ્લામનો ધર્મનો ગ્રંથ શીખવવાનો હતો એટલે વિનોબાએ કુરાનનો અભ્યાસ શરૂ કર્યો. શુદ્ધ ઉચ્ચાર શીખવા એમને ખૂબ મહેનત કરવી પડી. રેડિયો પર આવતા કુરાન-પાઠના કાર્યક્રમો તેઓ નિયમિત રીતે સાંભળતા. એક વાર મૌલાના આઝાદ સેવાગ્રામ ગયા હતા. ત્યારે ગાંધીજીએ એમને કહ્યું, "આપણા વિનોબા કુરાનનો અભ્યાસ કરે છે. એની પરીક્ષા તો લઇ જુઓ." મૌલાના કુરાનના મોટા વિદ્વાન હતા. એમણે વિનોબાની પરીક્ષા લીધી અને ગાંધીજીને કહ્યું "તમારો વિનોબા તો હાફિઝ (જ્ઞાની) થઇ ગયો છે." વેદની જેમ કુરાન પણ વિનોબાને લગભગ મોઢે થઈ ગયું હતું.

બીજું મહાયુદ્ધ શરૂ થયું અને ભારતની આઝાદીની માગણી નકારીને બ્રિટીશ સરકારે ભારતને વગર પૂછ્યે યુદ્ધમાં ખેંચ્યું. એનો વિરોધ કરવા વ્યક્તિગત સત્યાગ્રહની યોજના ગાંધીજીએ વિચારી. સત્ય અને અહિંસા જેના જીવનમાં વણાયાં છે. એવો શુદ્ધ સત્યાગ્રહી એમને જોઈતો હતો. સેવાગ્રામથી પવનાર સંદેશો મોકલાયો. વિનોબા ગાંધીજી સામે હાજર થયા. શી આજ્ઞા છે બાપુ ? "તને પહેલો સત્યાગ્રહી કરવાની ઇચ્છા છે પણ તેં કામો ઘણાં હાથમાં લીધેલાં છે. બધાં કામો પતાવીને પાછા આવતાં તને કેટલો વખત લાગશે ? " વિનોબાએ તરત કહ્યું, "બાપુ, તમારો હુકમ એટલે યમરાજનો હુકમ એમ હું માનું છું. હુકમ થાય ને તરત હાજર થવું જ જોઇએ. અહીંથી સીધો (સત્યાગ્રહ કરવા) જા એમ કહેશો તો પણ હું તૈયાર છું." 17 ઓક્ટોબર 1940ના દિવસે પ્રથમ સત્યાગ્રહી તરીકે વિનોબાનું નામ જાહેર થયું. આ વિનોબા કોણ છે એવો પ્રશ્ન અનેકના મનમાં થયો. તેમની મૌન સાધનાની દેશને હજી જાણ ન હતી. એટલે મહાદેવ દેસાઇએ 'હરિજન'માં વિનોબાનો પરિચય આપતો લેખ લખ્યો. પ્રથમ સત્યાગ્રહીનું પ્રથમ ભાષણ પવનારની જાહેર સભામાં થયું. અંગ્રેજ સરકારની જુલમી નીતિ સામે સત્ય, તપશ્ચર્યા, સાધનાના દુંદુભિ ગાજી ઊઠ્યા. ત્રણ વાર સત્યાગ્રહ અને ત્રણ વાર ધરપકડ થઇ. બીજા સત્યાગ્રહી તરીકે પંડિત જવાહરલાલ નહેરુની પસંદગી થઈ. જેલમાં વિનોબાને લેખન માટે નિરાંતને સમય મળતો. આમ

કારાવાસ દરમિયાન જ એમણે "સ્વરાજ્ય શાસ્ત્ર", "સ્થિતપ્રજ્ઞદર્શન", "ઇશાસ્યવૃત્તિ" વગેરે પુસ્તકો લખ્યાં.

યુદ્ધની જ્વાળાઓ ભભૂકી રહી હતી. લોકશાહી અને સ્વતંત્રતા માટે લડતા બ્રિટન આ બન્ને બાબતો ભારતને લાગુ પડતી નથી એમ બેશરમપણે જાહેર કર્યું હતું. 9મી ઓગષ્ટ 1942ના દિવસે મુંબઇમાં યોજાયેલા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધિવેશનમાં ગાંધીજીએ 'ભારત છોડો' 'ક્વિટ ઇન્ડિયા' ની હાકલ કરી અને આખો દેશ સળગી ઊઠયો. વિનોબાની ધરપકડ થઈ. ગાંધીજીએ તેમને કહી રાખ્યું હતું કે આ વખતે જેલમાં જતાં જ હું ઉપવાસ પર ઊતરવાનો છું. ગાંધીજીની ધરપકડ થઈ છે એવી ખબર પડતાં જ વિનોબાજીએ ઉપવાસ શરૂ કરી દીધા. ગાંધીજીને ખ્યાલ હતો કે વિનોબા એની જેલમાં ઉપવાસ શરૂ કરશે અને એટલે એમણે જેલમાં જતાં જ વિનોબાને સંદેશો મોકલ્યો કે હમણાં ઉપવાસ નથી કરવાના. બીજા વર્ષે ગાંધીજીએ આગાખાન પેલેસના તેમના કારાગારમાં એકવીસ દિવસનાં ઉપવાસ કર્યા હતા. એમના ઉપવાસ શરૂ થતાં સાથે જ વિનોબાએ પણ વેલોરની જેલમાં ઉપવાસ શરૂ કર્યા. તામિલનાડુની વેલોરની જેલમાં વિનોબાની સાથે દક્ષિણના ચારે પ્રાંતના સત્યાગ્રહીઓ હતા. એ બધા અંદરઅંદર વાત કરતા તો અંગ્રેજીમાં. એ જોઈને વિનોબાને રાષ્ટ્રભાષાની આવશ્યકતાનો વિચાર આવ્યો. આજ અરસામાં એમણે તમિળ, તેલગુ, કન્નડ અને મલયાલમ એ ચારે દક્ષિણની ભાષાઓ એક સાથે શીખવાનું શરૂ કર્યું. દરેક ભાષા માટે લિપિ પણ જુદી શીખવી પડી. આમાં એમની આંખો પહેલેથી નબળી તે વધારે નબળી પડી. તે વખતે તેમની તેમને ભારતની બધીજ ભાષાઓ માટે સમાન લિપિની જરૂર જણાવા લાગી અને એટલે દેવનાગરી લિપિમાં થોડા ઘણા ફેરફાર કરીને બધી ભાષા માટે લોકનાગરી લિપિ તૈયાર થઈ.

આ વખતનો જેલવાસ લાંબો હતો. આ લાંબા ગાળામાં લેખન, અધ્યયન અને બાપુએ પ્રથમ સત્યાગ્રહી તરીકે દેશની સેવાની જે જવાબદારી સોંપી હતી તે પાર પાડવાની દૃષ્ટિએ ચિંતન-મનન વગેરે બધું ચાલુ હતું. 1945ની નવમી જુલાઈ એ તેમને મુક્તિ મળી અને તેઓ પવનાર પાછા આવ્યા. ત્યાં પોતાનો અગાઉનો કાર્યક્રમ ફરી હાથ ધર્યો.

લોકોમાં તડો પાડવાની અને કુસંપ ફેલાવવાની અંગ્રેજોની નીતિને કારણે દેશમાં કોમી તોફાનો શરૂ થયાં. આ આગ બુઝાવવા ગાંધીજી જાન હથેળીમાં રાખીને પ્રયાસ કરી રહ્યા હતા. દેશના ભાગલા પાડવાની વાતો થવા લાગી હતી. ગાંધીજી કહેતા હતા : પહેલા મારા શરીરના ટુકડા થશે, પછી જ દેશના, પરંતુ

તેમના બધા જ સાથીદારો દેશના ભાગલા પાડવાના મતના થયા. એક માત્ર બાદશાહ ખાન (ખાન અબ્દુલગફારખાન) ગાંધીજીના પક્ષે હતા. કેટલીક વાર ગાંધીજી પોતાના મનની વ્યથા અંતેવાસીઓ સમક્ષ વ્યક્ત કરતા. મારી ઉંમર 10 વર્ષ ઓછી હોત તો મેં દેશના ભાગલા પાડવા દીધા ન હોત; દેશને જાગૃત કર્યો હોત, બચાવી લીધો હોત. પરંતુ તેઓ એકલા પડી ગયા હતા. શરીર જર્જર થઈ ગયું હતું. પણ તેઓ શંકર ભગવાનની જેમ એકલા જ કોમવાદનું ઝેર પીતા ગયા. દેશની સર્વ ધર્મ સમાનત્વની ભાવના જાળવી રાખવાના પ્રયત્ન કરતા ગયા. પંદરમી ઑગસ્ટે દેશ સ્વતંત્ર થયો. ત્યારે ગાંધીજી દૂરના પૂર્વ બંગાળના પ્રદેશમાં દુઃખી જનોના આંસુ લૂછી રહ્યા હતા. આઝાદીના ઉત્સવમાં એમણે ભાગ લીધો ન હતો. અંતે 30મી જાન્યુઆરી, 1948નો દિવસ ઊગ્યો, "હે રામ" એમ ત્રણ વાર બોલી તેઓ શહીદ થઈ ગયા. આખો દેશ શોક સાગરમાં ડૂબી ગયો. એ વખતે શોકગ્રસ્ત સાથીદોરોને વિનોબાએ સમજાવ્યા, મહાપુરુષો દેહનાં બંધનમાં રહે છે, ત્યાં સુધી મહાન કાર્યો કરે જ છે. પણ જ્યારે સીમિત દેહનાં બંધન તોડી અસીમમાં વિલીન થાય છે, ત્યારે વધુ મહાન અને અનેક ગણાં વધારે કાર્યો સિધ્ધ કરે છે. બાપુ દેહમુક્ત થયા હવે તેઓ આકાશ જેવા વ્યાપક થયા છે. પહેલાં તેમને મળવા પવનારથી સેવાગ્રામ જવું પડતું, એ તો આંખ બંધ કરો ને મળવાનું બનશે. તેઓ આપણા હૃદયમાં છે.

માર્ચમાં સેવાગ્રામમાં વિશાળ ગાંધી પરિવાર ભેગો થયો હતો. એ વખતે "અહિંસા એ કંઈ ગાંધીજીના બાપની જાગીર નથી. તે આપણી - તમારી અને મારી બધાની છે. ગાંધી વિચાર આપણો વિચાર બનવો જોઈએ". એવા વિચિત્ર લાગે એવા વિચાર વેદાંતી વિનોબાના મોઢામાંથી નીકળ્યા. એમણે સર્વોદય સમાજનો વિચાર રજૂ કર્યો અને ગાંધીજીના શ્રાદ્ધ દિવસ નિમિત્તે દર વર્ષે 12મી ફેબ્રુઆરીએ સર્વોદય યાત્રા યોજવી, દરેક જણે પોતે કાંતેલા સૂતરની એક આંટી શ્રદ્ધાપૂર્વક અર્પણ કરવી એવી યોજના રજૂ કરી.

1947ની 29મી ઓક્ટોબરે ધુળિયામાં વિનોબાના પિતાનું અવસાન થયું. માટી પર માટીનો અધિકાર છે એમ વેદવચનોને આધારે કહીને એમણે પિતાનાં અસ્થિ નદીમાં ન પધરાવતાં જમીનમાં વિસર્જિત કર્યાં.

નિરાશ્રિતોના પુનર્વાસના કામ માટે પંડિત નહેરુએ વિનોબાને બોલાવ્યા. આમંત્રણને માન આપી તેઓ દિલ્હી ગયા, અને રાજસ્થાનના મેર જાતિના મુસલમાનોના પુનર્વસવાટનું કામ કર્યું. ભાગલા પછીના સમયમાં આ કામ વધારે મુશ્કેલ બની ગયું હતું. આવા દિવસોમાં દિલ્હીથી ત્રીસ માઈલ દૂર આવેલા એક

ગામમાં જાહેર સભામાં ભાષણ કરતાં વિનોબાએ અકબર બાદશાહનું નામ લીધું, લોકોના ચેહરા પર પરિચયનો કોઈ ભાવ ન જોતાં એમને મનમાં શંકા આવી. એમણે પૂછ્યું, "તમે અકબર બાદશાહનું નામ સાંભળ્યું નથી ?" લોકોને માથાં હલાવી ના પાડી, વિનોબા આશ્ચર્યચકિત થઈ ગયા. "તમે અકબર એવું નામ તો સાંભળ્યું છે ને?" લોકોએ તરત કહ્યું, "હા, સાંભળ્યું છે, અલ્લાહ હો અકબર" અને કબીરનું નામ ? હા, એ ફકીરને કોણ ભૂલે ? ભોળા ગામલોકોએ એક પાઠ શીખવ્યો. હું આ દેશ સત્તાધારીઓને યાદ નથી રાખતો, પણ સંતો ને ફકીરોને ક્યારે પણ ભૂલતો નથી.

પુનર્વસવાટનું કામ કરવા માટેના સરકારી તંત્રની મર્યાદા વિનોબાના ધ્યાનમાં આવી. એ અંગે એમણે પંડિત નહેરુ સાથે ચર્ચાવિચારણા કરી અને તેઓ પવનાર પાછા ચાલ્યા ગયા. પવનાર આશ્રમમાં એમણે ગણતરીના પસંદ કરેલા સાથીદારોને સાથે રાખી પ્રચલિત અર્થવ્યવસ્થામાં ધરમૂળના ફેરફાર કરવાનો ઉદ્દેશ નજર સમક્ષ રાખી કાંચનમુક્તિ અને ઋષિખેતીના પ્રયોગ શરૂ કર્યા. પવનારમાં પ્રખર તાપમાં પણ તેઓ કલાકોના કલાકો કોદાળીથી જમીન ખોદવાનું કામ કરતા. પૈસાનો ઉપયોગ નહીં કરવાનો એટલે વાહનનો ઉપયોગ નહીં કરવાનું નક્કી કર્યું. 1951નું અખિલ ભારત સર્વોદય સંમેલન હૈદરાબાદ પાસે શિવરામપલ્લીમાં યોજવાનું હતું. ત્યાંના લોકોનો વિનોબા આવે એવો બહુ આગ્રહ હતો, પણ તેઓ ના પાડતા હતા.

વિનોબા ન આવવાના હોય તે પછી ભેગા થઈને શું કરવાનું ? ગાંધીજી ગયા અને ભારતમાં ઠેર ઠેર વસતા ને વિખરાયેલા રચનાત્મક કાર્યકર્તાઓનો ગાંધીપરિવાર અનાથ થઈ ગયો. ગમે એ પ્રશ્ન હોય ને, ઘરનો હોય, સંસ્થાનો હોય કે દેશનો લગતો કે દુનિયાને લગતો, બાપુની આગળ એ પ્રશ્ન રજૂ થતાં એનો ઉત્તર મળતો. તેઓ માર્ગ ચિંધતા. લોકો એ માર્ગે ચાલવા માંડતા-ક્યારેક ટટ્ટાર ગરદન સાથે, ક્યારેક સંભાળીને, ક્યારેક ઠોકર ખાઈ ખાઈને. પણ હવે બાપુ ન હતા. બધા રચનાત્મક કાર્યકર્તાઓ સઢ વિનાની હોડી સમુદ્રમાં વહેતી હોય એવી સ્થિતિમાં આવી ગયા હતા. ગાંધીજી વિના તેમના વિચારો, એમનું જીવનદર્શન ટકશે ખરું ? દેશ અને દુનિયાની સમક્ષ જે મહાન પ્રશ્નો છે તેના ઉત્તર આપવાની ક્ષમતા સત્ય-અહિંસામાં છે ? ગરીબોનો પ્રશ્ન, ભૂમિવિહીનોનો પ્રશ્ન, બેકારીનો પ્રશ્ન, ગાંધીજીની પાછળ ગાંધીજીનું કામ ચાલશે ખરું ? આવા અનેક પ્રશ્ન સહુના મનમાં હતા. એના ઉત્તર કોણ આપશે? કોણ શોધશે ? વિનોબા ન આવવાના હોય તો પછી સંમેલન જ શા માટે યોજવું ? આમ

વિચારીને કેટલાક કાર્યકરોએ વિનોબાને છેલ્લી વાર પૂછાવ્યું, આવશો ને ? વિનોબાનો નકાર મળતાં જાહેર કર્યું કે તમે ન આવતા હો તો અમે સંમેલન નહીં ભરીએ. વિનોબા વિચારમાં પડી ગયા. થોડી વારે શાંતિથી બોલ્યા, "સારું, હું આવીશ, પણ પગપાળો ચાલીને આવીશ." આશ્ચર્યચકિત કાર્યકરોએ પૂછ્યું "વર્ધાથી હૈદરાબાદ ચાલીને આવશો ?"

"હા, હું પદયાત્રા કરતો પહોંચી જઈશ." 1951ની 7મી માર્ચે બાપુ-કુટિરને પ્રણામ કરી વિનોબાએ સેવાગ્રામથી પદયાત્રા આરંભી. આ જ પદયાત્રા વિષે એક જાણીતા કવિએ કર્યું છે :

"ધર્મચક્ર ફિરલે પડતા એકાકી પાઉલે."

(એકાકી ડગલાં મંડાતાં ધર્મચક્ર ફરવા લાગ્યું.)

ચરૈવેતિ, ચરૈવેતિ

कलिः शयानो भवति, संजिहानस्तु द्वापरः ।
उत्तिष्ठन् त्रेता भवति, कृतम् संपद्यते चरन् ।।

"ચાલતા રહો, ચાલતા રહો," વેદનો આદેશ છે. કારણ કે "સૂતો રહેતો (મનુષ્ય) કલિયુગમાં વસે છે, બેસનારો દ્વાપરમાં, ઊઠીને ઊભો રહેનારો ત્રેતામાં અને ચાલનારો સત્‌યુગમાં વસે છે." યુગ મનુષ્યનું જીવન ઘડતો નથી, મનુષ્ય જ યુગનું નિર્માણ કરે છે, તમારે સત્ યુગમાં રહેવું હોય તો સતત ચાલતા રહો. બુદ્ધ ભગવાને પોતાના શિષ્યોને કહ્યું હતું, *'ચરથ ભિખ્ખવે ચારિકમ્ બહુજન હિતાય બહુજન સુખાય.'* ભિક્ષુકો, સર્વ લોકોનું હિત થાય, કલ્યાણ થાય તે માટે તમે સંચાર કરો. ચરણચક્ર સાથે ધર્મચક્ર ફરવા લાગશે. ગીતામાં ભક્તનાં લક્ષણ વર્ણવતાં કહ્યું છે કે એ "અનિકેત સ્થિરમતિઃ" હોય છે, એની મતિ સ્થિર અને ચરણ ફરતાં હોય છે. જ્ઞાનદેવે કહ્યું છે, "વિચરે વિશ્વ હોઊની, વિશ્વામાજી."

પરોઢનો અઢી ત્રણનો સમય. ઘોર અંધકાર, નીરવ શાંતિ, સહુ સૂતા છે, વિનોબા ઊઠી ગયા છે. વેદમંત્ર ગણગણે છે, જોતજોતામાં તો તેઓ ધ્યાનમગ્ન થઇ ગયા, પ્રાર્થનાનો સમય સૂચવતો ઘંટ વાગ્યો. ઇશાવાસ્યોપનિષદના મંત્રોનો પાઠ થતો અને ચારના ટકોરે વિનોબાએ ચાલવા માંડયું, બારપંદર માઇલનું અંતર કાપવાનું છે. ચાર-સાડાચાર માઇલની ગતિ. ઝપાઝપ પગલાં પડે છે. સાથેના લોકોને વચ્ચે વચ્ચે દોડવું પડે છે. રસ્તે આસપાસના ગામના લોકો દર્શનાર્થે દોડીને આવે છે. વિનોબા રોકાઇ ગયા. લોકોના સુખદુઃખની વાત પૂછી, "સ્વરાજ્ય મળ્યું છે. પરદેશી સત્તાનો અંત આવ્યો છે. ભારતના લોકો મનુષ્ય બન્યા છે." ગુલામોની ગણતરી મનુષ્યમાં નથી થતી, શાસ્ત્રકારો ગુલામોને કોઇ આજ્ઞા કરતા નથી, કારણ કે ગુલામોને ધર્મ પણ નથી હોતો. હવે સ્વતંત્રતા મળ્યા પછી આપણે આપણું જીવન ઘડી શકીએ છીએ. આપણું સુખદુઃખ આપણા પોતાના હાથમાં છે. આપણો ઉદ્ધાર આપણે જ કરવાનો છે.

પણ કંઇ રીતે ? ક્યા રસ્તે ? ગરીબાઇ, ભૂખમરો, શોષણ, વિષમતા,

આળસ, અજ્ઞાન. કેટકેટલા દુશ્મનોની સામે એક સાથે ઝઝૂમવાનું છે. વિનોબા ફરી ચાલવા લાગ્યા. પદચક્ર સાથે ચિંતનચક્ર પણ ફરતું હતું. બ્રિટીશ સામ્રાજ્ય જેવા બહારના શક્તિશાળી દુશ્મનનો સામનો કરવાની તાકાત અહિંસામાં છે એ તો પુરવાર થઇ ચૂક્યું હતું. પરંતુ અંદરના જ, પોતાના અંતરમાં વસતા દુશ્મનોનો સામનો અહિંસા કરી શકશે ખરી ? ગરીબાઇ, વિષમતા, શોષણ એ બધાને દૂર કરવાની શક્તિ અહિંસામાં છે ? તમારું ભવ્ય, દિવ્ય, વેદાંત-દર્શન, તમારી ભક્તિ, તમારી આધ્યાત્મિક શક્તિ આજના પ્રશ્નો ઉકેલવામાં સફળ થશે ?

વિનોબાનાં ડગલાં આગળ મંડાતાં હતાં, પણ વિચાર તો એથીયે કેટલા આગળ દોડતા હતા. આકાશના સાંનિધ્યમાં એમને નવાનવા વિચાર સ્ફુરતા. આકાશ એમની સાથે વાતો કરતું. સુખદુઃખની એમની વ્યવસ્થા પણ અજબ જેવી હતી. તેઓ કહેતા, "ખ એટલે આકાશ. જ્યાં આકાશ સુલભ છે, વિશાળ આકાશ મળે છે તે સુખ અને જ્યાં આકાશ દુર્લભ છે તે દુઃખ" પંચમહાભૂતમાંથી આકાશ સાથે તેમને વધારે સંબંધ છે. જાણે તેઓ આકાશનું સહુથી વધારે સેવન કરે છે. એમનો દહીં ને મધનો અલ્પ આહાર જોઇને ડૉક્ટર તેમને પૂછતા, "આટલું ઓછું ખાઇને તમે જીવો છો શી રીતે ?" વિનોબા હસતા "હું આકાશનો ખૂબ આહાર કરું છું. એનાથી મારી બુદ્ધિને તેમજ મારા શરીરને પણ પોષણ મળે છે."

શિવરામપલ્લીના સંમેલનમાં તેલંગણની પરિસ્થિતિના સમાચાર મળ્યા. આખો તેલંગણ પ્રદેશ ભડકે બળે છે. હિંસાનું તાંડવ ચાલે છે. સામ્યવાદી લોકો જમીન ધરાવનારાને લૂંટે છે, તેમનાં ખૂન કરે છે, તેમની જમીન છીનવી લે છે ને ગરીબોને વહેંચી દે છે. આ અત્યાચાર રોકવા સરકારે ત્યાં લશ્કર મોકલ્યું છે. સરકાર દર વર્ષે પાંચ કરોડ રૂપિયાનો ખર્ચ કરે છે. વિનોબાએ વિચાર કર્યો કે જાતે જઇને પરિસ્થિતિ નજરે જોવાથી ખરી ખબર પડશે. પહેલાં તેઓ હૈદરાબાદ જેલમાં જઇને સામ્યવાદી કેદીઓને મળ્યા અને તેમની વાત સાંભળી. પૂર્વેના હૈદરાબાદ રાજ્યનો તેલુગીભાષી પ્રદેશ તેલંગણ તરીકે ઓળખાય છે. એ પ્રદેશના નાલગોંડા અને વારંગલ જિલ્લાની પરિસ્થિતિ મુશ્કેલ હતી. વિનોબા આ ભાગમાં જવા તૈયાર થયા ત્યારે સરકારે અને સ્નેહીજનોએ તેમની સાથે સશસ્ત્ર સિપાઇઓ લઇ જવાનો આગ્રહ કર્યો. ધોળે દિવસે જ્યાં ખૂનામરકી થતી ત્યાં વિનોબા એકલા ગયા. વિનોબાએ સાથે સશસ્ત્ર સિપાઇ લઇ જવાની ના પાડતાં કહ્યું, "હું તો શાંતિના સૈનિક તરીકે ત્યાં જાઉં છું, મારું રક્ષણ ઇશ્વર કરશે. ઇશ્વરભક્તને કોઇ જાતનો ભય ન હોય."

તેલંગણમાં જઇને વિનોબાએ શું જોયું ? ભાંગ્યાતૂટયાં અર્ધાં બળેલાં બિહામણાં

દેખાતાં ઘર, ભાંગેલાં મન ને ગભરાટભર્યા ચહેરા. આ ઘર આકાશમાંથી વરસતા વરસાદથી તૂટયાં ન હતાં કે વીજળી પડવાથી સળગ્યાં ન હતાં. ત્યાંના માણસોએ જ તોડયાં હતાં. બાળ્યાં હતાં. માણસના પેટની આગની જ્વાળામાં બધું બળીને રાખ થઇ ગયું હતું. ખેતરમાં દિવસરાત પરસેવો પાડનારા મજૂરને પેટ ભરીને અન્ન ને શરીર ઢાંકવા વસ્ત્ર મળતાં ન હતાં. એની પોતાની પાસે માલિકીની તસુ જેટલી પણ જમીન ન હતી. અને જેમણે ક્યારેક હાથમાં હળ પકડયું ન હતું તેઓ જમીનના માલિક ગણાતા હતા. સામ્યવાદીઓએ ભૂમિ જમીનવિહોણા ગરીબોને ઉશ્કેર્યા હતા. આમ કેટલા દિવસ સહન કર્યા કરશો ? લૂંટો આ અનાજના કોઠાર. જે તમને રોકે એનાં માથાં ધડથી અલગ કરી નાખો. "ચાલો, આપણે ક્રાંતિ કરીએ", લૂંટાલૂંટ, આગ, કતલ એ બધું રોજનું થઇ ગયું હતું. આસપાસની ઝાડીઓમાં છુપાઇ રહેલા સામ્યવાદીઓ રાતના અંધારામાં લૂંટ ચલાવવા આવતા અને દિવસે સામ્યવાદીઓને શોધવા-પકડવા આવતા સરકારી સૈનિકો સતાવતા. લોકો ત્રાસી ગયા હતા, ભયભીત બની ગયા હતા.

જમીનની સમસ્યા એ જ તેલંગણમાં ભડકી ઊઠેલી અશાંતિની આગનું કારણ હતું. જમીનનો પ્રશ્ન ઉકેલ્યા સિવાય, ખેડનારને જમીન મળ્યા સિવાય અશાંતિની આગ હોલવાશે નહીં એ વિનોબાના ધ્યાનમાં તરત જ આવી ગયું હતું. કેટલાંય વર્ષોથી તેઓ વિચારતા હતા કે ખેતરમાં કામ કરનાર દરેક જમીનવિહોણા ખેડૂતને જમીન મળવી જ જોઇએ. દેશના ભાગલા પડયા પછીના સમયમાં દિલ્હી પાસે તેઓ નિર્વાસિતોની છાવણીમાં કામ કરતા હતા ત્યારથી વિનોબાના મનમાં આ વિચાર હતો. પાકિસ્તાનથી આવેલા નિર્વાસિતોમાંથી જેઓ જમીનવિહોણા હતા તેમને ભારતમાં આવીને જમીન મળી ન હતી. સરકારે આપેલું વચન પાળ્યું ન હતું એનું એમને દુઃખ હતું. અને ત્યારથી જ તેઓ જમીનવિહોણાને જમીન મેળવી આપવાનો અહિંસક માર્ગ શોધી રહ્યા હતા.

18 એપ્રિલ 1951ના દિવસે વિનોબાનો મુકામ નાલગોંડા જિલ્લાના પોચમપલ્લી ગામે હતો. ગામના કેટલાક હરિજનોએ પોતાની વીતકકથા વિનોબાને સંભળાવી. "અમારી પાસે જમીન નથી. બીજો કોઇ ધંધો પણ નથી. અમારે પેટ શી રીતે ભરવું ? અમને થોડી જમીન મળે તો મહેનત કરીને ચાર કોળિયા ધાન પામીએ."

"કેટલી જમીન જોઇએ ? "

"એંશી એકર. અમે એંશી જણ છીએ."

"તમને જમીન મળે તો બધા મળીને સહકારી ખેતી કરશો ? "

"હા, કરીશું."

"સારું તો એમ લખી આપો. તમારી અરજી હું સરકારને મોકલીશ."

ગામના એક સારી સ્થિતિના ખેડૂત શ્રી રામચંદ્ર રેડ્ડી તે વખતે પાસે જ બેઠા હતા. એમણે તરત કહ્યું. હું સો એકર જમીન આપીશ. સહુએ આનંદ ને આશ્ચર્યની લાગણી અનુભવી.

સાંજે નિયમ પ્રમાણે જાહેર સભા યોજાઇ. વિનોબાએ દાતાને અભિનંદન આપ્યાં અને ગામલોકોને સલાહસૂચનાના બેચાર શબ્દ કહ્યા.

રાત થઇ. સહુ આનંદની લાગણી અનુભવતા સૂઇ ગયા, પણ વિનોબાને ઊંઘ આવતી ન હતી. રોજ તો વાંસો પથારીને લાગતાં જ તેઓ "બ્રહ્મલોક"માં પહોંચી જતા. પણ તે દિવસે ક્યાંય સુધી તેઓ જાગતા રહ્યા. મનમાં જબરું વિચારમંથન ચાલી રહ્યું હતું. આજે શું બની ગયું ? એકે જમીન માગી ને બીજાએ આપી. આજ સુધી આવું ક્યારેય બન્યું છે ? મઠ, મંદિર, મસ્જિદ માટે દાન દેનારા ઘણાય મળી આવે. પણ જમીનવિહોણા લોકોને પણ જમીન પર અધિકાર છે એવી દલીલ કરીને કોઇએ દાન માગ્યું નથી ને કોઇએ આપ્યું નથી.. આ રીતે દાન માગીને ભારતના બધા જ જમીન વિહોણા ખેડૂતોને જમીન આપી શકાય કે નહીં ? વિચાર ચાલુ હતા, પણ એમની વિચારમાલિકાનો આગળનો મણકો સરકી પડયો. વિનોબાના જીવનમાં પ્રથમ સ્થાન ઇશ્વરનું ને બીજું ગણિતનું. ગણિત ભરેલા એમના મને એક ક્ષણમાં હિસાબ ગણી લીધો. ભારતમાં લગભગ પાંચ કરોડ જમીનવિહોણા ખેડૂત છે. દરેકને ઓછામાં ઓછી એક એક એકર જમીન આપવી હોય તો પણ પાંચ કરોડ એકર જમીન જોઇએ. એટલી જમીન મેળવવી શકય નથી. માણસને જીવ કરતાંય જમીન વહાલી હોય છે. જમીન માટે સાવ સગા ભાઇઓ પણ લડતા હોય છે. જમીન માટે જ મહાભારતનું યુદ્ધ થયું હતું. દુર્યોધને ફક્ત પાંચ ગામ આપી દીધા હોત તો સંહાર નિવારી શકાયો હોત. પણ સોયની અણીની ટોચ પર રહે એટલી જમીન આપવા પણ એ તૈયાર ન થયો. આવી વહાલી જમીન મારા જેવો ક્ષુદ્ર માણસ માગી શી રીતે શકે, ને માગે તો આપે કોણ ? ના મારાથી આ કામ નહીં થાય... બુદ્ધિનો આ નિર્ણય હતો. પેલા પ્રથમ દાનનો પ્રસંગ ઇતિહાસના પ્રવાહમાં લુપ્ત થઇ જાત. પણ બેચાર ક્ષણમાં જ અંતરમાંથી એક અવાજ સંભળાયો. તારે આ કામ કરવું જ જોઇએ. તને અહિંસામાં શ્રદ્ધા છે ને ? આ અહિંસાની કસોટીની ક્ષણ છે. જમીનની સમસ્યા અહિંસાના માર્ગે નહીં ઉકેલાય તો અહિંસાએ પરાજ્ય સ્વીકારવો પડશે અને હિંસા માટે મેદાન મોકળું કરી આપવું પડશે. આવે વખતે તું ચૂપ બેસીશ ? તારી અહિંસામાં શક્તિ નહીં હોય તો તારો અહિંસાનો દાવો તારે છોડવો પડશે અને હિંસાનો

રસ્તો લેવો પડશે. બોલ આવા વખતે તું સ્વસ્થપણે ચૂપ રહીશ ? વિનોબા માટે એ શક્ય ન હતું. અહિંસાની ઉપાસનાને તો એમણે પોતાનું જીવન અર્પણ કર્યું હતું. અહિંસાના માર્ગમાં તો એમને દઢ શ્રદ્ધા હતી. અહિંસામાં દુનિયાના બધા પ્રશ્નો ઉકેલવાની તાકાત છે એવી એમને ખાત્રી હતી. એમણે કહ્યું છે. હું તો એક તુચ્છ જીવ, નિર્બળ ને શક્તિહીન. મારી શક્તિથી આ કામ થવાનું હતું ? પણ જેણે મને આદેશ કર્યો એ પરમેશ્વર પર પૂર્ણ શ્રદ્ધા. એ હું જાણતો હતો. ઇશ્વર બાળકના પેટમાં ભૂખનું નિર્માણ કરે છે તેની સાથે માતાના શરીરમાં દૂધ નિર્માણ કરી મૂકે છે. જે મને દાન માગવાની પ્રેરણા આપે છે, એજ બીજાને દાન આપવાની પ્રેરણા આપશે.

બધું ઇશ્વર પર છોડી દઇ બીજે દિવસે વિનોબાએ ભૂમિદાનની માગણી કરી અને તેમને મળ્યું. તેલંગણની બે મહિનાની યાત્રામાં તેમને બારહજાર એકર જમીન દાનમાં મળી. હવાપાણી અને સૂર્યના પ્રકાશની જેમ જમીન પણ ઇશ્વરની બક્ષિસ છે અને એટલે સહુને માટે છે. જમીનનો માલિક કોઇ મનુષ્ય ન હોઇ શકે, ઇશ્વર જ એનો ખરો માલિક છે... જમીન આપણી માતા છે. આપણે સહુ એન બાળક છીએ. વેદમાં કહ્યું છે, "माता भूमि पुत्रोडहम पृथिव्याः ।" "તમે પાંચ ભાઇઓ હો તો હું છઠ્ઠો. હું દરિદ્રનારાયણનો પ્રતિનિધિ છું. ગરીબો વતી હું તેમનો ન્યાયપૂર્ણ અધિકાર માગું છું. દાન એટલે ભિક્ષા નહીં. શંકરાચાર્ય કહે છે- "દાન સંવિભાગઃ" દાન એટલે સમવિભાગ." કાળપુરુષ સમવિભાગની માગણી કરે છે. દેશ પર સંકટ આવે ત્યારે યજ્ઞ કરવાની પ્રથા છે. આજના સંકટમાંથી મુક્ત થવા ભૂદાન યજ્ઞમાં જમીન અર્પણ કરો. લોકોને આ વાત ગળે ઊતરતી અને દાન આપતા. સામ્યવાદીઓના ડરથી શહેરમાં ભાગી ગયેલા જમીનધારકોને તેઓ કહેતા જમીન વિનાના (ખેડૂતો) તો તમારા ભાઇઓ છે. તેઓને જમીન આપીને તેમનું દુઃખ દૂર કરવું એ તમારું કામ છે. તમે એમને પ્રેમથી પોતાના કરશો તો તમારે ડરીને ભાગી જવું નહીં પડે. સામ્યવાદીઓને તેઓ કહેતા, આમ રાત-બેરાત આવીને શા માટે લૂંટો છો ? મારી જેમ ધોળે દિવસે આવીને પ્રેમથી લૂંટવાનું શીખો. સરકારી સૈનિકોને તેઓ કહેતા, સામ્યવાદીઓ કંઇ વાઘ નથી. બંદુકથી તો વાઘનો શિકાર થાય. સામ્યવાદીઓ તો ચિંતનશૂરા છે. એમની પાસે એક વિચાર છે. વિચારનો મુકાબલો વિચારથી જ થઇ શકે. ગરીબોને તેઓ કહેતા, કતલ ને હિંસાથી કોઇનું ભલું થયું સાંભળ્યું છે ? અહિંસાનો આધાર લઇ પોતાનો ન્યાયપૂર્ણ અધિકાર મેળવો.

જમીનની સમસ્યા આખી દુનિયાની સમસ્યા છે એ વાત તેઓ વારંવાર

ભારપૂર્વક જણાવતા. "અણુબોમ્બના આ યુગમાં માણસો સામે બે જ પર્યાય છે. ટોટલ વૉર અથવા અહિંસા. અહિંસાની, પ્રેમની શક્તિ સમજાશે નહીં તો વિશ્વયુદ્ધ નિશ્ચિત છે. ભૂદાનની વૃષ્ટિ અને અહિંસાના જળથી તેલંગણની અશાંતિની આગ ધીમે ધીમે હોલવાતી ગઇ. ભારતના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ પાર્લામેન્ટમાં કહ્યું, "અમારી શક્તિશાળી સેના જે કામ ન કરી શકી એ કામ હાડપિંજર જેવા એક માણસે સહેલાઇથી કરી બતાવ્યું. બુદ્ધ ભગવાને અઢી હજાર વર્ષ પૂર્વે જ કહ્યું હતું કે વેરથી વેરની આગ શમતી નથી. નિર્વેરની ભાવનાથી જ વેર શાંત થાય છે, આ જ સનાતન ધર્મ છે."

न हि वेरेण वेरान्ती सम्मणितींध कुदाचन ।
अवेरेन च सम्मन्ति एस धम्मो सनन्तनो ।।

તેલંગણની યાત્રા પૂરી કરીને વિનોબા પવનારના પરંધામ આશ્રમ પાછા ફર્યા. આશ્રમવાસીઓ સમક્ષ પોતાના વિચારો પ્રકટ કરતાં એમણે કહ્યું, દુનિયામાં અંતિમ સંઘર્ષ સામ્યવાદ અને સર્વોદય આ બે વિચારસરણિ વચ્ચે થશે.

એજ વખતે ભારતની પહેલી પંચવર્ષીય યોજના ઘડાઇ રહી હતી. એ યોજના અંગે ચર્ચા કરવા પંડિત નહેરુએ વિનોબાને જલદી દિલ્હી આવવાનો આગ્રહ કરતો પત્ર પાઠવ્યો. વિનોબાએ જવાબ વાળ્યો, હું તરત નીકળું છું, પણ પગપાળો. 12મી સપ્ટેમ્બરે વિનોબાએ દિલ્હી તરફ ચાલવા માંડયું. "તેલંગણામાં તો સામ્યવાદીઓથી ગભરાયેલા લોકોએ તમને જમીન આપી. બીજે કોણ આપશે ?" શંકાશીલ લોકો પૂછતા હતા. પણ પવનારથી દિલ્હીની આઠસો માઇલની યાત્રામાં ભૂમિદાન ન મળ્યું હોય એવો દિવસ ભાગ્યે જ ગયો. છેલ્લા ત્રણસો-ચારસો વર્ષમાં આ પ્રદેશ પર ભલેને ગમે તે રાજાનું રાજ્ય ચાલ્યું હોય, લોકોના હૃદય પર તો તુલસીરામાયણની જ સત્તા હતી. એટલે જનતાના હૃદયમાં તો સબૈ ભૂમિ ગોપાલકી એ તુલસીવચન વસેલું હતું. જમીનની સમસ્યા ઉકેલવાના ત્રણ રસ્તા છે. હિંસા, કાયદો ને કરુણા. હિંસાના માર્ગે આ સમસ્યા ઉકેલવાના પ્રયત્ન રશિયા અને ચીને કર્યા. પણ હિંસામાંથી પ્રતિહિંસાનું ચક્ર શરૂ થાય છે. પરશુરામે શસ્ત્ર હાથમાં લઇ પૃથ્વી નક્ષત્ર કરવાના એકવીસ વાર પ્રયાસ કર્યા. પણ તેમાં નિષ્ફળતા જ મળી, કાયદાને માર્ગે જમીનની વહેંચણી કરવામાં પણ અનેક પ્રશ્નો ને ઝઘડા ઊભા થાય છે. કરુણાના માર્ગને અનુસરતાં જમીન સાથે પ્રેમ પણ વહેંચાય છે, હૃદયો સંધાય છે. કરુણાનો માર્ગ ભારતીય સંસ્કૃતિનો માર્ગ છે.

સાતપુડા, વિંધ્યાચલની પર્વતમાળા ઓળંગી વિનોબા આગળ વધી રહ્યા

હતા. રસ્તે નર્મદા આવી. શંકરાચાર્યના ગુરુ ગોવિંદપાદ નર્મદાતીરે વસતા હતા. શંકરાચાર્યને ત્યાં જ જ્ઞાન પ્રાપ્ત થયું. એમના 'નર્મદાષ્ટક'માં 'ગતમ્ તદૈવ મે ભયમ્ તદંબુ વીક્ષિતમ્ યદા' એવો ઉલ્લેખ છે. શંકરાચાર્યને વિચારની શક્તિમાં ભારે શ્રદ્ધા. એકવાર એક ઓછી બુદ્ધિવાળાએ પૂછયું, તમે કોઇને પચાસ વાર એક વિચાર સમજાવ્યો હોય અને છતાં એ સમજ્યો ન હોય તો શું કરશો ? એ પ્રશ્નકર્તાને એમ કે હવે તો શંકરાચાર્ય જરૂર શસ્ત્રની શક્તિની તરફદારી કરશે. પણ આચાર્યે તો શાંતિથી જવાબ વાળ્યો. હું એકાવનમી વાર એને સમજાવીશ. વિનોબાને પણ વિચારની શક્તિમાં આસ્થા. તેઓ માનતા કે દુનિયામાં વિચાર જેવું પ્રભાવશાળી શસ્ત્ર બીજું એક નથી. હું ભિક્ષા માગવા નથી આવેલ. તમને વિચારની દીક્ષા આપવા આવ્યો છું. જમીનની વ્યક્તિગત માલિકી એ પાપ છે, અધર્મ છે, અન્યાય છે. ભૂલભરેલાં જીવનમૂલ્યો પર આધારિત સમાજવ્યવસ્થામાં ધરમૂળનું પરિવર્તન લાવવું એટલે ક્રાંતિ કરવી. અમારો આ જ ઉદ્દેશ છે. ક્રાંતિ પહેલાં હૃદયમાં થાય છે અને પછી સમાજમાં, હૃદય પરિવર્તન, જીવનપરિવર્તન અને સમાજ પરિવર્તન એ ક્રાંતિની પ્રક્રિયા છે.

વિનોબા જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં ક્રાંતિની હાકલ કરતા અને જનતા તેમની હાકલનો અનુકૂળ જવાબ વાળતી. સવારનો પહોર. વિનોબા કંઇક વાંચતા બેઠા હતા ત્યાં એક ગૃહસ્થે આવીને ભક્તિભાવપૂર્વક પ્રણામ કર્યા. અને કહ્યું, આજે વહેલો ઊઠીને સ્નાનસંધ્યા પરવારી તમને દાન દેવા આવ્યો છું. એના હાથમાં પચ્ચીસ એકર જમીનનું દાનપત્ર હતું. વિનોબાએ પૂછ્યું. તમારી પાસે કેટલા એકર જમીન છે ? છસો. "અને ભાઇ કેટલા ? " બે. તો હું તમારો ત્રીજો ભાઇ. મારો ભાગ મને આપો. દાતાએ બીજું દાનપત્ર માગ્યું અને બસો એકરના દાન પર સહી કરી આપી.

એક ગામમાં દિવસના અંત સુધી કોઇનું દાન મળ્યું ન હતું. એક ગરીબ તેલીથી ન રહેવાયું. પોતાની પાસે જમીનનો નાનો સરખો ટુકડો હતો. તેમાંથી થોડો ભાગ કાઢી દાન આપવા તે આગળ આવ્યો. તું શું આપીશ ? તારી પાસે તો બહુ થોડી જમીન છે. મારા કરતાં જે ગરીબ છે, જમીન વિનાના છે તેમને માટે હું જમીન આપું છું.

મધ્યપ્રદેશના સાગર શહેરમાં ગાંધીજયંતી નિમિત્તે યોજાયેલી જાહેરસભામાં બોલતાં વિનોબાએ પાંચ કરોડ એકર જમીનની માગણી જનતા સમક્ષ રજૂ કરી. એમણે કહ્યું, દેશમાં પાંચ કરોડ લોકો પાસે જમીન નથી. ત્રીસ કરોડ એકર જમીન પર ખેતીવાડી થાય છે. એટલી જમીનનો છઠો ભાગ મારે જોઇએ છે.

આપણી જૂની પરંપરા છે. રાજાને છઠો વારસો અર્પણ કરવાની. આજનો રાજા એટલે ગરીબ જનતા -દરિદ્રનારાયણ. એને માટે પાંચ કરોડ એકર જમીનનું દાન આપો. ભારતીય સંસ્કૃતિમાંથી ક્રાંતિની આ નવી પદ્ધતિ ઉદ્ભવી છે.

મથુરા તો કૃષ્ણની લીલાની અનેક સ્મૃતિઓથી મંત્રિત નગરી. કૃષ્ણ આ જ પરિસરમાં રમ્યા, રખડયા, તોફાન કર્યાં. આ જ ભૂમિમાં એમણે ગોપાલ-બાલકોને ભેગાં કરી તેમની સાથે દહીંદૂધ વહેંચીને ખાધાં, "વહેંચીને ખાવ" એવો સંદેશ એમણે આ રીતે અહીંથી જ આપ્યો. કૃષ્ણ અહીં ગાયો ચરાવવા લઇ જતા. ગાયની સેવા કરતા અને બધાં કામ સમાન યોગ્યતાનાં છે. કોઇ કામ નાનું નથી, મોટું નથી, શરીરશ્રમ સહુએ કરવો જોઇએ એમ પોતાના આચરણથી - મોઢેથી ન બોલીને કહેતા. ગામનું ગોકુળ કેમ કરાય એ કૃષ્ણે અહીં જ શીખવ્યું. કૃષ્ણની આ નગરીમાં વિનોબાને ગીતાના સામ્યયોગનું સ્મરણ થઇ આવ્યું. ગીતા કહે છે. "स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिम् लभते नरः" પોતાનાં કામમાં દક્ષ હોય તે મોક્ષ મેળવે. મોક્ષનો અધિકાર સહુને છે. ભંગી હોય કે બ્રાહ્મણ હોય, પોતપોતાનાં કર્મ નિષ્કામ બુદ્ધિથી ઇશ્વરને અર્પણ કરનાર મોક્ષ મેળવે છે... શરીરશ્રમ કરવો એ ઊતરતું કામ છે એમ ખોટી સમજણ રૂઢ થઇ જવાને કારણે ભારત ગુલામ દેશ બન્યો. શ્રમની પ્રતિષ્ઠા ગઇ, ઊંચ ને નીચના ભેદ આવ્યા, સ્પૃશ્યાસ્પૃશ્યતા આવી, અનેક પ્રકારના ભેદભાવને પરિણામે સમાજનું માળખું નબળું પડવા લાગ્યું અને અંગ્રેજોને મોકળું મેદાન મળી ગયું.. આપણે સામ્યયોગની સ્થાપના કરવાની છે. આર્થિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક સમાનતા આણવાની છે. કામની કિંમત પૈસાથી કરવી એ ભૂલ છે. બૌદ્ધિક શ્રમ અને શારીરિક શ્રમનાં કામોનું મૂલ્યાંકન સરખું જ હોવું જોઇએ. રાષ્ટ્રપતિ અને ભંગીના પગારમાં ફેર શા માટે હોવો જોઇએ ? બન્નેનાં કામોની સમાજને જરૂર છે. દરેકે પોતપોતાની શક્તિ મુજબ સમાજની સેવા કરવી જોઇએ અને પોતપોતાની આવશ્યકતા પ્રમાણે સમાજ પાસેથી પગાર લેવો જોઇએ.

બે મહિનાની પદયાત્રા પછી વિનોબા દિલ્હી પહોંચ્યા. રાજઘાટ પર ગાંધીજીની સમાધિ પાસે બાંધવામાં આવેલી સુંદર ઝૂંપડીમાં અગિયાર દિવસ રહી તેઓ આગળ ઉત્તરપ્રદેશની યાત્રાએ નીકળ્યા. દિલ્હી ખાતેના રોકાણ દરમ્યાન તેઓ વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા અનેક લોકોને મળ્યા. આયોજન પંચના સભ્યો સાથે વિનોબાએ બે દિવસ સુધી મોકળે મને ચર્ચાવિચારણાઓ કરી, એમણે સ્પષ્ટ રીતે કહી દીધું કે સહુને કામ અને રોટલો મળે એ રાષ્ટ્રના આયોજનનું મૂળ ધ્યેય હોવું જોઇએ. ગ્રામોદ્યોગ માટે હું આગ્રહી નથી. પણ મારો એક જ પ્રશ્ન છે. મોટા

યંત્ર-ઉદ્યોગો દ્વારા તમે સહુને કામ આપી શકશો ? અમારો ચરખો આજે અત્યારની ઘડીએ બધાને કામ આપી શકે એમ છે. આજે તમે ચરખાને ઉત્તેજન આપો. કાલે જો બીજા કોઇ ઉદ્યોગ દ્વારા તમે લોકોને કામ આપી શકશો તો આ ચરખો બળતણ તરીકે કામ આવશે. વડાપ્રધાને બે વર્ષમાં દેશને અન્નધાન્યની બાબતમાં સ્વાયત્ત બનાવવાનો નિર્ધાર કર્યો હતો તે પાર ન પડયો. વિનોબાએ કઠોર શબ્દોમાં કહ્યું, "એમણે રાજીનામું આપવું જેઇએ, રઘુકુલ રીતિ સદા ચલી આઇ. પ્રાણ જાઇ પર વચન ન જાઇ.."

એક માણસ જમીનની સમસ્યા ઉકેલવાના હેતુથી દાન માગે અને સેંકડો લોકો તેને આવું દાન આપે એ દુનિયાની દૃષ્ટિએ ચમત્કાર જ હતો. પવનારથી દિલ્હીની યાત્રામાં અઢાર હજાર એકર જમીન મળી. તેલંગણની યાત્રામાં રોજની સરેરાશ ત્રણસો એકરની હતી. જે પ્રદેશમાં સામ્યવાદીઓનું કામ તો છોડો, નામ પણ લોકોમાં જાણીતું ન હતું તે પ્રદેશમાં વધારે ભૂમિ દાનમાં મળતાં લોકોનું લક્ષ આ નવા કાર્ય પ્રત્યે ખેંચાયું.

આ ભરતભૂમિ અસંખ્ય સાધુસંતો, જ્ઞાની મુનિઓની ચરણરજથી પાવન થયેલી છે. એમાં પણ અમુક પ્રદેશો વધારે ભાગ્યશાળી છે. ઉત્તર પ્રદેશને માથે પૃથ્વીના માનદંડ સમો હિમાલય છત્ર ધરી રહ્યો છે. બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી-જન્મોત્રી, હરદ્વાર એવાં કેટલાંય તીર્થધામો હિમાલયના અંકમાં છુપાયાં છે. ગાંધીજી કહેતા આ તપસ્યાનો પર્વત છે. એની ઉંચાઇ એ માનવીની તપસ્યાની ઊંચાઇ છે, વિન્સેન્ટ શીન નામનો એક અમેરિકન લેખક કહે છે : "ભારતના લોકોને અધ્યાત્મનું આકર્ષણ શા માટે છે એનો જવાબ હિમાલય આપે છે." ધરતી-આકાશને હિમના સૂત્રથી જોડનારો, જીવ અને શિવને જ્ઞાનના સૂત્રથી જોડનારો, સત્ય અને સ્વપ્નને કાવ્ય સૂત્રથી જોડનારો નગાધિરાજ હિમાલય મનુષ્યને સતત આમંત્રણ કરતો હોય છે. પીડિત પામરોને પાવન કરવા તે દેવતાત્મા ગંગાયમુનાને મોકલે છે. ગંગાયમુનાનાં જળ ઉત્તર પ્રદેશની ભૂમિને સમૃદ્ધ બનાવે છે. કાશી, પ્રયાગ, અયોધ્યા, મથુરા આ બધાં નામોનું ભારતીયજનને આજે પણ અનોખું આકર્ષણ છે. રામ અને કૃષ્ણની આ ભૂમિમાં વિનોબાના સાદને જન-માનસ અનુકૂળ જવાબ આપે એમાં શી નવાઇ ?

ઇશ્વરે આપણને દિવસનો સમય કામ કરવા અને રાતને વખત ધ્યાન ને વિશ્રામ માટે આપ્યો છે. એવો વિનોબાનો મત હતો. શહેરમાં રાત્રે થતો દીવાબતીનો ઝળહળાટ જોઇ વિનોબા કહેતા : "તમે અંધારાંને પણ આગ લગાડો છે." રાત્રિનો પહેલો પ્હોર હજી પૂરો ન થયો હોય ત્યાં વિનોબાના યાત્રીદળમાં શાંતિ

ફેલાતી. રામચરણ નામનો એક અંધ બળદગાડીનો પ્રવાસ કરી દૂરના ગામેથી આવ્યો હતો. તે વિનોબાના મુકામે પહોંચ્યો ત્યારે ત્યાં સહુ સૂઇ ગયાં હતાં. એણે એક જણને ઉઠાડયો. સંત બાબાને દાન દેવા હું ખાસ આટલે દૂરથી આવ્યો છું. એમને ઉઠાડશો નહીં, એમને તકલીફ થશે. મારું આ દાનપત્ર એમને આપી દેજો. કહી દાન આપીને એ ચાલ્યો ગયો. બીજે દિવસે વિનોબાને એ વાતની ખબર પડી ત્યારે તેઓ ગદ્દગદિત થઇ ગયા. એણે મને ભગવાન રામચંદ્રજીના ચરણનાં દર્શન કરાવ્યાં છે. એ અંધ ન હતો. સાક્ષાત ઇશ્વર હતો. એને કોણે દાન દેવાનું કહ્યું હશે? કોણે પ્રેરણા આપી હશે ? એને વગર આંખે દર્શન શી રીતે થયાં ? આ ઇશ્વરનું જ કામ છે. એજ આપણી પાસે કામ કરાવે છે. આપણે ફક્ત એના નિમિત બનવાનું હોય છે.

1952ના એપ્રિલમાં વારાણસી પાસેના સેવાપુરી આશ્રમમાં સર્વોદય સંમેલન યોજાયું હતું. એક વર્ષની પદયાત્રા પૂરી કરીને વિનોબા ત્યાં પહોંચ્યા ત્યારે નેવું હજાર દાનપત્ર તેમને મળી ચૂક્યાં હતાં. એટલામાં કાશીનરેશ તેમને મળવા આવ્યા અને એમણે દસહજાર એકર જમીનનું દાન આપ્યું. હજી એક લાખ એકરમાં પાંચદસ એકર જમીન ઓછી પડતી હતી. સંમેલન શરૂ થયા પહેલાં થોડા કલાક પૂર્વે વિનોબાના જન્મગામ કુલાબા જિલ્લાના ગાગોદ્યાથી એક તાર આવ્યો. વિનોબાના પિતરાઇ ભાઇએ દાન આપ્યાના ખબર આવ્યા હતા. સંમેલનમાં એકલાખ એકર જમીન ભૂદાનમાં મળ્યાની જાહેરાત થઇ.

સંમેલનમાં અખિલ ભારતીય સર્વ સેવા સંઘે ભૂદાન યજ્ઞનું કામ ઉપાડી લેવાનો ઠરાવ કર્યો અને બે વર્ષમાં આખા દેશમાંથી પચ્ચીસ લાખ એકર જમીન પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો. અત્યાર સુધી આ કામમાં વિનોબા એકલા હતા. એ એકાકી પગલાં પાછળ લાખો પગલાં પડનાર હતાં.

વિનોબાનું બધું જ વેગળું - દુનિયાદારીથી જુદું. મીરાં કહે છે ને "ઉલટ ભઇ મેરે નયનવકી". લોકો જૂના વખતની વાત કરી નિસાસો નાખીને કહેતા એ દિવસ વીતી ગયા." હવે જ્યાં જુઓ ત્યાં ભ્રષ્ટાચાર, લાંચરૂશ્વત, સ્વાર્થની ભરમાર છે. વિનોબાને આ વાત માન્ય ન હતી, તેઓ મહાભારતની વાત કહેતા "દ્યૂતની રમત પૂરી થઇ, પાંડવો હાર્યા, દ્રૌપદીને હોડમાં મૂકી હતી તેને પણ હાર્યા. દુઃશાસને દ્રૌપદીને વાળથી ખેંચીને ભરી સભામાં ઊભી કરી. દ્રૌપદીએ બધાને સવાલ કર્યો. સ્ત્રી હોડમાં મૂકાય એવી જડ સંપત્તિ છે ? " ભીષ્મ, દ્રોણ, વિદુર જેવા મહાજ્ઞાનીઓ સભામાં હતા. પણ બધા ચૂપ હતા. કોઇ આ સવાલનો જવાબ ન આપી શક્યું. અને આજે ? આજે નિશાળે જતો નાનો સરખો છોકરો

પણ કહેશે કે સ્ત્રી એ જડ વસ્તુ નથી, તે પણ માણસ છે. એને હોડમાં મૂકવી એ ભૂલ છે. એટલે હવે જોઉં, માણસની પ્રગતિ થઇ રહી છે કે અધોગતિ ? ... પહેલાના વખતમાં મોટા મોટા રાજાઓને કેટલી રાણીઓ રહેતી અને એની શરત લાગવાની વાત તો બાજુએ, એમાં પ્રતિષ્ઠા ગણાતી. આજે જુઓ તો કોઇ એક માણસને બે પત્ની હોય તો બિચારો માથું નીચું ઘાલી ખુલાસો કરવા લાગશે. કેટલો ફેર પડી ગયો છે એ જુઓ. એનો અર્થ જ એ કે કામનિયમનના પ્રયત્ન છે. હવે અર્થનિયમન કરવાનું છે. થોડા દિવસ પછી એવો વખત આવશે કે પોતાની પાસે વધારે જમીન છે એમ કહેતા પણ માણસને શરમ લાગશે.

मित्रस्य मा चक्षुषा सर्वाणिभूतानि समीक्षन्ताम ।
मित्रस्याहञ्म चक्षुषा सर्षाणि भूतानि समीक्षे ।।

જીવનમાત્ર મારી તરફ મિત્રની નજરથી જુએ એવી મારી ઇચ્છા છે. એટલે હું પણ બધાની તરફ મિત્રની નજરે જોઉં છું.. દુનિયા તો અરીસો છે. આપણે સ્વચ્છ, નિર્મળ હોઇએ તો અરીસામાં મેલ ન દેખાય-ડાઘ ન દેખાય... અહિંસા, નિવૈરતાનાં પ્રમેય બુદ્ધ ભગવાન જેવા મહાપુરુષોના જીવનની નાનીશી પ્રયોગશાળામાં અનેકવાર સિદ્ધ થઇ ચૂક્યાં છે. મહાત્મા ગાંધીજીએ, માનવજાતના ઇતિહાસમાં પહેલીવાર, તેનો સામુદાયિક ક્ષેત્રમાં પ્રયોગ કર્યો. હવે આપણે આર્થિક અને સામાજિક ક્ષેત્રે સામૂહિક અહિંસા અને નિર્વૈરનો પ્રયોગ કરવાનો છે. આજે ભારત હિંસા કે અહિંસા વચ્ચે પસંદગી કરવાને સ્વતંત્ર છે. પણ જે નિર્ણય કરો તે વિચાર કરીને જ લેવાનો છે. હિંસાનો માર્ગ સ્વીકારશો તો રશિયા કે અમેરિકાને ગુરુ તરીકે સ્વીકારીને એ દેશોના પગે પડવું પડશે. અહિંસાનો માર્ગ સ્વીકારશો તો ભારતદેશ બધા દેશોનો ગુરુ બનશે. પ્રલયકાળમાં માર્કંડેય ઋષિએ દુનિયાને તારી લીધી હતી એવી કથા છે. વિશ્વસંહારના પ્રલયમાંથી દુનિયાને બચાવી લેવાનું કામ આપણે કરવાનું છે. હવા અને વિચારને કોઇ અટકાવી શકતું નથી. આપણે કાં તો આપણા વિચાર બીજાને આપીએ કાં બીજાના વિચાર આપણે ઉછીના લઇએ. તમે જ નિર્ણય કરો. બુદ્ધ ભગવાને શરૂ કરેલું ધર્મચક્ર-પ્રવર્તનનું અધૂરું કાર્ય આપણે પૂર્ણ કરવાનું છે.

ક્યારેક સભામાં વિનોબા નાનાં બાળકોને સવાલ કરતા : પાંડવો કેટલા ભાઇ હતા ? 'પાંચ.' વિનોબા કહેતા 'ખોટું.' બાળકો મુંઝવણમાં પડતાં. વિનોબા કહેતા પાંડવ પાંચ નહીં છ હતા. કર્ણ છઠ્ઠો ભાઇ હતો. પણ પાંડવો એને ભૂલી ગયા એટલે એ કૌરવોના પક્ષે જઇને ભળ્યો અને એણે મહાભારતના યુદ્ધરૂપે

સંહાર પ્રવૃત્તિ કરી. તમારા ગામના ભૂમિહીન તમારા છઠ્ઠા ભાઇ છે. તમે એને ભૂલી જશો, તેમને જમીન નહીં આપો તો મહાભારતના યુદ્ધથી પણ વધારે ભયંકર એવો સંહાર થશે. કાનપુર જિલ્લાના પુમ્પરાયાં ગામે વિનોબાને હાથે જમીનની વહેંચણીનો પહેલો સમારંભ થયો. વિનોબાએ પોતે જમીન જોઇ. ગંગાનાં પાણીથી ફળદ્રુપ બનેલી ઉત્તમ જમીન હતી. વચ્ચેનો એક ટુકડો દાનમાં મળ્યો ન હતો. વિનોબાએ એ જમીનના ટુકડાના માલિકને કહ્યું, આટલી જમીન રાખીને શું કરશો ? એ ટુકડો પણ દાનમાં મળી ગયો. ભૂદાનની જમીનની વહેંચણી કરવાની ખાસ પદ્ધતિ છે. પહેલા આખા ગામને બોલાવી સભા યોજાય. ગામમાં કેટલા ને કોણ ભૂમિહીન છે એની ખબર આ સભામાં પડે. સહુની સાક્ષીથી જમીનની વહેંચણી થાય એટલે એનો અર્થ એ કે જમીન યોગ્ય માણસને જ મળે છે. વિનોબા દાતાને કહેતા 'જેને તમે પ્રેમપૂર્વક જમીન આપી એનું ઘર પણ માંડી આપો'.

ભૂમિહીનોને જમીન મળશે એ વાતમાં પહેલાં તો લોકોને વિશ્વાસ જ પડતો ન હતો. આજ સુધી આવું ક્યારેય બન્યું ન હતું. મંગલકલશ અને ધૂપદીપની સાક્ષીએ જમીનની વહેંચણી કરવાના શુભ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો. એક જણે વહેંચણીના નિયમ જાહેર કર્યા. જેની પાસે જમીન નહીં હોય, જેને ખેતી કરતાં આવડતું હશે અથવા ખેતી કરવાની ઇચ્છા હશે અને જેની પાસે આજીવિકા માટે બીજો કોઇ કામધંધો નહીં હોય તેને જમીન આપવામાં આવશે. આ નિયમ મુજબ જમીન મેળવવાને પાત્ર ઠરે એવી બાર વ્યક્તિ સભામાં હતી, જ્યારે જમીન છ જણને જ આપી શકાય એટલી હતી. ક્યા જણને જમીન આપવી એ પ્રશ્ન હતો. વહેંચણીની પદ્ધતિ પ્રમાણે ભૂમિહીનોએ જ પસંદગી કરવાની હતી, પોતાનામાંથી જે વધારે ગરીબ હોય, જેમને જમીનની વધારે જરૂર હોય એવા છ નામો એ લોકોએ જ જણાવવાનાં હતાં. વિનોબા વ્યાસપીઠ પરથી નીચે ઊતર્યા, ભૂમિહીનો સાથે સુખદુઃખની વાત કરવા લાગ્યા. એટલામાં એક હરિજન આગળ આવ્યો અને કહેવા લાગ્યો, મને જમીન ન આપશો, પેલાને આપજો, એને મારા કરતાં વધુ જરૂર છે. એને નાનાં બાળકો છે. મારા છોકરાં તો મોટાં છે, અમે મહેનત મજૂરી કરીને પેટ ભરીશું, જમીન એને આપો. મારે નથી જોઇતી. સાંભળનારાઓની આંખમાંથી આંસુ સરવા લાગ્યાં. આ તે કેવો ચમત્કાર થઇ રહ્યો હતો. આજે દુનિયામાં સ્વાર્થવૃત્તિ વધી રહી છે ત્યારે એક ગરીબ હરિજન માથું ઊંચું કરીને કહે છે, મને નહીં, પેલાને આપો. નવી સમાજ રચનાના, સર્વોદયનાં આ એંધાણ હતાં. રાક્ષસોના સંહાર માટે પોતાનાં હાડકાંનું દાન દેનાર

દધીચિ ઋષિની ભૂમિમાં જન્મ પામેલા એક પુણ્યાત્મા પોતાનાથી વધારે ગરીબ એવા એક માણસ માટે ત્યાગ કરી રહ્યો હતો. વિનોબાએ એકત્ર થયેલા લોકોને પૂછયું, આવી શુભ વેળાએ તમે ચુપ રહેશો ? તરત એક માણસે કહ્યું હું પાંચ એકર જમીન આપું છું. સરસ, હજી પાંચ જણા માટે જમીન જોઇએ છે, જેથી બધાજ ભૂમિહીનોને જમીન આપી શકાય. બીજા બે જણાએ દાન દીધું. "આવા આનંદનો પ્રસંગ ફરી નહીં આવે. સરકારી કાગળપત્ર લઇને આવેલો ગરીબ પટવારી આ બધું જોતો હતો. એનાથી ન રહેવાયું." મારી સવા બે વીઘાં જમીન લખી લ્યો". પાકિસ્તાનથી આવેલો એક નિરાશ્રિત પાસે જ બેઠો હતો. ભારત આવીને મહેનત કરીને પોતાના ઉધ્વસ્ત જીવનને બાગ ફરી ખિલવવાનો પ્રયત્ન એ કરી રહ્યો હતો. એના હૃદયની કરુણા એને સ્વસ્થ બેસવા દેતી ન હતી. હું મારી બારેબાર વીઘા જમીન આપી દઉં છું... કરુણાના વરસાદથી બારે ભૂમિહીનોને જીવનમાં ફરી પ્રાણનો સંચાર થયો. બધાને જમીન મળી. જમીન લેનારા ને દેનારા બન્નેના ચહેરા પર સરખો જ આનંદ ઝળકતો હતો. વિનોબા હંમેશાં કહેતાઃ "ભૂદાનમાં બધાનું કલ્યાણ સમાયેલું છે, લેનારાનું પણ અને દેનારાનું પણ. એકનું હિત બીજાનું અહિત બને કે એનું વિરોધી હોઇ શકે એ સિદ્ધાંત ખોટો છે. અહિંસાના માર્ગે બધાનું હિત સાથી શકાય છે..." વિનોબાના આ વિચારના આધારે ત્યાં જીવનભાષ્ય રચાયું.

વૈશાખની દાહક ગરમી, ચારે તરફ બળબળતી સૃષ્ટિ અને ઉત્તર પ્રદેશની જીવલેણ લૂ. પણ વિનોબાને મન તો આનંદ જ આનંદ, એ સિવાય બીજી અનુભૂતિ નથી. વેદમાં સૂર્યને મિત્ર કહ્યો છે. મિત્ર મળવા આવે તો આનંદ ન થવો જોઇએ ? આ તેમની દલીલ. એમને ગરમી દઝાડતી નથી, ઠંડી જકડતી નથી કે વરસાદ ભીંજવતો નથી. વેદનું વચન છે કે ભક્તને વસંત ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર એ બધી જ ઋતુ રમણીય લાગે છે. ભક્તિની મસ્તીમાં માણસને ઋતુચક્રનું ભાન ક્યાંથી રહે ? એમાં વળી ઉત્તર પ્રદેશની યાત્રા દરમ્યાન વિનોબાને સવા ત્રણ લાખ એકર જમીનનું દાન મળ્યું હતું. હમીરપુર જિલ્લામાં તેઓ હતા ત્યારની વાત- 23 મે 1952. બેતવા નદીને કિનારે પડોશના મંગરોઠ ગામના લોકો એમના સ્વાગત માટે ભેગા થયા હતા. વિનોબાએ તેમને મંત્ર આપ્યો, "બધી જમીન ઇશ્વરની, ગામ એ જ આપણું વિશાળ કુટુંબ, મંગરોઠના જમીનદાર દીવાન શત્રુઘ્નસિંહ અને રાણી રાજેન્દ્રકુમારીએ આઝાદીની લડતમાં મહત્ત્વની કામગીરી બજાવી હતી. એમને લીધે જ ગામલોકમાં જાગૃતિ હતી. વિનોબાએ ખેડાયેલી જમીનમાં વિચારબીજ રોપવાનાં હતાં. મંગરોઠના ગામલોકોએ ગામની

બધી જમીનને ઇશ્વરની જમીન ગણવાનું નક્કી કર્યું. દીવાનસાહેબે પોતાની બધી જમીન દાનમાં આપી દીધી. બીજે દિવસે એમણે વિનોબાના હાથમાં એક કાગળ આપ્યો. ભારતના પ્રથમ ગ્રામદાનનો એ કાગળ હતો. લોહીનું એક ટીપું પણ ન પાડતાં, કોઇના હૃદયને ન દુભવતાં, કોઇનું પણ અહિત ન કરતાં જમીન પરની વ્યક્તિગત માલિકી નાબૂદ થઇ હતી."

સબૈ ભૂમિ ગોપાલ કી

બુદ્ધ, મહાવીરનાં ચરણના સ્પર્શથી પાવન થયેલી બિહારની ભૂમિનો, રાજમહેલમાં રહીને પણ વિરક્ત એવા રાજર્ષિ જનકની વિદેહની ભૂમિનો, શસ્ત્રસંન્યાસ લઇને પ્રેમના શસ્ત્રથી દુનિયાને જીતનારા સમ્રાટ અશોકની ભૂમિનો રસ્તો વિનોબાએ લીધો અને ત્યારથી એમણે સતત આવાહન કરવા માંડ્યું હતું કે બુદ્ધવિહાર ભૂમિના વંશજો, અહિંસાના કરુણાના માર્ગે ક્રાંતિ થઇ શકે છે એ વાત તમારે સિદ્ધ કરીને દેખાડવાની છે. ક્રાંતિ એટલે જીવનનાં મૂલ્યોનું પરિવર્તન. જ્યારે સાધ્ય સાથે સાધનમાં પણ પલટો આવે ત્યારે જ ખરી ક્રાંતિ કે સંક્રાંતિ આવે.

સામ્યવાદી કાર્યકરો જનતાને પૂછતા, "જમીનદારોનું હૃદયપરિવર્તન થાય એ વાત શક્ય છે ખરી ? એ લોકોને તો હાથ જ દેખાડવો જોઇએ." વિનોબા સામ્યવાદીઓને પૂછતા "કાર્લ માકર્સ હાથ ઉગામીને તમારું પરિવર્તન કરવા આવ્યો હતો કે ? તમે તમારી મેળે સામ્યવાદી શી રીતે બન્યા ? કાર્લ માકર્સના એક પુસ્તકે તમારા હૃદયનું પરિવર્તન કર્યું. તમે જ હૃદયપરિવર્તનનું પ્રતિક છો. તમે ક્રાંતિ ક્રાંતિની બૂમો પાડો છો. પણ ક્રાંતિ શેને કહે એની તમને ખબર નથી. તમે ક્રાંતિને ચોક્કસ ચોકઠામાં બેસાડવા માંગો છો. પણ કોઇ પુસ્તકમાં લખ્યા' પ્રમાણે ક્રાંતિ ક્યારેય થતી સાંભળી છે ? ચોકઠામાં બેસાડો એટલે ક્રાંતિ ક્રાંતિ જ નથી રહેતી. આ ભારતદેશમાં ક્રાંતિ શી રીતે કરવી એ તમને ખબર નથી. મેં વેદથી માંડી ગાંધીજી સુધીના ભારતીય સંસ્કૃતિના બધા વિચારો સમજવા પ્રયત્ન કર્યો છે. એટલે જ કહી શકું છું કે ભારતનું પોતાનું એક તત્ત્વજ્ઞાન છે, મિશન છે, ક્રાંતિનું એક ભારતીય તંત્ર છે."

ક્રાંતિનું આ ભારતીય તંત્ર તદ્દન નિરાળું છે. બિહારની યાત્રાના શરૂઆતના ત્રણ-ચાર મહિનામાં વિનોબાને ઘણાં દાનપત્ર મળ્યાં. પણ તે બધાં ગરીબ લોકો તરફથી આવેલાં હતાં. બે-ચાર ગુંઠાના આ દાનપત્રોને વિનોબા 'શબરીના બોર' કે 'સુદામાના પૌંઆ' તરીકે ઓળખાવતા. ઇશ્વરને આવાં દાન બહુ ગમે છે. ગરીબ ખેડૂતો પોતાની થોડીસરખી જમીનમાંથી પણ એક ટુકડો કાઢીને શ્રદ્ધાપૂર્વક

ભૂદાનયજ્ઞમાં અર્પણ કરતા ત્યારે વિનોબા કહેતા "એણે પોતાના કાળજાનો ટુકડો અર્પણ કર્યો છે. એમાંથી જ અહિંસક શક્તિ પ્રગટ થશે." ત્યાંથી એની તપસ્યામાંથી નવી શક્તિ નિર્માણ થવા લાગી.

સુરમ્ય શાંતિ કે લિયે, જમીન દો, જમીન દો
મહાન ક્રાંતિ કે લિયે, જમીન દો, જમીન દો.

ગામેગામ આ સૂત્ર ગાજવા લાગ્યું. દાન દેનારા ગરીબ ખેડૂતો અહિંસક ક્રાંતિના અગ્રેસર બન્યા. એમનો ત્યાગ બીજા લોકોને માટે પ્રેરણાદાતા બન્યો. મોટા મોટા જમીનદારો દાનદેવા આગળ આવવા લાગ્યા.

પાલકોટના રાજાસાહેબે વિનોબાને કહ્યું, તમારા સહવાસમાં આઠદસ દિવસ રહેવાની ઇચ્છા છે. આસપાસના લોકો હસ્યા. આ રાજા ને પગે ચાલશે! રાજાસાહેબ ધાર્મિક વલણના સજ્જન પુરુષ હતા. પદયાત્રા દરમ્યાન વિનોબા સાથે તેઓ ચર્ચા કરતા. વિનોબા કહેતા "ભૂદાનયજ્ઞ દ્વારા દેશમાં માનવતાના ધર્મવિચારોની પ્રતિષ્ઠા થઇ રહી છે... ભૂખ્યાને ભોજન આપવું, તરસ્યાને પાણી પિવડાવવું એ જ ખરી ભક્તિ છે."

રાજાસાહેબ નવા નવા વિચારો સાંભળતા. તે વિષે ચિંતન કરતા. અંતે તેમના જિલ્લાના રાંચી શહેરમાં એક જાહેરસભામાં એમણે સાડાપિસ્તાળીસ હજાર એકર જમીનનું દાન શ્રદ્ધાપૂર્વક જાહેર કર્યું ને કહ્યું કે વિનોબા અમારી જમીન લે છે અને અમને જીવનદાન આપે છે. એમણે અમને બચાવી લીધા છે. નહીં તો રશિયા ને ચીનના જમીનદારોની જેવી ખરાબ સ્થિતિ અમારી પણ થાત. વિનોબાએ તેમને કહ્યું, મારે ફક્ત જમીન નથી જોઇતી. તમારું હૃદય પણ જોઇએ છે. તમે અમારું કામ આગળ વધારો... મહેલમાં વસનારા, મોટરમાં ફરનારા રાજાસાહેબ ભૂદાનકાર્યકર બન્યા, ખાદીનો સાદો પોષાક ધારણ કરી અહિંસક ક્રાંતિના ધર્મવિચારના પ્રચારાર્થે પગવાળા યાત્રા કરવા માંડયા, પોતાના સગાંસંબંધીઓ પાસેથી ભૂદાન પ્રાપ્ત કરવા લાગ્યા, જમીનવિહોણાંઓને જમીન આપવા લાગ્યા. ગઇકાલનો શોષક આજનો સેવક બની ગયો. હૃદયપરિવર્તન પછી જીવનપરિવર્તન અને તે પછી સમાજપરિવર્તનનું કાર્ય શરૂ થયું.

અશોકના પાટલીપુત્ર નગરમાં, પટણામાં 23 ઓકટોમ્બર 1952ના દિવસે યોજાયેલી જાહેર સભામાં વિનોબાએ સંપત્તિદાનયજ્ઞની ઘોષણા કરી. "આજસુધી હું ફક્ત ભૂદાન લેતો હતો. હવે સંપત્તિનું દાન પણ સ્વીકારીશ. પૈસા હું હાથમાં નહીં લઉં, પૈસા એના દાતા પાસે જ રહેશે. મારા હાથમાં ફક્ત મારી આવકનો અમુક ભાગ દર વર્ષે સમાજને અર્પણ કરીશ." એવું દાનપત્ર રહેશે. દાન આપેલો

પૈસો દાતા પોતે જ સમાજસેવાના કામમાં ખરચશે અને હિસાબ મને મોકલશે. એ પૈસો કેમ અને ક્યાં વાપરવો એ વિષે દાતાઓને માર્ગદર્શન આપતો રહીશ. મને દાતાઓનો પૈસો જ નહીં બુદ્ધિ અને શક્તિ પણ જોઇએ છે, ભારતની દરેક વ્યક્તિએ પોતાની સંપત્તિનો અમુકએક ભાગ ગરીબોની સેવાના કામમાં વાપરવો જોઇએ. એ ધર્મવિચારની દીક્ષા મારે બધાને દેવી છે. ... સર્વોદયના અર્થશાસ્ત્રનું સૈદ્ધાંતિક વિવરણ તેઓ અનેકવાર કરતા. સામ્યયોગના અર્થકારણનો આધાર તેમને વેદ-ઉપનિષદમાં મળ્યો હતો. તત્ત્વજ્ઞાનના આધાર વિના કોઇ વિચાર ટકી ન શકે. અમારા વિચારનો આધાર છે અપરિગ્રહણ. આજે અપહરણ કરી સમવિતરણ કરવું એવો આ વિચાર છે. અમે દુનિયાને અપરિગ્રહનો વિચાર આપી રહ્યા છીએ.

બિહારની યાત્રામાં અણધાર્યું વિઘ્ન ઊભું થયું. તાતાનગર ખાતેના મુકામ દરમ્યાન વિનોબાને તાવ આવ્યો. તાવ મેલિગ્નંટ મેલેરિયા છે એવું નિદાન થયું. તાવભરેલા શરીરે તેઓ ચાંડિલ સુધી ગયા, પણ પછી ત્યાં એમને ત્રણ મહિના રોકાઇ જવું પડયું. વિનોબા દવા લેવાની ના પાડતા હતા. તાવ ચઢતો હતો. તકલીફ વધતી હતી. અને વેદાંતી વિનોબા મજાક કરતા હતા. મજાકમાં તેઓ કહેતા. હવે હું વેદનાના હિમાલય પર પહોંચ્યો છું. "તું દેહ નથી, આત્મા છે". 'તત્ત્વમસિ' "દેહ નશ્વર છે. આત્મા અમર છે". આ વેદાંતદર્શનની વિનોબાને અનુભૂતિ હતી જ, એટલે દેહનાં કષ્ટની તેમને અસર ન હતી. થર્મોમીટર ઊંચો આંકડો દેખાડતું, આસપાસના લોકોના મનમાં ધ્રાસ્કો પડતો. પણ વિનોબા હંમેશાં મુજબ શાંત ને પ્રસન્ન રહેતા. મજાક મશ્કરી કરતા, હસતા, હસાવતા પછી તો પળેપળ મુશ્કેલીથી પસાર થવા લાગી હતી. જીવન-મૃત્યુની સીમારેખા દેખાવા લાગી હતી. રાષ્ટ્રપતિ, વડાપ્રધાન વગેરે અનેક લોકોએ વિનોબાને દવા લેવાની વિનંતી કરતા સંદેશા મોકલ્યા. બિહારના મુખ્યપ્રધાન તો હાથમાં દવા લઇને એમના પલંગ સામે ધરણા કરતા બેઠા. અંતે વિનોબાએ દવા લીધી અને થોડા જ કલાકમાં તાવ ઊતર્યો.

ચાંડિલ ખાતે પાંચમું અખિલ ભારતીય સર્વોદય સંમેલન યોજાયું. રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ સંમેલનમાં હાજરી આપી હતી. વિનોબાએ સર્વોદયના વિચારના એક મહત્ત્વના અંગ પર પ્રકાશ ફેંકતાં આ સંમેલનમાં કહ્યું હતું, "શાસનમુક્ત સમાજ સ્થાપિત કરવાનું અમારું ધ્યેય છે. એ માટે હિંસાશક્તિની વિરોધી અને દંડશક્તિથી જુદી એવી લોકશક્તિ નિર્માણ કરવાની છે.... અમારી કાર્યપદ્ધતિ બે વિભાગમાં વહેંચાયેલી છે. વિચારશાસન અને કર્તૃત્વવિભાજન.. સામ્યવાદ અને

સર્વોદયના વિચારોની તુલના કરતાં વિનોબાએ કેટલીક મૂળભૂત વાતો રજૂ કરી.. કેટલાક પ્રવાહ એવા હોય છે કે જેમાં બીજા પ્રવાહ નદીનાળાં મળે કે ન મળે તો પણ તે ક્ષીણ થતા નથી. આ પ્રવાહોનો પોતાનો સ્ત્રોત હોય છે. પણ કેટલાક પ્રવાહ થોડો સમય વિશાળ રૂપ ધારણ કરીને આ જ નિયમ લાગુ પડે છે. સામ્રાજ્યવાદની પ્રતિક્રિયા તરીકે માર્કસવાદનો જન્મ થયો. છેલ્લાં સો વર્ષમાં માર્કસવાદની અસર આખી દુનિયા પર છવાઇ ગઇ. પણ તે પ્રતિક્રિયારૂપ વિચાર છે. એટલે ધીમે ધીમે એની અસર ઓછી થતી જશે. સર્વોદય એક સ્વતંત્ર, સ્વયંભૂ વિચાર છે. બીજા કોઇ વિચારના ઉત્તર કે પ્રતિક્રિયારૂપે સર્વોદયનો વિચાર ઉદ્ભવ પામ્યો નથી. એનાં મૂળ ભારતની સંસ્કૃતિની ભૂમિમાં ઊંડાણ સુધી પહોંચેલાં છે. એટલે તે અમર, અક્ષીણ એવો વિચાર છે.

ચાંડિલ ખાતેના રોકાણ દરમિયાન એક પ્રસંગ બન્યો. બપોરનો વખત હતો. વિનોબા વાંચનમાં મગ્ન હતા. એક ગૃહસ્થ આવ્યા, પ્રણામ કરીને સામે બેઠા. કેટલાય વખત સુધી તો વિનોબાનું ધ્યાન તેમના તરફ ગયું નહીં. પછી જ્યારે એમણે નજર ઊંચી કરીને એમની તરફ જોયું ત્યારે એ ગૃહસ્થે એક કાગળ વિનોબાના હાથમાં મૂક્યો. એકના આંકડાની પાછળ અનેક શૂન્ય જોડીને લખેલું એ દાનપત્ર હતું. એક જણે એ ગૃહસ્થનો પરિચય કરાવ્યો. આ રામગઢના રાજાસાહેબ છે. એક લાખ એકર જમીનનું દાન દેવા આવ્યા છે. વિનોબાએ કહ્યું. જમીનનું દાન દીધું એ તો તમે સારું કર્યું. પણ બીજી જમીન મેળવવાનું કામ કરો તો વધુ સારું. રાજા સાહેબે વિનોબાના શબ્દો આદેશ તરીકે માથે ચઢાવ્યા. વિનોબા ફરી વાંચવામાં મગ્ન થઇ ગયા. એક લાખ એકર જમીન મળી. આપનારાએ પોતાની મેળે વિના માગ્યે આપી, ભૂદાનનું કામ કરવાની ખાતરી આપી અને છતાં વિનોબા જાણે કંઇ અવનવું બન્યું જ નથી એટલા સ્વસ્થ. યાત્રામાં કેટલીકવાર તો બહુ થોડી જમીન દાનમાં મળી હશે. એક વાર ફક્ત સવા એકર જમીન મળી હતી તે દિવસે પણ તેઓ સ્વસ્થ જ હતા. જરાય વ્યાકુળ થયા ન હતા, એજ પ્રસન્નતા ને શાંતિ. હસતાં હસતાં કહેવા લાગ્યા, સવા એકર એટલે જાણે સત્યનારાયણનો પ્રસાદ મળ્યો." સુખદુઃખ, માનઅપમાન, યશઅપયશના આ બધા દ્વંદ્વો પચાવ્યા પછી જ અખંડ આનંદનો અનુભવ થાય છે.

યાત્રાનાં પહેલાં બે વર્ષમાં વિનોબા જૂની પ્રણાલિકા પ્રમાણે ચાતુર્માસમાં એક સ્થળે રહ્યા હતા. પણ પછી બિહારની યાત્રાથી એમણે ચોમાસામાં પણ પદયાત્રા ચાલુ રાખવાનું નક્કી કર્યું હતું. તે વર્ષે વરુણરાજા જાણે કોપાયમાન થયા હતા. એકધારો વરસાદ ને બધી નદીઓમાં પૂર. આખું ઉત્તર બિહાર એટલે કે ગંગાની

ઉત્તરનો ભાગ પૂરગ્રસ્ત. જે ભાગમાં પૂરનું સંકટ વધારે હતું એ જ ભાગમાં વિનોબાની પદયાત્રા ચાલી રહી હતી. કેટલીક વાર તો કમ્મર સુધીનાં પાણીમાં માઇલોના માઇલો ચાલવું પડતું. સભાના વખતે વાદળ વરસે ત્યારે વિનોબા લોકોને કહેતા, કેટલા આનંદની વાત છે. આ જલધારા રૂપે સાક્ષાત ઇશ્વર પોતાના અનંત હસ્ત વડે આપણને આલિંગન આપી રહ્યો છે. આ વરસાદ તો ઇશ્વરની કૃપા છે. આપણા પર આકાશમાંથી ઇશ્વરની કૃપા વરસી રહી છે. એજ વખતે દક્ષિણ બિહારમાં વરસાદના અભાવે લોકો હેરાન હતા. વિનોબા લોકોને કહેતા, અત્યારસુધી તમે જમીનની વહેંચણી ખોટી કરી, ભૂમિવિહોણા ખેડૂતોને જમીન ન આપી એટલે ઇશ્વરે પણ પાણીની વહેંચણી આ રીતે કરી છે. ક્યાંક ખૂબ વરસાદ તો ક્યાંક સાવ ઓછો. મુશળધાર વરસાદ હોય, દઝાડતો તડકો હોય કે કડકડતી ઠંડી હોય વિનોબાની યાત્રા ચાલુ જ રહી હતી, ક્યારેય એમનો આનંદ અધિક-ઊણો થયો ન હતો. "આનંદાચે ડોહી આનંદ તરંગ, આનંદચિ અંગ, આનંદા ચે." (આનંદના સરોવરમાં આનંદના તરંગ, આનંદનો અંશ પણ આનંદ જ.) આ એમની હંમેશની ભાવના ને સ્થિતિ. બિહારની યાત્રાને એમણે 'આનંદયાત્રા' નામ આપ્યું હતું.

ભારતનાં ચૌદ સ્વયંભૂ જ્યોતિર્લિંગમાં બિહારનું વૈદ્યનાથ ધામ (દેવઘર) એક ગણાય છે. બંગાળ ને બિહારના લોકોમાં આ યાત્રાધામનું માહાત્મ્ય છે. 1953ના સપ્ટેમ્બરમાં યાત્રાએ દેવઘરમાં રોકાણ કર્યું હતું. વૈદ્યનાથનું મંદિર હરિજનો માટે ખુલ્લું મુકાયું નથી એવી ખબર પડતાં જ વિનોબાએ જાહેર સભામાં કહ્યું, જ્યાં દેવના ભક્તોને પ્રવેશ ન હોય ત્યાંની મૂર્તિ પ્રાણહીન બને છે. જ્યાં હરિજનોને પ્રવેશ ન હોય ત્યાં હું જતો નથી.. આ સાંભળીને મંદિરના પ્રમુખ પંડા વિનોબાને મળવા આવ્યા. "અમારું મંદિર હરિજનો માટે ખુલ્લું છે. આપ અમારા મંદિરમાં જરૂર આવો. અમે આપને આમંત્રણ આપવા આવ્યા છીએ". વિનોબાએ આમંત્રણ સ્વીકાર્યું. સાંજનો વખત હતો. વિનોબા ધ્યાનમગ્ન સ્થિતિમાં ચાલી રહ્યા હતા. મનમાં શિવસ્તુતિના મંત્રો બોલી રહ્યા હતા. સાથેના લોકો ચૂપચાપ એમની પાછળ ચાલી રહ્યા હતા. એમાં થોડા હરિજનો પણ હતા. આમ ચાલીને મંદિર સુધી પહોંચતામાં અંધારું થઇ ગયું હતું. મંદિરના અંદરના પ્રાંગણમાં પણ અંધારું હતું. ખૂબ ગરદી પણ હતી. વિનોબાએ પ્રાંગણમાં પ્રવેશ કર્યો ને "ધર્મ કી જય હો"ની ઘોષણા થવા લાગી. "અધર્મકા નાશ હો" ની ઘોષણા પણ એની સાથે થઇ. વિનોબાને કાને આમાંનું કંઇ જ પડતું ન હતું. તેઓ હજી ધ્યાનમગ્ન જ હતા. ઘોષણાઓનું જોર વધવા લાગ્યું. ગડબડ વધવા લાગી, ગરદીમાં સાથીદારો

પાછળ રહી ગયા હતા. ચારે બાજૂ કોલાહલ ને ગડબડ જોઇ વિનોબા રોકાઇ ગયા. તમે શાંત પડો. કોઇની ઇચ્છા નહીં હોય તો હું મંદિરમાં ન જતાં અહીંથી જ પાછો ફરીશ. પણ ગરબડ ને ધાંધલ વધી જ રહ્યાં. વિનોબા દર્શન કર્યા વિના જ પાછા ફર્યા. એટલામાં ધક્કાધક્કી શરૂ થઇ. શું થઇ રહ્યું છે એનો કોઇને ખ્યાલ આવતો ન હતો. પણ વિનોબાની આસપાસ એમના પાંચ-સાત સાથીઓએ વાડ રચી દીધી. ધક્કામુક્કી વધતી ગઇ. સાથીદારો શાંત-સ્વસ્થ રહીને માર ખાતા હતા. કેટલાક પંડાઓએ એક બાઇનું ગળું દાબવાનો પ્રયત્ન કર્યો. પણ ભગવાનની કૃપાથી એ બચી ગઇ. વિનોબાના ડાબા કાન પર એક જારદાર મુક્કો વાગ્યો એમનો એ કાન કાયમની બહેરાશ આપી ગઇ. સાથીદારોએ બધો માર ઝીલીને વિનોબાને બચાવી લીધા ને બહાર લઇ આવ્યા. એક સાથીદારે કહ્યું, પહેલાં આંદોલનના દિવસોમાં લાઠીમાર થતો ત્યારે મને ગુસ્સો આવતો. પણ આજે મારા મનમાં ગુસ્સો જરા પણ આવતો ન હતો. મને થતું હતું કે બકાસુર મુક્કા મારે છે. ને હું ભીમની જેમ માર ખાઉં છું. વિનોબા તો સુખરૂપ ઉતારે આવ્યા પણ કેટલાક સાથીદારોને હોસ્પિટલ જવું પડયું. એમાંના કેટલાયને આ મારને કારણે કંઇને કંઇ કાયમી માંદગી જડાઇ.

આખા દેશમાં આ બનાવથી ખળભળાટ મચી ગયો. બધેથી પંડાઓના કૃત્યની ટીકા થવા લાગી. બિહારની સરકારે કેટલાક પંડાઓની ધરપકડ કરી. બીજે દિવસે વિનોબાએ જાહેર નિવેદન કર્યું. ગઇકાલે હું મહાદેવનાં દર્શન કરવા ગયો હતો. દર્શન તો ન થયાં પણ મહાદેવના ભક્તોના હાથનો માર પ્રસાદ તરીકે મળ્યો. જે લોકોએ મારપીટ કરી છે એ એમના અજ્ઞાનને કારણે કરી છે. એમને કોઇ જાતની શિક્ષા ન કરવી જોઇએ. મારા સાથીદારોએ તે વખતે શાંતિ રાખી, વેરવૃત્તિ ન દેખાડી એને હું ભગવાનની મહેરબાની ગણું છું. આ બનાવને હું છેલ્લોવેલ્લો આક્રોશ ગણું છું. આવું ફરીને ન બને એ માટેની વ્યવસ્થા સરકારે કરવી જોઇએ. વિજ્ઞાનના આ યુગમાં દરેક ધર્મની કસોટી થવાની છે. એટલું આપણા સમાજે સમજી લેવું જોઇએ. પચ્ચીસ વર્ષ પર આ જ જગ્યાએ ગાંધીજી ઉપર પથ્થરમારો થયો હતો. એ બનાવનો ઉલ્લેખ કરતાં વિનોબાએ કહ્યું. હું જેના ચરણનો દાસ છું તેમના જેવું ભાગ્ય મને સાંપડયું તે માટે હું ધન્યતા અનુભવી રહ્યો છું.

વિનોબા હંમેશાં કહેતા કે વિજ્ઞાનના આ યુગમાં સંકુચિત માનસ રાખવું એ "આવ પાણા પગ પર" કહીને મુશ્કેલી નોતરવા જેવું છે. વિજ્ઞાન અને આત્મજ્ઞાન માનવ-પંખીની બે પાંખો છે. બહારની સૃષ્ટિનું જ્ઞાન એટલે વિજ્ઞાન અને અંતરની

સૃષ્ટિનું જ્ઞાન એટલે આત્મજ્ઞાન. શરીર અને આત્મા બન્નેનો વિકાસ થવો જોઇએ. અને એ માટે મનુષ્યે વિજ્ઞાન અને આત્મજ્ઞાન બન્નેનો વિચાર કરવો જોઇએ. મોટરમાં દિશાનું સૂચન કરનાર અને ગતિ વધારનાર એમ બે યંત્રો હોય છે. એજ પ્રમાણે આત્મજ્ઞાન દિશાનું સૂચન કરે ને વિજ્ઞાન તે દિશા તરફ ગતિ વધારે તો પૃથ્વી પર સ્વર્ગ ઊતરે... તમે વિનોબાનું કહેવું નહીં સાંભળો તો પણ ચાલશે પણ એટમ બોમ્બનું તો સાંભળશો ને ? એ તમને કહે છે કે માનવી પરસ્પર પ્રેમના અહિંસાના માર્ગે નહીં ચાલે તો સર્વનાશ થશે. વિશ્વયુદ્ધનો મને ડર નથી. વિશ્વયુદ્ધ ઇશ્વરી પ્રેરણાથી જ થાય છે, (વર્લ્ડ વોર ઇઝ ડિવાઇન) એમ હું માનું છું. વિશ્વયુદ્ધ માનવીને અહિંસા ભણી લઇ જાય છે. નાના નાના ઝઘડા, યુદ્ધો, ચપ્પુ, તલવાર જેવાં નાનાં શસ્ત્રો વધારે ભયંકર હોય છે. એનો નાશ કરવાના કાર્યમાં આપણે આપણી શક્તિ કામે લગાડીએ. અણુ શસ્ત્રો તો માનવીને કહે છે કે લડાઇ ન કરો.. દુનિયામાં સહુને આજે શાંતિ જોઇએ છે. પણ એ પ્રાપ્ત શી રીતે કરવી એની સમજ કોઇને નથી. ભૂમિની સમસ્યા જેવો મુશ્કેલ પ્રશ્ન આપણે શાંતિને માર્ગે ઉકેલી દેખાડશું તે એનાથી દુનિયાને શાંતિનો માર્ગ સૂઝશે.

શાંતિમય ક્રાંતિના સંદેશનો પ્રચાર કરતા, ભૂમિનું દાન પ્રાપ્ત કરતા સેંકડો કાર્યકરો બિહારના ગામેગામ ફરવા લાગ્યા. તેમાં રચનાત્મક કાર્યકરો તો હતા જ, સાથે બધા જ રાજકીય પક્ષના કાર્યકરો પણ હતા. પ્રજાસમાજવાદી પક્ષના તે વખતના મુખ્ય નેતા શ્રી જયપ્રકાશ નારાયણે 1953થી ભૂદાનયજ્ઞનું કામ શરૂ કર્યું. જેણે પોતાનું જીવન ક્રાંતિને ચરણે ધર્યું છે એવા જયપ્રકાશજીને ભૂદાન યજ્ઞમાં ક્રાંતિના દર્શન થાય છે. એ એક મોટી ઘટના છે એમ વિનોબા કહેતા.

1954ના મે મહિનામાં બોધગયામાં છઠ્ઠું અખિલ ભારતીય સર્વોદય સંમેલન થયું. ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને બીજા અનેક નેતાઓએ સંમેલનમાં હાજરી આપી. સહુની સમક્ષ જાહેર સભામાં બોલતાં વિનોબાએ કહ્યું, "ભૂદાનયજ્ઞમાં જમીન ન આપવી એ દેશદ્રોહનું કૃત્ય છે, ગરીબ લોકો કેટલા દિવસ રાહ જોશે ? આજની સમાજવ્યવસ્થા ક્ષણભર પણ ચલાવી લેવાની મારી તૈયારી નથી... દુનિયામાં આજે બે પ્રકારના માણસો છે, શાંતિવાદી અને ક્રાંતિવાદી, શાંતિવાદી લોકો "કાયદો અને વ્યવસ્થા" જાળવી રાખવા માગે છે, સમાજવ્યવસ્થા જેવી છે તેવી જ રાખવા માગે છે, આ લોકો "જૈસે થે" ની સ્થિતિ ઇચ્છે છે. જ્યારે ક્રાંતિવાદી લોકો હિંસક માર્ગે સમાજ બદલવા માંગે છે. અમારે "જૈસે થે" ની સ્થિતિ નથી જોઇતી, ક્રાંતિ જોઇએ છે પણ તે શાંતિમય માર્ગે."

સંમેલનમાં જયપ્રકાશજીએ હૃદયસ્પર્શી પ્રવચન કર્યું. હું આ કાર્ય માટે મારા

જીવનનું દાન દઉં છું, એમ એમણે કહેતાં જ તાળીઓનો ગડગડાટ થયો. કોઇ વ્યક્તિ પોતાના જીવનમાં બે વાર ક્રાંતિ લાવે એવું ભાગ્યે જ બનતું હોય છે. પરંતુ જયપ્રકાશજી તો અદ્‌ભુત વ્યક્તિ હતા. એમણે સ્વતંત્રતાસંગ્રામને જીવન અર્પણ કર્યું હતું. અને પછી પુણ્યક્ષયનો (સત્તાનો) માર્ગ ગ્રહણ ન કરતાં પોતાનું જીવન બીજી ક્રાંતિને સમર્પિત કરી દીધું. જયપ્રકાશજીએ ભાષણ કર્યું તેને બીજે દિવસે સવારે તેમને એક ચિઠ્ઠી મળી.

શ્રી જયપ્રકાશ,

કલ આપને જો આહ્‌વાન કિયા થા, ઉસકે જવાબમેં ભૂદાનયજ્ઞમૂલક, ગ્રામોદ્યોગ પ્રધાન અહિંસક ક્રાંતિ કે લિયે મેરા જીવન સમર્પણ.

સર્વોદયપુરી, —વિનોબા

20 એપ્રિલ 1954

જયપ્રકાશજીએ સંમેલનમાં વિનોબાનો પત્ર વાંચી સંભળાવ્યો અને આખી ઘટનાને એક નવો જ વળાંક સાંપડયો. સંમેલન પૂરું થયું ત્યારે સેંકડો કાર્યકરોએ પોતાનું જીવન ભૂદાનયજ્ઞને સમર્પિત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. એ પછી જીવનદાનની પ્રવૃત્તિ વધારે ને વધારે જોર પકડવા લાગી.

વિનોબા ભૂદાન યજ્ઞને આંદોલન કે ચળવળ નહોતા કહેતા. તેઓ આ યજ્ઞને આરોહણ ગણતા. પહાડ ચઢતાં ક્યારેક બહુ મુશ્કેલી ભર્યો ચઢાવ આવે એવું આ ભૂદાનયજ્ઞમાં પણ બન્યું. એક વાર તો વિનોબાએ કહ્યું કે "ચક્રવ્યૂહમાં સપડાયેલા અભિમન્યુ જેવી મારી સ્થિતિ થઇ છે." પણ ધીમે ધીમે ચક્રવ્યૂહ પણ ભેદાઇ ગયો, ક્યારેક કોઇ પૂછતું, તમારું આ કાર્ય નિષ્ફળ જશે તો શું કરશો ? વિનોબા કહેતા, આ મારું કામ નથી, ઇશ્વરનું છે. હું તો ઇશ્વરના હાથનું સાધન છું. હું પોતે ચાલતો નથી, એ મને ચલાવે છે. એનું કામ અસફળ થશે તો એની જ ફજેતી થશે. એને પોતાની આબરૂ વહાલી હશે તો એ જ આ કાર્યને સફળ કરશે. મોટા મોટા નેતાઓ ભૂદાનના કામમાં ધ્યાન નથી દેતા એવું કોઇ કહે તો વિનોબા જવાબ દેતા, "રામનું કામ વાંદરાઓએ કર્યું, કૃષ્ણનું કામ ગોપીઓએ કર્યું અને ખ્રિસ્તનું કામ સુથાર ને કોળી જેવા લોકોએ કર્યું. અમારા જેવા નાના માણસો પાસે મોટાં કામો કરાવવાનો ઇશ્વરને શોખ જ છે."

બુદ્ધ ભગવાને ગયા શહેર નજીક બોધગયા ખાતે અશ્વત્થ વૃક્ષની છાત્રામાં બેસી તપશ્ચર્યા કરી અને ત્યાં જ તેમને વૈશાખી પૂર્ણિમાને દિવસે જ્ઞાન પ્રાપ્ત થયું એવી વાયકા છે. ચીન, જાપાન, વિયેટનામ, કમ્બોડિયા, થાયલેન્ડ, બ્રહ્મદેશ,

સિલોન, તિબેટ વગેરે દેશોમાં આજે મોટા ભાગની વસ્તી બૌધ્ધધર્મી છે. એ સહુનું તીર્થ આ બોધગયામાં છે. વેદાંત અને બુધ્ધ ભગવાનના અહિંસા અંગેના વિચારોનો સમન્વય સાધવાના કાર્ય માટે બોધગયામાં એકાદ આશ્રમ સ્થાપિત કરવો અને પરદેશના પ્રવાસીઓ સાથે સૌહાર્દના સંબંધ જોડવા એવી વિનોબાની ઇચ્છા હતી. પણ જમીન દાનમાં મળ્યા સિવાય આ કાર્ય હાથ ન ધરવાનો પણ તેમનો નિશ્ચય હતો. બોધગયાના મહંતને વિનોબાની ઇચ્છા અને નિર્ણયની વાત જાણવા મળી. બુદ્ધમંદિર નજીકની ત્રણ એકર જમીનનું દાન મહંતે સંમેલનમાં જાહેર કર્યું. આ જમીન માટે કેટલાક દેશોની સરકાર લાખો રૂપિયા આપવા તૈયાર હતી. ભૂદાન યજ્ઞમાં મહંતજીએ અગાઉ સેંકડો એકર જમીન આપી જ હતી. તેમના તરફથી મળેલી ત્રણ એકર જમીન પર 'સમન્વયાશ્રમ'ની સ્થાપના થઇ. રાષ્ટ્રપતિના હસ્તે કૂવા ખોદવાના કામનો પ્રારંભ થયો. આ ખોદકામમાં કાળા પથ્થરની બનેલી ભગવાન બુદ્ધની અખંડિત પ્રતિમા હાથ લાગી. વિનોબાને ભગવાન બુદ્ધના આશીર્વાદ મળ્યા.

પૂર્વ પાકિસ્તાનની સરહદ નજીકના પૂર્ણિયા જિલ્લાની વાત છે. ત્યાંનો એક મુસલમાન જમીનદાર વિનોબાને મળવા આવ્યો એનો વિચાર થોડી જમીન દાનમાં આપવાનો હતો. પણ વિનોબાએ છઠ્ઠા ભાગનું દાન માગ્યું. જમીનદારે પૂછ્યું, છઠ્ઠો ભાગ જ શા માટે ? જવાબમાં વિનોબાએ કહ્યું, સાધારણ રીતે દરેક ઘરમાં પાંચ ભાઇઓ હોય એમ ગૃહીત ધરીને હું કહેતો હોઉં છું કે હું તમારો છઠ્ઠો ભાઇ છું". પેલા મુસલમાન ગૃહસ્થે કહ્યું, કેવો અજબ યોગાયોગ ! અમે પાંચ ભાઇઓ છીએ, પણ અમારામાં મુસલમાનોમાં બહેનોને પણ મિલકત પર હક્ક મળે છે. અમારે બે બહેનો છે. વિનોબાએ કહ્યું, સારું તમે સાત છો તો હું આઠમો. પેલા ગૃહસ્થે આઠમા ભાગની જમીન ખુશીથી દાનમાં આપી દીધી. આ પ્રસંગનું વર્ણન કરતાં એકવાર વિનોબાએ કહ્યું હતું કે એનો ચહેરો જોતાં જ તેમાં મને અલ્લાહનાં દર્શન થયાં હતાં.

સુશિક્ષિત લોકો હંમેશાં એક જ પ્રશ્ન કરતા, "તમે પગે ચાલવાની આ હેરાનગતિ શા માટે વેઠો છો ? સરકારને કાયદો કરવાનું કેમ નથી કહેતા ?" વિનોબાનો આવા લોકોને એક જ જવાબ હતો "રાજસત્તા દ્વારા ક્રાંતિ શક્ય હોત તો ભગવાન બુદ્ધ હાથમાંની સત્તાનો ત્યાગ કરી સંન્યાસી શું કામ થયા હોત ?" જમીનની વહેંચણી અમારું સાધ્ય નથી, સાધન છે. અમારું સાધ્ય છે સામાજિક ક્રાંતિ... સરકાર નોકર છે, જનતા માલિક છે. હું માલિકોને મારા વિચાર ગળે ઊતરે એ માટે પ્રયત્નશીલ છું. એમને ગળે વાત ઉતરશે તો એ પોતાના નોકરો

મારફત કામ કરાવી લેશે. સરકાર શૂન્ય છે. અને જનતા એકડો છે. એકના આંકડાને શૂન્ય લાગે ત્યારે શૂન્યનું મહત્ત્વ વધે. સરકાર બાલદી છે ને જનતા કૂવો છે. કૂવામાં પાણી હોય તો જ બાલદીમાં આવે".

"ચૂંટણી આવે એટલે દરેક ઉમેદવાર આત્મપ્રશંસા, પરનિંદા અને મિથ્યાભાષણનો કાર્યક્રમ આરંભે છે. ચૂંટણીને લઇને જ જાતિભેદનું ભૂત ફરી માથું ઊંચું કરવા માંડયું છે. દેશમાં બે પ્રકારના પક્ષ છે, સત્તાધારી ને સત્તાકાંક્ષી. બધા સત્તાની આસપાસ ફરતા રહેતા હોય છે. સેવા પ્રત્યે કોઇનું ધ્યાન નથી. ચૂંટણી લઢવી ન જોઇએ, રમવી જોઇએ, ખેલદિલીથી બધું થવું જોઇએ, જે જીતે તેણે વિષ્ણુ જેવા આદર્શ સેવક બનવું જોઇએ. લક્ષ્મી ચરણ સેવતી હોવા છતાં વિષ્ણુ વિરકત હોય છે. જે હારે એણે શંકરાચાર્યની જેમ જનતા વચ્ચે જઇ સેવા કરવી જોઇએ."

બિહારની યાત્રા પૂરી કરીને 1955ની પહેલી જાન્યુઆરીએ વિનોબાએ બંગભૂમિમાં પ્રવેશ કર્યો ત્યારે બિહારના ત્રણ લાખ દાતાઓએ બાવીસ લાખ એકર જમીનનું દાન કર્યું. તેનાં દાનપત્ર તેમની પાસે હતાં. આ ત્રણ લાખ દાતાઓમાંના મોટા ભાગના ગરીબ ખેડૂત હતા. એમણે મહેનતનો પરસેવો વહેવડાવીને સીંચેલી જીવ જેટલી પ્રિય જમીનનો ટુકડો અર્પણ કરી ક્રાંતિની હવા ઊભી કરી અને ધર્મચક્ર ગતિમાન થયું. બુદ્ધ ભગવાનની તપોભૂમિએ ધર્મચક્રને ગતિ આપી.

भेंगेक्क द्वार एशतक ज्योतिर्मय तोमारी होक जय ।

हे विजयी वीर नवजीवन रे प्राते, नवीन आशाय खड्ग तोमार हाते ।

બારણાં ઉઘાડીને આવતા હે જ્યોતિમય સૂર્ય, તારો જયજયકાર હો. નવજીવનના પ્રાતઃકાળે કોઇ વિજયી વીરની જેવું તારું આગમન છે. તારા હાથમાં નવીન આશાનું ખડ્ગ છે.

બંગાળી કુમારિકાઓ રવીન્દ્રગીત ગાઇ રહી હતી. સ્ત્રીઓએ શંખનાદ કર્યો, વિનોબાની આરતી ઉતારી. નવવર્ષના નવપ્રભાતે બંગભૂમિમાં નવીન આશાનો સંચાર થયો.

રામકૃષ્ણ પરમહંસને વિષ્ણુપુર ગામના જે સ્થળે પ્રથમ સમાધિ લાગી તે સ્થળે બેસીને વિનોબા પણ ધ્યાનસ્થ થયા. "રામકૃષ્ણે જે સમાધિનો અનુભવ કર્યો, એને સામૂહિક રૂપ આપવાનું છે. આપણે સામાજિક સમાધિ સાધવાની છે."

સેંકડો વર્ષની ગુલામીને કારણે નિસ્તેજ, નિષ્પ્રાણ અને જડ બની ગયેલા આ દેશને અધ્યાત્મના દુંદુભિનાદથી જાગૃત કરનાર વિવેકાનંદ પણ બંગાળના જ.

એમણે દરિદ્રનારાયણની ઉપાસના શીખવી અને ગાંધીજીએ તે ચાલુ રાખી એ વાત યાદ કરાવતાં વિનોબા કહેતા, "આપણે દારિદ્રય દૂર કરી નારાયણની સ્થાપના કરવાની છે. જનતાની સામૂહિક શક્તિ એટલે જ નારાયણની શક્તિ. એ શક્તિ પ્રગટશે તો દેશનો ઉદ્ધાર થશે".

બિહારથી ઓરિસ્સા જતાં રસ્તામાં પચ્ચીસ દિવસની બંગાળની યાત્રા વિનોબાએ કરી. આ નાનકડી યાત્રાને એમણે "પ્રેમયાત્રા" તરીકે ઓળખાવી. બંગાળની પ્રજાને વિનોબાનાં દર્શનથી તરસ્યાને પાણી મળ્યું હોય એવો સંતોષ થયો.

માનવ જાતના ઇતિહાસમાં કેટલાય રાજામહારાજાઓએ જગતને જીતવા માટે કૂચ આદરી હશે. સિકંદર પણ આમાંનો એક હતો. વાયવ્ય દિશાએથી ભારતમાં પ્રવેશ કરીને એણે પોરસને હરાવ્યો અને વિજયના ઉન્માદમાં આગળ વધ્યો. રસ્તામાં એક ફકીર બેઠેલો હતો. ફકીરે સિકંદર તરફ નજર પણ ન કરી એટલે સિકંદર ગુસ્સે થઇ ગયો. "કોણ છે તું ?" એણે પૂછ્યું. સવાલ સાંભળીને ફકીર બોલ્યો. "હું દુનિયાનો બાદશાહ છું". એવો એનો જવાબ સાંભળી સિકંદરનો ગુસ્સો વધી ગયો. "દુનિયા પર વિજય મેં મેળવ્યો અને દુનિયાનો બાદશાહ તું ? એ કેવી રીતે ?" ફકીર મોટેથી હસ્યો, "દુનિયા જીતવા નીકળ્યો છે પણ પોતાની જાતને જીતી છે ખરી ? " સિકંદર આ સવાલ સાંભળી શરમાયો. જેની ભૂમિ પર પોતાની જાતને જીતનારા માણસો વસે છે એવા ભારત દેશ પર પોતે કદી વિજય નહીં મેળવી શકે એ વાત એને સમજાઇ ગઇ.

અશોક પણ ભારતનો ચક્રવર્તી સમ્રાટ હતો. પશ્ચિમના ઇતિહાસકારો કહે છે કે "દુનિયાના ઇતિહાસમાં બીજા બધા રાજા મહારાજા-બાદશાહ તારક સમા ચમકે છે. પણ અશોક પણ પોતાના પ્રારંભ કાળમાં હિંસક વૃત્તિ ધરાવતો હતો. એ 'ચંડ અશોક' તરીકે ઓળખાતો. અનેક પ્રદેશ જીત્યા પછી એણે કલિંગ દેશ, એટલે આજના ઓરિસ્સા પર સ્વારી કરી, કલિંગના અસંખ્ય વીરોએ આઝાદીના રક્ષણ ખાતર જાન કુરબાન કર્યા. અશોકે વિજય તો મેળવ્યો, પણ વિજયી મુદ્રાથી એના મનમાં ધર્મની ભાવના જાગ્રત થઇ. એણે શસ્ત્ર ફેંકી દીધાં અને બુધ્ધ ભગવાનના અહિંસા ધર્મનો સ્વીકાર કર્યો. કલિંગની ધરતી પર પગ દેતાં વાર વિનોબાને આ સમગ્ર ઇતિહાસનું સ્મરણ થઇ આવ્યું. "ચંડ અશોકને ધર્મ અશોકમાં પલટી નાખનાર કલિંગ ભૂમિના વીરો, તમારે નવું પરાક્રમ કરી દેખાડવાનું છે, ભૂમિક્રાંતિ કરવાની છે."

અપરિગ્રહી સમાજની સ્થાપના કરવી એટલે શું કરવાનું ? બધાને સાધુ બનાવી દેવાના કે શું ? આવો પ્રશ્ન ઘણા લોકોના મનમાં ઉપસ્થિત થતો હતો.

પણ અપરિગ્રહી સમાજનાં પાંચ લક્ષણો જાણ્યા પછી આ પ્રશ્નનું નિરસન થઇ જતું. આવા સમાજમાં સંગ્રહ તો રહે પણ તે વિભાજિત થાય. લક્ષ્મી ખૂબ હોય, પૈસા નહીં. દૂધ અને મધની નદીઓ વહેશે, પણ દારૂ સિગરેટ જેવી નકામી વસ્તુઓ નહીં હોય. સારી વસ્તુઓનો વિકાસ કરતી વખતે પણ ક્રમયુક્ત સંગ્રહ કરવામાં આવશે. માણસોની આવશ્યક્તાનો ક્રમ આ પ્રમાણે છે. આકાશ, હવા, પાણી, અન્ન, વસ્ત્ર, ઘર, કામ કરવાનાં સાધન, જ્ઞાનપ્રાપ્તિનાં સાધન અને મનોરંજનનાં સાધન. વ્યસનોનું સ્થાન આમાં સાવ છેલ્લે આવે... મૂડીવાદી વિચારસરણીમાં ઉત્પાદન અને વિતરણની બાબતમાં પણ કેન્દ્રીકરણ હોય છે. સમાજવાદમાં ઉત્પાદન ક્ષેત્રે કેન્દ્રીકરણ હોય છે. અને વિતરણ ક્ષેત્રે વિકેન્દ્રીકરણ જ્યારે સર્વોદયમાં બન્ને ક્ષેત્રે વિકેન્દ્રીકરણ હોય છે. જે કાચો માલ ગામમાં પ્રાપ્ત થઈ શકે એમ હોય, એમાંથી બનતા માલની માગણી હોય અને એ માલ ત્યાં જ તૈયાર કરવાનું શક્ય હોય એ કાચા માલમાંથી તૈયાર માલ બનાવવાનું કામ એ ગામમાં જ થવું જોઇએ, એ ગ્રામોદ્યોગનો મૂળ સિદ્ધાંત છે. મોટા મોટા ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ થવું જોઇએ. સર્વોદયની વિચારણસરણીમાં યંત્રનો વિરોધ નથી એ તો એટલું જ માગે છે કે માણસે યંત્રના ગુલામ ન બનવું જોઇએ. યંત્રો માણસનાં ગુલામ બને તે સારૂં. યંત્ર ત્રણ પ્રકારનાં હોય છે : 1. સમયસાધક યંત્ર – દા.ત. મોટર, ટ્રેન, વિમાન જેવાં આ યંત્રનો ઉપયોગ જરૂર કરવો, પણ સમજપૂર્વક, વિવેકપૂર્વક. 2. સંહારક યંત્ર – દા.ત. બંદૂક, તોપ, બૉંબ. આનો ઉપયોગ જરાય ન કરવો. 3. ઉત્પાદક યંત્ર – આમાં પાછા બે પ્રકાર છે. પૂરક અને મારક. કોઇ યંત્ર પૂરક છે કે મારક એનો નિર્ણય દેશકાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને થઇ શકે. અમેરિકા જેવા ઓછી જનસંખ્યા અને વધારે જમીન ધરાવતા દેશ માટે ટ્રેકટર પૂરક યંત્ર ગણાય, પણ ભારત જેવા વધારે જનસંખ્યા અને ઓછી જમીનવાળા દેશ માટે ટ્રેકટર મારક જ ગણાય. પોતપોતાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી યંત્રનો ઉપયોગ કરવો જોઇએ.

30મી જાન્યુઆરી એટલે ગાંધીજીનો શ્રાદ્ધદિન. તે દિવસે દરેક ભારતવાસીએ પોતે હાથે કાંતેલા સૂતરની એક આંટી ગાંધીજીની સ્મૃતિને અર્પણ કરવી એવી વિનોબાની ઇચ્છા હતી. આ પ્રકારે ગાંધીજીને અંજલિ આપવાનો કાર્યક્રમ દર વર્ષે થાય છે. પણ કરોડોની વસ્તીવાળા દેશમાંથી કેટલીક હજારની સંખ્યામાં મળતી આંટીથી એમને સંતોષ ન હતો. તેઓ કહેતા, ભારતના માણસે હજાર કે લાખની સંખ્યામાં વાત ન કરવી જોઇએ. કરોડથી ઓછી સંખ્યાનો ઉદ્દેશ રાખવાનું ભારતવાસીને માટે શોભાદાયક નથી. ઓરિસ્સાની પદયાત્રા દરમિયાન શ્રાદ્ધદિન

આવ્યો ત્યારે વિનોબાએ અધિક સ્પષ્ટીકરણ કરતાં કહ્યું હતું કે ચરખો એ વિરોધ વગરના ઉત્પાદકનું શ્રમનું પ્રતીક છે. ચરખો અહિંસક ક્રાંતિનો ઝંડો છે. ખાદી વાપરવી એટલે સાક્ષાત્ ક્રાંતિથી સજ્જ થવા બરાબર છે. ઇશ્વરે મનુષ્યને ખાવા માટે નાનું સરખું મોઢું આપ્યું છે અને કામ કરવા માટે બે લાંબા હાથ આપ્યા છે. દેશના એકેએક માનવીના હાથને કામ મળી રહે તો દેશ જોતજોતામાં સમૃદ્ધ બની જાય.

ભારતના પ્રત્યેક માનવીને કાશી, રામેશ્વર, દ્વારકા અને જગન્નાથપુરી આ ચાર ધામની યાત્રા કરવાની ઊંડી અભિલાષા હોય છે. મરાઠીમાં કહેવત છે "કાશી જાવે, નિત્ય વદાવે." વિનોબા કાશીથી વૈદ્યનાથધામ અને ત્યાંથી આગળ જગન્નાથપુરી જઇ રહ્યા હતા. વૈદ્યનાથધામથી પુરીનો રસ્તો અહલ્યાબાઇએ બાંધ્યો હતો એમ કહેવાય છે. ચૈતન્ય મહાપ્રભુ, ગુરુ નાનક આ રસ્તે જ પુરી ગયા હતા. 1955ના માર્ચમાં પુરી ખાતે સાતમું અખિલ ભારતીય સર્વોદય સંમેલન યોજાયું. એને માટે દેશના સેંકડો સર્વોદય કાર્યકર્તાઓ ભેગા મળ્યા હતા. સંમેલનમાં વિનોબાજીએ સહુના વિચાર અને ભાવનાને જાગૃત કરવાનું કામ કર્યું.

1757માં પ્લાસીનું યુદ્ધ થયું અને ભારત ગુલામીની બેડીમાં જકડાયું. 1857માં ભારતે સ્વાતંત્ર્ય માટે જોરદાર લડત આદરી. હવે 1957માં આપણે ખરા સ્વરાજ્યની - ગ્રામસ્વરાજ્યની સ્થાપના કરવાની છે. એટલું જ નહીં શાસનયુક્ત સમાજની સ્થાપના કરવાની છે. એક અતિસૂક્ષ્મ જડ પરમાણુના સ્ફોટમાંથી વિશ્વનો સંહાર કરનારી શક્તિ નિર્માણ થઇ શકે તો ચૈતન્યપરમાણુંમાંથી વિશ્વને રક્ષનારી કેટલી પ્રચંડ શક્તિનું સર્જન થઇ શકે એની કલ્પના કરો. ભૂદાન યજ્ઞમાં અર્પણ કરાયેલી જમીનનું એકેએક દાનપત્ર વિશ્વશાંતિના હેતુ માટે, એ હેતુથી અપાય એવી મારી માગણી છે. હિંસામાં એકાદ શસ્ત્ર નિષ્ફળ નીવડે તો એથી વધારે શક્તિશાળી શસ્ત્રનો ઉપયોગ કરવામાં આવે છે. તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ એ હિંસાની પ્રક્રિયા છે. સત્યાગ્રહની પ્રક્રિયા એથી ઊંધી સૌમ્ય, સૌમ્યતર એવી રહેશે.

પુરી પછી બ્રહ્મપુર આવ્યું. ત્યાં પહેલી જ વાર અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીની બેઠક વિનોબાની હાજરીમાં થઇ. વિનોબાએ કોંગ્રેસીઓને કહ્યું, કે ભૂદાનની સફળતાથી દેશની નૈતિક શક્તિ, અહિંસક શક્તિ વધશે. ભારતે પરદેશનીતિમાં શાંતિનો માર્ગ સ્વીકાર્યો છે, એ ભારતીય પ્રણાલિકાની દૃષ્ટિએ યોગ્ય જ છે. પણ જ્યાં સુધી દેશમાં અહિંસક શક્તિ નિર્માણ ન થાય ત્યાં સુધી ભારતની શાંતિની નીતિને દૃઢતા પ્રાપ્ત નહીં થાય. અમેરિકા અને રશિયા એકબીજાના ભયને કારણે શસ્ત્રોનો સંગ્રહ વધારતા જાય છે. આ દુષ્ચક્રને તોડવું હોય તો

ભારતે એકપક્ષીય નિઃશસ્ત્રીકરણની હિંમત દેખાડવી જોઇએ. એને હું આક્રમણકારી અહિંસા તરીકે ઓળખાવીશ. આપણે અહિંસક આક્રમણ કરવું છે, એ માટે દેશને તૈયાર કરવાનો સર્વોત્તમ માર્ગ પણ ભૂદાનનો છે. એટલે એ કામમાં સહુએ સહકાર આપવો જોઇએ.

કોરાપુટમાં રસ્તા જેવી સગવડ ન મળે. એમાં વળી ચોમાસાના દિવસ, બધાં નદીનાળાં પાણીથી ભરેલાં. વિનોબાને રોજ કાદવકીચડ ને પાણી ખૂંદીને ચાલવાનું થાય. વરસાદ જોરનો પડતો હોય ત્યારે તેઓ જોર જોરથી વેદમંત્ર બોલવા માંડતા–

स नो वृष्टिम् दिवस्परि
स नो वाजम् अनरुवाणम्
स नः सहस्रिणीरिषः ।

અમારા ઉપર વર્ષાનું પાણી પડે. અમારી શક્તિ કુંઠિત ન થાઓ. અમારી ઇચ્છાશક્તિ શતગણી થાઓ. પર્વત, નદીના સાથમાં વન-કાનનમાં વસનારા આદિવાસીઓને તેઓ કહેતા, "તમે ઋષિનાં સંતાન છો. પ્રાચીન ઋષિઓ આવા જંગલમાં જ તપશ્ચર્યા કરતાં". એક સભામાં એમણે ગ્રામવાસીઓને સંસ્કૃત શ્લોક શીખવાડયો. સભા વિદ્યાર્થીઓના વર્ગમાં પલટાઇ ગઇ. બધા ગામવાસીઓ શ્લોક બોલવા માંડયા. "કરાગ્રે વસતે લક્ષ્મી..." એ લોકોને ખૂબ આનંદ થયો. સેંકડો વર્ષોના ઇતિહાસમાં પહેલી જ વાર એ લોકોને દેવવાણી સંસ્કૃતનો શ્લોક શીખવવામાં આવી રહ્યો હતો. ઓરિસ્સામાં ભાગવતનું ઘણું માહાત્મ્ય. કવિ જગન્નાથદાસનું ઉડિયા ભાષાનું ભણતર આખા પ્રદેશમાં ભક્તિભાવપૂર્વક વંચાતું, વિનોબાએ લોકોને સંસ્કૃત ભાગવત્ શીખવાનું કહ્યું ત્યારે તો એમને આશ્ચર્ય જ થયું. "અમે ભાગવત્ શીખી શકીએ ? અમને એવો અધિકાર છે ?" આજ સુધી કોઇએ એમને ભાગવત્ શિખવાડયું ન હતું. બધા ધર્મમાર્તંડોએ એમને એમ જ કહ્યું હતું કે તમને ભાગવત શીખવાનો અધિકાર નથી. વિનોબાએ કહ્યું, હું તમને ભાગવત્ શીખવીશ. લોકોના મનમાં આનંદ સમાય નહીં. પીડિત, ઉપેક્ષિત, દલિત વનવાસીઓના જીવનમાં નવો સંચાર થયો.

કોરાપુરની યાત્રામાં દરરોજ ગ્રામદાન થવા લાગ્યાં. જમીનની માલિકીનો નાશ કરવા ચીન અને રશિયામાં લાખો લોકોની કતલ કરવામાં આવી હતી, એમ કહેવાય છે. ભારતના જંગલોના રમણીય પ્રદેશમાં લોકો રાજીખુશીથી જમીનની માલિકી છોડવા લાગ્યા હતા અને નવા સમાજની સ્થાપના માટેનો પાયો નાખી રહ્યા હતા. ગ્રામદાનને વિનોબા અહિંસાનો એટમ બોમ્બ કહેતા. એટમ બોમ્બનો

ધડાકો દુનિયામાં ગમે ત્યાં થાય, પણ એની અસર આખી દુનિયા પર થાય. હવા અશુદ્ધ થઇ જાય. એ જ પ્રમાણે ગ્રામદાન ભલે ગમે ત્યાં થાય તેની અસર દુનિયા પર થશે અને આખી દુનિયાનું વાતાવરણ શુદ્ધ થશે. કોરાપુટમાં અહિંસાના એટમ બોમ્બ બનાવવાનું કારખાનું ઉઘાડવામાં આવ્યું છે." ભૂમિસમસ્યા સમગ્ર દુનિયાને સ્પર્શતી સમસ્યા છે એમ તેઓ તેલંગણાની યાત્રા વખતથી જ કહેતા હતા. દુનિયાની બધી જમીન બધા જ માણસો માટે હોય. બધે જ ઠેકાણે જમીનની માલિકી દૂર થાય. બધા દેશોના દરવાજા બધા માનવીઓ માટે ખુલ્લા રહે. પાસપોર્ટ, વીસા વગેરેની જરૂર ન રહે, મનુષ્ય પૃથ્વીની પીઠ પર એને ફાવે ત્યાં ફરી શકે, જઇ શકે. મહેનત કરીને પેટ ભરી શકે એવી પરિસ્થિતિ સ્થાપિત કરવી. આખી દુનિયાનું એક જ રાજ્ય બનાવી દેવું એ ભૂદાનયજ્ઞનો ઉદ્દેશ છે એમ તેઓ હંમેશા કહેતા. દેશ દેશના લોકોને તેમના કામ પ્રત્યે કુતૂહલ અને ખેંચાણ થતું, તેઓ વિનોબાનું કામ જોઇ પ્રભાવિત થતા તેમ જ પોતપોતાને દેશ પાછા જઇ તે વિષે લેખ લખતા, પુસ્તકો લખતા અને એ રીતે પ્રચાર કરતા. કવિ ટેનિસનના પૌત્ર હેલમ ટેનિસને "ભારતનાં પગે ચાલતો સંત" નામનું જે પુસ્તક લખ્યું હતું એ તો ઇંગ્લૅન્ડ, અમેરિકામાં બહુ જ વખણાયું. ફ્રાન્સના શાંતિવાદી તપસ્વી 'શાતિદાસ'નું ફ્રેંચ ભાષામાં લખાયેલું પુસ્તક 'ગાંધીથી વિનોબા' મનન કરવા પ્રેરે એવું છે. એક ઓસ્ટ્રેલિયન યુવાન યાત્રામાં જોડાયો હતો. પાછા જતાં એણે વિનોબાને 'કંઇ સંદેશો આપો' એવી વિનંતી કરી. વિનોબાએ નમ્રતાપૂર્વક ઓસ્ટ્રેલિયાની જનતાને કહ્યું કે તમારા દેશના દરવાજા તમે ચીન-જાપાનના લોકો માટે ઉઘાડી નાખો અને તેમને જમીન આપો. એ દેશોમાં જનસંખ્યા વધારે છે અને જમીન બહુ ઓછી છે. ઓસ્ટ્રેલિયા, અમેરિકા, કેનેડા વગેરે દેશોમાં જમીન વધારે ને જનસંખ્યા ઓછી છે. એટલે તમે ચીન-જાપાનના લોકોને જમીન આપશો તો ભવિષ્યના સંઘર્ષ નિવારી શકાશે. નહીં તો ત્યાંના લોકોને જમીન પ્રાપ્ત કરવા યુદ્ધનો માર્ગ લેવો પડશે. ઓસ્ટ્રેલિયાના લોકો ચીન-જાપાનને પ્રેમથી જમીન આપશે તો અને ત્યારે હું ભૂદાનયજ્ઞ સફળ થયો એમ માનીશ.. માનપુર એ ઓરિસ્સાનું પ્રથમ ગ્રામદાન. ઓરિસ્સાના લોકોને વિનોબા કહેતા કે હવે ઓસ્ટ્રેલિયા પર માનપુરનું આક્રમણ થનાર છે. માનપુરના ગ્રામજનોનો વિચાર ત્યાં પહોંચવાનો છે.

જંગલની યાત્રા દરમ્યાન વૃક્ષવેલીઓના સાથમાં ઝરણાંનો ખળખળ નાદ અને પક્ષીઓનું મધુર સંગીત સાંભળતાં સાંભળતાં વિનોબાને નિત્ય નવા વિચાર સ્ફુરતા. ઉપનિષદમાં એક મઝાની વાર્તા છે. એક રાજાને ખબર પડી કે રાજ્યમાં

ક્યાંક એક મોટો જ્ઞાની પુરુષ વસે છે. રાજાએ આ જ્ઞાનીની શોધ માટે ચારે તરફ દૂત પાઠવ્યા. પાછા આવીને દૂતોએ કહ્યું કે ક્યાંય જ્ઞાની પુરુષનો પત્તો નથી લાગતો. રાજાએ કહ્યું, અરે ગાંડાઓ, જ્ઞાની પુરુષ શહેરમાં વસે ખરો ? તમે ખોટી જગ્યાએ એને શોધ્યો. જ્ઞાનીઓ તો પર્વતરાજની પાસે કે નદીઓના સંગમસ્થળે વાસ કરે.

અહીંના લોકો દાનમાં શી રીતે ગામનું ગામ આપી દે છે એનું બહારના સુશિક્ષિત લોકોને આશ્ચર્ય થતું. બહારથી આવેલા એક પ્રાધ્યાપકે એક ગામના લોકોને આવો પ્રશ્ન પૂછ્યો પણ ખરો. અશિક્ષિત ગ્રામજનોએ જવાબ આપ્યો. "ભગવાને બધી અક્કલ તમને ભણેલાગણેલાને જ આપી દીધી છે એમ ન માનશો. અમને પણ એણે બુદ્ધિ આપી છે. આખા ગામના અને ગામમાં વસતા બધા લોકોના કલ્યાણમાં જ પોતાનું પણ કલ્યાણ સમાયેલું છે એટલું અમે સમજીએ છીએ".. "બધો પાક નાશ પામે કે બીજું કોઇ સંકટ આવે તો શું કરશો ?" ગ્રામજનોએ હસતાં હસતાં કહ્યું, "જીવશું તો બધા સાથે જીવશું, મરશું તોય સાથે".

ચારે તરફ ફેલાયેલાં લીલાંછમ ખેતરની વચ્ચે એક ઝૂંપડી નજરમાં વસી જતી હતી. એ ઝૂંપડીમાં વસનારો માણસ એ નાનકડા ગામની બધી જ જમીનનો માલિક હતો. બાકી બધા તેના મજૂર હતા. એક સભામાં વિનોબાના વિચાર સાંભળીને એના મનમાં મંથન શરૂ થયું હતું. એણે પોતાની પત્નીનો વિચાર જાણવા માગ્યો. "બધી જમીન દાનમાં આપીને જમીન માલિકી ગામની કરી નાખવી એવી ઇચ્છા થાય છે. શું કરવું એ સૂઝતું નથી." પત્નીએ શાંતિથી કહ્યું, 'વિચાર શેનો કર્યા કરો છો ? આજ સુધી મારાં બે બાળકો સુખશાંતિથી ખાતાંપીતાં હતાં. ગામ આખાનાં બાળકો મારાં જ છે એમ હું હવેથી માનીશ. એ બધાંને સારું ખાવાપીવાનું મળશે તો મને વધુ આનંદ થશે. તમે જરૂર ગ્રામદાન કરો.' ગ્રામદાનની જાહેરાત કરીને બન્ને મહાસુખ પામ્યાં.

કોરાપુટના આ જંગલની વિનોબાની યાત્રા ચોમાસાના ગાળામાં જ થઇ. પણ વિનોબા કે એમના સાથી યાત્રીઓને જંગલી જનાવરોથી કશી હાનિ ન પહોંચી. ન કોઇને વાઘે ફાડી ખાધું, ન કોઇ હાથીના પગ તળે કચરાયું, સાપ કે વીંછી તો ક્યાંય નજરે પણ ન પડયા. પૂરનાં પાણીમાં કોઇ તણાયું નહીં કે ન કોઇને રસ્તો ભૂલીને આડરસ્તે કાંટા કે ઝાડઝાંખરામાં ભટકવું પડયું. મેલેરિયા ને બીજા કેટલાય જાત જાતના રોગનું ઉત્પત્તિસ્થાન ગણાતા આ પ્રદેશમાં કોઇ માંદુસાજું પણ થયું ન હતું. યાત્રા પૂરી થવા આવી હતી. સુશિક્ષિત સહયાત્રીઓને

વિનોબાએ પૂછ્યું, "આ જંગલમાં કોણે તમારુ રક્ષણ કર્યું ? હવે તો ઇશ્વર પર શ્રદ્ધા બેસે છે ને ? જે ઇશ્વરનાં કામ કરે તેનું રક્ષણ પણ ઇશ્વર જ કરે છે."

બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ માટે તપસ્યાનો માર્ગ ઉપનિષદોમાં અનેક સ્થળે સુચવ્યો છે. વિનોબા કહેતા, ક્રાંતિ કરવી હોય તો તપસ્યા કરો, ચિત્તશુદ્ધિ કરો, એમાંથી શક્તિ નિર્માણ થશે. કોરાપુટની યાત્રામાં આ વાતની પ્રતીતિ થઇ. ચાર મહિનામાં છસો ગામોમાં ગ્રામદાન જાહેર થયું. કોરાપુટથી વિદાય થતાં વિનોબાએ કહ્યું હતું, "વિશ્વયુદ્ધ કે વિશ્વશાંતિનાં બીજ માનવીના હૃદયમાં જ હોય છે. કોરાપુટમાં ગ્રામદાનને રૂપે અહિંસાના છસો અણુબોમ્બ તૈયાર થયા છે અને અહિંસાની શક્તિ પ્રગટ થઇ છે. એટલે આ યાત્રાને હું શક્તિયાત્રા ગણું છું."

યત્ર વિશ્વમ્ ભવતિ એકનીડમ્

ભગવાન રામચન્દ્રજીનું વર્ણન કરતાં વાલ્મીકિએ કહ્યું છે કે ભગવાન સાગર જેવા ગંભીર અને નગાધિરાજ હિમાલય જેવા મહાન હતા. સમુદ્રથી હિમાલય સુધી વિસ્તરેલા વિશાળ ભારત દેશને વિનોબાએ ઇન્દ્રધનુષ્યની ઉપમા આપી છે. ઇન્દ્રધનુષ્યમાં સાત રંગ હોય છે, પણ તે એકમેકમાં એવા ભળી ગયા હોય છે કે ક્યો રંગ ક્યાં શરૂ થાય છે ને ક્યાં પૂરો થાય છે એ ચોક્કસ રીતે કહી શકાતું નથી. એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં દાખલ થતી વખતે સીમા પર વિદાય અને સ્વાગતનો સમારંભ થાય ત્યારે વિનોબા કહેતા, “સીમારેખા ક્યાં છે ? નીચે અખંડ પૃથ્વી છે ને ઉપર અનંત આકાશ. રંગ, રૂપ, ભાષા, પહેરવેશ, રીતભાત વગેરેમાં ફરક હોય તો પણ દરેક ભારતીયના હૃદયની ભાષા એક જ છે.” વિનોબાને આવો અનુભવ બધે થતો. ભારતીયની વાત તો ઠીક, દરેક માનવીના હૃદયની ભાષા એક છે. પ્રેમની ભાષા મનુષ્ય શબ્દ વિના બોલી શકે છે, કાન વિના સાંભળી શકે છે.

1955માં ગાંધીજયંતીના દિવસે વિનોબાએ આંધ્રમાં પગ મૂક્યો. આખા દેશમાં રાજ્યોની પુનઃરચનાના પ્રશ્ન અંગે વંટોળ ઊઠયો હતો. ભાષાભિમાન, પ્રાંતાભિમાન ઊભરાતું હતું. વિનોબાએ કહ્યું, “ભાષાવાર પ્રાંતરચનાનો વિચાર સારો છે. ખેડૂતની ભાષામાં રાજ્યનો કારભાર ચાલે એ લોકશાહીની દૃષ્ટિએ જરૂરી છે. ભાષાવાર પ્રાંતરચનાના મુદ્દા પર કેટલેક ઠેકાણે તોફાનો થયાં એ દુઃખની વાત છે, પરંતુ ભારતમાં ભાષાનુસાર પ્રાંત બન્યા છે, રાષ્ટ્ર નહીં. યુરોપમાં એક જ ધર્મ છે, સંસ્કૃતિ પણ સમાન છે, લિપિ એક છે અને ભાષાઓમાં એટલી સમાનતા છે કે પંદર દિવસમાં એકબીજાની ભાષા શીખી શકાય. આમ હોવા છતાં યુરોપમાં એક એક ભાષા પાછળ એક એક રાષ્ટ્ર રચાયું છે. ભારતમાં યુરોપની જેમ અનેક ભાષા છે, વિશાળ પ્રદેશ છે, વિવિધ ધર્મ ને જાતિ છે. છતાં પ્રાચીન કાળથી ભારત એક રાષ્ટ્ર છે. પ્રાચીન કાળના ઋષિમુનિઓ કહેતા “દુર્લભં ભારતે જન્મ”, “દુર્લભં મહારાષ્ટ્રે જન્મ” કે “દુર્લભ ગુર્જર દેશે જન્મ” એમ કહેતા ન હતા.

યુરોપને આપણી જેમ એક રાષ્ટ્ર બનતાં વાર લાગશે. એટલે સમાજશાસ્ત્રની દૃષ્ટિએ ભારત યુરોપથી ક્યાંય આગળના સ્થાને છે.

બિહારની યાત્રા પૂરી થઇ તે પછીથી દરેક પ્રાંતમાં વિનોબાનાં ભાષણોનો પ્રાંતની ભાષામાં અનુવાદ થવા લાગ્યો હતો. વિનોબાને ભારતની બધી ભાષાઓનો અભ્યાસ હોવાથી અનુવાદકોની કસોટી થતી. એકાદ શબ્દના અનુવાદમાં અર્થછાયા જરા સરખી પણ બદલાતી લાગે તો વિનોબા અનુવાદકને રોકતા અને વધુ યોગ્ય શબ્દ સૂચવતા. લોકો આવે વખતે આનંદ સૂચવવા તાળીઓ વગાડતા.

આંધ્રની તેલુગુ ભાષા સમૃદ્ધ અને વિકાસ પામેલી છે. સંત કવિ ત્યાગરાજનાં ભજનો, પદો સમગ્ર દક્ષિણ ભારતમાં અત્યંત લોકપ્રિય છે. કર્ણાટક સંગીત પદ્ધતિમાં ઘણીખરી રચના ત્યાગરાજની છે. પોતન્ન આંધ્રનો મહાકવિ. એણે તેલુગુ ભાષામાં લખેલું ભાગવત આંધ્રના લોકો ભક્તિભાવપૂર્વક વાંચે છે. આ ગ્રંથની રચના પૂર્ણ થઇ ત્યારે પોતન્નને એના મિત્રોએ સલાહ આપી કે તારો ગ્રંથ રાજાને અર્પણ કર, તને લાભ થશે. 'પોતન્ન ખેડૂત હતો, ઇશ્વરનો ભક્ત હતો. એણે જવાબ દીધો. મારો ગ્રંથ ઇશ્વરનો છે, એને સમર્પિત છે.' વિનોબા પોતાની આંધ્રયાત્રા દરમ્યાન દરરોજ પોતન્નના ભાગવતના અભ્યાસ કરતા. દરેક પ્રાંતની યાત્રામાં ત્યાંના સર્વોત્તમ સાહિત્યનો અભ્યાસ કરીને વિનોબા સ્થાનિક પ્રજાના હૃદય સામે પોતાના હૃદયના તારનો સુમેળ સાધતા.

રોજ સાંજની સભામાં પ્રવચન પછી પ્રાર્થના થતી. ગાંધીજીના આશ્રમની પદ્ધતિએ ગીતાના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવતા શ્લોકો, વિનોબા રચિત સર્વધર્મનામમાલા અને એકાદશવ્રતનું પારાયણ થતું. પણ આંધ્ર પ્રદેશમાં પ્રવેશ થયા બાદ વિનોબાએ મૌન પ્રાર્થના શરૂ કરી. મૌન એક સર્વોત્તમ ભાષા છે. એમ કહી તેઓ લોકોને પાંચ મિનિટનું મૌન પાળી ઇશ્વરનું ધ્યાન ધરવા કહેતા. રામકૃષ્ણ, હરિ, ગોવિંદ, ગોડ, વાહે ગુરુ, સિદ્ધ, બુદ્ધ આમાંથી જેને જે નામ પ્રિય હોય તે નામનો મનમાં જપ કરવો અને તેને સત્ય, પ્રેમ અને કરુણાનું વરદાન દેવાની પ્રાર્થના કરવી. સત્ય, પ્રેમ અને કરુણા સર્વ ધર્મોનો સાર છે. આમ કહી તેઓ મૌનનો પ્રારંભ કરતા. સામૂહિક ધ્યાન, આમ જાહેરપણે કરવાની લોકોને ટેવ ન હતી. પણ પહેલા દિવસથી જ આ કાર્યક્રમને સફળતા મળી. વિનોબા કહેતા, "સામૂહિક ધ્યાનથી આધ્યાત્મિક શક્તિ પ્રગટ થાય છે."

આંધ્રની યાત્રામાં અડોની ગામે વિનોબાએ વેપારીઓને કેટલીક નવી વાત કરી. તેમણે કહ્યું, હિંદુ ધર્મે વેપારને પણ મોક્ષનું સાધન માન્યો છે. વૈશ્યનો પણ એક ધર્મ હોય છે. વેપારીએ મોક્ષપ્રાપ્તિ માટે ઘરબાર વેપાર છોડવાની જરૂર

નથી. એ પોતાના ધર્મનું સરખી રીતે પાલન કરે તો પણ તેને મોક્ષ મળે. સંગ્રહખોરી વેપારીનો ધર્મ નથી. ખેડૂત માલિક છે અને વેપારી સેવક. ગાંધીજીના વિચારો મુજબ વેપારીઓને ટ્રસ્ટી તરીકે મિલકત સંભાળવી જોઇએ અને પોતાની સંપત્તિનો ઉપયોગ સમાજસેવા માટે કરવો જોઇએ.

તિરુપતિ દક્ષિણ ભારતનું મોટું ને મહત્ત્વનું યાત્રાધામ છે. ત્યાં વિનોબાએ ભારત દેશને સંસ્કૃતિમંગલના પ્રતીક તરીકે ઓળખાવી. ત્યાંથી તેઓ તમિલનાડુ તરફ વળ્યા. શ્રીરંગમ્, ચિદંબરમ્, રામેશ્વર, મદુરા, કાંચીપુરમ્, કન્યાકુમારી વગેરે અનેક મોટાં યાત્રાધામ એ તમિલનાડુની વિશિષ્ટતા છે. તમિલનાડુના નાના સરખા ગામમાં પણ એક મોટું મંદિર જરૂર મળી આવે. મંદિરની આસપાસ ગામ વસેલું હોય. વિનોબા લોકોને કહેતા, "બધી જમીન ને સંપતિ ઇશ્વરને ચરણે ધરી દેવાનો બોધપાઠ આપણને આ વ્યવસ્થામાંથી મળે છે." ભાગવતમાં કહેવાયું છે કે આખા જગતમાંથી ભક્તિ ભલે નામશેષ થઇ જાય, પણ દ્રવિડ દેશમાં ભક્તિ ટકી રહેશે." ઉત્તરની આર્ય અને દક્ષિણની દ્રવિડ સંસ્કૃતિના સંગમમાંથી આજની ભારતીય સંસ્કૃતિ નિર્માણ થઇ છે. મધ્ય યુગના ચાર મહાન આચાર્ય દક્ષિણના હતા. શંકરાચાર્ય કેરળના, રામાનુજાચાર્ય તમિળનાડુના, વલ્લભાચાર્ય આંધ્રના અને મધ્વાચાર્ય કર્ણાટકના. રામાનુજનો ભક્તિમાર્ગ ઉત્તરમાં ખૂબ પ્રચલિત થયો. તુલસીદાસ, સુરદાસ, કબીરદાસ વગેરે ઉત્તરના ઘણાખરા સંતપુરુષ રામાનુજ સંપ્રદાયના છે. તમિળનાડુની સંતપરંપરા બહુ પ્રાચીન છે. અનેક અળવાર સંતો ભક્તિના સંદેશનો પ્રચાર કરતા અનેક વર્ષો ખૂણેખૂણે પ્રવાસ કરતા હતા.

પરદેશથી વિનોબાનું કામ જોવા આવતા લોકો કેટલીય વાર જાત જાતના પ્રશ્નો પૂછતા અને વિનોબા તેમને ઉત્તર પણ એવા જ આપતા. એક અમેરિકને પૂછયું, "તમને દર માઇલદીઠ કેટલી જમીન મળી ?" વિનોબાની પાસે હિસાબ તૈયાર જ હતો. "સરેરાશ માઇલદીઠ સો એકર," નાતાલના દિવસો નજીક આવ્યા. ત્યારે બીજા એક અમેરિકને કહ્યું, "અમારા દેશ જોગ કંઇ સંદેશો આપો." વિનોબા હસ્યા, "હું શો સંદેશો આપવાનો હતો ? અહીં અમારા દેશમાં જ અમે ક્યાં ખાસ કંઇ કરી શક્યા છીએ ?" પણ પેલો આગ્રહ મૂકે નહીં. છેવટે વિનોબાએ સંદેશો આપ્યો કે "25મી ડિસેમ્બર પ્રભુ ઇસુ ખ્રિસ્તનો જન્મદિવસ છે તે દિવસે તમે પ્રભુનું નામ લઇ બધાં શસ્ત્રાસ્ત્ર દરિયામાં પધરાવી દો. રશિયાને પણ હું આમ જ કહીશ. તમે કહેશો કે શસ્ત્રો બનાવવાથી અનેક લોકોને ધંધોરોજગાર મળે છે તો મારી સલાહ એવી રહેશે કે દર વર્ષે ખ્રિસ્તીના જન્મદિવસના શુભમૂહુર્તે આખા વર્ષમાં તૈયાર થયેલાં શસ્ત્રો દરિયામાં પધરાવી દ્યો." દેશપરદેશના લોકો

ભૂદાનયાત્રા નજરે જોવા આવતા હતા. પણ રશિયાથી કોઇ આવ્યું ન હતું. પણ આંધ્રની પદયાત્રા વખતે રશિયાના લોકો આવ્યા અને પદયાત્રાની ફિલ્મ પણ ઉતારી. એક ડચ માણસે કહ્યું કે "ભારતમાં હું ઘણું ફર્યો. દિલ્હી, મુંબઇ, કલકતા, મદ્રાસ બધું જોયું. પણ ગાંધીજીનો પ્રભાવ ક્યાંય દેખાયો નહીં. તેમના દેહ સાથે તેમનો પ્રભાવ પણ નાશ પામ્યો કે શું ?" વિનોબાએ એક ભાષણ જ ઠોક્યું. એમણે કહ્યું, "મને તો ગાંધીજીનો પ્રભાવ વધતો હોય એવું લાગે છે. આનાં ચાર કારણો હું આપીશ–

1. ભારતે શાંતિ, તટસ્થતા અને મિત્રતાની વિદેશનીતિ સ્વીકારી છે.
2. સરકારને ધીમે ધીમે ગ્રામોદ્યોગોનું મહત્ત્વ સમજાય છે.
3. દેશમાં ભૂદાનયજ્ઞનો વિચાર આવકાર પામી રહ્યો છે.
4. તાપ, તડકો, ઠંડી, ગરમી, વરસાદ, પવન - કશાયની પરવા કર્યા વિના સેંકડો કાર્યકર્તાઓ ગામેગામ ફરીને ભૂદાન મેળવે છે એ ગાંધીજીના પ્રભાવનો પ્રત્યક્ષ પુરાવો છે."

ઔદ્યોગીકરણ અને યુદ્ધનો પ્રત્યક્ષ અનુભવ હોવાને કારણે હોય કે પછી બીજા કોઇ કારણસર પણ પરદેશી મહેમાનોને વિનોબાના વિચારોનું તાત્પર્ય તરત સમજાઇ જતું. એક વૃદ્ધ અમેરિકન પ્રાધ્યાપક વિનોબાની પાસે ફક્ત પાંચ મિનિટના સમયની માગણી કરી અને ઇશ્વર સમક્ષ વિનોબા માટે પ્રાર્થના કરતાં કહેવા લાગ્યા, "ગાંધીજીને મન મીઠાનું, એવું તારે મન જમીનનું મહત્ત્વ છે ખરું ને ?" વિનોબા ખુશ થયા. એમણે કહ્યું, "એકદમ સાચી વાત છે. મીઠાના સત્યાગ્રહ વખતે ગાંધીજી મીઠું બનાવવાનું કહેતા, પણ મીઠું બનાવવું એ કંઇ એમનું મુખ્ય ધ્યેય ન હતું. મીઠાને વિષે દેશમાં સ્વરાજ્યની શક્તિનું સર્જન કરવાનું એમનું ધ્યેય હતું. એ જ પ્રમાણે મારે મન ભૂદાન એક નિમિત્ત છે. ભૂદાન દ્વારા વિશ્વશાંતિને માટે અનુકૂળ વાતાવરણ સર્જવાનો મારો ઉદ્દેશ છે."

તમિળ એક સ્વતંત્ર અને પ્રાચીન ભાષા છે. લગભગ બે હજાર વર્ષથી પણ વધારે સમયથી એ ભાષાનો વિકાસ નિરંતર થઇ રહ્યો છે. તમિળની પ્રાચીન રચના "તિરુકુરળ" આજે પણ તમિળભાષીઓનો પ્રિય ધર્મગ્રંથ છે. વિનોબાનો તમિળ ગ્રંથોનો અભ્યાસ, ઘણો ઊંડો. રોજનાં ભાષણોમા તેઓ તમિળ સંતોનાં વચનોનો આધાર લેતા અને એ સાંભળી લોકો આનંદથી તાળીઓ પાડતા. તમિળ ભાષાના લેખકોમાં રાજાજીનું સ્થાન અગ્રગણ્ય, પણ વિનોબાનું તમિળ ભાષા પરનું પ્રભુત્વ જોઇ રાજાજી જેવા પણ આશ્ચર્યચકિત થઇ જતા. "અમારા પર હિંદી ભાષા લાદવામાં આવી રહી છે, ઉત્તર ભારતના લોકો અમારા પર હકૂમત

બજાવવા માગે છે એવી એ દિવસોમાં જોરશોરથી ફરિયાદ કરવામાં આવી રહી હતી. દ્રવિડ કળરમ અને દ્રવિડ મુન્નેત્ર કળઘમ એ બે રાજકીય પક્ષો તો ઉત્તર ભારતના પ્રભુત્વમાંથી મુક્ત થવા સ્વતંત્ર દ્રવિડીસ્તાની માગણી પણ અવારનવાર કરતા હતા. હિંદીવિરોધી આંદોલનના કર્ણધાર પણ આ પક્ષો જ હતા. આ પક્ષોનું મુખ્ય મથક ત્રિચિનાપલ્લી. ત્યાં બન્ને પક્ષોના નેતા રામસ્વામી નામકર અને તેમના કેટલાક અનુયાયી વિનોબાને મળ્યા. પ્રેમપૂર્વક વાતચીત થઇ ને પછીની સભામાં વિનોબાએ લોકોને કહ્યું, "તમારે હિંદી શીખવું જોઇએ. શંકર રામાનુજ એમના સમયની રાષ્ટ્રભાષા સંસ્કૃત શીખ્યા એટલે જ ભારત પર વિજય મેળવી શક્યા. ક્રિકેટમાં જેમ ઇનિંગ હોય તેમ દેશના ઇતિહાસમાં પણ હોય છે. ક્યારેક ઉત્તર ભારતની તો ક્યારેક દક્ષિણ ભારતની. પહેલી ઇનિંગ ઉત્તરની હતી. વેદોપનિષદના વિચાર ઉત્તરમાંથી દક્ષિણમાં ફેલાયા. પછી દક્ષિણની ઇનિંગ શરૂ થઇ. શંકર રામાનુજ દક્ષિણમાંથી પોતાના વિચાર લઇ ઉત્તર જઇ આવ્યા. પાછી ઉત્તરની ઇનિંગ આવી. રામકૃષ્ણ, વિવેકાનંદ, ગાંધીજી, ટાગોર વગેરેના વિચારો ઉત્તર તરફથી આવ્યા. હવે ફરી દક્ષિણની ઇનિંગ શરૂ થવાનો વારો છે. આ માટે તમે રાષ્ટ્રભાષા હિંદી શીખો અને ઉત્તર ભારતમાં જઇ પરાક્રમ ગજવો." વિનોબાનું ભાષણ ચાલતું હતું ત્યારે કેટલાક લોકોને સભામાં ધમાલ થશે, પથ્થરબાજી થશે એવી બીક લાગતી હતી. પણ લોકો તો એકાગ્રચિત્તે સાંભળતા હતા અને દર બેચાર વાક્યે ખુશ થઇને તાળીઓ વગાડતા હતા."

ઉત્તર-દક્ષિણ, બ્રાહ્મણ-બ્રાહ્મણેતર, આસ્તિક-નાસ્તિક જેવા વાદવિવાદને કારણે તામિળનાડુનો સમાજ નબળો પડતો હતો. પક્ષભેદ, જાતિભેદ એમાં ઉમેરો કરતા હતા. વિનોબાએ વિચારરૂપી શસ્ત્ર છોડીને અને તમિળ સંતોનાં ભજનનું ભક્તિભાવપૂર્વક ગાન કરીને આ વ્યાધિ દૂર કરવા ઉપાયો સૂચવ્યા. "આસ્તિકોની કરુણાવિહીન વૃત્તિને પરિણામે જ નાસ્તિકતાને જન્મ થાય છે. માનવસેવા એ જ વર્તમાન યુગની ભક્તિ છે એ વાત સમજીને પોતાને આસ્તિક કહેવડાવતા લોકો દયા-કરુણાનું કામ કરવા માંડે તો નાસ્તિકતા પણ આપોઆપ દૂર થઇ જશે. પહેલાંના વખતમાં મંદિરો માટે જમીન આપવાની પ્રથા હતી. પણ આજે મઠ-મંદિર દ્વારા શોષણ થાય છે. એટલે હવે મંદિર માટે જમીન આપવી એ અધર્મ ગણાય. મઠ-મંદિર પૂર્વેની તપશ્ચર્યાની પરંપરા ચાલુ રાખે તો ધર્મતેજ પ્રસરે.. વિજ્ઞાનયુગમાં સાચો ધર્મ ફેલાશે - વિસ્તાર પામશે.. ભક્તિ એટલે જ 'ન મમ'ની ભાવના. આ જમીન મારી નથી, આ સંપતિ મારી નથી, ઇશ્વરની છે એવી ભાવના, જમીનની માલિકી સમર્પિત કરી દેવાથી સમાજમાં આસ્તિકતા વધશે.

તમિળનાડુ અહલ્યાની જેમ જડવત, નાસ્તિક, ભક્તિશૂન્ય પ્રદેશ બની ગયો હતો. વિનોબાએ જાણે અહલ્યાનો ઉદ્ધાર કર્યો.

સાત મહિના સુધી વિનોબા તમિળનાડુના હૃદય પર તપસ્યા-ભક્તિનો અભિષેક કરતા રહ્યા. છેવટે મીનાક્ષી માતાની કૃપાથી મદુરા જિલ્લામાં પથ્થર પીગળ્યો અને ગ્રામદાન મળવાં શરૂ થયાં. મદુરા જિલ્લામાં મળેલાં ગ્રામદાનની જમીન કોરાપુટની જેમ આદિવાસીઓની આપેલી ન હતી. ભણેલાગણેલા લોકોએ વિનોબાના વિચાર સમજી-સ્વીકારીને કાવેરીનાં પાણીથી સિંચાઇને ફળદ્રૂપ બનેલી જમીન પરનો પોતાનો માલિકી હક્ક જતો કર્યો હતો. ક્યાંક તો વર્ષમાં ત્રણચાર પાક દેનારી પાંચસાત હજાર રૂપિયે એકરના ભાવની જમીન પણ દાનમાં મળી હતી. જમીનની કિંમત જેમ જેમ વધે તેમ તેમ માણસના મનનો મોહ પણ વધે એમ કહેવાય છે. એમાં વળી મદુરા જિલ્લાનાં ઘણાં ગામોમાં જુદી જુદી જાત ને ધર્મની મિશ્ર વસ્તી હતી. આવાં ગામોમાંથી ગ્રામદાન મળવું અશક્ય જ છે એમ માનવામાં આવતું. જમીનવહેંચણીના એક સમારંભમાં રાજાજીએ કહ્યું પણ ખરું કે 'આપણા પૂર્વજોના માનવામાં પણ ન આવે એવું અદ્‌ભુત કાર્ય થઇ રહ્યું છે.'

ગંગાના પ્રવાહની જેમ માનવીનું મન તો બધે જ પાવન છે. પણ કાશી, પ્રયાગ, હરદ્વાર જેવાં તીર્થધામો જેવી જગ્યાએ ગંગાના પ્રવાહમાં કંઇક વધુ પાવનકારી તત્ત્વ જોવા મળે છે. તમિળનાડુમાં જનમાનસમાં વસતી શ્રદ્ધાનું દૈવીદર્શન થયું. ઊંચાં મંદિરોની જેમ હિંદુ સંસ્કૃતિનું એક રમણીય રૂપ જોવા મળ્યું. વિનોબા ગામમાં પ્રવેશ કરે કે ઘર વાળીઝૂડીને સાફ કરેલાં જોવા મળે, આંગણાં પાણી છાંટી સ્વચ્છ કરેલાં હોય ને તેની ઉપર રંગોળી, દરવાજે કેળની થાંભલી, મંગળ કળશ અને હાથમાં આરતીની થાળી લઈને રાહ જોતી બહેનો જોવા મળે. સાષ્ટાંગ દંડવત્ કરવાનો લોકોમાં રિવાજ. લોકો આ રીતે દંડવત્ કરે એટલે વિનોબા તેમને નવા યુગના દંડવત્ પ્રણામ કરવાનું શીખવે. ટટ્ટાર ઊભા રહીને પ્રણામ કરવાનું શીખવે. કહે, નીચા ન નમો, હૃદય વિનમ્ર રાખો. રોજની જાહેર સભા પછી મૌન પ્રાર્થના થાય. ડિંડીગલની સભામાં લાખથી વધારે લોકો આવ્યા હતા. નાનાં છોકરાં પણ હતાં એટલે સભામાં શાંતિ ન હતી. પણ વિનોબાએ 'ઓમ શાંતિ'નો ઉચ્ચાર કરતાંની સાથે જ જાણે જાદુ થયો અને એટલી શાંતિ ફેલાઇ કે આંખ ઉઘાડી ન હોય તો એમ જ લાગે કે બધા લોકો પોતપોતાને ઘેર પાછા ચાલ્યા ગયા હશે. આવું દૃષ્ય જોઇને એક બિહારી ગૃહસ્થે કહ્યું, બિહાર જેવી શ્રદ્ધા ક્યાંય નથી એમ હું માનતો હતો. પણ આજે મારો ગર્વ ભાંગી ગયો.

રસ્તે શ્રી અરવિંદનું તપશ્ચર્યાધામ પોંડીચેરી આવ્યું. વિનોબાએ અરવિંદાશ્રમમાં

મુકામ કર્યો, માતાજીના આશીર્વાદ લીધા. શ્રી અરવિંદે મનની અને અતિમાનસિક ભૂમિકાએ પહોંચવાનો સંદેશો આપ્યો છે તેનો ઉલ્લેખ વિનોબા વારંવાર કરતા. ને કહેતા "આજના વિજ્ઞાન યુગમાં માનસિક ભૂમિકાએ રહીને કાર્ય કરવાથી આપણે પાછા પડશું, હાર પામીશું. એટલે અતિ માનસિક ભૂમિકાએ પહોંચવાના પ્રયત્ન કરવા જરૂરી છે." લોકો પૂછતા, 'એ કેવી રીતે બને ?' વિનોબા કહેતા "આજના યુગમાં રશિયાનું કૂતરું પણ ચંદ્ર પર પહોંચે છે અને તમે માણસ જેવા માણસ થઇને આવો વિચાર કરો છો ?"

તાંજોર તમિળનાડુનું સાંસ્કૃતિક કેન્દ્ર ગણાય છે. ત્યાં મરાઠાઓએ પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. શિવાજીના વંશજ પરિવારના રાજાઓએ તાંજોરમાં વિનોબાને આવકાર્યા. મરાઠી રાજવંશના લોકો તમિળ ભાષા અને સંસ્કૃતિનો સ્વીકાર કરીને ત્યાંની સ્થાનિક પ્રજા સાથે એકરૂપ થયા હતા. સાહિત્ય, કલા, સંગીત, વિદ્યા ઇત્યાદિને પ્રોત્સાહન આપનારા મરાઠી રાજવીઓનું સ્થાનિક પ્રજા આદરપૂર્વક સ્મરણ કરે છે.

ભારતની જૂની પરંપરાનું સ્મરણ કરીને વિનોબા લોકોને કહેતા "કાશીનાં ગંગાજળનો રામેશ્વરમાં અભિષેક થાય છે અને રામેશ્વરનું સમુદ્રજળ કાશી લઇ જઇ તેનો અભિષેક કાશીના વિશ્વેશ્વરના મસ્તક પર કરવામાં આવે છે, ત્યારે યાત્રા પૂરી થઇ ગણાય એવી આપણી પરંપરા છે. હું કાશીથી ભૂદાન-ગ્રામદાનરૂપી ગંગાજળ લઇને આવ્યો છું. એ ગ્રામસ્વરાજ્યરૂપી સમુદ્રજળથી મારો કુંભ ભરી આપો એટલે તે લઇને હું પાછો ઉત્તરમાં જાઉં. ઇસુ ખ્રિસ્તે કહ્યું જ છે ને કે ઠોકો એટલે બારણાં ઊઘડશે, માગો એટલે મળશે. વિનોબા માગતા ગયા ને એમને મળતું ગયું. તામિળનાડુમાં સાડાત્રણસોનું ગ્રામદાન મળ્યું અને ગ્રામસ્વરાજ્યનું મંદિર રચ્યા વિના કાર્યનો પ્રારંભ થયો.

કાર્તિક સ્વામીના સ્થાન પળની ખાતે સર્વસેવા સંઘની બેઠક યોજાઇ. દક્ષિણની પરંપરા પ્રમાણે કાર્તિક સ્વામી વિવાહિત અને ગણપતિ બ્રહ્મચારી હોય છે. કાર્તિક સ્વામીના આ તીર્થધામમાં સર્વ સેવા સંઘે વિનોબાની સલાહથી નિધિમુક્તિ અને તંત્રમુક્તિનો ક્રાંતિકારી નિર્ણય કર્યો. એ નિર્ણય મુજબ બધાં ગામોની ભૂદાન સમિતિઓ સમેટી લઇ એ પ્રવૃત્તિ જનતાને સોંપી દેવાનું નક્કી કરવામાં આવ્યું. સત્તાવનમાં ક્રાંતિ કરવા માટે સર્વસ્વ સમર્પણ કરવાનો નિર્ધાર સહુએ કર્યો. સિંહગઢથી લડાઇમાં શેલારમામાએ દોરડાં કાપીને પાછા ફરવાનો માર્ગ બંધ કરી દીધો હતો તેમ ભૂદાન પ્રવૃત્તિના બધા દોર કાપી નાખવામાં આવ્યા.

કન્યાકુમારી ત્રણ સાગરનું સંગમસ્થાન, ભારતનો દક્ષિણ છેડો. ત્યાંના મંદિરોમાં

પાર્વતી કુમારીરૂપે તપસ્યા કરે છે અને ઉત્તરમાં કૈલાસ પર્વત પર શંકર ભગવાન ધ્યાનમાં બેઠા છે એવી ભવ્ય કલ્પના કરીને ભારતની એકતાનું સુંદર ચિત્ર આપણા પૂર્વજોએ રચ્યું છે. કન્યાકુમારીના સમુદ્રમાં જે ખડક પર બેસીને વિવેકાનંદે ધ્યાન ધર્યું ત્યાં બેસીને વિનોબાએ પ્રતિજ્ઞા કરી કે ભારતમાં ગ્રામસ્વરાજની સ્થાપના થાય ત્યાંસુધી મારી યાત્રા ચાલુ રહેશે. ઇશ્વરનો સંકલ્પ પૂર્ણ થશે; નહીં તો આ પગ થાકીને અટકશે, પણ પગ ચાલતા હશે ત્યાંસુધી યાત્રા નહીં અટકે.

ત્રણ સાગરના સંગમસ્થાન આગળ પ્રાર્થના કરી વિનોબાએ ફરી ઉત્તરની દિશા પકડી અને કેરળની રમણીય ભૂમિની યાત્રા શરૂ કરી. આકારમાં નાના પણ આશયથી મહાન એવા કેરળમાં સૌંદર્ય અને સમસ્યા વચ્ચે હરીફાઇ ચાલી રહી હતી. પૂર્વમાં પર્વત અને પશ્ચિમમાં સમુદ્ર વચ્ચેની જમીનની સાંકડી પટ્ટીના એક એકરમાં વધારેમાં વધારે જેટલાં માણસ સમાવી શકાય એટલાં બધાંને સમાવવાનો કેરળનો પ્રયાસ છે. કેરળ જેટલી ગીચ વસ્તીવાળો પ્રદેશ ભાગ્યે જ જોવા મળશે. શિક્ષણનું પ્રમાણ પણ કેરળમાં વધારે. સુશિક્ષિત બેકાર એટલે જાણે જીવતો જ્વાલામુખી. ગમે તે ઘડીએ ફાટી નીકળે.

કેરળ એટલે જાણે ઉદ્યાનગૃહોની માલિકી ત્રિવેન્દ્રમથી કાલિકટના ત્રણસો માઇલના રસ્તાની બન્ને બાજુએ નારિયેળી, સોપારી, કેરી, ફણસ, કાજૂના બાગ અને વચ્ચે નાનાં નાનાં ઘર. કેરળમાં જુદાં જુદાં ગામો જાણે છે જ નહીં. એક પછી એક ઘરની અતૂટ માલિકા જ છે. ગામના નામનું પાટિયું બદલાયેલું દેખાય એટલે બીજું ગામ આવ્યું એમ માની લેવાનું. સમુદ્રની ખાડીઓ અને તળાવના શાંત ભૂરાં પાણીમાં પડતા લીલાંછમ વૃક્ષોના પડછાયા બહારથી આવેલા મહેમાનોનાં મન મોહી લે છે. પ્રકૃતિની જેવા જ શાંત, મૃદુ ને મધુર કેરળના માણસોનાં મન. સાદો પોષાક, સફેદ. વિનોબાના રોજના રસ્તે બન્ને બાજુ સેંકડો દર્શનાર્થીઓની ભીડ હોય, પણ ગડબડ જરાય નહીં.

સીમા પર વિનોબાનું સ્વાગત કરવા કેરળના સામ્યવાદી મુખ્યપ્રધાન શ્રી નંબુદ્રીપાદ આવ્યા હતા. વિનોબાએ એમની પાસે આખું કેરળ રાજ્ય દાનમાં માગ્યું. તાજેતરમાં જ થયેલી ચૂંટણીમાં કેરળમાં સામ્યવાદી પક્ષને વિધાનસભામાં બહુમતી મળી હતી. અને એટલે રાજ્યમાં સામ્યવાદી પક્ષની સરકાર સ્થપાઇ હતી. આમ કેરળમાં બંધારણીય રીતે સામ્યવાદી સરકાર સત્તા પર આવી હતી. સમગ્ર દુનિયાના ઈતિહાસમાં આ પહેલો જ દાખલો હતો કે સામ્યવાદી પક્ષે બંધાણીય રીતે સરકાર સ્થાપી રાજ્યકારભાર હાથમાં લીધો હોય. એમને બધાની નજર કેરળ તરફ હતી. કેરળના સામ્યવાદી પક્ષે ચૂંટણીના જાહેરનામામાં સિંચાઇની

જમીનની માલિકી માટે પંદર એકરની ઉપલી મર્યાદા નક્કી કરવાનો ઈરાદો જાહેર કર્યો હતો. જમીનની માલિકી વાસ્તવમાં તેઓ નાબૂદ કરી રહ્યા હતા. કેરળમાંથી ગ્રામદાન મળવા લાગ્યાં અને સામ્યવાદીઓને પણ અહિંસાના ક્રાંતિકારક પ્રભાવની ખાતરી થવા લાગી. કાલડીના સર્વોદય સંમેલનમાં સામ્યવાદી સરકાર તરફથી આવેલા કાયદાપ્રધાને જાહેર કર્યું કે ભારતમાં ક્રાંતિ આણવી હોય તો વિનોબાનો ગ્રામદાનનો હૃદયપરિવર્તનનો માર્ગ શ્રેષ્ઠ છે. સમુદ્ર બધાને પોતાનામાં સમાવે છે અને બધાને પોતાની ખારાશ અર્પણ કરે છે.

કેરળમાં પ્રવેશ કરતાં જ વિનોબાએ કહ્યું કે 'હું શંકરાચાર્ય અને ઈસુ ભગવાનના રાજ્યમાં પ્રવેશ કરી રહ્યો છું. ઈસુએ કહ્યું છે કે પડોશીને પણ પોતાના જેવો જ પ્રેમ કરો. ભૂદાનનું કાર્ય ઈસુના આ ઉપદેશને પ્રત્યક્ષ વ્યવહારમાં ઉતારે છે. શંકરાચાર્ય તો આથી એક ડગલું આગળ વધ્યા અને અદ્વૈતની વાત કરી. પડોશી પર પોતાના જેવો પ્રેમ શા માટે કરવો એનું કારણ એમણે એવું આપ્યું કે એક જ આત્મા બધે વ્યાપી રહ્યો હોવાથી મારું-તારું, હું-તું એ ભેદ મિથ્યા છે. "મા ગૃધઃ કસ્યચિદ્ ધનમ્" એ ઉપનિષદના વચન પર ભાષ્ય લખતાં શંકરાચાર્ય કહે છે "ધન કોનું છે? અર્થાત્ ધનની માલિકી કોઈની જ નથી."

કેરળમાં દર સેંકડે ત્રીસ ટકાથી વધારે લોક ખ્રિસ્તી છે. ત્યાં નાનાસરખા ગામડામાં પણ દેવળ હોય છે. પહેલો ખ્રિસ્તી ધર્મપ્રચારક સંત થોમસ ઈસવી- સનના પ્રથમ સૈકામાં કેરળ આવ્યો હતો. ખ્રિસ્તી ધર્મ પહેલાં કેરળમાં આવ્યો અને પછી યુરોપમાં ગયો. આમ જોતાં ખ્રિસ્તી ધર્મ પણ આપણો જ એક ધર્મ છે, એમ વિનોબા હંમેશાં કહેતા. વિનોબા કેરળ ગયા તે પહેલાં જ ત્યાંના ચાર મુખ્ય દેવળના વડા ધર્મગુરુઓએ ભૂદાન કાર્યમાં બધા ખ્રિસ્તધર્મીઓએ મદદ કરવી એવી વિનંતી કરતો પરિપત્ર બહાર પાડ્યો હતો. એક વાર કેટલાક પ્રમુખ ખ્રિસ્તી પાદરીઓએ વિનોબાને કહ્યું કે "તમારું ભૂદાનનું કામ અમને ગમે છે. પણ ગ્રામદાનનો વિચાર અમારે ગળે નથી ઊતરતો, ખાનગી માલિકી સંપૂર્ણપણે નાબૂદ કરવાની વાત યોગ્ય લાગતી નથી. ખાનગી માલિકી પવિત્ર બાબત છે એમ અમારા ધર્મગ્રંથમાં કહેવાયું છે." વિનોબાએ એ લોકોને જવાબ આપ્યો કે "તમે કહો છો એમાં તથ્ય છે. માણસ જાતમહેનતથી જે મેળવે છે તેની ઉપર એનો પોતાનો અધિકાર છે. એ વસ્તુ એના હાથમાંથી બળજબરીથી છીનવી લેવાનું યોગ્ય ન ગણાય. ખાનગી માલિકી પવિત્ર છે, પણ માલિકી હક્ક સ્વેચ્છાથી સમર્પણ કરવો એ વધારે પવિત્ર છે." પાદરીઓએ આનંદથી ગ્રામદાનના વિચારને સંમતિ આપી.

કાલડી શંકરાચાર્યનું જન્મસ્થાન. સંત થોમસની સમાધિ પણ કાલડી પાસે છે. 1957નું અખિલ ભારતીય સર્વોદય સંમેલન કાલડીમાં યોજાયું. સત્તાવનનું વર્ષ

ભૂદાનના ઈતિહાસમાં મહત્ત્વનું ગણાય. દેશના જુદા જુદા ભાગોમાંથી કેટલાંક યુવક-યુવતીઓએ નોકરી અને કોલેજ છોડીને સત્તાવનનું એક વર્ષ ભૂમિક્રાંતિના કામને અર્પણ કર્યું હતું.. એટલે આખા દેશમાં ખૂણેખાંચરે પદયાત્રા દ્વારા ક્રાંતિનો સંદેશ પહોચાડવામાં આવી રહ્યો હતો. સત્તાવનમાં ક્રાંતિ થશે, નવો સમાજ સ્થાપિત થશે એ આશાથી અનેક અબાલવૃદ્ધ કાલડી સંમેલનમાં આવ્યાં હતાં. જાણીતા સિંધી કવિ દુખાયલનું ગીત "ગાંવકી ધરતી ગાંવકા રાજ, સત્તાવન મેં હો સ્વરાજ" બધે ગાજી રહ્યું હતું. દેશના બધા રાજદ્વારી પક્ષોએ ભૂદાન-ગ્રામદાનના કામને ટેકો આપ્યો હતો. વિનોબાએ સંમેલનમાં કહ્યું હતું તેમ સહાનુભૂતિનો પ્યાલો છલોછલ ભરાઈ ગયો હતો.

કેરળની યાત્રાની એક મહત્ત્વપૂર્ણ ઘટના તે શાંતિ સેનાની પુનઃસ્થાપના. શાંતિસેનાનો મૂળ વિચાર ગાંધીજીનો. અહિંસા, કરુણાનું રાજ્ય સ્થાપિત કરવાની એમની ઈચ્છા હતી. એટલે અહિંસામાં રક્ષણ કરવાની તાકાત છે એ એમને સિદ્ધ કરવું હતું. વિનોબાએ કહ્યું કે શાંતિસેનાની સ્થાપના આ પહેલાં જ થઇ ગઇ છે. ગાંધીજી શાંતિસેનાના પ્રથમ સૈનિક હતા અને પ્રથમ સેનાપતિ પણ હતા. સેનાપતિ તરીકે એમણે "કરેંગે યા મરેંગે"નો આદેશ આપ્યો અને સૈનિક તરીકે આદેશનું પાલન કરતાં એમણે વિદાય લીધી. તેઓ એકલા હતા પણ એકડા જેવા હતા. એક ઉપર જેટલાં શૂન્ય ચઢે એટલી એની કિંમત વધે. વિનોબાનો શાંતિસેનાની પુનઃસ્થાપના કરવાનો કાર્યક્રમ એટલે એક ઉપર શૂન્ય ચઢાવવાનો કાર્યક્રમ. કેરળના વયોવૃદ્ધ નેતા શ્રી કેલપ્પન અને બીજા છ કસાયેલા કાર્યકરોને વિનોબાએ તેમની કેરળયાત્રામાં આખરી મુકામ વખતે 26મી ઓગષ્ટના રોજ યોજાયેલી જાહેરસભામાં શાતિસૈનિક તરીકેની દીક્ષા આપી અને શાંતિ-સેનાની સ્થાપનાની જાહેરાત કરી.

વિનોબાએ પોતાને "શાંતિસેનાના સુપ્રીમ કમાન્ડર" તરીકે ઓળખાવ્યા. કમાન્ડરનો આદેશ થતાં સાથે શાંતિસૈનિકોએ અશાંતિની આગ બુઝાવવા પ્રાણ પણ અર્પણ કરવાને તૈયાર થવાનું અને પોતાને મારનાર પ્રત્યે પણ મનમાં પ્રેમભાવ જ રાખવાનો. ઇસુ ખ્રિસ્તને શૂળી પર ચઢાવનાર લોકોને માફી આપવાની પ્રાર્થના ઇસુએ કરી હતી. હે ભગવાન આ લોકોને ક્ષમા કર. એ સહુ અજ્ઞાની જીવ છે એટલે પોતે શું કરી રહ્યા છે એની એમને ખબર નથી. શાંતિ સૈનિકનો આદર્શ આ ઇસુ છે. શાંતિસૈનિકની વૃત્તિ કેવી હોવી જોઇએ એની વાત કરતાં વિનોબા એક ઉર્દૂ શેર કહેતા :

અપની ગર્દન કા મુઝે કોઇ ગમ નહીં
ખમ ન આ જાયે કહીં તેરી શમશેર મેં.

"મારી ગરદન પર તારી તલવાર છે. મારી ગરદનની મને ચિંતા નથી. પણ તારી તલવાર વાંકી તો નહીં થઇ જાય ને એની મને ચિંતા છે."

કેરળથી કૂર્ગ થઇને વિનોબા કર્ણાટક ગયા. કર્ણાટક તો હનુમાનનો પ્રદેશ, ત્યાં વિનોબાએ સૂતેલા હનુમાનને જગાડવાના પ્રયાસ શરૂ કર્યા. ટીપુ સુલતાન કર્ણાટકનો. એનો ઉલ્લેખ કરીને વિનોબા જનતાને કહેતાઃ ટીપુના સૈન્યમાં હજારોની સંખ્યામાં કર્ણાટકવાસીઓ દાખલ થયા તો મારી આ શાંતિસેનામાં પણ એટલીજ સંખ્યામાં દાખલ થાવ.

1957ની 21-22 સપ્ટેમ્બરે મૈસૂર શહેર પાસેના યેલવાલ ગામમાં ગ્રામદાન પરિષદ ભરાઇ, તેમાં સર્વસેવાસંઘના આમંત્રણને માન આપી દેશના બધા જ મુખ્ય પક્ષોના નેતાઓએ હાજરી આપી. કોંગ્રેસના નેતા પં.નહેરુ, ગોવિંદ વલ્લભ પંત, ઢેબરભાઇ, મોરારજી દેસાઇ, પ્રજાસમાજવાદી પક્ષના પ્રમુખ શ્રી ગંગાશરણ સિંહ, સામ્યવાદી પક્ષના નેતા શ્રી નંબુદ્રીપાદ અને ઝેડ. અહમદ, સર્વસેવા સંઘના નેતા શ્રી જયપ્રકાશ નારાયણ અને ભારતના રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદ વગેરે બધા જ પ્રમુખ નેતા ભેગા થયા અને બે દિવસ ગ્રામદાન વિષે વિચારવિનિમય કર્યો. એ પછી એક ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો. જેમાં કહેવામાં આવ્યું હતું કે, "ગ્રામદાનના આંદોલનને અમે આવકારીએ છીએ. જે મૂળભૂત તત્ત્વો પર આ આંદોલન આધારિત છે. તેના દ્વારા ગ્રામજનતાની સર્વાંગી પ્રગતિ શક્ય બનશે. એનાથી ગામોનો આર્થિક વિકાસ પણ સધાશે, સહકારની ભાવના વધશે, જનતા સર્વાંગી પ્રગતિ કરશે અને જમીનની સમસ્યાના ઉકેલ માટે અનુકૂળ વાતાવરણ બંધાશે. અહિંસા અને સ્વેચ્છા આ પ્રવૃત્તિનાં પ્રમુખ લક્ષણ છે. ભૌતિક અને નૈતિક વિકાસ બન્ને એકસાથે સાધતા આવા કાર્યમાં સહુએ સહકાર આપવો. સરકારની પંચવર્ષીય યોજનાને પણ આ પ્રવૃત્તિ મદદરૂપ થાય એમ છે. સરકારની વિકાસખંડયોજના અને ગ્રામદાન પ્રવૃત્તિ વચ્ચે સહકાર અને સંગતિ સધાય એ ઇષ્ટ છે." આ ઠરાવ પર બધા નેતાઓએ સહી કરી હતી.

યેલવાલ પરિષદની ફલશ્રુતિ અંગે ભાષ્ય કરતાં વિનોબાએ કહ્યું હતું કે બધા પક્ષોના મુખ્ય મુખ્ય રાષ્ટ્રીય નેતાઓએ આ કામને આશીર્વાદ આપ્યા છે. અને ગ્રામદાનના વિચારને સંમતિ આપી છે. એનો અર્થ એ થાય કે આખા દેશે આ પ્રવૃત્તિને પસંદ કરી છે. ક્રાંતિ પહેલાં હવામાં આવે અને પછી જમીન પર ઊતરે. હવામાં ક્રાંતિ આવી છે એટલે આપણે બેવડા ઉત્સાહથી કામ કરવું જોઇએ.

ગ્રામદાનથી ધર્મ, અર્થ, કર્મ, મોક્ષ એ ચારે પુરુષાર્થ સધાય છે. એ વાત સમજાવીને કહેતાં વિનોબાએ કહ્યું હતું કે ગ્રામદાન તો સંરક્ષણાત્મક પગલું છે. દેશમાં ગરીબ-શ્રીમંત, ભૂમિહીન ભૂમિવાન એવા ભેદ રહેશે, અંદર અંદરની

લડાઇ ઝઘડા રહેશે તો દેશની આઝાદી જોખમમાં આવશે. ગ્રામદાનથી ગામોમાં આવા ભેદ નાબૂદ થઇ પ્રેમ અને સહકારનું વાતાવરણ ફેલાશે અને દેશની આઝાદીને આંચ નહીં આવે.

વિનોબાની યાત્રા જમીન પર, પણ ચિંતન આકાશના સાંનિધ્યમાં. આકાશ તેમને નવા નવા વિચારો પ્રેરતું. કાર્લ માર્કસ કહે છે કે સમાજમાં 'હેવ્ઝ અને હેવ-નોટ્સ' એમ બે વર્ગ છે. શોષક અને શોષિત, શ્રીમંત અને ગરીબ. પહેલાં હું પણ કહેતો કે જેની પાસે જમીન છે એણે ભૂમિહીનનોને જમીન આપવી. પણ હવે મારા ધ્યાનમાં આવે છે કે મારી આ વાતમાં વિચારદોષ છે. બે વર્ગ છે એ કલ્પના જ ભૂલભરેલી છે. દુનિયામાં 'હેવ-નોટ્સ' છે જ નહીં, બધા 'હેવ્ઝ' જ છે. કોઇની પાસે જમીન છે, સંપત્તિ છે તો કોઇ પાસે મહેનત કરવાની શક્તિ કે વિદ્યા છે. અને જેની પાસે આમાંનું કંઇ નથી એની પાસે પ્રેમ તો છે જ."

ભૂદાન યાત્રા શરૂ કરતાં પહેલાં વિનોબા પવનાર આશ્રમમાં સાધના કરતા હતા ત્યારની એક વાત. આઝાદ હિંદ ફોજના એક સભાસદે વિનોબાનું 'જયહિંદ'થી અભિવાદન કર્યું. વિનોબાએ સામું, "જય હિંદ, જય દુનિયા, જય હરિ" એમ એનું અભિવાદન કર્યું. 1957માં કર્ણાટકની યાત્રા દરમિયાન વિનોબાના મનમાં "જય જગત" એવો નવો મંત્ર સ્ફુર્યો. વૈશાખના ધોમ ધખતા તાપમાં એક તણખો પડતાં જ વડવાનળ સળગે એ રીતે આ મંત્ર જોતજોતામાં ચારે તરફ ફેલાઇ ગયો. વિનોબા જ્યાં જતા ત્યાં "જય જગત"નો જયઘોષ ગાજી ઊઠતો. ઇંગ્લેન્ડથી આવેલા પરદેશી મહેમાનોને નવો મંત્ર ખૂબ ગમ્યો. જગતને આજે આ મંત્રની ખૂબ જરૂર છે એમ મહેમાનોએ કહ્યું.

કર્ણાટકની યાત્રામાં બીજો એક મંત્ર પણ જન્મ્યો. શાંતિયાત્રા અંગે કેરળમાં વિનોબાએ કહ્યું હતું કે સૈન્ય માટે જનતાની સંમતિ હોવી જરૂરી છે. લોકશાહીમાં હિંસક સૈન્યને માટે જનતાના મતદાનનું પીઠબળ હોવું જોઇએ. તે જ રીતે શાંતિસેના માટે પણ જનતાની સંમતિ મળવી જોઇએ. સંમતિના સૂચન તરીકે દરેક કુટુંબે એક શ્રીફળ અથવા સૂતરની એક આંટી આ કામ માટે અર્પણ કરવી જોઇએ. આગળ ઉપર આ જ વિચારમાંથી 'સર્વોદય પાત્ર'ની કલ્પના સ્ફુરી. મૂઠીભર ધાન્ય અને જગભર શાંતિનો મંત્ર વિનોબાએ આપ્યો.

વેદમાં 'યત્ર વિશ્વમ્ ભવતિ એકનીડમ્ કહેવાયું છે. સમગ્ર વિશ્વ એક ઘર સમું બને. વિશ્વના કોઇ પણ શ્રાંત-કલાંત માનવનું આશ્રય-સ્થાન બને એવો 'વિશ્વનીડમ્' આશ્રમ બેંગ્લોરમાં સ્થાપવાનું વિનોબાએ નક્કી કર્યું. દક્ષિણના ચાર પ્રાંતને જોડવા, ઉત્તર અને દક્ષિણ ભારતને નજીક લાવવા, ભારત અને વિશ્વને જોડવા એ આ આશ્રમનો ઉદ્દેશ. હૃદય સાંધીને જગતનો જોડવાનો આ એક નમ્ર પ્રયાસ.

મન જીતૈ જગ જીતુ

"આમુચા સ્વદેશ, ભુવનત્રયામધેં વાસ" (અમારો સ્વદેશ ત્રણે લોકમાં નિવાસ) એવો અનુભવ મેળવતાં મેળવતાં વિનોબા મહાભારતની યાત્રા કરી રહ્યા હતા. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં ઇશ્વરનો તેમને સાથ હતો. લોકોને એમ જ લાગતું કે આપણો જનમજનમનો સખા આપણને મળવા આવ્યો છે. જનતા મોકળે મને દાન દેતી હતી અને પામતી હતી. "હું તમને જ્ઞાન જેવી અણમોલ વસ્તુ આપું છું અને માટી જેવી સાધારણ વસ્તુ તમારી પાસેથી લઉં છું. કેટલો સસ્તો સોદો છે." એમ વિનોબા કહેતા. તેમની વાત લોકોને પણ સમજાતી. લોકોના મનની વાતનો તાગ મેળવીને વિનોબાએ જાણ્યું કે હજારો રાજામહારાજા આવ્યા ને ગયા. પણ ભારતીય પ્રજાના મન પર રાજા રામની જ અબાધિત સત્તા છે. દિલ્હી પાસેના એક ગામની વાત છે. વિનોબાએ પોતાના ભાષણમાં અકબર બાદશાહનો ઉલ્લેખ કર્યો. સભામાં મુસલમાનોની સંખ્યા વધારે હતી. વિનોબાએ પૂછયું: અકબર બાદશાહ કોણ એ તો જાણો છો ને ? લોકો કહે: 'ના', વિનોબાને આશ્ચર્ય થયું. અકબરનું નામ તમે લોકોએ નથી સાંભળ્યું ? "અમે અકબર નામ સાંભળ્યું છે. અલ્લાહ હો અકબર," 'પરમેશ્વર શ્રેષ્ઠ છે', વિનોબાની આંખ સજળ બની. અકબર જેવા પરાક્રમી બાદશાહને જ્યારે લોકો ઓળખતા નથી ત્યારે બીજા સાધારણ રાજાઓની તો વાત જ શી ! પણ લોકો કબીર અને તુલસીદાસને ઓળખતા હતા.

1958ની 26મી માર્ચે નિપાણીથી મહારાષ્ટ્રમાં પ્રવેશ કર્યો પછી વિનોબાએ કહ્યું, "કબીર અને તુલસીદાસના રાજ્યમાં ફર્યા પછી હું બુદ્ધ-મહાવીરના રાજ્યમાં ફર્યો. ત્યાંથી પછી ચૈતન્ય, રામકૃષ્ણ અને પછી જગન્નાથના રાજ્યમાં મેં યાત્રા કરી. ત્યાંથી દક્ષિણમાં પોતન્ના ને વલ્લભાચાર્ય અને રામાનુજ, તિરૂવલ્લુવર ને નમ્મલવારના રાજ્યમાં વિહાર કરી શંકરાચાર્ય ને ઇસુ ખ્રિસ્તના રાજ્યમાં અને તે પછી બસવેશ્વર ને પુરંદરદાસના રાજ્યમાં ફરી હવે હું જ્ઞાનોબા-તુકોબાના રાજ્યમાં પ્રવેશ કરી રહ્યો છું.'

પંઢરપુરમાં ખડવે પરિવારે વિનોબાને મંદિરમાં આવવાનું આમંત્રણ આપ્યું. વિનોબાએ લેખિત આમંત્રણ માગ્યું અને તે મળતાં જ જેઠ મહિનાની અગિયારશના શુભ મૂહુર્તે પોતાના સર્વ ધર્મના સાથીઓ સાથે પાંડુરંગના મંદિરમાં પ્રવેશ કર્યો. પંઢરપુરનું મંદિર ઊઘડયું એટલે મહારાષ્ટ્રની યાત્રા સફળ થઇ એમ વિનોબાએ કહ્યું. હિંદુ ધર્મના ઇતિહાસમાં આ પ્રસંગ મહત્ત્વનો છે. ધર્મનો સંકુચિત અર્થ કરીને દુરાગ્રહ ચાલુ રાખવાના દિવસ હવે પૂરા થાય છે. દેવ ભક્તને આઘો રાખશે તો ભક્ત દેવને જ વિદાય આપી દેશે એવી પરિસ્થિતિ છે. આ પરિસ્થિતિ સમાજે પારખી છે.

ઔરંગાબાદમાં મહારાષ્ટ્રના સાહિત્યકારો અને સાહિત્યરક્ષકોની સભા યોજાઇ. દરેક પ્રાંતમાં આવી સભા યોજાતી ત્યારે વિનોબા પોતાને સાહિત્યકાર નહીં પણ સાહિત્યકારોના ભક્ત તરીકે ઓળખાવતા. શબ્દની શક્તિ તેના મહાત્મ્ય અંગે તેઓ વિશેષ સભાન હતા. સંત તુકારામની જેમ "અમારું ધન શબ્દ, અમારું શસ્ત્ર શબ્દ", એમ તેઓ માનતા. એકવાર સાહિત્યકારોને વિનોબાએ કહ્યું કે તમે ભૂદાન વિષે લખો એમ હું તમને નથી કહેતો. કોઇના કહેવાથી સાહિત્યકાર લખી ન શકે. હું તમને એટલું જ કહું છુ કે હું જે આનંદ લૂંટી રહ્યો છું એના તમે સહભાગી થાવ... દુનિયાને વિજ્ઞાન, આત્મજ્ઞાન અને સાહિત્ય એ ત્રણ શક્તિ આકાર આપે છે. સાહિત્ય વિજ્ઞાન અને આત્મજ્ઞાનને જોડતો સેતુ છે. વિનોબાનું ભાષણ સાંભળીને બિહારના એક મોટા સાહિત્યકારે કહ્યું, તમને મળવાથી આનંદ પ્રાપ્ત થાય છે. અમને અવારનવાર બોલાવતા રહો. વિનોબાએ હસીને કહ્યું, "ફૂલ ખીલે ત્યારે ભમરાને આમંત્રણ આપીને બોલાવવા પડતા નથી."

ધુળિયાની જેલ 'ગીતા પ્રવચનો' ની જન્મભૂમિ. વિનોબાએ જેલની મુલાકાત લીધી અને કેદીઓને જૂની વાતો કહી સંભળાવી. ફાંસીના કેદી ફાંસીએ ચઢતાં પહેલાં 'ગીતાઇ'ની નકલ માગતા અને ઉપવાસ કરી પૈસા બચાવી વિનોબાને દક્ષિણા આપતા. આ વાત કરતાં વિનોબાનું ગળું ભરાઇ આવતું.

ધુળિયા પછી પશ્ચિમ ખાનદેશના જંગલપ્રદેશ અક્કાણી મહાલની યાત્રા શરૂ થઇ. ભર ચોમાસાના દિવસ, રસ્તાનું નામનિશાન નહીં. ગાઢ જંગલ, પહાડ ને ખીણ. આ બધું જોઇ બીજા આઘાપાછા થવા લાગ્યા. પણ વિનોબા આગળ વધતા ગયા. આગળ ધપતો યાત્રી જ મુકામે પહોંચી શકે એ સત્ય તેઓ જાણતા હતા. અક્કાણી અમલમાં એમની તપશ્ચર્યાના પ્રમાણમાં ગ્રામદાનનું પ્રમાણ પણ વધવા લાગ્યું. આખા અક્કાણી મહાલ અને અક્કલકુવાનું ગ્રામદાન જાહેર થયું. આ બધાં ગામ આદિવાસીનાં હતાં. વિનોબાએ કહ્યું, આદિવાસી સેવાની પ્રવૃત્તિનું નવું ક્ષેત્ર સાંપડયું છે.

પંઢરપુરના સંમેલનમાં જ વિનોબાએ કાશ્મીર જવાનો સંકલ્પ જાહેર કર્યો હતો. પંઢરપુરથી એમણે સીધો કાશ્મીરનો રસ્તો પકડયો. રસ્તે આવતા પ્રાંતોમાં પણ વધારે વખત ન લગાડતાં, વધારે યાત્રા ન કરતાં બને તેટલા જલદી કાશ્મીર પહોંચવાનું નક્કી થયું. મહારાષ્ટ્રની સાત મહિનાની યાત્રા પૂરી કરીને સપ્ટેમ્બરમાં એમણે ગુજરાતમાં પ્રવેશ કર્યો. સીમા પર વિનોબાએ કહ્યું, મહારાષ્ટ્ર મારી જન્મભૂમિ ખરી, પણ ગુજરાત મારી દ્વિજન્મભૂમિ છે. ગુજરાતમાં હું સાચા અર્થમાં દ્વિજ બન્યો, મને જ્ઞાન મળ્યું. આખા ભારતમાં વિનોબા હિંદીમાં બોલતા પણ મહારાષ્ટ્રમાં મરાઠીમાં અને ગુજરાતમાં ગુજરાતીમાં બોલ્યા. ગાંધીજી સાથે વાતચીત કરવા માટે તેઓ ગુજરાતી ભાષા શીખ્યા હતા.

સુરત જિલ્લો તો જાણે રચનાત્મક પ્રવૃત્તિનું પિયર. ત્યાં ઠેકઠેકાણે આશ્રમ મળે અને રચનાત્મક કાર્ય કરનારા નિષ્ઠાવાન સેવકોની જાણે સેના જ મળે. વડોદરા વિનોબાને ગમતું શહેર. ત્યાં તેમને બાળપણની મીઠીમધુર વાતો યાદ આવી. વિનોબાનો જન્મ કુબાખા જિલ્લાના ગાગોદા ગામે થયો હતો. ત્યાંની ગલીએ ગલીના તેઓ જાણકાર, દૂર દૂર સુધી ફરવા જવાનો તેમનો પહેલેથી જ શોખ. એકવાર તેઓ રાત્રે બાર વાગે ફરવા નીકળ્યા. રાજમહેલ પાસેથી પસાર થતાં તેમને ચોકીદારે જોયા, તેઓ પોતાની ધૂનમાં ચાલતા હતા. પાછા ફરતાં ચોકીદારે એમને રોક્યા. કોણ છે ? ચોર લાગે છે. વિનોબાએ કહ્યું, "ચોર જે રસ્તે જાય એ રસ્તે પાછો ફરે ખરો ?" વડોદરાની સેન્ટ્રલ લાયબ્રેરીનું એકેએક પુસ્તક વિનોબાએ વાંચ્યું હતું. વડોદરા ખાતેના રોકાણ દરમિયાન જૂના મિત્રો ભેગા થયા ત્યારે વિનોબાએ કહ્યું, "મિત્રતાના સંબંધને હું સર્વશ્રેષ્ઠ સંબંધ ગણું છું. હું બધાનો મિત્ર છું અને સહુ મારા મિત્ર અને એવી મારી ઇચ્છા છે.. અર્જુન કૃષ્ણનો ભક્ત હોવા સાથે એનો મિત્ર પણ હતો. એની મિત્રભાવની ભક્તિ મને બહુ ગમે છે. દાસ્યભાવની ભક્તિનો જમાનો હવે ગયો છે. મિત્રભાવની ભક્તિનો જમાનો આવ્યો છે."

વડોદરામાં વિનોબાએ પોતાનું જુનું ઘર જોયું. જે ઘરમાં માતાએ પોતાના જીવન દ્વારા ભક્તિના સંસ્કાર રેડ્યા તે ઘર જોઇ માતાની સ્મૃતિથી તેમનું હૃદય ભરાઇ આવ્યું.

ગુજરાતથી રાજસ્થાન, મેવાડમાં મીરાંબાઇના મંદિરમાં જઇ વિનોબાએ સમાજનાં સર્વ બંધન ફગાવી દઇ ભક્તિના સંગમાં રંગાઇ ગયેલી મીરાંને બંડખોર સંતની પદવી આપી. મીરાંબાઇ જેવી બંડખોર સંતની ધરતીની સ્ત્રીઓ હજી પડદામાં રહે છે એ માટે વિનોબાએ ખેદ વ્યક્ત કર્યો. સ્ત્રીઓએ બ્રહ્મવિદ્યાના

ક્ષેત્રમાં સિદ્ધિ મેળવવી જોઇએ એવી તેમની ઇચ્છા હતી. અજમેરના સર્વોદય સંમેલનમાં બ્રહ્મવિદ્યામંદિરની સ્થાપના કરી એમણે દેશમાં સર્વોદયનું કામ કરનારી દસ બ્રહ્મચારિણી બહેનોની પવનારના પોતાના પરંધામ આશ્રમમાં પ્રતિષ્ઠા કરી.

અજમેર મુસલમાનોનું મોટું યાત્રાધામ ગણાય છે. મક્કા પછીનું મહત્ત્વનું યાત્રાધામ અજમેર. દર વર્ષે હજારો મુસલમાનો અજમેર જાત્રાએ જાય છે. પહેલાં દેશના ભાગલા પછી વિનોબા એકવાર અજમેર ગયા હતા અને ત્યાંની દરગાહના દર્શને ગયા હતા. દરગાહમાં મુસલમાનો સાથે એમણે નમાજમાં ભાગ લીધો હતો. તે વખતે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવતાં સંસ્કૃત શ્લોકનો પાઠ કરી પ્રાર્થના કરી હતી. તે પછી અસંખ્ય મુસલમાનોએ તેમના રિવાજ પ્રમાણે વિનોબાના હાથે ચુંબન કરી પોતાનો આદર ને શ્રદ્ધા વ્યક્ત કર્યાં હતાં. આ યાત્રા વખતે વિનોબા પોતાના બધા ધર્મના સાથીઓને લઇને દરગાહમાં ગયા હતા. પંઢરપુર જેવો જ ઉત્સવ થયો હતો. મસ્જિદમાં સાધારણ રીતે સ્ત્રીઓને પ્રવેશ નથી મળતો. પણ વિનોબાની સાથે અનેક સ્ત્રીઓ પણ મસ્જિદમાં જઇ શકી અને બધાએ મળીને ત્યાં બધા ધર્મોની પ્રાર્થના કરી.

રાજસ્થાન પછી આવ્યું પંજાબ. દેશના ભાગલાને પરિણામે પંજાબને ઘણું સહન કરવું પડ્યું હતું. અનેક ઘરસંસારની પાયમાલી થઇ હતી. હિંદુ ને મુસલમાન બન્નેના લોહીની નદીઓ વહી હતી. પણ એ વાત પંજાબ વીસરી રહ્યું હતું. વિનોબાનું સ્વાગત પંજાબે ગુરુ નાનકનું ભજન ગાઇને કર્યું હતું :

ना कोई बैरी ना ही बेगाना

सकल संगी हमको बनि आई ।

અમારો કોઇ વેરી નથી, કોઇ અમારે માટે પારકું નથી, બધાં સાથે અમારે સારું બને છે.. પંજાબના લોકો ભાગલાના વખતના કમકમાટી ઉપજાવે એવા પ્રસંગોની વાત કરતા ને કહેતા, એ વખતે સહુનાં માથાં ફરી ગયાં હતાં. હિંદુ, શીખ, મુસલમાન બધાંનાં માથાં ફરેલાં હતાં. બાકી સ્વભાવગત રીતે માણસ સારો જ હોય છે.

પંજાબના શીખ ભાઇબહેનોના મનમાં વિનોબા પ્રત્યે ઊંડી શ્રદ્ધા, ઉપનિષદ જેવા ગુરુ નાનકના, આકારમાં નાના પણ ગુણથી ભરેલા, ગ્રંથ "જપુજી"નો વિનોબા રોજ સાંજે યાત્રા દરમ્યાન પાઠ કરતા અને તેની સમજ આપતા. જપુજીએ વિનોબાનું ધ્યાન ખેંચ્યું. એનાં વચનો સંભળાવીને વિનોબા સર્વોદયનો વિચાર સ્પષ્ટ કરતા સમજાવતા. આપણે નિર્ભય અને નિર્વૈર બનવું જોઇએ એમ કહેતા—

आई पंथी सगल जमाती, मन जीतै जग जीतु ।

આખો પંથ અમારો છે, મન જીત્યું તો જગ જીત્યા. આ ગીત ગાતાં ગાતાં વિનોબા પઠાણકોટ પહોંચ્યા. ત્યાંથી કાશ્મીર અને પાકિસ્તાન સાવ પાસે છે. ભારત અને પાકિસ્તાનને પાણીને રૂપે નવજીવનનું દાન દેતી રાવ નદી પરનો પુલ ઓળંગીને 1951ના મે મહિનામાં બુદ્ધ જયંતીના દિવસે વિનોબા કાશ્મીરમાં દાખલ થયા.

કાશ્મીરમાં પહેલા જ ભાષણમાં વિનોબાએ પોતાના આગમનનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં કહ્યું કે જોવા, સાંભળવા ને પ્રેમ કરવા હું તો આવ્યો છું. કુરાનમાં મહમદ પયગમ્બરની એક કથા છે. અબુબકર પયગમ્બરનો પ્રિય શિષ્ય છે એમ લોકો માનતા હતા. એકવાર કોઇએ આ અંગે પ્રશ્ન પૂછયો ત્યારે પયગમ્બરે કહ્યું કે "અલ્લાની એવી રજા હોત તો બીજા બધાં કરતાં અબુબકર પર વધારે પ્રેમભાવ રાખત. પણ અલ્લાના હુકમ પ્રમાણે હું સહુને સરખો પ્રેમ કરીશ."

હિમાલયના અંગેઅંગ પર રમતી-નાચતી ઝેલમ-ચિનાબ અને બીજા અસંખ્ય જલપ્રવાહના નિર્મળ જળથી સિંચાયેલી, ફળફૂલથી લહેરાતા બાગબગીચા વચ્ચે રહેતા સાદાસીધા કાશ્મીરી લોકોનો પ્રદેશ જગતના રાજકારણની એક જટિલ સમસ્યા સમો બની ગયો છે એનો એ લોકોને ખ્યાલ પણ નહીં હોય. 1947ની પંદરમી ઓગષ્ટે સ્વરાજ્ય મળ્યું ને ભારતના ભાગલા થયા. દેશી રાજરજવાડાં પોતપોતાની મરજી મુજબ ભારત કે પાકિસ્તાનમાં ભળી શકે છે એમ કહીને અંગ્રેજો તો ચાલી નીકળ્યા. કાશ્મીરની વસ્તીનો મોટો ભાગ મુસલમાનધર્મી અને રાજા હિંદુ. રાજાએ બેમાંથી એકેય દેશમાં ન ભળતાં યથાવત રહેવાના કરાર કર્યા. ભાગલા વખતે હિંદુ અને મુસલમાનોના લોહીથી આખું ઉત્તર ભારત રંગાઇ ગયું હતું. પણ કાશમીરે હિંદુ-મુસલમાન એક્યની પરંપરા અખંડિત રાખી બતાવી હતી. ગાંધીજી ઘેરા અંધકારમાં ઝળહળતા નાનકડા દીપ સરખા છે.

પણ હજી બે મહિના નહીં થયા હોય ત્યાં પાકિસ્તાને ટોળીવાળા લોકોને મોકલી કાશ્મીર પર આક્રમણ કર્યું. કાશ્મીરના રાજાએ ગભરાઇને ભારતની મદદ માગી. કાશ્મીરની પ્રજાએ, શેખ અબ્દુલ્લાએ પણ ભારત સરકારને મદદની વિનંતી કરી. રાજાએ હવાઇ દળના વિમાનો અને સૈન્ય સાથે કાશ્મીરના રક્ષણ માટે શ્રીનગર ભણી પ્રયાણ કર્યું. શ્રીનગરથી ચાર જ માઇલના અંતરે આક્રમણો આવી પહોંચ્યાં હતાં. ભારતીય સૈન્યે બહાદુરીપૂર્વક સામનો કર્યો. હરામખોરો પીછેહઠ કરી ભાગવા માંડયા. કાશ્મીરનો પ્રશ્ન યૂનોમાં લઇ જવામાં આવ્યો અને તેની મધ્યસ્થીથી યુદ્ધ બંધ થયું. બન્ને તરફનાં લશ્કર હતાં ત્યાં કાયમ રહ્યાં અને જ્યાં યુદ્ધ બંધ થયું તે રેખાને યુદ્ધબંધ રેખા (સીમા ફાયર લાઇન) તરીકે ઓળખવામાં

આવે છે. આ રેખાથી કાશ્મીરના પણ બે ટુકડા થયા. એક ટુકડો હજુ પાકિસ્તાનમાં છે. જેનું આઝાદ કાશ્મીર એવું નામકરણ પાકિસ્તાને કર્યું છે

કાશ્મીર કોનું એવો પ્રશ્ન કોઇ કરે ત્યારે વિનોબા કહેતા, કાશ્મીર આખી દુનિયાનું છે. હિંદુસ્તાન પણ દુનિયાનું છે ને પાકિસ્તાન પણ દુનિયા આખીનું છે. આ વિજ્ઞાનયુગમાં હવે જુદા જુદા દેશોનું અસ્તિત્વ નહીં રહે. સમગ્ર જગતનું એક રાજ્ય બનશે અને આજનો દેશ તેનો એક પ્રાંત બનશે. કાશ્મીરના લોકો કહે છે. કાશ્મીર અમારા બાપનું છે. મારે તેમને કહેવાનું છે કે કાશ્મીર તમારા બાપનું હતું એ વાત સાચી. હવે એ તમારું નથી. સમય બદલાયો છે. સંકુચિત રાષ્ટ્રવાદના દિવસો પૂરા થયા છે.

કાશ્મીરમાં જમીનમાલિકીની ટોચમર્યાદાનો કાયદો પહેલેથી હતો એટલે કોઇની પાસે વધારે જમીન રહી ન હતી. વિનોબા ત્યાં ગયા તે પૂર્વે કોઇએ ભૂદાનની વાતનો પ્રચાર પણ કર્યો ન હતો. સાવ નવેસરથી પ્રચારકાર્ય કરવાનું હતું. તે છતાં રોજેરોજ ભૂદાન મળવા લાગ્યું. દૂર દૂરથી હિંદુ મુસલમાન ભાઇઓ જમીન દેનારા બાબાનાં દર્શનાર્થે આવવા માંડયા. વિનોબાએ બધા ધર્મોનો ભક્તિભાવપૂર્વક અભ્યાસ કર્યો હતો. કુરાન મૂળ ભાષામાં વાંચી શકાય તે માટે તેઓ અરબી ભાષા શીખ્યા હતા. કાશ્મીરની યાત્રા દરમ્યાન રોજ બપોરે અગિયાર વાગ્યે કુરાનની કિલાવત-પાઠ કરવાનો કાર્યક્રમ શરૂ કર્યો હતો. સેંકડોની સંખ્યામાં મુસલમાન ભાઇઓ આ કાર્યક્રમ માટે આવતા. વિનોબા પહેલાં લોકોને કુરાનનું પઠન કરવાનું કહેતા, પછી પોતે કરતા અને અર્થ સમજાવતા. મોટામોટા મૌલવીઓના કુરાનપાઠમાં પણ વિનોબાને ભૂલ દેખાતી અને આ રીતે વિનોબાના કુરાનના ઊંડા અભ્યાસની ખાતરી મળતાં લોકો આશ્ચર્યચકિત થઇ જતા. પાંચદસ દિવસમાં તો ગામેગામ ખબર ફેલાઇ ગઇ કે પયગમ્બરનો સંદેશો ફરી યાદ કરાવવા એક સંતબાબા પગે ચાલતા આવ્યા છે. વિનોબા કુરાનનાં વચનના આધારે કહેતા કે જમીનનો માલિક અલ્લા છે. જે માણસ પોતાને જમીનના માલિક તરીકે ઓળખાવે એ ખરો મુસલમાન નહીં, ઠાકુર છે. જમીનની માલિકીનો ત્યાગ કરી તેનું દાન કરનાર સાચો મુસલમાન ગણાય. લોકો આનંદથી હામાં હા ભેળવી કહેતા બાબાની વાત સાચી છે. એક ઠેકાણે બેચાર સનાતની મૌલવીઓએ વિનોબાને પૂછયું, તમે કુરાનનો અક્ષરેઅક્ષર માનો છો ? વિનોબાએ જવાબ આપ્યો. હું કોઇ ગ્રંથનો અક્ષરે અક્ષર સ્વીકારતો નથી. "તો પછી તમને કુરાનનું સમર્થન શોધવાનો અધિકાર નથી." એમ મૌલવીઓએ કહ્યું. જવાબમાં વિનોબા હસ્યા અને જાહેરસભામાં મજાક કરતાં કહેવા લાગ્યા, આ લોકો મને પયગમ્બરનું નામ લેવાની ના પાડે છે.

એટલે હવેથી હું મારા નામે જ બધા વિચારો રજૂ કરીશ. આ વાતથી આખા કાશ્મીરમાં ખળભળાટ મચી ગયો. બાબાને કુરાનનું સમર્થન શોધવાની મનાઇ ફરમાવનાર એ વળી ક્યા મોટા ધર્મવાદીઓ ? બાબા તો સહુથી વધારે સાચા મુસલમાન છે. કુરાનનાં વચનોને આધારે સર્વોદયના વિચારો રજૂ કરવાનું વિનોબાએ ચાલુ રાખ્યું. ખુદાએ તમને રોટીનો જે નાનો શો ટુકડો આપ્યો હોય તેમાંથી પણ એક ભાગ દાનમાં આપી દેવો જોઇએ એવો પયગમ્બરનો હુકમ છે. એટલે થોડી જમીનવાળાએ પણ જમીનનું દાન દેવું જોઇએ.

જમ્મુ શહેર છોડયા પછી વિનોબાએ યુદ્ધબંધી રેખા પાસેના પ્રદેશની યાત્રા શરૂ કરી. આખા ભાગમાં ઠેર ઠેર ભારતીય સૈન્યની છાવણીઓ. ઠેકઠેકાણે સૈન્યના અધિકારીઓ અને સૈનિકો મળે, વિનોબાના વિચાર શ્રદ્ધાપૂર્વક સાંભળે. પાછળથી વિનોબા કાયમ એ વાતનો ઉલ્લેખ કરીને કહેતા. સૈન્યના માણસોમાં આટલો ભક્તિભાવ છે એ જોઇ મને આનંદ ને આશ્ચર્યનો અનુભવ થતો. નૌશેરા ભારતીય સૈન્યનું એક મુખ્ય થાણું. ત્યાં સૈનિકોની ખાસ સભામાં કરેલા પ્રવચનમાં વિનોબાએ ગીતાનો ધર્મબોધ સંભળાવ્યો. તમે તમારા સ્વધર્મનું પાલન કરો. નિર્ભય અને નિર્વૈર વૃતિ રાખો. નૌશેરાથી પાકિસ્તાનની સીમા ફક્ત બે માઇલના અંતરે છે. ત્યાંની પ્રજાની "અમારો મંત્ર જગ જગત"ની ઘોષણા સાંભળીને વિનોબાએ કહ્યું. ખૂબ જોરથી આ ઘોષણા કરો જેથી પાકિસ્તાનમાં પણ તે સંભળાય. અને ફક્ત ઘોષણા કરીને બેસી ન રહેતાં એ પ્રમાણે આચરણ કરો તો એની અસર પાકિસ્તાન અને આખી દુનિયા પર પડે.

સૈન્યના માણસોને મોંઢે "ટેકરીની પેલે પાર દુશ્મનની ફોજ છે." એવી વાત સાંભળી વિનોબાએ કહ્યું, "દુશ્મન ન કહો. પડોશી કે મિત્ર કહો. દુનિયામાં આપણો કોઇ દુશ્મન નથી, બધા દોસ્ત જ છે."

ઇશાવાસ્ય ઉપનિષદમાં કહ્યું છે કે જ્ઞાની પુરુષ ભૂતમાત્રમાં પોતાનું રૂપ જુએ છે. એટલે બધાને પ્રેમ કરે છે. કોઇનો તિરસ્કાર કરતો નથી. વિનોબાના મનમાં માનવમાત્ર પ્રત્યે, જીવમાત્ર પ્રત્યે જે પ્રેમ વસતો હતો એનું પ્રતિબિમ્બ લોકોના મનમાં પડતું જણાતું. સીમા પારના પાકિસ્તાનના એક નાના ગામની વાત છે. ભારતમાંથી ગયેલા એક માણસને ત્યાંના લોકોએ ઉત્કંઠાથી પૂછયું, "તમારે ત્યાં આવ્યા છે એ સંતબાબા અહીં ક્યારે આવશે ?" પેલાએ કહ્યું, "એ તો આવવા તૈયાર થાય એવા છે. એમનું કંઇ કહેવાય નહીં. પણ તમારી સરકાર પરવાનગી આપશે ?" પાકિસ્તાનના એ ગામના લોકોએ તરત કહ્યું, નહીં કેમ આપે ? સાધુબાબા કંઇ ભારતના જ છે એવું છે ? એ તો આખી દુનિયાના છે. અને અહીં

આવશે તો અહીંની જમીન બીજે લઇ જવાના છે શું ?" અહીંના પૈસાવાળાઓ પાસેથી લઇને અહીંના ગરીબોને જ વહેંચી આપવાના છે ને ? વિનોબા કહેતા, અમારી ખેતી સરસ ચાલે છે. અમે વાવીએ એક ઠેકાણે ને ઊગે બીજે.

પૂંચથી આગળ હિમાલયની પીર પંજાલ પર્વતમાળા ઓળંગીને કાશ્મીરના ઘાટમાં પ્રવેશ કરવાનો હતો. માર્ગમાં આવતું સહુથી ઊંચું શિખર સાડા તેર હજાર ફૂટનું. વધારામાં એ દિવસ પણ વરસાદના હતા. બીજી જુલાઇના દિવસે વિનોબા સવારના પહોરમાં પૂંચથી રવાના થયા ત્યારે મુશળધાર વરસાદ પડતો હતો. આકાશ કાળાં વાદળાંથી ઘેરાયેલું હતું. રસ્તે એક નાળું આવ્યું. ચોમાસામાં પહાડપર્વત પર નદીનાળાંમાં અચાનક પૂર આવે છે અને તેમાં ગામનાં ગામ તણાઇ જતાં હોય છે. નાળામાં ગોઠણ સમાણાં પાણી જોઇ વિનોબા તેમાં ઊતર્યા. સાથેના સ્થાનિક અધિકારીઓ અને સૈન્યના અધિકારીઓએ એમને ચેતવ્યા. પાછા ફરો, પાણી વધી રહ્યાં છે. પણ પાછા ફરે એ વિનોબા નહીં. તેઓ તો આગળ વધતાં જ જાણે. પાણીની સપાટી વધી રહી હતી. થોડા ગણતરીના સાથીદારો સાથે હતા. બાકી બધા સામાન સાથે કિનારે ઊભા હતા. વિનોબાએ સામે કિનારે પગ મૂક્યો ને પર્વત જેટલું ઊંચું મોજું ઊછળ્યું. વિનોબા સાથીઓ સાથે સુખરૂપ મુકામ પર પહોંચી ગયા. રસ્તે એક ઠેકાણે જમીન ધસવાનો પ્રસંગ બન્યો. પલકારામાં આખી ટેકરી ધસી ગઇ. વિનોબાને અને ટેકરીની જમીન વચ્ચે બે ડગલાંનું અંતર હતું. એટલે કોઇને કાંઇ ઇજા ન થઇ. આગળના પ્રવાસનો ઇશારો મળી ગયો.

પાકિસ્તાનની સીમા પાસે પર્વતમાળામાં મુશ્કેલ પગદંડીનો પ્રવાસ. એક તરફ ઊંચો પર્વત ને બીજી તરફ ભરેલી નદી. સાથેના અધિકારીઓ વિનોબાના સાથીદારોને ચેતવ્યા કરતા. સંભાળીને ચાલજો. પગ જરાક લપસ્યો કે નદી તમને સીધા પાકિસ્તાનમાં પહોંચાડી દેશે. વિનોબા કહેતાઃ નદી પણ કહે છે કે એક થઇ જાવ. પણ મૂરખા માણસો સમજતા નથી. ઊંચા ડુંગરની તળેટીમાં નાની શી એક નદીના કિનારે વસેલા મંડી રાજપુર નામના રળિયામણા ગામમાં વિનોબાએ લાકડાનો પુલ ઓળંગીને પ્રવેશ કર્યો ત્યારે ગામલોકોએ આનંદપૂર્વક તેમનું સ્વાગત કર્યું. બીજે દિવસે નદીમાં રેલ આવી ને અર્ધું ગામ તેમાં તણાઇ ગયું. પાણી ચઢતું જોઇને લોકો વિનોબાને એક ઊંચી ટેકરી પર લઇ ગયા. ટેકરીના ઢોળાવ પરનાં નાનાં નાનાં લીલાંછમ ખેતરો, લાકડાંનાં ઘર અને નદીકિનારા પરનાં ઊંચાં વૃક્ષો ક્ષણમાત્રમાં વહી જતાં જીવનની ક્ષણભંગુરતાનું જાણે દર્શન થયું. બિનતારી સંદેશો આવ્યો કે આખા કાશ્મીરમાં ભયંકર રેલ આવી છે અને ચારે તરફ હાહાકાર મચી ગયો છે. બધા રસ્તા તૂટયા છે, પુલ તણાઇ ગયા છે. વિનોબાનો

આગળનો પગરસ્તો પણ વરસાદ અને જમીન ધસવાને કારણે નકામો થઇ ગયો છે. એટલે આગળ જવાનું શક્ય નથી. પાછા ફરવા સિવાય બીજો કોઇ ઉપાય નથી. કાશ્મીરના મુખ્યપ્રધાને પણ તેમને વિનમણી કરતો સંદેશો મોકલ્યો. વિનોબાએ કહ્યું: આ વિનોબા એકવાર પાછો ફરશે તો પછી ફરી ક્યારેય કાશ્મીરમાં પગ નહીં મૂકે. વિનોબા પાછા ફરે એમ નથી.

વિનોબાની યાત્રાની બધી વ્યવસ્થા જનતા કરતી. પણ કાશ્મીરમાં એમણે રાજ્ય સરકારની મહેમાનગતિ સ્વીકારી હતી. પહાડો પરની મુશ્કેલ પદયાત્રામાં સામાન ઉઠાવનાર માણસોથી માંડી બધી વ્યવસ્થા કરનારા માણસોની મળીને સિત્તેર-પંચોતેર માણસોની ટુકડી આ યાત્રામાં સાથે હતી. આમાં વિનોબાના પોતાના સાથી ફક્ત સાત હતા. મંડી પહોચ્યાને પાંચ દિવસ થઇ ગયા હતા. સાથેનો ખાધાખોરાકીનો સામાન લગભગ ખલાસ થવા આવ્યો હતો. બધા આગળને રસ્તે ખાધાખોરાકીનો સામાન મળવાનો સંભવ ન હતો. બધા ચિંતામાં હતા. પણ વિનોબા પોતાનામાં જ મસ્ત. નવમી જુલાઇની વહેલી સવારે તેઓ એકલા જ આગળ ચાલવા માંડયા. બે સાથીદારો પાછળ દોડયા. દોડધામ મચી ગઇ. પાઇન-ફરનાં ઊંચાં ઊંચાં વૃક્ષોના સાનિધ્યમાં ડુંગરાઓમાં થઇ વહેતાં નદીનાળાં ઓળંગીને તે લપસણી પગદંડી પર ચાલીને વિનોબા લોરેન નામના ગામના બીજા મુકામે શી રીતે પહોંચ્યા એનું સહુ કોઇને આશ્ચર્ય થયું. બીજા બધા સાથેના માણસો માંડ કરીને બપોર સુધીમાં બધો સરસામાન લઇ પહોંચ્યા. પણ ખાવાપીવાનો સામાન સાવ ખલાસ થઇ ગયેલો. સાંજે શું ખાવું એ સવાલ હતો. બેએક કલાક આમજ નીકળી ગયા. એટલામાં પૂંચના લોકોએ મોકલેલું અનાજ લઇ કેટલાક મજૂરો રસ્તો ભૂલતા, પાછા સાચે રસ્તે ચઢતા એમ રખડતા રખડતા લોરેન આવી પહોંચ્યા. લોરેન ઐતિહાસિક મહત્ત્વનું સ્થળ છે. મહમદ ગઝનીએ આ જ રસ્તે કાશ્મીર પર હલ્લો કરવાના ત્રણ વાર પ્રયત્ન કર્યા હતા. પણ કુદરત અનુકૂળ ન હતી અને લોરેનના લોકોએ ભારે બહાદુરીથી સામનો કરીને તેને પાછો વાળ્યો હતો. છેવટ નિરાશ થઇ એ પાછો ફર્યો. આ ઇતિહાસનો ઉલ્લેખ કરી વિનોબા કહેતાઃ એ શસ્ત્રો લઇને કાશ્મીર જીતવા આવ્યો એટલે જ એને પાછા ફરવું પડયું. મારે પ્રેમથી કાશ્મીર જીતવું હતું એટલે હું આગળ જઇ શક્યો.

લોરેન પછીનું ચઢાણ સહુથી મુશ્કેલ હતું. ઊંચી ઊંચી પહાડી પર નાના તંબુ ઠોકી રાત પસાર કરવાની ને સવારે ચાલવા માંડવાનું. એવો કાર્યક્રમ હતો. ઠંડીને કારણે રાત્રે ઊંઘ આવતી નહીં. રસ્તે ચાલતા વિનોબા દર સો ડગલાં આગળ વધીને અર્ધી મિનિટ રોકાઇ જતા અને પાછળ નજર કરીને કહેતાઃ આ તો

સ્વર્ગારોહણનું પર્વ છે. આપણું કોઇ થાકીને પડયું છે ? -રાક્ષસી ઊંચાઇનાં પાઇનફર વૃક્ષો અને દેવદાર વૃક્ષોનો સાથ બેત્રણ દિવસ રહ્યો. પછી વધારે ઊંચાઇએ જતાં નાનાં નાનાં નાજુક રંગબેરંગી ફૂલોનો ગાલીચો બિછાવ્યો હોય એવું દૃષ્ય જોવા મળ્યું. પછી તો મોટા મોટા ખડક અને એથી આગળ સાડાબાર હજાર ફૂટની ઊંચાઇએ ચારે તરફ બરફ જ બરફ. એક સાંજે કરા પડ્યા. બધા ગભરાયા. તંબુમાં ભરાઇ ગયા. માથું ભાંગે એવા મોટા કરા એટલી ઊંચાઇએ પડતા હોય છે. વિનોબા તો હસતા હતા. ગભરાય નહીં. જો જો હમણાં વરસાદ બંધ થઈ જશે. અને ખરેખર અર્ધા કલાકમાં વરસાદ રહી ગયો. બીજે દિવસે છેવટનું મુશ્કેલ ચઢાણ શરૂ થયું. બે સ્થાનિક લોકોના હાથ પકડી વિનોબા ડગલાં ભરી રહ્યા હતા. આકાશ નિરભ્ર હતું. સૂર્ય ધીમે રહીને બહાર આવ્યો. બધાએ રાહતનો શ્વાસ લીધો. તે દિવસે વરસાદ કે પવન હોત તો કોઇના બચવાની આશા રાખી શકાય એમ ન હતું. તેજસ્વી સૂર્યપ્રકાશમાં વિનોબા તેર હજાર ફૂટની ઊંચાઇએ પહોંચ્યા. બરફની શિલા પર બેઠા અને વેદોપનિષદના મંત્રોનો ઉચ્ચાર કરવા લાગ્યા તેમ જ જ્ઞાનદેવ અને બીજા સંતોનાં ભજનો ગાવા લાગ્યા. પ્રાર્થનાને અંતે ધ્યાન. હિમાલયની આટલી ઊંચાઇએ બરફની શિલા પર બેસી વિનોબાએ કન્યાકુમારીના સાગરતીરે શિલા પર બેસીને જે પ્રતિજ્ઞા કરી હતી તેનો પુનરુચ્ચાર કર્યો. ભારતમાં પાંચ લાખ ગામોમાં ગ્રામસ્વરાજ્યની સ્થાપના થતાં સુધી મારી યાત્રા ચાલુ રહેશે.

અઢી હજાર ફૂટની ચઢાઇ અને પછી બે હજાર ફૂટનો ઉતાર પગપાળા કાપીને વિનોબા કાશ્મીરના તુંગન ગામે પહોંચ્યા ત્યારે શ્રીનગરથી દવા ને સ્ટ્રેચર વગેરે સરસામાન લઇને મોકલવામાં આવેલા કેટલાક ડૉકટરો ત્યાં રાહ જોઇ રહ્યા હતા. પણ વિનોબા અને તેમના સાથીદારોને સંપૂર્ણપણે સ્વસ્થ ને તંદુરસ્ત જોઇ ડૉકટરોને જ મૂર્છા આવશે કે શું એમ લાગ્યું. વિનોબા પોતાને અલ્લાના સેવક ગણાવતા. ઇશ્વરનું કામ કરનારનું રક્ષણ ઇશ્વર જાતે કેવી રીતે કરે છે એની પ્રતીતિ સહુને થઇ. પીર પંજાલની પર્વતમાળા ઓળંગીને વિનોબા ગુલમર્ગના રાજમહેલમાં પહોંચ્યા ને વરસાદનો મારો શરૂ થયો. પીર પંજાલ વિનોબા ઓળંગી જાય ત્યાંસુધી કોઇએ જાણે વરસાદ, પવન, તોફાન પર પ્રતિબંધ ન મૂક્યો હોય! વિનોબા અમસ્તા હસતાં કહેતા કે હું નથી ચાલતો, મને કોઇક ચલાવે છે.

કાશ્મીરના પ્રદેશમાં થયેલા પહેલા જ સ્વાગતમાં ગામલોકોએ એક ફારસી ગીત ગાયું હતું. એનો અર્થ એવો હતો કે, તું અહીં આવ્યો છે તે પાછા જવા માટે નહીં. તારી પાસેથી અમારે શક્તિ ને પ્રકાશ જોઇએ છે. તું અહીં જ રહે.

વિનોબાએ ભાવવશતાથી કહ્યું હતું: આખા ભારતમાં હું આવાં જ પ્રેમભક્તિનાં ગીતો સાંભળતો આવ્યો છું. દરેક સ્થળે મને તમારા જેવા જ પ્રિય મિત્રો મળ્યા છે અને એટલે દરેક સ્થળે મને હું મારા જ વતનમાં હોઉં એવું લાગ્યું છે. ઇશ્વરે આપણને પ્રેમ કરવા માટે જ જન્મ આપ્યો છે. પ્રેમનું રાજ્ય સ્થાપિત કરો એટલે પછી તમારી ઇચ્છા પ્રમાણે હું અહીં જ રહીશ.

વિનોબા બધા જ પક્ષના અને વિચારોના લોકોને મળતા તેમની સાથે સુખદુ:ખની વાતો કરતા. વિનોબા આગળ દિલ ખોલીને વાત કરવામાં કોઇને શરમ-સંકોચ ન લાગતાં. વિનોબાનો માતૃવત્ પ્રેમ અને હઠીલા બાળકને મા વઢે એવી વઢવાની રીત જોઇને લોકોનાં હૃદયનાં દ્વાર ખૂલવા લાગ્યાં. સત્તારૂઢ પક્ષ નેશનલ કોન્ફરન્સ, વિરોધી પક્ષ ડેમોક્રેટિક કોન્ફરન્સ, પ્રજાપરિષદ, શેખ અબ્દુલાનો પ્લેબીસાઇટ ફ્રન્ટ અને પાકિસ્તાનમાં ભળવા ઇચ્છતા પોલિટીકલ ફ્રન્ટ વગેરે જુદા જુદા બધા જ પક્ષના લોકો વિનોબા સમક્ષ મન મોકળું કરી દેતા. વિનોબા તેમને સમજાવીને વાતો કરતા. કાશ્મીરના પ્રશ્નનું નિરાકરણ કેવી રીતે આવશે એવા સવાલના જવાબમાં તેઓ કહેતા કે રાજકારણના રસ્તે હવે એક પણ પ્રશ્નનો ઉકેલ આવવાનો નથી. આધ્યાત્મિક માર્ગે જ ઉકેલ સંભવે. વિજ્ઞાનના યુગમાં રાજકારણનું મહત્ત્વ નથી રહેવાનું. બધા રાજકારણીઓ અને મુત્સદ્દીઓ હવે શિશિર ઋતુનાં સૂકાં પાંદડાંની જેમ ખરી પડવાના છે. એ લોકોના દિવસ પૂરા થયા છે. રાજકારણ માણસોને છૂટા પાડે છે, અધ્યાત્મ સહુને ભેગા આણે છે. હવે અત્યારે ભેગા કરનારી સહુને એકત્ર આણનારી શક્તિની જરૂર છે, જુદા પાડનારી કે સંઘર્ષની શક્તિનું કામ નથી. મેં તો એક સમીકરણ માંડયું છે : 'રાજનીતિ + વિજ્ઞાન = સર્વનાશ' અને 'અધ્યાત્મ + વિજ્ઞાન = સર્વોદય.'

જમ્મુની જેલમાં શેખ અબ્દુલ્લાની મુલાકાત લઇને વિનોબાએ એમના વિચારો જાણી લીધા હતા. કાશ્મીરમાં ઠેકઠેકાણે શેખ અબ્દુલ્લાના અનુયાયી મળતા. કાશ્મીરનો પ્રશ્ન જનમત લઇને ઉકેલવો એવો એમનો મત હતો. વિનોબાને જનમતનો માર્ગ યોગ્ય લાગતો ન હતો.

કાશ્મીરમાં ગરીબાઇ જોઇ વિનોબાને બહુ દુ:ખ થતું. જ્યાં પ્રકૃતિએ ખોબેખોબા ભરીને સૌંદર્યની લ્હાણ કરી છે ત્યાં ગરીબાઇ શોભે નહીં. ગરીબાઇ હોય એવાં સૌંદર્યસ્થળો મને "ડર્ટી સ્પોટ્સ" જેવાં લાગે છે એમ તેઓ કહેતા. ગરીબાઇ નાબૂદ કરવી એ એક પાયાનું કામ છે અને એ કામમાં મતભેદ ભૂલી જઇને બધાએ જોડાવું જોઇએ. ખીલતા ગુલાબ જેવી કાંતિ ધરાવતા દસબાર વર્ષના કાશ્મીરી બાળકને લાકડાની ભારી ઉપાડીને રાત આખી પગે ચાલવું પડે છે,

ત્યારે માંડ એને આના બે આનાની મજૂરી મળે છે. બાળપણથી બોજો ઊંચકી ઊંચકીને એની કમર વાંકી વળી જાય છે એ જોઇ વિનોબાને બહુ દુઃખ થયું. પ્રાયશ્ચિત્ત તરીકે એમણે પોતાનો સામાન પોતે ઊંચકવાનું શરૂ કર્યું.

દરરોજનાં પ્રવચનોમાં વિનોબા ધર્મ અને આધ્યાત્મિકતા એ બે મુદ્દાઓ અવારનવાર ઉપસ્થિત કરતા. તેઓ કહેતા. દરેક ધર્મના બે ભાગ હોય છે, સંકુચિત પંથદૃષ્ટિ અને અધ્યાત્મ. વિજ્ઞાનયુગમાં પંથદૃષ્ટિ નહીં ચાલે, અધ્યાત્મ ટકી રહેશે અને વિજ્ઞાનને દિશા ચીંધતો પંથવાદ માણસ માણસ વચ્ચે ભેદ નિર્માણ કરે છે, અધ્યાત્મ સહુને ભેગા આણે છે. સત્ય, પ્રેમ, કરુણા એ શુદ્ધ અધ્યાત્મ છે. સવારની પ્રાર્થના કરતી વખતે હિંદુ પૂર્વ દિશા તરફ ફરીને ઊભો રહે તો મુસલમાન પશ્ચિમ તરફ. પણ ઇશ્વર તો બધી જ દિશાઓમાં વસે છે. એટલે કઇ દિશા તરફ મોં કરવું એ ગૌણ બાબત છે. ઇશ્વરનું સ્મરણ કરવું એજ મુખ્ય વાત છે અને એ જ અધ્યાત્મ છે. ધર્મપંથો અથવા પંથવાદને અનુસરતા ધર્મ બહારની બાબતો પર ભાર મૂકે છે. અધ્યાત્મ અંદરની બાબતોને વધુ મહત્ત્વ આપવાનું કહે છે. વિનોબા આવી વાતો કરવા માંડે એટલે કેટલાક હિતેચ્છુઓ કહેતાઃ અહીંના લોકોને આવું આવું સાંભળવાની ટેવ નથી. આવી વાતો કરીને તમે જાતે મુશ્કેલી ઊભી કરશો. વિનોબાને નવાઇ લાગતી. તેઓ કહેતા– સાચી વાત કહેવા માટે ઇશુને શૂળી પર ચઢાવવામાં આવ્યો ને ગાંધીજી પર ગોળીઓ છોડવામાં આવી. મારા ભાગ્યમાં પણ આવું જ કંઇક લખાયું હોય તો મને આનંદ જ થશે. લોકો શૂળીએ ચઢાવે કે ગોળીએ મારે, હું તો સત્ય હશે એ કહેવાનો જ. વિનોબા નિર્ભયતાપૂર્વક સત્ય કહેતા ગયા અને કાશ્મીરની જનતા પ્રેમ અને ફૂલોથી તેમનું સ્વાગત કરી તેમને સમર્થન આપતી હતી.

વિનોબાને દરેક વિચાર માટે કુરાનનો આધાર મળી જતો. કુરાનમાં ઉમ્મુલ કિતાબ અને મુતશબિહાત એમ બે ઉલ્લેખ આવે છે. ઉમ્મુલ કિતાબ એટલે ધર્મના મૂળ સિદ્ધાંત - અધ્યાત્મ. અને મુતશબિહાત એટલે પરિવર્તન પામતો ભાગ - પંથવાદ... કુરાનમાં કહેવામાં આવ્યા છે. અને ઇશ્વર આ બધા પયગમ્બરો વચ્ચે કોઇ ભેદભાવ રાખતા-માનતા નથી. બધા પયગમ્બરો એક જ જમાનાના છે.. ઇશ્વરને રહમાન, રહીમ, દયાળુ, કૃપાળુ ગણવામાં આવે છે. કરુણાવાન ઇશ્વરની ભક્તિ કરવી એટલે આપણા જીવનમાં કરુણાનો ભાવ કેળવવાનો, દીનદુઃખીઓની સેવા કરવાની, જમીન-વિહોણા લોકોને જમીન આપવાની, ગરીબોની ગરીબાઇ દૂર કરવાની. જે સાચો ભક્ત હશે એ સમાજમાં ગરીબાઇ રહેવા નહીં દે. કાશ્મીરને ભારત સરકાર ખૂબ સહાય પહોંચાડે છે એમ બધે ઠેકાણે સાંભળવા

મળતું. પણ એ સહાય લોકો સુધી પહોંચતી નથી, વચલા માણસો તેનો ફાયદો લઇ જાય છે એવી ફરિયાદ થતી. વિનોબા કહેતાઃ અમારા પવનારમાં ખેતરોને પાણી મળી રહે એ માટે નાળી ખોદી હતી. પણ ઘણુંખરું પાણી નાળીમાં જ શોષાઇ જતું. ખેતરોને પહોંચતું જ નહીં. આવું જ અહીં પણ બની રહ્યું છે. લોકોમાં જાગૃતિ આવશે. જનશક્તિ જાગૃત થશે ત્યારે જ પરિસ્થિતિ બદલાશે. કાશ્મીરમાં વિનોબા સરકારી મહેમાન હતા એટલે એમની દેખરેખ સારી થતી. સગવડ સચવાતી એ ખરું પણ સાથે સરકારી જાસૂસ પણ રહેતા. આ વાત એકવાર કોઇએ કહી તે સાંભળીને વિનોબાએ કહ્યું : મારી પાછળ જ નહીં, ચારે બાજુ જાસૂસ હોય તો પણ મને વાંધો નથી, એ લોકો મારી સાથે રહેશે, મારા વિચારો સાંભળશે તો અમારા કાર્યકર્તા બની જશે.

પ્રેમની આપ-લે કરતાં કાશ્મીરની યાત્રા વિનોબા કરી રહ્યા હતા. રોજ હજારોની સંખ્યામાં મુસલમાન બાંધવો બાબાનાં દર્શન કરવા આવતા. કાશ્મીરમાં બધે હિંદુ-મુસલમાન એકતા જોવા મળતી. અનંતનાગમાં મંદિર-મસ્જિદ એક જ ઠેકાણે છે. છેલ્લાં ચારસો વર્ષથી હજારો હિંદુ-મુસલમાન લોકો એક નાના સરખા દરવાજામાંથી એ સ્થળે પ્રવેશ કરે છે. મીરાંબાઇ જેવી લલ્લેશ્વરી કાશ્મીરના લોકોની આદરણીય સંત છે. એ જ્ઞાનદેવની સમકાલીન. શૈવ સંપ્રદાયના અદ્વૈત મતની આ સંત સ્ત્રી વિદેહાવસ્થાએ પહોંચી શકેલી. નગ્નાવસ્થામાં એ ફરતી. પીર પંજાલના બરફ પર ચાલતાં વિનોબાને આ લલ્લેશ્વરીનું સ્મરણ થતું. લલ્લનાં ગીતો આજે પણ કાશ્મીરના મુસલમાનોમાં પ્રેમપૂર્વક ગવાય છે.

કાશ્મીર તો ભારત માતાનું મસ્તક. સર્વોદય સમાજની સ્થાપનાના કાર્યમાં પણ કાશ્મીર મોખરે રહે એવી વિનોબાની ઇચ્છા હતી. ચાર મહિનાની કાશ્મીરયાત્રા પૂરી કરીને વિનોબા પઠાણકોટ પાછા ફર્યા ત્યારે કાશ્મીરના પ્રકૃતિસૌંદર્ય કરતાં સૌમ્ય, શાંત, પ્રેમાળ કાશ્મીરી લોકોના હૃદયસૌંદર્યથી તેઓ વધારે અભિભૂત થયેલા હતા. વિનોબાએ કાશ્મીર છોડયું હતું. પણ ત્યાંના વાતાવરણમાં, ફળફૂલની મહેંકમાં એક જ વાત સંભળાતી હતીઃ તું અમારે ત્યાં આવ્યો છે તે પાછા જવા માટે નહીં. માણસ પોપટને બોલતાં શીખવે છે. પણ જંગલની મેનાને પ્રેમ કરવાનું કોણ શીખવે છે ? અમે પણ એ જ રીતે કોઇના શીખવ્યા વિના પ્રેમ કરીએ છીએ. પ્રેમના સામ્રાજ્યના બાદશાહે પોતાનો જરિયાન મુગટ ફકીરને સ્વાધીન કરી દીધો.

બાર વર્ષ તેર મહિના

વિશ્વામિત્ર ઋષિ વિપાટ શતદ્રુના સંગમસ્થળ ગયા અને ત્યાં નદીનાં પાણીની વધતી સપાટી જોઇ ઋષિએ પ્રાર્થના કરી એવી એક કથા વેદમાં મળી આવે છે. ઝેલમ (વિતસ્તા), ચિનાબ (ચંદ્રભાગા) રાવી, બિયાસ (વિપાટ) અને શતદ્રુ (સતલજ) આ પાંચ નદીવાળા પંજાબમાં વૈદિક સંસ્કૃતિ વિકાસ પામી. દરિયા સિંધ (સિંધુ નદી) પરથી આ પ્રદેશને સિંધુસ્તાન (હિંદુસ્તાન) નામ પ્રાપ્ત થયું.

પઠાણકોટ (પ્રસ્થાન કોટ)થી ભારત, પાકિસ્તાન અને કાશ્મીર આ ત્રણે પ્રદેશ તરફ જઇ શકાય છે. આવા આ મધ્યબિંદુએ વિનોબાએ ત્રણે પ્રદેશની સેવા કરવા માટે અને પરસ્પર મૈત્રી નિર્માણ કરવા 'પ્રસ્થાન આશ્રમ'ની સ્થાપના કરી હતી.

થોડા દિવસ હિમાચલ પ્રદેશમાં યાત્રા કરી વિનોબા શીખોના ધર્મસ્થળ અમૃતસર પહોંચ્યા. ત્યાંના વિખ્યાત સુવર્ણમંદિરમાં જઇ એમણે પ્રાર્થના કરી. રાજકારણના મતભેદને લઇને ધર્મ ક્ષેત્રે પણ પરિસ્થિતિ બગડવા માંડી હતી. અકાલી દળના નેતા માસ્તર તારાસિંહ વિનોબાને મળવા અવારનવાર આવતા. વિનોબા સહુને કહેતા: ગુરુદ્વારામાં પ્રવેશ કરતાં પહેલાં પગરખાં બહાર કાઢવાં પડે છે. એ જ રીતે રાજકારણનાં પગરખાં પણ બહાર કાઢીને ધર્મસ્થાનમાં પ્રવેશ કરો. ધર્મમાં રાજકારણનો હસ્તક્ષેપ ન હોવો જોઇએ.

દેશના એકાદ ખૂણાના દૂર દૂરના ગામડે જઇને પણ વિનોબા આખી દુનિયા સાથેનો માનસ-સંબંધ તો ચાલુ જ રાખતા. રોજનાં અખબારો તેઓ ધ્યાનથી વાંચતા અને તેમનું સંવેદનક્ષમ મન, થર્મોમિટરની ચોકસાઇથી, દુનિયામાં બનતા બનાવો અંગે તારણ વ્યક્ત કરતું. તિબેટમાં ચીને ગુજારેલા અત્યાચાર, દલાઈ લામાનું ભારતમાં આગમન, ચીનની તે અંગેની ધાંધલ વગેરે પ્રસંગો વિષે વિનોબાની તટસ્થ બુદ્ધિએ નિર્ણય આવ્યો કે આજ સુધી ભારતભૂમિએ સહુ શરણાગતોને આશ્રય આપ્યો છે. એ પરંપરા પ્રમાણે દલાઇ લામાને પણ આશ્રય આપ્યો છે. ચીને આ કારણસર રોષે ભરાવાની જરૂર નથી. ભારત સહુ પ્રત્યે ચીન પ્રત્યે પણ

મૈત્રીભાવ ધરાવે છે. એ વાત ચીને યાદ રાખવી જોઇએ.

ભાખરા-નાંગલ ખાતે ભારતનો સહુથી મોટો બંધ બાંધવામાં આવી રહ્યો છે. તેનાં પાણીથી પંજાબ ને રાજસ્થાનની સેંકડો એકર જમીન ફળદ્રુપ બનશે અને એટલે એ સ્થળ આધુનિક તીર્થધામ છે એમ પંડિત નહેરુ કહેતા. આ વાતનો ઉલ્લેખ કરી વિનોબા કહેતાઃ ભાખરા-નાંગલનાં પાણીથી જેઓની પાસે જમીન છે તેમને ખૂબ ફાયદો થશે. પણ જમીનવિહોણા તો એમના એમ જ રહેશે. સરકારે એવી યોજના કરવી જોઇએ કે જે ખેડૂતોને બંધનું પાણી મળે એ લોકોએ પોતાની જમીનના છઠ્ઠા ભાગની જમીન ભૂમિહીનો માટે દાનમાં આપવી. આનાથી દાન દેનારને નુકસાન થવાનું નથી. કારણકે છ એકર પાણી વિનાની જમીનમાંથી જેટલો પાક ઊતરે એટલો પાક તેઓને ફક્ત એક એકર પાણીવાળી જમીનમાંથી મળશે. પણ ભૂમિહીનોને જમીન મળતાં એમનું તો જીવન સુધરી જશે અને તેમના આશીર્વાદ ભાખરા-નાંગલને મળશે, એ સ્થળ ત્યારે ખરેખરું તીર્થધામ બનશે. જે કામને ગરીબોના આશીર્વાદ ન હોય તે મહત્ત્વ પ્રાપ્ત કરી શકે જ નહીં.

પંજાબથી પાછા ફરતાં રસ્તે દિલ્હી આવે. પણ વિનોબા દિલ્હી ન ગયા. દિલ્હીની એમણે પ્રદક્ષિણા કરી, દિલ્હીના મોટા મોટા માણસો એમને દિલ્હી આવવા આગ્રહ કરતા. વિનોબા મશ્કરી કરતા ને કહેતાઃ ગયા તે ગયા, પાછા આવ્યા જ નહીં. એવું દિલ્હીનું છે, એકવાર દિલ્હી જાય છે એ માણસ પાછો ફરતો નથી. રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન વિનોબાને મળવા પાસેના પટ્ટીકલ્યાણ ગામે ગયા. એ બન્ને વર્ષમાં એકવાર તો વિનોબાને જરૂર મળતા.

ભિંડના બે આગેવાન કાર્યકર્તા કાશ્મીરમાં ગુલમર્ગ ખાતે વિનોબાને આવીને મળ્યા હતા. એમના પ્રદેશમાં ડાકુઓની પ્રવૃત્તિ બહુ જોરમાં ચાલતી હતી. લશ્કર કે પોલીસથી આ પ્રશ્ન ઊકલે એમ નથી. તમે આવો એવી એ લોકોની વિનંતી હતી. વિનોબાએ એમને વિચાર કરવાનું વચન આપ્યું હતું. તે પછી એ દિવસોમાં ઠાર થયેલા ડાકુ માનસિંહના પુત્ર તહેસિલસિંહે એક પત્ર નૈની જેલથી વિનોબાને લખ્યો હતો. એમાં એણે લખ્યું હતું કે મને ફાંસીની સજા થઇ છે. મરતાં પહેલાં તમારાં દર્શન પામવાની ઇચ્છા છે. તમે અમારા પ્રદેશમાં જાવ અને અમારાં બાળકોને ખોટા માર્ગેથી પાછાં વાળો એવી મારી વિનંતી છે. આ પત્ર મળતાં વિનોબાએ જનરલ યદુનાથસિંહને નૈની મોકલ્યા. આમ એક પ્રવૃત્તિનાં ચક્રો ગતિમાન થયાં. ચંબલની ખીણના ડાકુઓથી છવાયેલા પ્રદેશની યાત્રા વિનોબા કરે એવી તો અનેક લોકોની વિનંતી હતી, પણ વિનોબા મજાકમાં કહેતાઃ

દુનિયાના બધા પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો ઇજારો મેં લીધો નથી. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં થઇને વહેતી ચંબલ યમુનાને મળે છે. આ નદી આઠહજાર વર્ગ માઇલ ભૂમિ પરથી વહે છે. એના વેગીલા ચંચળ પ્રવાહને કારણે કિનારાના પ્રદેશની માટી વહી જઇને મોટાં મોટાં કોતર બન્યાં છે, જ્યાં ડાકુઓને છુપાઇ રહેવાની સગવડ મળે છે. ઠેઠ અકબરના વખતથી આ પ્રદેશ ધાડપાડુઓના ક્ષેત્ર તરીકે નામચીન છે. બંદુકની ધાકથી ધાડપાડુઓનો નાશ કરવાના પ્રયત્ન અનેક સરકારો આજ સુધી કરી ચૂકી હતી. પણ બંદુકથી ડાકુ મરે, એમની પ્રવૃત્તિ શી રીતે બંધ થાય ? ઊલટાના રાક્ષસના લોહીના એક ટીપાંમાંથી અનેક રાક્ષસ સરજાય એ રીતે એ ધાડપાડુ ઠાર થાય કે બીજા અનેક ઊભા થતા. આર્થિક કારણો કરતાં પણ એકબીજાનાં વેરઝેર, સ્વાભિમાન અને શૂરતાની ચિત્રવિચિત્ર કલ્પના અને પોલીસોના ત્રાસને કારણે વધારે ને વધારે લોકો ધાડપાડુ ટોળીઓમાં સામેલ થતા જતા હતા.

કાશ્મીરથી ઇન્દોર જવાનો કાર્યક્રમ જાહેર થઇ ગયો હતો. પણ ચંબલ રસ્તે ઇન્દોર જવું કે નહીં એ નક્કી કરતાં પહેલાં વિનોબાએ જનરલ યદુનાથસિંહને ચંબલ પ્રદેશ સાથે સંબંધ ધરાવતી ત્રણેય રાજ્ય સરકારની અને કેન્દ્ર સરકારની પરવાનગી મેળવવા જણાવ્યું. વિનોબાએ કહ્યું મારા જવાથી આ સરકારોને માટે કંઇ મુશ્કેલી ઊભી ન થવી જોઇએ. એવું હોય તો હું એટલું ધ્યાનમાં રાખીને સરકારોએ પોતાના મત જણાવવાના છે. ચારે સરકાર તરફથી વિનોબાને તમે જરૂર આવો. તમારા આવવાથી અમને મદદ મળશે. એવો સંદેશો આવ્યો. વિનોબા ચંબલ પ્રદેશમાં પ્રવેશ કરે તે પૂર્વે આગ્રા ખાતે ભારતના ગૃહપ્રધાન પંડિત ગોવિંદવલ્લભ પંત અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન સંપૂર્ણાનંદ તેમને મળવા આવ્યા. જાહેરસભામાં એ લોકોએ કહ્યું કે વિનોબાની આ યાત્રા ડાકુઓની સમસ્યાના ઉકેલમાં મદદરૂપ થશે.

આગ્રાની આ જાહેરસભામાં વિનોબાએ પોતાના વિચાર રજૂ કર્યા. તેમણે કહ્યું: લોકો મને પૂછે છે, તમે ધાડપાડુઓના પ્રદેશમાં જવાના છો ? "નહીં, સજ્જનોના પ્રદેશમાં જવાનો છું. ભીંડમોરેનાનો પ્રદેશ પણ અન્ય પ્રદેશોની જેમ સજ્જનોની વસ્તીનો પ્રદેશ છે. કોણ ધાડપાડુ છે ને કોણ નહીં એ તો ઇશ્વરના દરબારમાં જ નક્કી થશે. દુનિયામાં અમુક લોકો ધાડપાડુ તરીકે ઓળખાય છે ખરા, પણ દુનિયામાં એમના સિવાયના ધાડપાડુ નથી એવું નથી. એ તો દિલ્હીમાં પણ છે ને મુંબઇમાં પણ છે અને પ્રતિષ્ઠિત તરીકે આદરમાન પામે છે. કદાચ ઇશ્વરના દરબારમાં આવા લોકો જ વધારે ગુનેહગાર ઠરે એવું પણ બને.. હું કોઇ સમસ્યાના ઉકેલ માટે જતો નથી. હું તો ઇશ્વરના સેવક તરીકે સજ્જનોની સેવા કરવા જાઉં છું."

ચંબલના પ્રદેશમાં પ્રવેશ સાથે વિનોબાએ સહુને સંબોધન કરતાં કહ્યું, તુલસીદાસ કહે છે–

सुमति कुमति सबके उर बसई,
बिगड़ी जनम अनेक की सुधरात पल न लागे आध ।

'અનેક જન્મનાં પાપ પણ પ્રાયશ્ચિત્તના અગ્નિમાં એકક્ષણમાં બળીને ભસ્મ થઇ જાય છે. દસ હજાર વર્ષથી ગુફામાં ભલે ને અંધારુંઘોર હોય, એક નાનકડું કોડિયું લઇને અંદર જવાથી પળભરમાં અંધકાર નાશ પામે છે.' મહાકવિ વાલ્મીકિ ડાકુ જ હતા ને ? મહાપાપી પણ મહાપુણ્યવાન બની શકે છે. ડાકુને સાધુ બનતાં વાર ન લાગે. જે મનથી પશ્ચાત્તાપ કરે છે તેને ઈશ્વર તરત માફ કરે છે. જે ક્રૂર નથી ને કાયર પણ નથી એજ ખરો વીર ગણાય.

વિનોબાનો પ્રેમનો સંદેશો લઇને જનરલ યદુનાથસિંહના નેતૃત્વ હેઠળ કાર્યકર્તાઓનાં જૂથ ચંબલના કોતરેકોતર ફરી વળ્યાં. ધાડપાડુઓને વિનોબાનો મેળાપ કરાવી દેવાનું કામ આ કાર્યકર્તાઓએ કરવાનું હતું. પછી વિનોબા જાણે ને બીજો જાણે ઉપરવાળો. એક બે દિવસમાં જ રામઅવતારસિંહ નામનો ધાડપાડુ શરણે આવ્યો. વિનોબાના પગ પકડીને કહેવા લાગ્યો : "બાબા, આજ સુધી મેં પાપ કર્યાં છે, હવે નહીં કરું." સાતેક દિવસ પછી બીજા ત્રણ ધાડપાડુ આવ્યા, "બાબા, માફ કરજો. આજ લગી કરેલાં પાપ માટે અમને પસ્તાવો થાય છે." ચારે બાજુ ધાંધલધમાલ. ડાકુ આવ્યા, ડાકુ આવ્યા. ધાડપાડુઓ પોતાને "બાગી" (બળવાખોર) કહેવડાવે. લોકો પણ તેમને એ રીતે ઓળખે. એ લોકોને જોવા લોકોનાં ટોળેટોળાં ઊમટવા લાગ્યાં. વિનોબા ધાડપાડુઓને કહેતા :"તમે પણ બળવાખોર ને હું પણ બળવાખોર. પણ મારો બળવો જુદી જાતનો છે. ગરીબી, અસમાનતા, અન્યાય દૂર કરવા માટે મેં આજના સમાજ વિરુદ્ધ બળવો પોકાર્યો છે. તમે પણ એમ કરશો તો પોતાનું ને દુનિયાનું હિત સાધી શકશો." રોજના પ્રવચનમાં વિનોબા કહેતાઃ મિલ્કતની સંઘરાખોરી વધે એટલે ચોરી વધવાની. ઉદાર મનથી દાન દેવા માંડો. ભય છોડો, દયા-કરુણા રાખો. તો ધાડપાડુઓની પ્રવૃત્તિ આપોઆપ બંધ થઇ જશે.

મધ્યપ્રદેશ સરકાર અને પોલીસ ખાતાની સહાનુભૂતિને કારણે વિનોબાનું કામ સરળ થઇ પડ્યું. વિનોબાએ પોલીસોની સભામાં કહ્યું : પોલીસોનું કામ ભારે મુશ્કેલ હોય છે, યોગીઓ જેવું, મૃદુતા પણ રાખવી પડે અને પ્રસંગે કઠોર પણ બનવું પડે. મારે મન સહુ મિત્ર છે. પોલીસ પણ મિત્ર ને ડાકુ પણ મિત્ર. સરકારી અધિકારીઓને કહેતા : ધાડપાડુઓની સમસ્યાનો ઉકેલ પોલીસને સોંપવો એ

સર્વોદય રાજ્યને માટે શોભાસ્પદ ન ગણાય. આ સમસ્યા તો માનવતાની દૃષ્ટિએ ઉકેલવો જોઇએ. જે ધાડપાડુઓ શરણે આવશે તેના પર અદાલતમાં કામ ચાલશે અને તેમાં જે શિક્ષા થશે તે તે લોકો ભોગવશે. પણ એમના કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી તમે તેમના પર જુલમ ન ગુજારશો, તેમની સાથે માણસાઇભર્યો વ્યવહાર રાખજો. આ ભાગમાં હજારોની સંખ્યામાં પોલીસ હોવા છતાં ગુના અને ડરનું પ્રમાણ ઓછું થયું ન હતું. વિનોબા લોકોને નિર્ભય થવાને સમજાવતા કહેતા : આપણે જ આપણું રક્ષણ કરવું જોઇએ. આપણું રક્ષણ બીજા કરે એ વાત જ ખોટી, લોકો નિર્ભય બનીને એકસંપથી ને પ્રેમથી કામ કરશે તો પોતાનું રક્ષણ કરી શકશે.

18મી મેના દિવસે વિનોબા તંબુમાં બેઠા હતા. એકાએક કંઇ ધમાલ મચી ગઇ. જોતજોતામાં સેંકડો માણસો એકઠા થઇ ગયા. રામઅવતારે આવીને કહ્યું : લચ્છી પંડિત આવ્યા છે. સરકારે એમના માટે પાંચહજારના ઇનામની જાહેરાત કરી છે.

લચ્છી વચ્ચેવચ્ચે આ પ્રદેશમાં આવતો. લૂંટ ચલાવતો અને લૂંટનાં નાણાં લઇ મુંબઇમાં આરામથી રહેતો. વિનોબાના પગ પકડીને એણે કહ્યું: મુંબઇનાં છાપામાં દરરોજ ખબર આવતી કે બાબા અમારા પ્રદેશમાં ફરે છે, બળવાખોરોને પ્રેમથી સમજાવીને કહે છે કે ખોટો રસ્તો છોડો, પશ્ચાત્તાપ કરો. આ ખબરો વાંચીને મારાથી ન રહેવાયું. ટ્રેન પકડીને હું સીધો તમારી પાસે આવ્યો છું. વિનોબાએ પૂછયું : મુંબઇમાં તમને કોઇએ પકડયા નહીં ? લચ્છી હસ્યો, લાખોની વસ્તીવાળા મુંબઇમાં મને કોણ પકડી શકવાનું હતું ? ત્યાં રહીને હું જિંદગી આખી મોજમઝામાં રહી શક્યો હોત. પણ તમે આવ્યા છો એ જાણ્યું ત્યારથી મારું મન અસ્વસ્થ થઇ ગયું હતું. તમારાં દર્શન કરી મારાં કુકૃત્યોની કબૂલાત કર્યા વિના મને ચેન નહીં પડે.

વિનોબા ડાકુઓને કહેતા : હું તમને કોઇ જાતની સાચી કે ખોટી ખાતરી આપવા માગતો નથી. શરણે આવશો તો તમને પોલીસને સોંપી દઇશ. પછી તમારા પર કામ ચાલશે. તેમાં જે સજા થાય તે ભોગવવા તમે તૈયાર રહેજો. તમારા પર કોઇ જાતનો જુલમ ન થાય તે જોવાનું કામ મારું. સજા ભોગવવી પડે એમાં કંઇ ખોટું નથી, માણસ જે કાર્ય કરે એનાં ફળ એણે ભોગવવાં જ પડે. તમે કરેલાં ખોટાં કામોનાં ફળ તમે અહીં નહીં ભોગવી લ્યો તો આવતે જન્મે ભોગવવાં પડશે. તે કરતાં અત્યારે જ આ જન્મમાં જ તે ભોગવી લ્યો ને મુક્ત થઇ જાવ.

19મી મેનો દિવસ ચંબલ પ્રદેશ માટે સહુથી મહત્ત્વનો નીવડયો. લુક્કા (લોકમન)ની મુખિયાગીરી હેઠળ ધાડો પાડતી ટોળી રાતના ઘોર અંધારામાં કનેરા ગામે વિનોબા પાસે આવી. સવારના વહેલા પોરમાં અઢી વાગ્યે વિનોબા

ઊઠયા. જુએ છે તો બધા ડાકુઓ એમની આસપાસ બેઠેલા. દરેકે વિનોબાના પગ પકડયા. "બાબા, અમે આવ્યા છીએ." વીસ મિનિટ સુધી બાબાએ એમની સાથે એકાંતમાં બેસી વાત કરી. તે દિવસની યાત્રા નિયમ કરતાં મોડી શરૂ થઇ. તે દિવસની યાત્રામાં વિનોબાના નવા બંડખોર મિત્રો જોડાયા હતા. એમાંથી સાત પાસે તો બંદુક પણ હતી. સાથે પોલીસ અધિકારી પણ હતા. બાબા, બંડખોર અને પોલીસની આ અનોખી સહયાત્રા જોવા લોકોનાં ટોળેટોળાં ઊમટ્યાં હતાં.

સાંજની સભામાં વિનોબાએ કહ્યું: ઇશ્વરની કૃપાથી અહીં એક મોટું કામ થઇ રહ્યું છે. ધાડપાડુઓ પણ મારા-તમારા જેવા માણસ જ છે, તેમના હૃદયમાં પણ ઇશ્વરપ્રીતિની જ્યોત ઝગમગે છે. આજે એ લોકો પોતાનાં પૂર્વકર્મોનું જાહેરમાં પ્રાયશ્ચિત્ત કરીને પોતાનાં હથિયાર સોંપી દેવાના છે. ઇશ્વરે મનુષ્યને ત્રણ મહાન બક્ષિસ આપી છે. રામનું નામ લેવા માટે વાચા, સેવા કરવા માટે હાથ અને પ્રેમ કરવા માટે સહાનુભૂતિથી સભર હૃદય. સહુ પ્રત્યે આપણે સહાનુભૂતિ દાખવવી એ તેમની ઇચ્છા છે.

મૌન પ્રાર્થના થઇ. રામધૂન ગવાઇ અને પછી લુક્કા આગળ આવ્યો. પોતાના ખભા પરથી બંદૂક ઉતારી વિનોબાના ચરણે મૂકીને એ બોલ્યોઃ હવેથી હું ખરાબ કામ નહીં કરું. એની પાછળ બીજા ધાડપાડુ એક પછી એક આવ્યા અને પોતપોતાની બંદૂક વિનોબાના ચરણ પાસે ધરી દીધી. હજારોનો સમુદાય મંત્રમુગ્ધ થઇને અદ્ભુત દૃશ્ય જોઇ રહ્યો હતો. ધાડપાડુઓને બંદૂક તો પ્રાણથી પણ પ્રિય. એક પળ પણ તેઓ એને બાજુએ ન મૂકે. જમતાં, સૂતાં બંદૂક પાસે જ હોય. આજ સુધી આ ધાડપાડુઓએ કેટલા લોકોના જીવ લીધા હતા. કેટલી સ્ત્રીઓના કપાળનો ચાંદલો ભૂંસી નાખ્યો હતો. કેટકેટલાં બાળકોને અનાથ બનાવ્યાં હતાં. સેંકડો ઘર પાયમાલ કરી નાખ્યાં હતાં. એ જ ધાડપાડુઓ આજે પોતાની મેળે બંદૂક અર્પણ કરી દેતા હતા. એમાંથી એક બંદૂક તો દૂરબીનવાળી ને સત્તર હજાર રૂપિયાની કિંમતની હતી. ધાડપાડુઓ ભાવભર્યા અવાજે કહેતા હતા. આજથી અમારું નવું જીવન શરૂ થાય છે.

નવજીવનના નવા સંસ્કાર ધાડપાડુઓને મળે એ વિચારે તેમને પોલીસના હાથમાં સોંપતાં પહેલાં બેચાર દિવસ સંતના સાનિધ્યમાં રહેવા દેવાનો નિર્ણય જનરલ સાહેબે કર્યો. મધ્ય પ્રદેશ સરકારે પણ આ નિર્ણય કબૂલ કર્યો. આ યાત્રા બધાને અપૂર્વ લાગી. વિનોબાના યાત્રા-દળના માણસોની સાથે બેસીને જમતાં ધાડપાડુઓ પહેલાં તો અચકાયા. સાધુનું અન્ન અમારાથી શી રીતે ખવાય ? વળી સાથે બેસીને સરખી રીતે પંક્તિભોજનમાં ભાગ લેવાનો પણ આ પહેલો જ

પ્રસંગ. એ લોકો તો અત્યાર સુધી જંગલમાં છુપાઇને રહેવાને ટેવાયેલા. હાથમાં જ રોટલો ને શાક લઇ કોળિયા ગળે ઉતારવાનો તેમનો નિત્યનિયમ. ઉપરથી દૂધનો પ્યાલો જેમ તેમ પી લેવાનો. સાધુસંતનું ભોજન તેમને ભાવ્યું તો ખરું, પણ દૂધ-ઘીની ઊણપ એ લોકોને સાલી. એ લોકોનો સભ્ય વ્યવહાર યાત્રાદળની મહિલાસભ્યોને આશ્ચર્ય પમાડતો. લોકો કહેતા, ધાડપાડુઓ માબહેનો પર હાથ નથી ઉઠાવતા, ગરીબોને હેરાન નથી કરતા. એ લોકો તો પૈસાવાળાઓને અથવા જે લોકોની સાથે વેર હોય એમને જ લૂંટે.

વિનોબાની બધી વાત એ લોકોને આશ્ચર્યજનક લાગે. વિનોબા કહેતા, દોષ બંદૂકનો ને સજા માણસ ભોગવે. માણસના હાથમાં બંદૂક હોય તો ક્રોધે ભરાઇ એ ખૂન કરે. આવાં હથિયાર જ ન હોવાં જોઇએ. હથિયાર તો હળ, જે ઉપયોગી કામમાં આવે. આખી દુનિયા ઝપાટાભેર આ વાત સમજી રહી છે.

ભિંડ શહેર સુધી પહોંચતામાં તો વિશાળ માનવસમુદાય એકત્ર થઇ ગયો હતો. ધાડપાડુઓ કેવા હોય એ જોવા લોકો ટોળે મળ્યા હતા. આજ લગી જેના નામે માણસો થર થર કાંપતા એવા ધાડપાડુઓને સંત-યાત્રાળુઓની પાછળ શાંતપણે પગે ચાલતા નજરે જોવા છતાં લોકોને આંખો પર વિશ્વાસ બેસતો ન હતો. પણ અહિંસામાં અશક્યને શક્ય કરી દેખાડવાની તાકાત છે. અહિંસા એટલે આત્મશક્તિ.

શરણે આવેલા વીસ ધાડપાડુઓને સાંજ પછી જેલમાં પહોંચતા કરવાના હતા. રાત્રે આઠ વાગ્યે પ્રાર્થના થાય અને વિનોબા નિદ્રાસમાધિ સ્થિતિમાં જાય તે પહેલાં વિદાય સમારંભ યોજાયો. ધાડપાડુઓએ પૂછયું, બાબા, કીર્તન કરીશું ? વિનોબાએ હા પાડીને તરત 'રઘુપતિ રાઘવ રાજારામ'ની ધૂન શરૂ થઇ. બધા જ રામધૂનમાં મગ્ન થઇ ગયા. લૂંટફાટ ને હત્યા કરનારા ધાડપાડુઓ રોજ પૂજા કરતા, રામાયણનો પાઠ કરતા, તુળસીની માળા પહેરતા. તે દિવસે રામધૂન પૂરી થતાં એક પછી એક આવી વિનોબાને પગે પડયા ને આશીર્વાદ માગવા લાગ્યા. વિનોબાએ સદ્ભાવ રાખો ને ઇશ્વર પર શ્રદ્ધા રાખો એવા આશીર્વાદ આપ્યા. આશીર્વાદ મળતાં જ એક પછી એક ધાડપાડુ એક તરફ જઇને ઊભો રહ્યો. યાત્રા દળમાંથી એક બહેન આવી એને કપાળે તિલક કરતી, બીજી હાથે રાખડી બાંધતી અને પાપી-ગુનેગાર તે છતાં તમે અમને ભાઇ બહેનનો સ્નેહ આપ્યો. આ વાત અમે કદી નહીં ભૂલીએ. આથી વધારે તેમનાથી કંઇ બોલી શકાતું ન હતું. પોલીસની ગાડી બહાર તૈયાર હતી. બધા તેમાં જઇને બેઠા. જેલનો દરવાજો આવતાં સહુ ગાડીમાંથી ઊતર્યા. વિનોબાની સાથેના સહુ ભાઇ-બહેનની વિદાય લેતાં ધાડપાડુઓએ કહ્યું, અમને કાગળપત્ર લખીને બાબાના ખુશખબર આપતા

રહેજો. અમને જેલજીવનમાં આધાર રહેશે. ઇશ્વરની દયાથી ક્યારેક જીવતાજાગતા જેલની બહાર આવી શકીશું તો બાબાનું જ કામ કરીશું.

મધ્યપ્રદેશના રાજ્યપાલ વિનોબાને અભિનંદન આપવા ભિંડ આવ્યા. દિલ્હીથી રાષ્ટ્રપતિનો અભિનંદનનો તારસંદેશ આવ્યો. "તમારા કાર્ય પ્રત્યે સમગ્ર રાષ્ટ્ર આશા અને આનંદભરી નજરે મીટ માંડી બેઠું છે." દેશેદેશનાં અખબારોમાં અહિંસાના ચમત્કાર વિષે લેખ છપાયા. બુદ્ધ ભગવાને અંગુલિમાલનો હૃદયપલટો કર્યો હતો. એ પ્રસંગ અનેક લોકોએ યાદ કર્યો. વિનોબાએ કહ્યું, અહીં જે કંઇ બન્યું તેમાં ઇશ્વરની જ કૃપા છે. સોળેસોળ આના શ્રેય ઇશ્વરને છે. પણ તેમ છતાં આ ઘટનાના શ્રેયની વહેંચણી કરવી જ હોય તો એનો મોટો હિસ્સો શરણે આવેલા ધાડપાડુઓને જાય. તે પછી પોલીસનો નંબર આવે. એ લોકોએ ધાર્યું હોય તો તેઓ આ કામ પાર પાડવા ન દેત. ત્રીજા હિસ્સાનું શ્રેય દૂર દૂરના જંગલના ખૂણે જઇ ધાડપાડુઓને મળી આવેલા કાર્યકર્તાઓને જાય છે અને છેલ્લે મને મળે જે રૂપિયે એકપૈસા જેટલું માંડ થાય. તે પણ હું ઇશ્વરને ચરણે અર્પણ કરીને મુક્ત થાઉં છું.

धर्मक्षेत्रे भिंडक्षेत्रे समवेता युयुत्सव
पौलिसा : डाकवाश्चैव किमकुर्वत संजय ।।

એમ કહેતાં વિનોબાએ ચંબલની યાત્રાનો આરંભ કર્યો ત્યારે એમને ભવિષ્યમાં શું થશે એનો ખ્યાલ પણ ન હતો. જે કંઇ બન્યું એ અહિંસાનો ચમત્કાર છે એમ તેમણે કહ્યું. અને તેલંગણના પોચમપલ્લી ખાતે, બિહારમાં અને ચંબલમાં એમ ત્રણ ઠેકાણે મને આવો સામૂહિક સાક્ષાત્કાર થયો છે એમ જણાવ્યું.

અંગ્રેજી ઇતિહાસકારોએ અહલ્યાબાઇ હોળકર વિષે લખ્યું છે કે મરાઠાઓએ એક સંત સ્ત્રીના હાથમાં રાજસત્તા સોંપવાનો હિંમતભર્યો તથા સફળ પ્રયોગ કરી દેખાડયો છે. અહલ્યાબાઇ પ્રત્યે વિનોબાને ખૂબ જ આદર. એટલે એમને ઈન્દોરનું પણ એટલું જ આકર્ષણ હતું. બાકીની ભારતયાત્રામાં વિનોબાનો નિત્યક્રમ હતો. 'રૈન બસેરા કરલે ડેરા, ઉઠ ચલના પરભાત રે.' પાંચ-દસ લાખની વસ્તીનું મોટું શહેર હોય કે પાંચદસ ઝૂંપડાંનું નાનું ગામ હોય, વિનોબાનો મુકામ એક દિવસનો હોય. સભા સંમેલન જેવું કંઇ હોય તો વળી ક્યાંક ક્યારેક બેચાર દિવસ વધારે રોકાઇ જાય. પણ ઈન્દોરમાં તેઓ એક મહિનો રહ્યા. ઈન્દોર ભારતની મધ્યમાં આવેલું સ્થાન. મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનની સરહદની પાસે.અને વિનોબાના શબ્દોમાં કહીએ તો સંસ્કૃતિ સંગમનું એ સૌમ્ય નગર. અહલ્યાબાઇની પુનિત સ્મૃતિથી પાવન થયેલા આ શહેરમાં અખિલ ભારતીય કસ્તૂરબા ટ્રસ્ટે પોતાનું પ્રમુખ કેન્દ્ર સમર્પિત કર્યું હતું. ઈન્દોરની સ્ત્રીઓએ શાંતિની અને અહિંસાની

શક્તિ નિર્માણ કરવાના કાર્યનું નેતૃત્વ કરવું જોઇએ અને સ્ત્રીશક્તિનું માતૃશક્તિનું મંગલદર્શન દુનિયાને કરાવવું જોઇએ એવી વિનોબાની ઊંડે ઊંડે ઇચ્છા હતી.

ઈન્દોરમાં ઘેરેઘેર સર્વોદય પાત્ર રાખવામાં આવે અને અહિંસક ક્રાંતિમાં મદદ કરતા હોઇએ એવી ભાવનાથી દરેક માતા પોતાના બાળકોને હાથે એ પાત્રમાં મૂઠીભર અનાજ નિત્યનિયમથી નખાવે એવી વિનોબાની ઇચ્છા હતી. શંકર ભગવાનના લિંગ પર જેમ ટીપે ટીપે અભિષેક થતો રહે છે તેમ સર્વોદય પાત્રમાં નિયમિત રીતે મૂઠીભર અનાજ નાખવામાં આવે તો રુકમણીએ એક તુલસીપત્રથી શ્રીકૃષ્ણને ત્રાજવે તોળ્યા હતા તે રીતે શ્રદ્ધા અને સમજણથી નાખવામાં આવેલા એ મૂઠી ધાનથી પણ વિશ્વનું કલ્યાણ કરનારી અહિંસક શક્તિ નિર્માણ થશે એમ તેઓ માનતા હતા. વિનોબાની ઇચ્છા મુજબ ઈન્દોરનાં સ્ત્રીપુરુષોએ દસ હજાર ઘરોમાં સર્વોદય પાત્ર રાખ્યાં.

અંદરની અને બહારની સ્વચ્છતા જ આધ્યાત્મિક જીવનનો પાયો છે. બહારની સ્વચ્છતા માટે વિનોબાએ સ્વચ્છ ઈન્દોર સપ્તાહ ઊજવીને ઈન્દોરના સેંકડો નાગરિકોની સાથે શહેરની સફાઇના કામમાં ભાગ લીધો. મહારાષ્ટ્રના અપ્પાસાહેબ પટવર્ધને ભંગીકામ કરનારાઓની મુક્તિની વૈજ્ઞાનિક પ્રક્રિયાનો પ્રત્યક્ષ પાઠ આપ્યો. વિનોબાએ એવી સૂચના કરી કે દરેક કુટુંબમાં પ્રાર્થના અને સ્વાધ્યાયનો નિત્યક્રમ સ્થપાય તો અંદરની સ્વચ્છતા પણ આવે.

શહેરોમાં રહેવાનું વિનોબાને ભાગ્યે જ બને. એટલે શહેરનો પરિચય એમને ઓછો. રોજ સવારે ફરવા નીકળતાં પહેલીવાર ઈન્દોરમાં એમણે સિનેમાનાં પોસ્ટર જોયાં. આમાં પોસ્ટર જોવાથી નાનાં બાળકોનાં મન પર કેટલા ખરાબ સંસ્કાર પડતા હશે એ વિચારે એમને ખૂબ દુઃખ થયું. એમણે સખ્ત શબ્દોમાં આવા પોસ્ટરનો વિરોધ કર્યો. શહેરના તમામ વિચારવંત નાગરિકો અને ખાસ કરીને સ્ત્રીઓએ તેમના આ કામમાં તરત ટેકો આપ્યો. આમ પોસ્ટર આંદોલનની શરૂઆત થઇ. શહેરના કેટલાક સર્વમાન્ય પ્રતિષ્ઠિત નાગરિકોની એક સમિતિ નીમવામાં આવી અને કયું પોસ્ટર અશોભનીય છે એ નક્કી કરવાનું કામ તે સમિતિને સોંપાયું. સમિતિના મતે જે પોસ્ટર અયોગ્ય ગણાય તે કાઢી નાખવા અંગે સંબંધિત વ્યક્તિઓ સાથે વાત કરવી અને સમજાવીને વાત કરવાના પ્રયત્ન નિષ્ફળ જાય તો સત્યાગ્રહ કરવો એવું નક્કી કરવામાં આવ્યું.

ઈન્દોરને સર્વોદયનગર બનાવવાના હેતુથી 1960ના સ્વાતંત્ર્યદિનના શુભ અવસરે ત્યાં એક નવો આશ્રમ સ્થાપવામાં આવ્યો. આ આશ્રમનું નામ 'વિસર્જન આશ્રમ' રાખવામાં આવ્યું. જુદાં મૂલ્યોનું વિસર્જન અને નવાં મૂલ્યોનું વિશેષ

સર્જન એટલે વિસર્જન એવું અર્થઘટન વિનોબાએ કર્યું. ઇંદોરમાં સર્વોદય કાર્યના સંચાલન માટે ત્રણ સભ્યોની એક શૂન્ય સમિતિની રચના કરવામાં આવી. વિનોબા હંમેશાં કહેતાઃ કાર્યકરોએ શૂન્યવત્ નિરહંકારી બનીને કામ કરવું જોઇએ. સ્થાનિક પ્રજાએ એકના આંકડાની ભૂમિકા માથે લેવી અને સર્વોદય કાર્યકરોએ પ્રજાની પાછળ શૂન્ય પ્રમાણે ઊભા રહી તેની શક્તિ વધારવી.

પ્રાચીન આશ્રમ વ્યવસ્થામાં સમાજ અને વ્યક્તિને વિકાસની ઉત્તમ તક મળતી. બ્રહ્મચર્યાશ્રમમાં ગુરુની પાસે રહીને અભ્યાસ કર્યા પછી ગૃહસ્થાશ્રમ અને તે પછી સંસારની બધી જવાબદારી સંતાનોને સોંપીને વાનપ્રસ્થ સ્વીકારી સમાજસેવા અને જીવનને અંતે ઇશ્વરચિંતનમાં ચિત્ત ચોંટાડવા સંન્યાસ એવી સુંદર આશ્રમવ્યવસ્થા હતી. આ વ્યવસ્થા તૂટતાં સાથે જ જીવનમાં પણ વ્યવસ્થા તૂટી, શિથિલતા આવી ગઇ. આશ્રમવ્યવસ્થા ફરી સ્થાપિત કરવી જેથી ગૃહસ્થાશ્રમ પછી વ્યક્તિ વાનપ્રસ્થી બને અને સમાજને ઉત્તમ સેવક મળે એવી વિચારે ઇંદોરમાં વિનોબાએ વાનપ્રસ્થ મંડળની સ્થાપના કરી. સેવાનિવૃત્ત વ્યક્તિઓને વિનોબા કહેતા કે તમને ફરી કામે લગાડવાના છે જેથી તમારા જ્ઞાન અને અનુભવનો લાભ સમાજને મળે.

અહિલ્યોત્સવ પ્રસંગે ભાષણ કરતાં વિનોબાએ સ્ત્રીઓને શાંતિરક્ષા અને શીલરક્ષાનું કામ હાથ ધરવાનો અનુરોધ કર્યો. કસ્તૂરબા ટ્રસ્ટના કસ્તૂરબાગ્રામમાં તેઓ સાત દિવસ રહ્યા અને ગીતામાં વર્ણવાયેલ વાણી, શ્રી, કીર્તિ, સ્મૃતિ, મેધા, ધૃતિ, ક્ષમા એ સાત શક્તિ પર ભાષ્ય કરીને સ્ત્રીશક્તિનું શાસ્ત્રીય અધિષ્ઠાન રચી આપ્યું. કસ્તૂરબાનું સ્થાન સહુનું માતૃસ્થાન છે. હું અહીં પુત્ર તરીકે નહીં, પુત્રી તરીકે આવ્યો છું એમ તેમણે કહ્યું.

વિનોબા ઈન્દોરમાં હતા તે દરમ્યાન આસામમાં ભાષાવાદને કારણે થયેલાં તોફાનના સમાચાર મળ્યા. વિનોબાએ દેશભરમાંથી કેટલાક શાંતિસૈનિકોને આસામ તરફ રવાના કર્યા અને પોતે પણ આસામ જવા નીકળ્યા. પંડિત નહેરુ સહિત બધા જ નાનામોટા લોકોએ વિનોબાને આસામ જવાની વિનંતી કરી હતી. વિનોબાએ કહ્યું- હું આસામ જઇશ ખરો, પણ કાચબો પોતાની ગતિએ જ જાય. એ ક્યારેય સસલાંની ગતિ લઇ શકે નહીં. કાચબાની સ્થિર, શાંત અને વિજયી ગતિએ વિનોબા બિહાર ગયા. બધા જ ભૂમિહીનોને જમીન મળે તે માટે બત્રીસલાખ એકર જમીનનું દાન પ્રાપ્ત કરવાનો બિહારનો સંકલ્પ હજી સિધ્ધ થયો ન હતો. હજી દસ લાખ એકર જમીન પ્રાપ્ત કરવાની બાકી હતી. બિહારની કુલ જમીનના વીસમા ભાગ જેટલી આ જમીન ગણાય. સંકલ્પનું સ્મરણ તાજું કરાવીને વિનોબાએ બિહારને ફરી જાગ્રત કર્યું.

બિહારમાં બોધિગયાના સમન્વયાશ્રમ, મોંઘીરના ખાદીગ્રામ આશ્રમ અને પૂર્ણિયા જિલ્લાના રાનીપતરા આશ્રમની મુલાકાત લઇ, ભૂદાન પ્રાપ્ત કરતા ને જમીનની વહેંચણી કરતા વિનોબા હિમાલયની તળેટીમાં આવેલા પશ્ચિમ બંગાળના સીલીગુડી ખાતે પહોંચ્યા. હિમાલયનાં શિખરોનું દર્શન કરતા, ચાના બગીચાઓમાં થઇને યાત્રા કરતા વિનોબાએ 1961ની 5મી માર્ચે આસામમાં પ્રવેશ કર્યો.

પ્રાચીન પ્રાગ્જ્યોતિષપુર અથવા કામરૂપ એટલે અત્યારનું આસામ. ભારતના આ પૂર્વી પ્રદેશમાં સૂર્ય સર્વ પ્રથમ ઉદય પામે છે ને વરસાદ સહુથી વધારે પડે છે. અંધારું ઓસરવા માંડે ને વિનોબા ચાલવા માંડતા. થોડી વારે સૂર્ય તપવા માંડે ત્યારે ઘડિયાળ જોઇએ તો માંડ પાંચ-સાડાપાંચ વાગ્યા હોય. વરસાદને તો ત્યાં વરસવા માટે મુહૂર્ત જોવું જ ન પડે. આંખોને તૃપ્ત કરતી આસામની હરિયાળી જાણે કહી રહી હતી કે શિયાળો, ચોમાસુ બધી જ ઋતુ સરખી પ્રિય છે. આસામની નૈઋત્યે આવેલા ચેરાપુંજીમાં દુનિયામાં સહુથી વધુ વરસાદ પડે છે. તિબેટમાંથી આવીને પૂર્વ પાકિસ્તાન તરફ વહી જતી બ્રહ્મપુત્રા નદીને લીધે આસામમાં કૃષિ-ઉત્પાદનનું પ્રમાણ પણ સારું છે. વિનોબાને બ્રહ્મપુત્રા નદી બહુ પ્રિય. તેઓ કહેતાઃ એ તો આંતરરાષ્ટ્રીય નદી છે. ત્રણ દેશને એ જોડે છે અને માણસોને એક થવાનો સંદેશો આપે છે. ગોહાટીમાં બ્રહ્મપુત્રાના કિનારે એક ટેકરી પર આવેલું કામાક્ષી મંદિર પ્રાચીન કાળથી તાંત્રિક વિદ્યાનું કેન્દ્ર મનાય છે. એક એવી કિંવદન્તી પણ છે કે બહારથી કામરૂપમાં આવેલા લોકોને કામાખ્યા દેવી પાછા જવા નથી દેતી. વિનોબાને પણ દેવીએ દોઢ વર્ષ રોકી લીધા હતા. બ્રહ્મદેશ અને થાઇલેન્ડ વચ્ચે થયેલી લડાઇને પરિણામે આસામ પર અનેક વર્ષો સુધી અહોમ રાજાઓનું શાસન રહ્યું હતું. સર્વે પરદેશી હલ્લાખોરોને અપનાવી લેવાની ભારતભૂમિની કુશળતા અહોમ વંશ બાબત પણ સફળ નીવડી. અહોમ રાજાઓએ વૈષ્ણવધર્મ સ્વીકાર્યો અને સ્થાનિક જનતા સાથે ભળી ગયા.

વિનોબા આસામ જઇ પહોંચ્યા ત્યારે ભાષાકીય તોફાનો શમી ગયાં હતાં. પણ બંગાળી અને આસામી લોકોના મનની કડવાશ ગઇ ન હતી. વિનોબાએ ગ્રામદાનનો, પ્રેમથી ભેગા મળવાનો કાર્યક્રમ આપ્યો અને એ રીતે ભાષાનો પ્રશ્ન કુશળતાપૂર્વક હાથ ધર્યો. તમે અહીં શેને માટે આવ્યા છો એવો પ્રશ્ન કોઇ પૂછે તો તેઓ કહેતા કે હું તો મારા ગ્રામદાનના કામ માટે આવ્યો છું. આસામના અને બંગાળી લોકોમાં એકતા આણવાનું કામ તો વધારાનું ને આનુષંગિક થયું. આસામના લોકો શાંત સૌમ્ય સ્વભાવના અને ફળદ્રુપ જમીન હોવાથી આળસુ અને અલ્પસંતોષી. આસામમાં બંગાળી લોકો વધારે પ્રમાણમાં, એમાં પાકિસ્તાનથી આવેલા નિરાશ્રિતોએ

વધારો કર્યો હતો. બંગાળીઓમાં શિક્ષણનું પ્રમાણ વધારે એટલે મહત્ત્વની મોટા ભાગની જગ્યાઓ પર બંગાળીઓ હતા. આસામનો વેપાર આખો મારવાડી લોકોના હાથમાં અને ચાના બગીચાઓમાં કામ કરતા મજૂરો બિહાર, ઓરિસ્સા જેવા બીજા પ્રાંતોના. મુસલમાનોની સંખ્યા લગભગ અરધોઅરધ. જુદી જુદી કેટલીય જાતિના આદિવાસીઓ હજારો વર્ષોથી આસામના પહાડી પ્રદેશોમાં વસેલા છે. નાગભૂમિનું સ્વતંત્ર રાજ્ય તો સ્થપાઇ ચૂક્યું છે. કામેંગ, સુવર્ણશ્રી, સિઆંગ, લોહિત, ટિરપ એ પાંચ વિભાગનો ઉત્તર તરફનો 'નેફા' પ્રદેશ ભારત સરકારના શાસન હેઠળ છે. ખાસી, જંતિયા, ગારો, લુશાઇ, કદ્દરી વગેરે આદિવાસીઓ રોમન લિપિમાં પોતપોતાની ભાષા શીખે છે. આમ સરવાળે આસામમાં આસામી બોલનારા લોકો અલ્પ સંખ્યામાં છે. આસામમાં આસામી ભાષાનું પ્રભુત્વ હોય એવી એમની ઇચ્છા છે. એમાંથી આ ભાષિક તોફાન થયાં હતાં. 1960ના જુલાઇમાં બંગાળી લોકાના ઘરને આગ લગાડવાના, તેમને હાંકી કાઢવાના પ્રસંગ બન્યા. આ બનાવોમાં શહેરના લોકો અને ખાસ કરીને વિદ્યાર્થીઓએ આગળ પડતો ભાગ લીધો હતો. ગામડાંમાં કેટલેક ઠેકાણે તો લોકો પોતાના બંગાળી પડોશીઓને બચાવવા આગળ આવ્યા હતા.

આસામમાં પાંચસો વર્ષ પૂર્વે શંકરદેવ નામના એક મોટા સંત થઇ ગયેલા. એમણે વૈષ્ણવ ધર્મનો પ્રચાર કર્યો હતો અને "એકશરણિયા" પંથ સ્થાપ્યો હતો. એમના પટ્ટશિષ્ય માધવદેવ. આજે પણ આસામની પ્રજા શંકરદેવ અને માધવદેવને આદરથી યાદ કરે છે. કીર્તનઘોષા, નામઘોષા એ એમના રચેલા ગ્રંથ લોકપ્રિય છે. આ બન્ને સંતોએ નામસ્મરણ ને સંકીર્તનને મહત્ત્વપૂર્ણ ગણાવ્યાં છે. આસામના દરેક ગામમાં 'નામઘર' હોય છે, જ્યાં ગામલોક મળીને કીર્તન કરે છે. લોકો મૂર્તિપૂજામાં માનતા નથી એટલે નામઘરમાં મૂર્તિ નથી હોતી. કૃષ્ણ આ લોકોના આરાધ્ય દેવતા. ચાલો રે ચાલો, વૃન્દાવન જઇએ, કૃષ્ણલીલા જોઇએ, એવો ભાવ દર્શાવતા અનેક ગીત લોકમુખે રમતાં હોય છે. આસામની યાત્રા દરમ્યાન વિનોબાએ શંકરદેવ અને માધવદેવની રચનાઓનો ઊંડો અભ્યાસ કરી 'નામઘોષાસાર' નામના ગ્રંથની રચના કરી. મૂળ 'નામઘોષ' માંથી પસંદગી કરીને તેના સારરૂપ અંશ લઇને તેનું સર્વોત્તમ ભેટ છે. જ્ઞાનદેવ, એકનાથ, રામદાસ, તુકારામ વગેરે સંતોના ભજનોનો આવો સાર વિનોબાએ મરાઠી જનતાને પણ આપ્યો છે. નામઘોષાસારનો આસામના જનમાનસ પર ઊંડો આધ્યાત્મિક પ્રભાવ પડયો. રોજનાં પ્રવચનોમાં વિનોબા શંકરદેવ અને માધવદેવનાં વચનોના આધારે ગ્રામદાનનો વિચાર સમજાવતા. તેઓ કહેતાઃ હું નવું કંઇ જ કહેતો નથી. આપણા સંતપુરુષોએ

જે કંઇ કહ્યું છે તેના પર ભાષ્ય કહું છું, તેમનાં વચનોનો આજના સમયને અનુકૂળ એવો અર્થ જણાવું છું. આસામનાં નામઘર વિનોબાને બહુ ગમતાં. પણ નામઘર સાથે લોકો સાથે મળીને કામ કરે અને વહેંચીને ખાતાં શીખે એવાં કામઘર પણ હોવાં જોઇએ એમ તેઓ કહેતા. વૈષ્ણવો વિષ્ણુને સૃષ્ટિનો સ્વામી માને છે. એટલે પોતાને જમીનનો માલિક ગણે તે વૈષ્ણવ ન ગણાય. જમીનની વ્યક્તિગત માલિકી નાબૂદ કરી ગ્રામદાન કરવું એ દરેક વૈષ્ણવનું કર્તવ્ય ગણાય.

ગેરકાયદેસર રીતે પાકિસ્તાનમાંથી આવતા લોકોનો પ્રશ્ન આસામનો પ્રમુખ પ્રશ્ન છે. પૂર્વ પાકિસ્તાનમાં લોકસંખ્યા વધારે ને જમીન ઓછી. આસામમાં જમીન ઘણી વધારે છે. પૂર્વ પાકિસ્તાનના મુસ્લિમો આસામમાં આવી મજૂરી કરીને પૈસા મેળવે છે ને જમીન ખરીદી ત્યાં જ રહી પડે છે. આવા લોકોની સંખ્યા એકધારી વધી રહી છે. વિનોબા કહેતાઃ આ પ્રશ્નનો સહેલો ને સીધો ઉકેલ ગુપ્તદાનનો છે. ગ્રામદાન થાય એટલે જમીનની માલિકી ગ્રામસભાની થાય. કોઇ જમીન વેચી નહીં શકે ને કોઇ ખરીદી નહીં શકે. પરિણામે જમીનના લોભે બહારથી લોકો આવતા અટકશે. ગ્રામદાનના પરિણામે ગ્રામસમાજ બનશે. બધા લોકો એકબીજાની ચિંતા કરતા થશે. ગામમાં બહારનું કોઇ આવશે કે તરત લોકોના ધ્યાનમાં આવશે. આજે તો આસામનો નાગરિક ક્યો ને બહારથી આવેલો ક્યો એ નક્કી કરવું જ મુશ્કેલ બની ગયું છે. પરિણામે બે દેશો વચ્ચે તાણ પણ વધી છે.

ગામડાં સ્વાવલંબી, સ્વયંપૂર્ણ અને એકરસ થાય તો આપોઆપ અભેદ્ય કિલ્લા જેવાં બની જાય. દેશના રક્ષણ માટે પણ ગ્રામદાન જરૂરી છે. ગ્રામદાનનો વિનોબા સંરક્ષણ યોજના તરીકે ઓળખાવતા. આસામમાં તો તેઓ કહેતા, ગ્રામદાનની ખાસ આવશ્યકતા છે. ગામ ગામ વચ્ચે પરસ્પર સુમેળ, સહકાર્ય, પ્રેમ ન હોય, લડાઇઝઘડા હોય, ગરીબોની ઉપેક્ષા થતી રહે તો દેશની આઝાદી માટે જોખમ ઊભું થાય, એવો સાવધાનીનો ઇશારો પણ વિનોબાએ કર્યો હતો.

આસામની યાત્રા દરમ્યાન મૈત્રી આશ્રમની સ્થાપના કરીને વિનોબાએ એક મહત્ત્વનું કામ કર્યું. ચીન અને ભારતની સરહદ પાસેનો આ પ્રદેશ આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ મહત્ત્વનું મધ્યવર્તી બિન્દુ છે એમ 1961ના જાન્યુઆરીથી વિનોબા સતત કહ્યા કરતા હતા. પહેલાં જે વસ્તુઓ લોકો વચ્ચે ભેદ ઊભો કરતી હતી એ જ વસ્તુઓ વિજ્ઞાનની પ્રગતિને કારણે લોકોને નજીક લાવી રહી છે. સમુદ્ર અને હિમાલય આજ સુધી એકબીજાને દૂર રાખતા હતાં. પણ એ પ્રશાંત મહાસાગરના બે કિનારે આવેલા જાપાનને અમેરિકા અને હિમાલયની બન્ને બાજુએ આવેલ

ચીન અને ભારત કાયમના પાડોશી બન્યા છે. આ દેશોએ કાલાંતર સુધી પાડોશી તરીકે જ રહેવાનું છે. ચીન અને ભારત વચ્ચે આવો સંપર્ક પહેલી વાર સધાયો છે. પહેલો સંપર્ક ક્યારેક સંઘર્ષનું રૂપ લઇને આવ્યો હોય છે. પણ આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે આ સંપર્કમાંથી મધુર સંબંધ નિર્માણ થાય તો વિશ્વશાંતિ સ્થપાશે અને કડવાશ નિર્માણ થશે તો વિશ્વનાશ. વિજ્ઞાનને પરિણામે માણસનું બાહ્ય જીવન બદલાયું છે પણ આંતરિક ચિંતન તો જૂનું જ છે. ઇંગ્લેન્ડ નામનો કોઇ દેશ આ ધરતી પર છે એવો અકબર બાદશાહને ખ્યાલ સરખો ન હતો. આજે નિશાળમાં ભણતા છોકરાને પણ આખી દુનિયાની ખબર હોય છે. આમ બુદ્ધિ વ્યાપક બનવા માંડી છે પણ હૃદય હજી પહેલાં જેવું સંકુચિત છે. વ્યાપક બુદ્ધિ અને સંકુચિત મનના આ સંઘર્ષમાં આખી દુનિયા હોમાઇ જશે કે શું એવો ભય મનમાં જાગે છે. એટલે આપણે હૃદયને પણ વિશાળ બનાવવું જોઇએ, વિશ્વમાનવ વિશ્વનાગરિક બનવું જોઇએ.

બે દેશ વચ્ચેની સીમાના રક્ષણ માટે બન્ને દેશની ફોજ તહેનાતમાં રાખવાની જૂના જમાનાની પદ્ધતિ આજે પણ કાયમ છે. વિનોબાએ નવા જમાનાને અનુરૂપ એવું પગલું ભર્યું અને ચીન-ભારતની સીમા પરના નેફા પ્રદેશના સુબન્સરી વિભાગ નજીક ઉત્તર લખીમપુર શહેરમાં 5મી માર્ચ 1961ના દિવસે "મૈત્રી આશ્રમ"ની સ્થાપના કરી. આ આશ્રમનો ઉદ્દેશ મૈત્રી, નિયમ મૈત્રી અને કાર્યક્રમ પણ મૈત્રી રહેશે, એમ કહી વિનોબાએ આશ્રમની સ્થાપના પાછળની ભૂમિકા સ્પષ્ટ કરી. અને કહ્યુંઃ સીમા પર શુભનિષ્ઠાનું કામ થાય, સ્નેહ નિર્માણ થાય, ભારતની ભાવનાત્મક એકતાનું કામ થાય, આસપાસનાં ગ્રામદાનનાં ગામોની સાથે સંપર્ક રહે અને સ્ત્રીશક્તિનો વિકાસ થાય એ માટે આ આશ્રમ સ્થાપ્યો છે. આ સ્ત્રીઓનો આશ્રમ છે. વિશ્વમૈત્રી માટે પાસેનું વિમાનમથક મદદરૂપ થઇ પડશે એવી વિનોબાની દૃષ્ટિ હતી. મૈત્રીઆશ્રમની સ્થાપના દ્વારા વિનોબાએ ચીન-ભારતના પ્રશ્નના મૂળભૂત સ્વરૂપ પરત્વે બધાનું ધ્યાન ખેંચ્યું.

વિનોબા જાય ત્યાં ત્યાં તેમની પાછળ નદીઓ પણ દોડવા માંડે છે, બિહારમાં વિનોબાની વિચારસરિતા સાથે બધી જ નદીઓમાં પૂર ચડયાં. કાશ્મીરમાં એમની સાથે જાણે જલપ્રલય જ ફરી વળ્યો હતો. કુરાનમાં "તુફાનેનુહ"ની વાર્તા છે. નુહ નામનો પ્રભુનો પયગમ્બર હતો. એનો પયગામ લોકોએ સાંભળ્યો નહીં એટલે પ્રભુએ પ્રલય મોકલ્યો. આ વાર્તાનો ઉલ્લેખ કરી વિનોબા કહેતાઃ તમારે નુહ જોઇએ છે કે તુફાને નુહ? પ્રેમથી એક થાવ નહીં તો ઇશ્વર પ્રલય પાઠવશે. આસામમાં બ્રહ્મપુત્રા અને એની શાખા-ઉપશાખાઓનાં પાણી તરખાટ મચાવી

રહ્યાં હતાં ત્યારે વિનોબાએ લોકોને કહ્યું: ગ્રામદાનનું પણ આવું જ પૂર આવવા દેજો, નદીઓમાં પૂર આણીને ભગવાન આપણી કસોટી કરે છે. મુશ્કેલીના સમયે ઇશ્વર, યાદ આવે છે એટલે કુંતીએ ઇશ્વર પાસે મુશ્કેલીની - સંકટનાં સંકટ આવતાં રહે એવી માગણી કરી. નદી ભેદભાવ વિસારે પાડીને પ્રેમથી એક થવાનો, કરુણા અને સહકારના પાયા પર નવો રિવાજ રચવાનો મંત્ર આપે છે. પ્રજાએ પુરુષાર્થી બનવું જોઇએ. હસતાં હસતાં મુશ્કેલીઓનો સામનો કરવાનું શીખવું જોઇએ. એને માટે જ તો ઇશ્વર આપત્તિ મોકલે છે. કેટલાંક ગામોમાં અજબની વાત થઇ. વિનોબાનો સંદેશ સાંભળ્યા છતાં જમીનની માલિકી મજબૂતપણે પકડી રાખનારા કેટલાકની જમીન જ બ્રહ્મપુત્રામાં તણાઇ ગઇ. એ લોકોને પશ્ચાત્તાપ થયો. અરેરે સંતબાબાનું સાંભળ્યું હોત તો કેટલું સારું થાત. બિહારમાં કેટલેક ઠેકાણે આનાથી ઊંધું બન્યું. કેટલાક દાતાઓએ પડતર જમીન દાનમાં આપી, તેની વહેંચણી થઇને તરત પૂર આવ્યાં. પૂરનાં પાણી સાથે તણાઇ આવેલા કાંપને લીધે પડતર જમીન ફળદ્રુપ બની ગઇ અને એ દાનમાં સ્વીકારનાર ગરીબ લોકોના ખેતરમાં સારો પાક ઊતર્યો.

વિનોબા માધવદેવના એક ભજનનો અવારનવાર ઉલ્લેખ કરતા. એ ભજનનો ભાવ એવો છે કે બીજાના દોષ જોનાર અધમ, ગુણદોષ બન્ને જોનાર મધ્યમ અને ગુણ કેવળ જોનાર ઉત્તમ. પણ બીજાના થોડા સરખા ગુણ વધારે વિસ્તારીને જોવાવાળા તે ઉત્તમોત્તમ. તેઓ કાર્યકરોને કહેતા: માણસના દોષ એટલે ભીંત અને ગુણ એટલે દરવાજો. આ દરવાજામાંથી પ્રવેશ કરો તો કોઇપણ ઘરમાં સહેલાઇથી જઇ શકાય. ભીંતમાંથી પ્રવેશ કરવા જાવ તો માથું જ અફળાય. લોકો કહેતા: ઇશ્વરે ત્રિગુણાત્મક સૃષ્ટિની રચના કરી છે અને તમે તો રજસ-તમસને નામશેષ કરવાની વાત કરો છો. વિનોબાનો ઉત્તર એ હતો કે ઇશ્વરની સૃષ્ટિ જેવી છે તેવી જ રહેવાની છે. હું રજસ્-તમસ્‌ને નાબુદ કરવાનું નથી કહેતો. માણસને આ ત્રણે ગુણોની જરૂર છે. હું તો એટલું જ કહું છુ કે સત્ત્વગુણના પાટા હોવા જોઇએ અને આ પાટા લઇ જાય ત્યાં રજોગુણના એંજિને તમોગુણના ડબ્બા સાથે જવું જોઇએ.

ઉત્તર પ્રદેશનો તુલસીદાસ હોય, તમિળનાડુના આળવાર હોય. ગુજરાતનો નરસિંહ મહેતો હોય કે આસામનો માધવદેવ હોય. બધા સંતોની અનુભૂતિ એકસરખી જ હોય છે. આધુનિક સમયમાં ભારતે દુનિયાને ચાર મોટી બક્ષિસ આપી છે એમ કહીને વિનોબા કહેતા : સત્યાગ્રહદર્શન, અધિચિત્ત પર ચઢાઇ, સર્વોપરિતા અને સમન્વય, આ ચાર ભારતમાં પ્રગટ થયેલી ભાવનાઓ છે જેની

આજે દુનિયામાં બહુ જ મોટી જરૂર છે.

દેશમાં અનેક લોકો કહેવા લાગ્યાઃ આસામનું સૃષ્ટિસૌંદર્ય નયનરમ્ય હશે, ત્યાંના લોકો સૌમ્ય ને પ્રેમાળ સ્વભાવના હશે, નવસોથી વધારેનું ગ્રામ દાન મળ્યું હશે. એક ભાગમાં ગામેગામ ગ્રામસભા સ્થાપી જમીનની વહેંચણીનું કામ થયું હશે. એ બધું હશે, પણ વિનોબા અઢાર મહિના જેટલો લાંબો સમય આસામમાં રહે એ તો વધારે પડતું જ કહેવાય. વિનોબા દેશના દૂરના પૂર્વ તરફના પ્રદેશમાં આટલો વખત રહ્યા એટલે દેશના કાર્યકરો એમને મળી શકતા નથી. પણ ઋષિ તો ક્રાંતદર્શી હોય છે. એની નજર ભવિષ્યમાં જોઇ શકે છે. વિનોબાની નજર ઇશાનમાં હિમશિખરો પર હતી. હિમાલયે એક પ્રશ્ન પૂછયો હતો અને વિનોબાને એનો ઉત્તર મળ્યો હતો "મૈત્રી".

'તારી જો હાક સુણી કોઇ ના આવે તો તું એકલો જાને રે' એ ગીત કવિવર ટાગોરે વર્ષો પૂર્વે જાણે ગાંધીજી માટે જ લખ્યું હતું. ભારતમાં ભેદભાવનો ભસ્માસુર વિનાશ વેરી રહ્યો હતો. માણસ ભાન ભૂલી ગયો હતો, ભાઇ ભાઇને મારતો હતો, વિવેકબુદ્ધિનો લોપ થયો હતો. ત્યારે ગાંધીજીએ પોતાના જીવનને પ્રગટાવી માનવતાની જ્યોત જવલંત રાખી હતી. પૂર્વ પાકિસ્તાનના નોઆખલી તેઓ એકલા પગપાળા ગયા હતા. તૂટેલાં મન સાંધતા ને વેરાન જીવનમાં પ્રાણનો સંચાર કરતા.

1962ની પાંચમી સપ્ટેમ્બરે આસામની સીમા પરથી વિનોબાએ સામે જતો રસ્તો જોયો. આજ સુધી એમણે કેટલીયવાર એક પ્રાંતની સીમા ઓળંગી બીજા પ્રાંતમાં પગ મૂક્યો હતો. પણ આજે તેઓ બીજા દેશમાં પગ મૂકવાના હતા, બે ભાગમાં વહેંચાઇ ગયેલા દેશના બીજા ભાગનું દર્શન કરવાના હતા. આસામથી પશ્ચિમ બંગાળ જવા માટે ઉપર તરફ જઇને પૂર્વ પાકિસ્તાનનો પ્રદેશ આવે. પૂર્વ પાકિસ્તાનની સરકાર વિનોબા જેવા ફકીરને શી રીતે અટકાવે ? તેમને પરવાનગી મળી. વડાપ્રધાને જાહેર નિવેદન કર્યું કે વિનોબાની પૂર્વ પાકિસ્તાનની આ પદયાત્રા થોડા દિવસ પૂરતી છે તો પણ બન્ને દેશો વચ્ચે મૈત્રી સ્થાપિત કરવામાં મદદરૂપ થશે. આ નિવેદન પ્રગટ થતાં સાથે પશ્ચિમ પાકિસ્તાનનાં અખબારોએ વિનોબાને પરવાનગી આપવા માટે પાકિસ્તાન સરકાર પર ટીકાનો વરસાદ વરસાવ્યો. પાકિસ્તાનના વિદેશપ્રધાન શ્રી મહંમદ અલીએ ટીકાના જવાબમાં કહ્યું કે વિનોબાને પૂર્વ પાકિસ્તાનમાં થઇને જવાની પરવાનગી માનવતાની દૃષ્ટિએ જ આપવામાં આવી છે. અને પાકિસ્તાન સરકારનાં આ પગલાંને ભારત ઉપરાંત આખી દુનિયાના દેશોએ આવકાર્યું છે. વિનોબા પોતાની પદયાત્રા દ્વારા શુભેચ્છાઓ દર્શાવશે.

જેનાથી બન્ને દેશો વચ્ચે મૈત્રીના સંબંધો સ્થાપિત કરવામાં સહાયતા મળશે. અમે તો ભારત સાથે ભાઇચારાના સંબંધ રાખવા ઇચ્છા ધરાવીએ છીએ.

સીમા પર આવેલા સોનાહાટ ગામેથી વિનોબાએ પાકિસ્તાનમાં પ્રવેશ કર્યો ત્યારે પાકિસ્તાનની પ્રજા અને સરકારી અધિકારીઓએ ઉત્સાહથી એમનું સ્વાગત કર્યું. વિનોબાએ પાકિસ્તાનની ધરતી ઉપર કરેલા પ્રથમ પ્રવચનમાં કહ્યું કે હું પ્રેમ અને શાંતિનો સંદેશો લઇને પાકિસ્તાનની પ્રજા સમક્ષ આવ્યો છું. મને અહીં ક્યાંય જુદાઇ લાગતી નથી. હવા, આકાશ, માટી, માણસ બધું જ એનું એ છે. માણસનાં મન પણ સ્નેહથી ભરેલાં છે. ભારતની પ્રજાનાં દર્શનથી મારું હૃદય જેમ પ્રેમથી છલોછલ છલકાઇ જાય છે તેમ અહીં પણ છલકાય છે. આખી દુનિયા મારી છે અને હું તેનો સેવક છું. હું 'જય જગત'નો મંત્ર બોલું છું એનો અર્થ જ એ છે કે દુનિયા એક છે, બધા માનવી એક છે. પાકિસ્તાનની પદયાત્રામાં પહેલો મુકામ ભુરુંગામારી ખાતે હતો. દર્શનાર્થીઓથી આ ગામ ભરાઇ ગયું હતું. ભારતમાંથી હજારો માઇલ પગપાળા એક સાધુબાવા આવ્યા છે એવી વાતની લોકોને કોઇના કહ્યા વિના ખબર પડી ગઇ હતી. વિનોબા કેટલીકવાર કાર્યકરોને કહેતાઃ તમે શું મારો પ્રચાર કરવાના હતા ! મારા હૃદયનો ભાવ હવા જ દસે દિશામાં ફેલાવે છે. પંખીઓ મારો સંદેશો દૂર દૂર સુધી ઊડતાં જઇને પહોંચાડે છે. આકાશ મારા વિચારો સહુને કહે છે.

શ્રોતા બદલાયા હતા. વિનોબા એ જ હતા. એમની ભાષા એજ હતી. ગામેગામના દૂરના દૂરનાં ગામોમાં વસતા બાંધવોને મળી શકાય એટલે તો હું આ વિમાનના યુગમાં પણ પગપાળા ચાલતો તમારી સામે આવ્યો છું. પાકિસ્તાન સરકારે મને અહીંથી પસાર થવાની પરવાનગી આપી એ માટે હું અંતઃકરણથી આભાર માનું છું, આ માણસ ફકીર છે, ગરીબોનો સેવક છે એમ સમજીને સરકારે મને પરવાનગી આપી છે. ગરીબ લોકો ભારતમાં પણ છે ને પાકિસ્તાનમાં પણ છે. ગરીબોની ગરીબાઇ દૂર થાય, દુઃખી લોકોનાં દુઃખ દૂર થાય તો એ માટે આપણે શું કરવું જોઇએ એ હું તમને સમજાવવાનો છું.

સભા પછી મૌન પ્રાર્થના થઇ. હિંદુ, મુસલમાનના ઇતિહાસમાં આ પહેલો જ પ્રસંગ હતો. પાંચ મિનિટ આખી સભા ધ્યાનમાં બેઠી. સામૂહિક ધ્યાનની અસર સહુના મન ઉપર પડી. સભા પછી વિનોબાએ પૂછયું : ગામમાં કોઇને કુરાનનું પઠન કરતાં આવડે છે ? કુરાનના પઠન પછી એમણે પદયાત્રાની વ્યવસ્થા જોનારા સ્થાનિક કાર્યકર લોકોને કહ્યું : તમે મને ખાવાપીવા આપ્યું. પણ ગામના ભૂમિહીનોને આજે શું મળ્યું ? એ લોકોને કોણ ખાવાપીવા આપશે ? ભારતની

જેમ પાકિસ્તાનમાં પણ વિનોબાની યાત્રિકમંડળીની વ્યવસ્થા ગામલોકો કરતા હતા. વિનોબા સરકારી મહેમાન હતા એટલે પોલીસ માહિતી વગેરે સરકારી ખાતાંઓના કેટલાક કર્મચારીઓ પણ તેમની સાથે રહેતા.

સંધ્યાનો સમય, દીવાબત્તીનો વખત. એક મુસલમાન બંધુના મનનો દેવ જાગ્યો. એ પાછો આવીને વિનોબાને મળ્યો ને કહેવા લાગ્યોઃ મારી પાસે ચાર એકર જમીન છે. ઘરમાં ખાનારપીનાર પણ ઘણાં છે તેમ છતાં એક વીઘું જમીન ભૂમિહીન લોકો માટે આપવાની ઇચ્છા થાય છે. દાનપત્ર પર સહી કરતાં વળી કહેવા લાગ્યો : એક વીઘું નહીં, એક એકર લખો. એક વીઘામાં શું થશે ? રજિસ્ટ્રેશન ફી પણ હું જ આપીશ. દાતાએ સજળ નયને દાનપત્ર વિનોબાના હાથમાં આવ્યું. વિનોબાએ એના ખભે હાથ મૂકી કહ્યુંઃ અલ્લા તારું ભલું કરે એવી મારી પ્રાર્થના છે. બન્નેની આંખમાંથી આંસુ સરતાં હતાં. પાકિસ્તાનની યાત્રાના પ્રથમ દિવસે સારા મુહૂર્તમાં ભૂમિદાન મળ્યું અને પછી તો પાકિસ્તાનમાં ભૂદાનની ગંગા જ પ્રગટ થઇ. અબ્દુલ ખાલિક મુનશી પાકિસ્તાનનો રામચંદ્ર રેડ્ડી બન્યો અને ભુરુંગામારી પોચમપલ્લી બની ગયું.

શરૂઆતના એક બે દિવસ લોકો "પાકિસ્તાન ઝિંદાબાદ"ની ઘોષણાથી વિનોબાનું સ્વાગત કરતા. વિનોબા કહેતાઃ જય જગતની ઘોષણામાં દુનિયાના બધા દેશોનો વિજય સમાઇ જાય છે. 'પાકિસ્તાન ઝિંદાબાદ' અને 'જયહિંદ' બન્ને 'જય જગત'માં આવી જાય છે. પછી આગળનાં રોકાણો વખતે પાકિસ્તાનની પ્રજાએ 'જય જગત'ની ઘોષણાથી સ્વાગત કરવા માંડયું. વિશ્વરાજ્યનો વિચાર આ રીતે શબ્દમાં પ્રગટયો. શબ્દ પછી કૃતિ આવે અને વિચાર પછી આચાર આવે. એક પત્રકારે પૂછયું બ્રહ્મપુત્રાના પૂરને શી રીતે ખાળી શકાય ? વિનોબાએ કહ્યુંઃ એ માટે ભારત અને પાકિસ્તાન બન્ને દેશોએ ભેગા મળવું પડશે. બન્ને દેશોનું કોન્ફેડરેશન થતાં અનેક પ્રશ્નોનો ઉકેલ લાવી શકાશે. આગળ ઉપર આપણે આખી દુનિયાનું કોન્ફેડરેશન કરવાનું છે. ભારત-પાકિસ્તાનનું કોન્ફેડરેશન વિશ્વ કોન્ફેડરેશનની દિશામાં પ્રથમ ચરણ સમું બનશે.

પગલાપીર ગામ તો નાનું. પણ ત્યાં પાંચ દાતાઓએ જમીન આવી. બહારથી આવેલા એક યુવાને વિનોબાની ઘણી છબી લીધી. પછી તો એ યુવાન વિનોબાને મળ્યો પણ ખરો. કહેવા લાગ્યોઃ હું સિનેમાસૃષ્ટિનો અભિનેતા છું. ઢાકામાં રહું છું. અખબારોમાં તમારી પદયાત્રાના સમાચાર જોયા ત્યારથી તમને મળવાનું મન હતું. તમારા કાર્ય માટે મારા મનમાં ઘણાં શ્રદ્ધા અને આદરભાવ છે અને એ ભાવના પ્રતીક તરીકે હું મારી માલિકીની ત્રણ એકર જમીન અર્પણ કરું છું.

વિનોબાએ પ્રેમથી એની પીઠ પર હાથ ફેરવ્યો. ફકીરની ઝોળીમાં શ્રદ્ધાપૂર્વક ભૂદાનપત્ર અર્પણ કરીને એ યુવાન ઢાકા પાછો ફર્યો. માણસના મનમાં સદ્ભાવ તો હોય જ છે, એને જગાડો તો એ જાગે છે એવો સંદેશ જાણે એ આપી ગયો. ચણાવટાણા વેચવાવાળો એક ગરીબ છોકરો વિનોબા પાસે આવ્યો. કહેવા લાગ્યોઃ મારી પાસે જમીન નથી, દાન દઇ શકું એવી સંપત્તિ પણ નથી. પણ શીંગચણા વેચીને આ પાંચ રૂપિયા ભેગા કર્યા છે તે શ્રદ્ધાપૂર્વક આપું છું તેનો સ્વીકાર કરો. વિનોબાનું હૈયું ભરાઇ આવ્યું.

કોઇએ સામ્યવાદ-કોમ્યુનિઝમ વિષે પ્રશ્ન પૂછયો. વિનોબાએ કહ્યુંઃ કોમ્યુનિઝમ હિંસક સાધનોનો વિનિયોગ કરે છે એ વાત સાચી; પણ તેની પાછળની મુખ્ય શક્તિ કરુણા છે. ગરીબોનાં દુઃખો દૂર કરવાં જોઇએ-થવાં જોઇએ એવી તીવ્ર ભાવના એ લોકોના મનમાં હોય છે તે આપણા મનમાં પણ હોવી જોઇએ. જે લોકોને અહિંસામાં ને શાંતિમાં શ્રદ્ધા છે તે લોકો "જૈસે થે"ની સ્થિતિ ઇચ્છે છે અને સમાજવ્યવસ્થામાં પરિવર્તન ઇચ્છનારા હિંસાનો આશ્રય લે છે. માર્કસના ડાયલેકિટક્સની ભાષામાં કહેવું હોય તો હું કહીશ કે અહિંસા અને "જૈસે થે" (સ્ટેટસ કો) એ થઇ થિસિસ. હિંસા અને ક્રાંતિ, એન્ટીથિસિસ અને અહિંસક ક્રાંતિ એ સિંથેસીસ.

સવારે ચારને ટકોરે વિનોબા નાગેશ્વરીથી ભીતરબંદ જવા નીકળ્યા ત્યારે રસ્તે અંધારામાં એક માણસ તેમની રાહ જોતો ઊભો હતો. એના હાથમાં એક બાટલી હતી. વિનોબાને જોતાં જ આગળ આવીને એણે કહ્યુંઃ મારો દીકરા બીમાર છે. ઘણી દવા કરી પણ કંઇ ફાયદો થતો નથી. આ બાટલીનું પાણી મંતરી આપો એટલે મારો દીકરો સાજો થઇ જશે. વિનોબાએ એનો હાથ પકડયો બાટલી હાથમાં લઇને કહ્યું કે અલ્લાહ પર શ્રદ્ધા હશે તો દીકરો જરૂર સાજો થઇ જશે. એ માણસ સલામ કરીને ચાલ્યો ગયો. ભારતથી આવેલા ફકીરના સ્પર્શ માત્રથી દીકરો સાજો થઇ જશે એવી આ પાકિસ્તાનના મુસલમાનની શ્રદ્ધા દેખાડે છે કે માણસનાં હૃદય બધે જ સરખાં હોય છે.

ભારતની જેમ પૂર્વ પાકિસ્તાનમાં પણ રવીન્દ્રશતાબ્દી ઉત્સાહથી ઉજવાય. વિનોબા કહેતા કે રવીન્દ્રની દૃષ્ટિ વિશ્વવ્યાપી હતી એટલે એમનું રચેલું સાહિત્ય બધા જ દેશના લોકોને આકર્ષે છે. પાકિસ્તાનનાં પાઠ્યપુસ્તકમાં સંસ્કૃતના પ્રભાવવાળી બંગાળી ભાષા જોવા મળે છે. એ લોકો પોતાની બંગાળી શુદ્ધ હોવાનો દાવો કરે છે. કહે છેઃ પશ્ચિમ બંગાળની બંગાળી હિંદી વગેરે બીજી ભાષાઓની અસરથી બગડી ગઇ છે. રવીન્દ્રનાથ, શરદબાબુ પૂર્વ બંગાળના જ હતા.

11મી સપ્ટેમ્બરે તિસ્તા ખાતે વિનોબાનો અડસઠમો જન્મદિન ઊજવાયો. જિલ્લાના ઘણાખરા અધિકારીઓ શુભેચ્છા વ્યક્ત કરવા આવ્યા. પૂર્વ પાકિસ્તાનની સરકારે શુભેચ્છાનો તારસંદેશ મોકલ્યો અને વિનોબાના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી. યાત્રાદળે કુરાન અને ગીતાના પાઠ કરીને અને જુદી જુદી ભાષાઓનાં ભજન ગાઇને જન્મદિન ઊજવ્યો. વિનોબાએ ગદ્‌ગદિત સ્વરે ચાર શબ્દ કહ્યાઃ હું અમુક એક દેશમાં જન્મ્યો કે અમુક એક દેશમાં મરણ પામીશ એ તો કેવળ આકસ્મિક ઘટના છે. અત્યારે હું પાકિસ્તાનમાં છું તો આ દેશ પણ મારો જ દેશ છે એમ મને લાગે છે. મારું અહીં મરણ થાય તો મારાં અસ્થિનું વિસર્જન ભારતની નદીઓમાં થવું જોઇએ એવી મને ઇચ્છા નહીં રહે. આખી દુનિયા મારી છે, હું આખી દુનિયાનો છું. સમાજના મારા પર અનેક ઉપકાર છે. હાલ હું જે કામ કરું છું એમાં વિશેષ કંઇ નથી. હું તો સમાજનું ઋણ ફેડી રહ્યો છું. આજે ઝીણા સાહેબનો મૃત્યુદિન છે માટે તમારે એમના નામે વધારે જમીન દાનમાં આપવી જોઇએ.

પગલાપીર ખાતે એક ઉચ્ચ સરકારી અધિકારી પોતાના પુત્રને લઇને આવ્યા અને કહેવા લાગ્યાઃ સાધુ કોને કહેવાય એમ આ છોકરો મને પૂછયા કરે છે. હું તેને સમજાવી શકાય એટલું સમજાવું છું. પછી વિચાર આવ્યો કે ખરેખરો એક સાધુ જ એને દેખાડી દઉં તો એને પોતાની મેળે સવાલનો જવાબ મળી જશે. એમ કહી પિતાએ પુત્રને ખરેખરા સાધુ પાસે બેસાડયો. પુત્ર હાલતા-ચાલતા ને બોલતા સાધુપુરુષને અનિમેષ નયને જોઇ રહ્યો.

પાકિસ્તાનની પદયાત્રા સોળ દિવસની હતી. તેનું છેલ્લું ગામ 'વિરલ' હતું પ્રેમના સમુદ્રમાં તરતા તરતા વિનોબા યાત્રાના અંતિમ દિવસે બન્ને દેશને અલગ રાખતી સીમા તરફ ગતિ કરતા હતા. કાદવકીચડને પાણીનાં ખાબોચિયાંથી ભરેલા રસ્તે ચાલતાં તેમને 'આઝાન'ના સૂર સંભળાયા. વહેલી સવારે લોકોને જગાડતા 'આઝાન'ના સૂર વિનોબાને ખૂબ જ પ્રિય હતા. ઇશ્વર એક છે. એવો સંદેશ મસ્જિદમાંથી ચારે તરફ પહોંચે છે. વિનોબા કહેતાઃ "ઇશ્વર એક છે" તેમ માણસ પણ એક છે. જાતિ, ધર્મ, પંથ, દેશ-એ બધા કરતાં માનવતા વધારે શ્રેષ્ઠ છે.

વરસાદ સહેજ થંભ્યો હતો. કાદવકીચડવાળા રસ્તે વિનોબાનાં પગલાં ઝડપભેર પડી રહ્યાં હતાં. રસ્તામાં એક નાળું આવ્યું. એને ઓળંગવા હોડીની વ્યવસ્થા હતી. પણ પાણી બહુ ઊંડું નથી એવી ખબર પડતાં જ વિનોબા પગપાળા આગળ ચાલવા વાગ્યા. એમની છાતી સુધી પાણી હતાં. કીચડવાળા રસ્તે તેઓ પાક-ભારત સીમા તરફ આગળ વધવા લાગ્યા.

બન્ને બાજુના લોકો સીમાપ્રદેશ પર મોટી સંખ્યામાં એકઠા થયા હતા. વચ્ચે કોઇના આધિપત્ય નીચે નહીં એવી "નો મેન્સ લેન્ડ"ની છૂટી જગ્યા હતી. આ જગ્યામાં એક મંચ બાંધવામાં આવ્યો હતો. પાકિસ્તાનના લોકો અને અધિકારીઓ ભારે હૈયે વિદાય આપવા હાજર હતા. બીજી તરફ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન અને ઇતર પ્રજાજન સ્વાગત કરવા માટે ઉત્સુકતાથી રાહ જોઇ રહ્યા હતા. અનેક દેશોના પત્રકારો અને છબીઓ તથા ફિલ્મ લેનારા છબીકારો દોડધામ કરી રહ્યા હતા. એક તરફ પાકિસ્તાનનો લીલો ધ્વજ ફરકી રહ્યો હતો. અને પાસેની કમાન પર "પાકિસ્તાન જિન્દાબાદ", "વિનોબા ઘણું જીવો", "અલ્-વિદા વિનોબા" એવો શુભેચ્છા સંદેશ લખાયા હતા. બીજી બાજુ ભારતનો ત્રિરંગી ધ્વજ લહેરાતો હતો અને વિનોબાનું સ્વાગત કરતા સંદેશા તથા 'જય જગત'નો મંત્ર લખેલો હતો. વિનોબાએ કહ્યું: પાકિસ્તાનની પ્રજાના પ્રેમનું વર્ણન ક્યા શબ્દોમાં કરું ? કુરાનના શબ્દોમાં કહું તો અહીં પ્રેમ મળશે એવી મને જ્ઞાનજન્ય ખાતરી (યકીન) હતી. પણ પ્રેમનો જે સાક્ષાત્કાર થયો એને અનુભવજન્ય ખાતરી (આયનુલ યકીન) કહીશ. ગંગા, યમુના અને મેઘનાનો અહીં સંગમ થાય છે. આ નદીઓ રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે ભેદ માનતી નથી. લોકોના મનમાં પણ એવો ભેદ રહેવો ન જોઇએ. બંગભૂમિના મહાપુરુષોનું મારા પર મોટું ઋણ છે. આ ભૂમિ થોડીઘણી સેવા કરવા મળશે તો મારું જીવન સાર્થક થશો.

જન-સાગરમાં જાણે ભરતી આવી. પૂર્વ-પશ્ચિમ બંગાળના લોકો જૂનાજાણીતા ચહેરાઓ જોવા લાગ્યા. ચૌદ વર્ષ વીતી ગયાં. પિતાપુત્ર એકબીજાને ભેટ્યા, ભાઇઓ ભાઇઓને અને મિત્રો મિત્રોને ભેટયા. ચૌદ વર્ષ પળવારમાં પંખીની જેમ ઊડી ગયાં. પૂર્વ બંગાળ અને પશ્ચિમ બંગાળનો સંગમ થયો. ક્ષણભર તો ક્ષણભર, વિભાજિત હશે ને તૂટેલાં મન જોડાયાં ખરાં.

ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે, 'સ્થિરમાં હું હિમાલય છું.' સ્થિરતાની આવી વિભૂતિ જેવો હિમાલય ખળભળી ઊઠયો ને ભારતમાં બધે એની અસર પહોંચી. ભારતની ઇશાન સીમા પરનો નેફા પ્રદેશ અને ઉત્તર સીમા પરનો લડાખ પ્રદેશ તેનું કેન્દ્ર બન્યો. એ પ્રદેશોમાંથી ચીનનાં લશ્કર આગળ વધવા લાગ્યાં. ભારત ચોંકીને જાગૃત થઇ ગયું.

નેફા અને લડાખની સીમા પરના સંઘર્ષના સમાચાર મળતાં જ વિનોબાએ પોતાની વૈચારિક ભૂમિકા સ્પષ્ટ કરી. એમણે કહ્યું: તટસ્થ રીતે વિચાર કરતાં જણાય છે કે ભારત પર આ લડાઇ લાદવામાં આવી છે. ભારત યુદ્ધ કરવા માગતું ન હતું, એને તો શાંતિ જોઇતી હતી. એટલે યુદ્ધ માટે ભારતની તૈયારી

પણ ન હતી. આ ભારતનો દોષ નથી, ગુણ જ છે. સીમા પરનો અમુક ચોક્કસ ભાગ અમારો છે એવો ભારત અને ચીન બન્નેનો દાવો છે. પણ ભારતની વાટાઘાટ કરવાની તૈયારી છે, જ્યારે ચીન તે માટે તૈયાર નથી. ભારતનો આખો ઇતિહાસ જોતાં એણે ક્યારેય કોઇ બીજા દેશ પર કે પ્રદેશ પર આક્રમણ કર્યું નથી. આજે પણ ભારતને રાજ્યવિસ્તારની લાલસા નથી. ચીનમાં એવી લાલસા દેખાય છે. મને લાગે છે આ ચીનનું આક્રમણ છે અને આક્રમણનો સામનો કરવો એ ફરજ છે એમ સ્વીકારીને ભારતે સીમા પર લશ્કર મોકલ્યું છે. ભારતે પોતાની નિર્વૈર વૃત્તિ ટકાવી રાખવી. આ લડાઇ બહુ દિવસ ચાલવાની નથી. કારણ લડાઇ ચાલશે તો દુનિયાનો નાશ થશે. ચીન અને ભારત પાડોશી છે અને કાયમ પાડોશી તરીકે રહેવાનું છે એ વાત ભૂલવી ન જોઇએ. ભારત આજે ધર્મયુદ્ધ ગણીને લડતું હોય તો પણ વિજ્ઞાનના યુગમાં હિંસાચાર કરનારને સ્થાન નથી અને જુદાં જુદાં રાજ્યો ટકવાનાં નથી. આખી દુનિયાંનું એક રાજ્ય થવાનું છે. એ બધાંએ ધ્યાનમાં રાખવાનું છે.

કહેવાય છે કે ઋષિઓ ક્રાંતદર્શી હોય છે, તેમની નજર દૂરનું ભાવી પણ જોઇ શકે છે. 1944માં જેલમાં પોતાના સાથીઓને વિનોબાએ કહ્યું હતું કે હવે ભારત પર ઇશાન તરફથી હુમલો થવાનો છે. 1957માં આખા દેશમાં "હિન્દી ચીની ભાઇ-ભાઇ"ની ઘોષણાઓ થતી હતી ત્યારે પણ યેલવાલની ગ્રામદાન પરિષદમાં વિનોબાએ કહ્યું હતું કે ગ્રામદાન સ્વરક્ષણનું પગલું છે. દેશના રક્ષણ માટે શું શું કરવું જોઇએ એ વાત ગ્રામદાનના વિચાર દ્વારા તેઓ સમજાવતા ત્યારે કેટલાક લોકો પૂછતા કે તમે શા માટે પદયાત્રા કરીને હેરાન થાવ છો ? વિનોબા જવાબ દેતાઃ મને નજર આગળ સંકટ દેખાય છે. એનો પ્રતિકાર અત્યારથી કરવો જોઇએ એ તમને સમજાવવા જ હું પગપાળો ફરું છું. ભારત અને ચીન વચ્ચેના સંઘર્ષનું સ્વરૂપ વૈચારિક છે અને આ બે દેશો વચ્ચેના સંબંધ પર જ વિશ્વશાંતિ કે વિશ્વનાશનો આધાર છે. આ વાત તેઓ સતત ભારપૂર્વક જણાવતા.

એ જ વખતે ક્યૂબામાં ભયંકર પરિસ્થિતિ સરજાઇ હતી. રશિયા અને અમેરિકા સામસામે બાથ ભીડવા તૈયાર થઇ ઊભાં હતાં. એક તણખાની વાર હતી. અણુશસ્ત્રોની વર્ષા થશે અને દુનિયા નાશ પામશે એવી બીક લાગવા માંડી હતી. રશિયાના રાષ્ટ્રપતિ ખ્રુશ્ચોફને અભિનંદન આપતાં વિનોબાએ કહ્યુંઃ લડાઇના મેદાનમાં ઊતરવા માટે પણ હિંમત હોવી જરૂરી છે. તેમ શાંતિના મેદાનમાં ઊતરવા માટે પણ હિંમત જોઇએ છે. ખ્રુશ્ચોફે આવી હિંમત દેખાડી છે. ભારતની ઉત્તર સીમા પર લડાઇ બંધ થવાના અને ચીનની વિજયી સેના પાછી જતી

હોવાના સમાચાર આવ્યા. ત્યારે કોઇના માન્યામાં ન આવે. વિનોબાએ કહ્યું, દુનિયાની વિવેકબુદ્ધિ જાગૃત થઇ છે. સુવેઝની નહેરના પ્રશ્ને ઇંગ્લૅન્ડે મિસર પર હલ્લો કર્યો ત્યારે આખું જગત ખળભળી ઊઠ્યું હતું. ખુદ ઇંગ્લૅન્ડમાં પણ જનમત હુમલાની વિરુદ્ધ ગયો. ઇંગ્લૅન્ડને પીછેહઠ કરવી પડી. આગલા સૈકામાં ઇંગ્લૅન્ડ આખા હિંદુસ્તાનને ગળી ગયું તો પણ કોઇના પેટનું પાણી હાલ્યું નહીં. પણ હવે દુનિયામાં કોઇ પણ સ્થળે નાની સરખી પણ કોઇ ઘટના બને છે તો તેની અસર આખી દુનિયા પર પડે છે. ચીન યુદ્ધમોરચે તો જીત્યું પણ દુનિયાના જનમતના મોરચે હારી ગયું. દુનિયાનો જનમત એની વિરુદ્ધ પડયો. એટલે જ આ મોરચા પર પણ વિજય મેળવવાના ઉદ્દેશથી એણે પાછાં પગલાં ભર્યાં છે. યુદ્ધમોરચા કરતાં જનમતમોરચે વિજય મેળવવાનું વધારે મહત્ત્વનું છે.

બંગાળની યાત્રા દરમ્યાન વિનોબા રવીન્દ્રનાથ ઠાકુરનાં ગીતોનો અભ્યાસ કરતા હતા. દરરોજની સભાની શરૂઆત સુરીલા રવીન્દ્રગીત સાથે થતી. રવીન્દ્રનાથે પોતાનાં ગીતોમાં સર્વોદયનો વિચાર વ્યક્ત કર્યો છે એમ વિનોબા કહેતા. રવીન્દ્રનાથ ભારતના પ્રહરી હતા, ભારતે સંકુચિત રાષ્ટ્રવાદના સાણસામાં ન સપડાવું જોઇએ. વિશ્વવ્યાપી દૃષ્ટિ રાખવી અને વિશ્વની સેવા કરવી જોઇએ એવું રવીન્દ્રનાથે જ શીખવ્યું હતું. શાંતિનિકેતન વિનોબાના મતે એક આધુનિક યાત્રાધામ છે. ત્યાંના વિશ્વભારતી મહા વિદ્યાલયમાં દેશ દેશના લોકો આવે છે અને માનવતાની વિશ્વવ્યાપી દૃષ્ટિ પામે છે. ત્યાં જઇને વિનોબાએ ગીતાંજલિ અર્પણ કરીને એક આધુનિક દેવર્ષિને શ્રદ્ધા ને આદરપૂર્વક અંજલિ અર્પણ કરી.

ભારતના રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સતત કહેતા રહેતા કે સ્વાતંત્ર્યની રક્ષા કાજે હાથમાં શસ્ત્ર લઇ યુદ્ધમાં ઊતરવું પડે તો પણ વૃત્તિ વેરની ન રાખવી. શાંતિનિકેતનમાં પંડિત નહેરુએ કહ્યું હતું કે વેર કે દ્વેષનો ભાવ મનમાં રાખ્યા વિના લડાઇ કરવી. વિનોબાએ આ વિચારને વધાવ્યો હતો. 1962ના ડિસેમ્બરમાં પંડિત નહેરુ વિનોબાને મળ્યા હતા અને જાહેરસભામાં બન્નેએ પ્રવચન કર્યું હતું. ત્યારે પંડિત નહેરુએ કહ્યું હતું કે ગરીબાઇ આપણો સહુથી મોટો દુશ્મન છે. એ દુશ્મનને હરાવવા સહુએ એની સામે લડવું જોઇએ. વિનોબાએ કહ્યું કે ગ્રામદાન - ગ્રામસ્વરાજ્ય એ રાષ્ટ્રના સંરક્ષણનો સર્વોત્તમ ઉપાય છે.

નવદ્વીપ ચૈતન્ય મહાપ્રભુનું જન્મસ્થાન. બંગાળને વૈષ્ણવ ધર્મની દીક્ષા આપી ભક્તિનો પાઠ પઢાવનાર ચૈતન્યના નવદ્વીપમાં અખિલ ભારતીય ખાદી-કાર્યકર સંમેલન યોજાયું. ત્યારે પણ વિનોબાએ કહ્યું હતું કે ખાદી એક ડિફેન્સ મેઝર (સંરક્ષણનો ઉપાય) છે એમ હું માનું છું.

સૌમ્ય-સૌમ્યતર-સૌમ્યતમ એ અહિંસક ક્રાંતિની દીક્ષા છે. આ દિશામાં આગળ વધતાં વિનોબાએ બિહારમાં દાતાઓ પોતે જ જમીનની વહેંચણી કરે એવી વ્યવસ્થા દાખલ કરી અને પશ્ચિમ બંગાળમાં 'સુલભ ગ્રામદાન'ની યોજના દ્વારા એથી પણ આગળ એક ડગલું માંડયું. ગ્રામદાનનો વિચાર સમાજપ્રેરણાને અનુકૂળ છે પણ સ્વાર્થપ્રેરણાને એટલો અનુકૂળ જણાતો નથી એમ દેખાઇ આવતાં એમણે બન્ને પ્રેરણાનો સુમેળ સાધવાનો રસ્તો શોધવા માંડયો. એનું પરિણામ તે 'સુલભ ગ્રામદાન'ની યોજના. આ યોજનામાં બન્ને પ્રેરણાનો સમન્વય છે એટલે આખો દેશ રાજીખુશીથી આ કામ ઉપાડી લેશે એવી એમને ખાતરી હતી.

સુલભ ગ્રામદાનની યોજનામાં નીચે પ્રમાણેની બાબતો સમાય છે–

1. ગામડાના 80 ટકા જેટલા લોકોએ જમીન પરની પોતાની માલિકી છોડી દેવી.
2. આમાં ગામની ઓછામાં ઓછી એકાવન ટકા જમીન સાર્વજનિક માલિકીની થવી જોઇએ.
3. દરેકે પોતાની જમીનનો વીસમો ભાગ ગામના ભૂમિહીનોને માટે દાનમાં આપવો.
4. બાકીની ઓગણીસ ભાગની જમીન તેના માલિક પાસે રહે અને તે ખેડે. મૂળ માલિક પછવાડે એના વારસોની સંમતિ વિના આ જમીનનો હાથબદલો ન થાય.
5. ગામ નાનું હોય તો ગામના બધા પ્રૌઢ લોકોની ગ્રામસભા બનાવવી. ગામ મોટું હોય તો દરેક કુટુંબની એક વ્યક્તિ ગ્રામસભાની સભાસદ બને. ગામનો બધો કારભાર આ ગ્રામસભા સંભાળે.
6. દરેક વ્યક્તિ દર વર્ષે પોતાની નીપજ કે આવકનો એક ભાગ (સાધારણ રીતે વીસમો ભાગ) ગ્રામનિધિ ઊભું કરવા માટે ગ્રામસભાને આપે. આ નિધિમાંથી ગ્રામસભા બેકારોને કામ પૂરું પાડવા ઉદ્યોગ સ્થાપવા, અનાથની સારસંભાળ, શિક્ષણ અને આરોગ્ય, આર્થિક વિકાસ જેવાં સામુદાયિક ઉત્કર્ષનાં કામો હાથ ધરે.

બંગાળના મુર્શિદાબાદ જિલ્લાનું પ્લાસી ગામ ભારતવાસીઓ કદી નહીં ભૂલે. 1757માં પ્લાસીની લડાઇમાં અંગ્રેજોએ આપણને હરાવ્યા અને ભારતની ગુલામીનો શરૂઆત થઇ. પ્લાસીના નામને લાગેલું આ કલંક ધોઇ નાખવા માટે પ્લાસીનું ગ્રામદાન થવું જોઇએ એવો જપ વિનોબાએ શરૂ કર્યો. એક પ્લાસી ગ્રામદાનમાં મળે તો મને સો ગામ મળ્યાં એમ માનીશ. કાર્યકરો કહેતાઃ પ્લાસીનું ગ્રામદાન

અશક્ય છે. પ્લાસી ચાર હજારની વસ્તીનું મોટું ગામ છે, તેની વસ્તી હિંદુ અને મુસલમાનોની સંમિશ્ર છે, લોકો શિક્ષિત છે. ગ્રામદાનમાં હજી સુધી આવાં મોટાં ગામ મળ્યાં ન હતાં. વિનોબાનાં માતુશ્રી કહેતાંઃ આપે તે દેવ ને રાખે તે રાક્ષસ. પ્લાસીના નિવાસીઓના હૃદયમાં દેવ ને રાક્ષસ વચ્ચે ઘનઘોર સંગ્રામ શરૂ થયો. એમાં અંતે દેવોનો વિજય થયો. જૂનું પ્લાસી નાશ પામ્યું, નવજીવન પામી નવું પ્લાસી વિકાસ પામ્યું.

બંગાળના સામ્યવાદીઓને વિનોબાએ આમંત્રણ આપ્યુંઃ ગ્રામદાન દ્વારા ક્રાંતિનું પ્રત્યક્ષ દર્શન અહીં થાય છે. તમે પણ આ કામમાં જોડાવ. દેશમાં આજે કોઇને તમારા પર વિશ્વાસ નથી. એનાં કારણ પણ બરાબર છે. તેમ છતાં તમારા પર વિશ્વાસ મૂકી તમને આમંત્રણ આપી રહ્યો છું. ચીનમાં આકણનો સામનો કરવાના કામમાં સરકારને સાથ આપવાના તમારા ઠરાવ માટે હું તમને અભિનંદન આપું છું. અને એના આધારે વિશ્વાસ મૂકી તમને ગ્રામદાનના કામમાં સહકાર આપવા વિનંતી કરું છું.

હુગલી જિલ્લાનું કામારપુર રામકૃષ્ણ પરમહંસનું જન્મસ્થાન. અમેરિકામાં વેદાંતનો જોરદાર પ્રચાર કરનારા વિવેકાનંદના ગુરુનો જન્મ એક નાના તળાવને કાંઠે ઝૂંપડીમાં થયો હતો. શારદા માતાનું જન્મસ્થાન તેનાથી બે માઇલ દૂર. સહસ્ત્ર ધારારૂપે સાગરને મળવા ધસતી ગંગાના આ પ્રદેશમાં રામકૃષ્ણનું સતત સ્મરણ કરતાં વિનોબા જનતાને કહેતા કે સર્વોદય વિચારનું ગંગાજળ લઇને આપણે પેકિંગ જવાનું છે. ગ્રામદાન-ગ્રામસ્વરાજ્ય દ્વારા કરુણામૂલક સામ્ય લાવવાનો-સર્વોદયનો વિચાર આપણા દેશમાં પ્રતિષ્ઠિત કર્યા પછી દુનિયામાં ફેલાવવાનો છે. પેકિંગ, મોસ્કો, લંડન, ન્યૂયોર્ક આ બધે સ્થળે સર્વોદયના વિચારનું ગંગાજળ લઇ જઇ એ ગંગાજળથી ત્યાંની પ્રજાને શાંતિ અને સમતાનો અનુભવ કરાવવાનું કાર્ય સિદ્ધ કરવાનું છે. ચીનના આક્રમણનો પ્રતિકાર અને સ્વાતંત્ર્યનું રક્ષણ એટલું જ આપણું કામ નથી. ચીન પર વિચાર અને પ્રેમનું વળતું આક્રમણ કરવાનું છે, સર્વોદયનો વિચાર આખી દુનિયામાં ફેલાવવાનો છે. આવા શબ્દોમાં વિનોબા ભારતની પ્રજાને સ્વધર્મની સમજણ આપતા હતા. મનુષ્યે હજારો વર્ષો પહેલાં લખી રાખ્યું હતું :

एतद्देशप्रसूतस्य प्रकाशाद ग्रजन्यनः ।
स्वं स्वं चरित्रां शिक्षेरन पृथ्वीव्यां सर्व मानवाः ।।

આ દેશમાં જન્મેલા જ્ઞાનમાંથી પૃથ્વી પરનાં સહુ માનવ પોતપોતાના ધર્મનો બોધ પ્રાપ્ત કરશે.

ગંગાસાગર બંગાળનું મોટું તીર્થધામ. સંક્રાંતિને દિવસે ત્યાં મેળો ભરાય, ગંગા આ જ સ્થળે સમુદ્રને મળે છે અને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ લીન કરી નાખે છે. ભક્ત જાણે ભગવાનમાં વિલીન થાય છે. પદયાત્રાના માર્ગમાં ગંગાસાગર આવતું ન હતું. પણ વિનોબાએ રસ્તો થોડો ફટાવ્યો અને ગંગાસાગર ગયા. દક્ષિણમાં કન્યાકુમારી અને કાશ્મીરમાં હિમશિખર પર ધ્યાન ધર્યા પછી વિનોબાએ ગંગાસાગરનો ત્રીજો છેડો જોયો અને ગ્રામસ્વરાજ્યના સંકલ્પનો ત્રણ વાર જપ કર્યો. ગંગાસાગરની યાત્રા પછી વિનોબાએ કલકત્તામાં પ્રવેશ કર્યો. કલકત્તા ભારતનું સહુથી મોટું શહેર. લગભગ સ્હાઇઠ લાખની વસ્તીને સમાવતું અને અનેક સમસ્યાઓનું જન્મસ્થળ. ત્યાં માણસને જે જાતનું જીવન જીવવું પડે છે એ જોઇને પથ્થર પણ પીગળે. રાજા રામમોહનરાયથી માંડીને સુભાષચંદ્ર બોઝ સુધીના અનેક મહાન નેતાઓના સહવાસનો લાભ આ શહેરને મળ્યો છે. સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ, ચિત્તરંજનદાસ વગેરે કેટલાંક આવાં નામો દીધા પછી વિનોબાએ કહ્યું: નામ પણ કેટલાં લઉં ? આ કલકત્તા શહેર પર અનેક સત્પુરુષોનો, નેતાઓનો વરદ હસ્ત રહ્યો છે. આવા શહેરમાં અહિંસક-ક્રાંતિના હાલને પણ ગતિ મળ્યા વિના નહીં રહે. કલકત્તા ખાતે રોકાણ દરમ્યાન વિનોબાએ ગ્રામદાન અને શાંતિસેનાના વિચાર પાછળની ભૂમિકા સમજાવી. વેપારી, શિક્ષણ, વિજ્ઞાન, ચિત્રપટવ્યવસાય, સાહિત્ય જેવાં વિવિધ ક્ષેત્રના - વૃત્તિ, પ્રકૃતિ અને વ્યવસાયના લોકો વિનોબાને મળ્યા. વેપારીઓની સભામાં વિનોબાએ કહ્યું: આજે વેપારીઓ લાલચ અને બીકના માર્યા રાજકીય પક્ષોને ભંડોળ આપે છે અને એ રીતે પોતાનો તેમજ સમાજનો ઘાત કરે છે. વેપારીઓએ રાજકીય પક્ષોને પૈસા ન આપવા, એને કારણે હેરાનગતિ સહન કરવી પડે તો કરી લેવી. આમ થશે તો જ સમાજ જીવન સુધરશે. વેપારીઓ સરકારને ભલે નાણાં આપે. સરકારને આપેલો પૈસો લોકોના કલ્યાણ માટે ખર્ચાય છે. સર્વોદય જેવાં સહુના કલ્યાણનાં કામ માટે દાન આપે એમાં પણ ખોટું નથી. દવાઓ અને ખાવાપીવાની ચીજવસ્તુમાં ભેળસેળ કરવા જેવાં ભયંકર અપરાધ બીજો કોઇ નથી. આ ભેળસેળ ન કરવાની પ્રતિજ્ઞા વેપારીઓ કરે એ માટેના પ્રયત્ન વિનોબાએ બંગાળની યાત્રા દરમ્યાન શરૂ કર્યા.

ગોસેવા સંઘના કાર્યકર્તાઓને નવી દૃષ્ટિ આપતાં વિનોબાએ કહ્યું, ભારતે ગાયને પોતાના કુટુંબના અંગ જેવી ગણી છે. ગાયનું રક્ષણ કરવું એ ભારતીય સમાજવાદનો જ એક ભાગ છે. ગોરક્ષણના કામમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ રાખવી જોઇએ. અહીં કાલીમાતાના મંદિરમાં રોજ બકરાનો બલિ ચઢાવવામાં આવે છે. મૂંગા જનાવરના લોહીથી મંદિર લાલ થાય છે. બલિ ચઢાવવાના આ રિવાજ પર

પ્રહાર કરતાં વિનોબાએ કહ્યું: વિજ્ઞાનના આજના યુગમાં ધાર્મિક અંધશ્રદ્ધા અને ગાંડીઘેલી કલ્પના-વિચારો ટકશે નહીં. દરેક ધર્મની કસોટી વિજ્ઞાનના આધારે થશે અને એમાં ખરો ઉતરનારો ધર્મ-આધ્યાત્મિકતા-ઉજ્જવળ રૂપ ધારણ કરશે.

કુરાનની પંસદ કરેલી આયાતોનું વર્ગીકરણ કરીને વિનોબાએ કુરાન-સાર નામે પુસ્તક તૈયાર કર્યું હતું. આ પુસ્તકનો પ્રકાશન સમારંભ કલકત્તામાં થયો. શહેરના પ્રમુખ મુસ્લિમ નેતાઓની એક સભા યોજાઇ. એ લોકોએ પુસ્તકનું સ્વાગત કરતાં કહ્યું કે વિનોબાએ ઇસ્લામની મોટી સેવા કરી છે. પુસ્તક પ્રકાશિત કરવા પાછળનો હેતુ હૃદયો જોડવાનો છે. વિજ્ઞાનના યુગમાં સંકુચિત ધર્મભાવના છોડીને શુદ્ધ આધ્યાત્મિકતા અપનાવવાની છે. ધર્મમાં પ્રવેશી ગયેલ અસાર છોડીને મૂળ સાર ગ્રહણ કરવાનો છે. ભાષા અંગે પોતાના વિચાર કરતાં કહ્યું કે ઉર્દૂ મુસલમાનોની ભાષા છે. એ માન્યતા ભૂલભરેલી છે. દેશની અન્ય ભાષાઓની જેમ ઉર્દૂ પણ આ દેશની એક ભાષા છે. હિંદી અને ઉર્દૂ એ બે જુદી જુદી ભાષાઓ નથી. બન્ને મળીને એક જ ભાષા છે.

કલકત્તામાં લગભગ દસ હજાર ચીના રહે છે. એમાંના ઘણાખરા તો સોએક વર્ષથી અહીં આવીને વસ્યા છે. અને જોડા બનાવવાના વ્યવસાયમાં છે. ચીન-ભારત વચ્ચેના સંઘર્ષના સમયમાં પણ ભારતની પ્રજાનો વ્યવહાર અનુદાર ન હતો એ માટે તેઓ કૃતજ્ઞતા અનુભવતા હતા. વિનોબા 'ચાયના ટાઉન'માંથી નીકળ્યા ત્યારે ચીની સમાજ પરથી સેંકડો બાળકો અને પ્રૌઢાએ તેમનું સ્વાગત કર્યું. એ લોકોને વિનોબાએ કહ્યું કે આ ભારતભૂમિ હજારો વર્ષોથી સહુનું સ્વાગત કરતી આવી છે અને સહુનું ભરણપોષણ કરતી આવી છે. આ દેશ સહુ માનવોનો છે, તમારો પણ છે. તમે પ્રેમથી અહીં વસો, કામ કરો, ભણો, ગણો. આ દેશમાં તમને પ્રેમ અને આત્મીયતા જ મળશે એવી ખાતરી હું તમને ભારતની પ્રજા વતી આપું છું. પરસ્પર પ્રેમ વધારવા માટે એકબીજાની ભાષા શીખવી જરૂરી છે. વિનોબાએ શાંતિનિકેતનના ચીના-ભવનના એક શિક્ષકની મદદથી ચીની ભાષાનો અભ્યાસ કર્યો અને નાગરી લિપિ દ્વારા ચીની ભાષા શીખવવા માટે પુસ્તકો તૈયાર કરવાનું કામ ચીનાભવનને સોંપ્યું. ચીન અને જાપાનની ચિત્ર-લિપિ અઘરી છે એટલે એમને નવી શાસ્ત્રશુદ્ધિ લિપિ જોઇએ છે. ભારતની સર્વે ભાષાઓ નાગરી લિપિ અપનાવે તો ભવિષ્યમાં ચીન-જાપાનમાં પણ કદાચ નાગરી લિપિનો સ્વીકાર થશે એવી મને આશા છે, એમ વિનોબાએ કહ્યું.

ચાર ચાર વર્ષથી વિનોબાનાં પ્રત્યક્ષ દર્શન થયાં ન હતાં, તેમ છતાં એમની ગેરહાજરીમાં એકલવ્યની જેમ એમનું કાર્ય આગળ ચલાવી રહેલા ભારતભરના

સેંકડો કાર્યકર્તા અને સર્વોદયપ્રેમીઓનું સંમેલન રાયપુરમાં ભરાયું, એટલે એ સંમેલન વિશેષ મહત્ત્વનું બન્યું. વિનોબા આ સંમેલનને ગાંડાઓની દુનિયા તરીકે ઓળખાવતા. આખી દુનિયામાં સામાજિક ક્રાંતિ આણવી, તે માટે શાંતિપૂર્વક જોરદાર લડાઇ કરવી અને તે પણ હૃદયરૂપી રણાંગણ પર વિચાર અને પ્રેમનાં શક્તિશાળી શસ્ત્રો વડે, ગ્રામસ્વરાજ્યની સ્થાપના કરીને વિશ્વરાજ્ય નિર્માણ કરવું, હિમાલયની કોઇ ગુફાના એકાંતમાં ગયા વિના આધ્યાત્મિક સાધના કરવી, પોતાના માટે નહીં સહુને માટે મુક્તિ મેળવવી એ બધું ગાંડપણ જ ગણાય. પણ વિનોબા કહેતાઃ આપણે હજી પૂર્ણપણે ગાંડા બની ગયા નથી તે આપણે બનવાનું છે. તુકારામ મહારાજ કહે છે. "આમ્હી બિઘડલો તુમ્હી બિઘડાના" અને મીરાં કહે છે "લોગ કહે મીરા ભઇ બાવરી".

7મી માર્ચ 1951ના દિવસે જ્યારે વિનોબાએ સેવાગ્રામ છોડ્યું ત્યારે આશ્રમબાલિકાઓએ ભજન ગાયું હતું. સુને, મૈને નિર્બલ કે બલરામ. વિનોબા અનુભવવાણી ઉચ્ચારતાઃ સુને નહીં, દેખી રે મૈંને નિર્બલ કે બલ રામ. રામ નિર્બળને બળ આપી રહે છે એ મારો તો અનુભવ છે. આ જ અનુભવના બળના આધારે વિનોબાએ ચાલવાનું શરૂ કર્યું હતું. રામચંદ્રજીની વાનરસેનાએ બાંધેલા સેતુથી બ્રહ્મવિદ્યા ભણી લઇ જવા હિમાચલરૂપી સેતુ સુધી એમની યાત્રા અવિરત, અંકુઠિત, અનિરુદ્ધ ચાલુ રહી. મહિના પછી મહિના વીત્યા, બાર વર્ષ પૂરાં થયાં. પણ એમની યાત્રા ચાલુ રહી. પગ ધરતી પર ને ચિંતન વિશ્વનું, માર્ગ કરુણાનો અને કાર્ય ક્રાંતિનું, પગ ફરે છે ને પ્રજ્ઞા સ્થિર. 1951ની 7મી માર્ચે સેવાગ્રામથી નીકળી લગભગ તેંતાળીસ હજાર માઇલની પદયાત્રા કરી 1964ની 6 એપ્રિલે તેઓ સેવાગ્રામ પહોંચ્યા. પૃથ્વીની બે વાર પ્રદક્ષિણા થઇ શકે એટલી પદયાત્રા વિનોબાએ કરી.

काल करे सो आज कर, आज करे सो अब
पल में परलय होत है, बहुरि करोगे कब ।

કબીરનું વચન વિનોબાએ યાદ કર્યું. કાલનું કામ આજે કર, આજનું હમણાં. પ્રલય તો ક્ષણભરમાં થાય છે, પછી તું કામ ક્યારે કરીશ. રાયપુરના સર્વોદય સંમેલનમાં એમણે કબીરવાણી ઉચ્ચારી. 1969માં ગાંધીજીની શતાબ્દી આવતી હતી. પાંચ લાખ ગામોમાં ગ્રામસ્વરાજ્યની સ્થાપના કરવાની હતી, જમીન અને સંપત્તિની વ્યક્તિગત માલિકી નાબૂદ કરી. સામ્યયોગ સ્થાપવાનો હતો. તે માટે ગ્રામદાન, શાંતિસેના અને ગ્રામાભિમુખ ખાદીના વિવિધ કાર્યક્રમ હાથ ધરવાના હતા.

રામકૃષ્ણ હરિ. મારું નામ નાશ પામો. રામનામ શેષ રહો. મારું પોતાનું કંઇ જ ન હોય, બધું કૃષ્ણાર્પણ હોય. મારી ઇચ્છા જેવું કંઇ ન રહો, હરિની ઇચ્છા સર્વોપરિ રહો. આ હતું વિનોબાનું જીવનસૂત્ર.

वेदवेदांतगीतानाम् विनुना सरमुधृतः

ब्रह्म सत्यम् जगत स्फूर्तिः जीवनम् सत्य शोधनम् ।

'વિનુ'એ વેદવેદાંત અને ગીતાનો સાર ગ્રહણ કર્યો છે. બ્રહ્મ સત્ય છે, જગતમાં સ્ફૂર્તિ છે અને જીવન એટલે સત્યની શોધ. એ વિનોબાનો જીવનમંત્ર. અને

वेदांतो विज्ञानम् विश्वसश्चेति शक्तयः तिस्त्रः

तासम् स्थैर्ये नित्यम् शांतिसमृद्धि भविष्यति जगति ।

વેદાંત, વિજ્ઞાન અને વિશ્વાસ એ ત્રણ શક્તિ છે. એની વચ્ચે સ્થિર રહેવાથી દુનિયામાં શાંતિ અને સમૃદ્ધિ આવશે. આ વિનોબાનું જીવનતંત્ર.

आस्ते भग आसीनस्य शेते निपधमानस्य

उत्तिष्ठन च तिष्ठति चराति चरतो भगः ।

સૂનારાનું નસીબ સૂતું રહે છે, બેસનારાનું બેઠેલું રહે છે, ઊઠીને ઊભા રહેનારનું નસીબ ઊભું રહે છે ને ચાલનારાનું ચાલતું રહે છે. એટલે ચાલતો રહે, ચાલતો રહે.

चरैवेति, चरैवेति ।

વિનોબા અને તેમના સમકાલીનો

બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવા ઘર છોડીને નીકળેલા વિનોબા 1964માં પવનાર બ્રહ્મમંદિરમાં આવ્યા. બ્રહ્મચારિણી સ્ત્રીઓ સમૂહમાં સાધના કરી શકે એ ઉદ્દેશથી પાંચ વર્ષ પહેલાં આ આશ્રમની સ્થાપના કરવામાં આવી હતી. વિનોબાની આશ્રમની આ પ્રથમ મુલાકાત હતી. એ વખતે એમણે બે પૃથ્વીપ્રદક્ષિણા જેટલી, એટલે કે 80 હજાર કિલોમીટર પદયાત્રા પૂરી કરી હતી. આટલી મોટી તપસ્યા કરી, પણ એનો જરા જેટલો દેખાવ કે અહંકાર નહીં. કામ કરીને પણ અલિપ્ત એવા એ માણસ, ક્યારેક તેઓ મશ્કરીમાં કહેતાઃ આટલી લાખ એકર જમીન મળી છે, પણ મારા હાથને ક્યાંય જરા જેટલી પણ માટી ચોંટેલી દેખાય છે ? ગીતા પ્રવચનમાં કર્મમાં વિકર્મ ભળે તો એ અકર્મ થઇ જાય છે એવું વિવરણ આવે છે. કર્મ સાથે ભક્તિ ભળે તો એ કર્મ કર્યા પછી પણ ન કર્યા બરાબર ભાસે છે અને એમાંથી કર્મ થાય છે. એ બધું પ્રકૃતિના ગુણને કારણે. આ એમની જીવનની ભૂમિકા. આત્મા કોઇ જ કર્મનો કર્તા નથી એ વખતનો દૃઢ પાયો. એટલે લોકોએ એમને ભૂદાન બાબા કહ્યા. ગરીબોને જમીન દેનારા સંત તરીકે બિરદાવ્યા. પણ વિનોબાને એની કંઇ જ અસર નહીં.

જ્ઞાનદેવની મધુર મરાઠી ભાષા કાન પર પડે તે માટે ફરી જન્મ લેવો પડે તો પણ કબૂલ એમ વિનોબા કહેતા. પણ તેમની મરાઠીમાં ક્યારેક ઘણી તીખાશ જોવા મળતી. અપ્પાસાહેબ પટવર્ધને ભંગીમુક્તિનું, હરિજનસેવાનું જે મહાન કાર્ય કર્યું તેનો ઉલ્લેખ કરતાં વિનોબા કેટલીક વાર કહેતાઃ એક આપ્પા, બાકી બધા ગપ્પા. એકવાર એક વિદ્વાન કહેવાતા ગૃહસ્થે વિનોબાને આગ્રહ કર્યો કે અમુક મુદ્દા પર તમારે સત્યાગ્રહ કરવો જ જોઇએ. વિનોબાએ કહ્યું. તો પછી તમે જ સત્યાગ્રહ કરો ને. પેલા ભાઇએ નિઃસાસો નાખીને કહ્યુંઃ હું સત્યાગ્રહ કરું એમાં શું નીપજશે? તમારી પાસે શક્તિ છે. એ સાંભળતાં જ વિનોબાની અસલ મરાઠી બહાર પડી. અરે ભાઇ, મારી પાસે શક્તિ છે તેમ અક્કલ પણ છે. શક્તિ મારી ને અક્કલ તમારી એ તે કેમ ચાલે ? ક્યારેક વળી કહેતાઃ મહારાષ્ટ્રમાં ડાહ્યા

લોકો ઘણા. બીજે બુદ્ધિમાન લોકો હોય છે, પણ મહારાષ્ટ્રમાં સહસ્ત્રબુદ્ધે હોય છે.

એકવાર એક જૂના ગાંધીવાદી કડવાશથી કહેતા હતા : આજકાલ બધે જ હાલત બગડવા માંડી છે. આશ્રમમાં પણ લાલ ભડક કિનારવાળી સાડી પહેરેલી છોકરી દેખાય. વિનોબાએ તરત કહ્યું : ભાઇ, એની સાડીની કિનાર લાલભડક હતી એમાં તમારા મનમાં શેનો ભડકો થાય છે. તો કોઇએ એમને કહ્યું:, "તમે ગાંધીજીનું નામ બહુ લેતા નથી." વિનોબાએ તરત કહ્યું, હાં, હું નામ નથી લેતો. કારણ કે હું એમનું કામ કરું છું. એક જણે કહ્યું, ગાંધીજીએ કહ્યું છે કે એ જ કંઇ તમે કરતા નથી. ભૂદાન, ગ્રામદાન એવું નવું નવું કરો છો. આ ગૃહસ્થને વિનોબાએ કહ્યું, સેવાગ્રામમાં બાપુકુટિ પાસે બાપુએ એક છોડ રોપ્યો હતો. બાપુ પ્રાર્થના કરતા એ દિવસોમાં એ છોડ નાનો હતો. હવે એનું ઊંચું વૃક્ષ થઇ ગયું છે. એ વૃક્ષને તમે પૂછતા નથી કે આટલું વધ્યું શાને ? એવડું ને એવડું કેમ ન રહ્યું ? ક્યારેક વળી કહેતાઃ બાપુને જે શોભે તે તેઓ જ કહી શકતા. શિવજીનું નૃત્ય તાંડવ કહેવાય. બીજાં ભૂત નાચે તે ભૂતોનો નાચ કહેવાય. તાંડવ નૃત્ય શિવજી જ કરી શકે, બીજું કોઇ નહીં.

એકવાર પવનારની ધામ નદીમાં ભારે પૂર ચઢયાં. વિનોબાએ બધાને બોલાવ્યા. જુઓ, જુઓ, આની સંપૂર્ણ ક્રાંતિ, લોકોને વિનોબાની વાત સમજાઇ નહીં. બે જ કલાકમાં પૂરનાં પાણી ઓસર્યાં. એ તરફ નજર દોરતાં વિનોબાએ કહ્યું. સંપૂર્ણ ક્રાંતિ પૂરી થઇ તે કેવી ક્રાંતિ ? આ તો ભ્રાંતિ કહેવાય.

અમુક માણસનો વ્યવહાર ખરાબ છે, અમુક માણસ આમ કરે છે કે તેમ કરે છે એવી ફરિયાદ કોઇ કરે તો વિનોબા કહેતા : "શેતરંજની રમતમાં બધાંની ચાલ નક્કી કરેલી હોય છે. ઊંટ વાંકુ જ ચાલે, હાથી સીધો જ ચાલે, ઘોડો અઢી ઘર કુદાવતો ચાલે." તો વળી ક્યારેક કહેતા 'મરચું તો તીખું જ લાગવાનું, કારેલાં કડવાં, આમળું તુરૂં ને કેરી ખાટી જ લાગે. એવું જ બધાના સ્વભાવનું. કેટલાક કડવાં કારેલાં શોખથી ખાતા હોય છે. આશ્રમવાસીઓમાં કંઇ ઘુસપુસ ચાલતી હોય તો વિનોબા કહેતા રાજાની રાણીઓના મનમાં એકબીજા માટે ઇર્ષ્યા હોય એ રીતે મોટા માણસની પાસે રહેનારામાં પણ હોય.'

સંયુક્ત મહારાષ્ટ્રની ચળવળ વખતે મહારાષ્ટ્રના લોકોની લાગણી ખૂબ જ ઉત્તેજિત થઇ ગઇ હતી. વિનોબા કહેતા : જમીનનો પ્રશ્ન મૂળભૂત પ્રશ્ન છે. એવો આ પ્રશ્ન નથી. કેટલાક લોકો તેમની આવી વાતથી ચિડાતા અને કહેતા : "સંયુક્ત મહારાષ્ટ્રની રચના થતાં સુધી અમે બીજું કંઇ કામ કરવાના નથી. તમારું ભૂદાન કે કંઇ કામ નહીં કરીએ." વિનોબા કહેતા : એનો અર્થ એ કે

બીજાને ખાવાનું આપવાનું કામ નહીં કરો. તમે એકલા ખાવાનું ચાલુ રાખશો. સંયુક્ત મહારાષ્ટ્ર થતાં સુધી અમે ખાઇશું નહીં એવું કોઇ કહેતું નથી. એક નેતા આથી નારાજ થઇ ગયા. ગુસ્સે થઇને એમણે કહ્યું : અમારો મહારાષ્ટ્રનો પૈસો યુ. પી. પાછળ ખર્ચાય છે. આ અન્યાય છે. વિનોબાએ તરત સવાલ કર્યો : "મૃત્યુ પછી તમારાં અસ્થિ પ્રયાગના ત્રિવેણીસંગમમાં પધરાવવામાં આવે એવી તમારી ઇચ્છા છે કે નહીં ? તો પછી કાશી ને પ્રયાગ જે પ્રદેશમાં છે એને મદદ કરશો તો શું નુકસાન થવાનું છે ?"

ચીનના આક્રમણ વખતે શાંતિવાદી કહેવાતા કેટલાક લોકો ખૂબ જ અસ્વસ્થ થઇ ગયા હતા. વિનોબાને એ લોકોએ કહ્યું "ભારત ગાંધીજીનો દેશ છે. એ દેશ પોતાની સેના સીમા પર મોકલે, સશસ્ત્ર પ્રતિકાર કરે એ શોભાસ્પદ નથી." વિનોબા હસીને કહેતા : ભારતે સૈન્ય રાખ્યું છે તે શું શોભાનું છે ? સેના તો આક્રમણનો સામનો કરવા જ હોય ને.

એકવાર એક આશ્રમવાસીએ નમસ્કાર કરીને કહ્યું : આજે મારો જન્મદિવસ છે. વિનોબાએ તરત સવાલ કર્યો : જન્મદિવસ ? ક્યા જન્મનો જન્મદિવસ? આપણે તો અનંત જન્મના પ્રવાસી છીએ.

વિયેટનામમાં ઘનઘોર યુદ્ધ ચાલી રહ્યું હતું, તે દિવસોમાં કોઇએ એમને લખ્યું કે તમારે સદિયા (આસામ)થી સાયગાવ (વિયેટનામ) શાંતિયાત્રા કરવી જોઇએ. વિનોબાએ જવાબ મોકલ્યો : મારી યાત્રા ભૂલોકથી બ્રહ્મલોકની અને ભૂત-વર્તમાન-ભવિષ્ય એમ ત્રણે કાળની ચાલુ જ છે. એને સદિયાથી સાયગાવ સુધી સીમિત કરવાનું સૂચન શા માટે ?

ચીનમાં માઓએ આદરેલી 'સાંસ્કૃતિક ક્રાંતિ'માં અનેક લેખક, કળાકાર વગેરે માર્યા ગયા. એ બાબત કોઇએ ખેદ વ્યક્ત કર્યો ત્યારે વિનોબાએ કહ્યું : ચિંતા કરશો નહીં. માઓત્સે તો ચાર દિવસ ટકશે, ચીનમાં કાયમ ટકશે લાઓત્સે અને કન્ફ્યુશ્યસ.

કોઇ પૂર્વજન્મની વાત કરે તો વિનોબા કહેતા : માણસને પૂર્વજન્મ યાદ નથી રહેતો એ જ સારું છે. ગયા જન્મે હું ગધેડો હતો ને તમે કૂતરું. એવું વાત શા માટે યાદ કરવી ? તમે મને કરડયા અને હું તમને લાત મારું એ પહેલાં ભાગી છૂટયા એટલે લાત મારવાની રહી ગઇ, હવે મારી લઉં. આવી બધી વાતો યાદ રહે તો આપણે સહકાર્યકર તરીકે કામ કરી શકીએ ખરા ?

પવનાર આશ્રમમાંથી વિનોબાએ વર્ધા જિલ્લામાં જ થોડા દિવસ પદયાત્રા કરી. પણ લંબરથાઇન વર્ટિગોને કારણે ચક્કર આવવા લાગ્યા એટલે પદયાત્રા

કાયમ માટે બંધ કરી તેમને આશ્રમે પાછા ફરવું પડયું. આ માંદગી વૈદ્યનાથ ધામના પંડાઓએ આપેલ મુક્કામારના 'પ્રસાદ'ની બક્ષિસ હતી. આ પંડાઓએ માર મારેલો તેમાં એક મુક્કાથી કાનના અંદરના ભાગને ઇજા થઇ હતી. જુદી જુદી ઉપચાર પદ્ધતિના અને જુદા જુદા ડૉકટરોના ઇલાજ કરી જોવા છતાં રોગ ગયો ન હતો. પોતાની ઉપચારપદ્ધતિ ઉત્તમ છે. એવું આગ્રહપૂર્વક ડૉકટરો કહેતા ત્યારે વિનોબા હસીને જવાબ દેતા કે હું તો એક જ 'પેટર્ન' (પદ્ધતિ) ઉત્તમ માનું છું. નેચરોપથી, એલોપેથી, હોમિયોપેથી એ બધા કરતાં 'સિમ્પથી' શ્રેષ્ઠ છે. માણસને સહાનુભૂતિની જરૂર હોય છે.

રોગને વિનોબા ગુરુ ગણતા. જ્ઞાન આપવા આવેલા ગુરુ, તમારા આહારવિહારમાં ક્યાં ભૂલચૂક થઇ છે એ કહેનારા ગુરુ. એકવાર એક આશ્રમવાસીને તાવ આવી ગયો, એ પછી વિનોબાએ એને પૂછયું : તાવ શી રીતે આવ્યો ? તાવનું કારણ શું? શી ખબર ? એવો જવાબ મળતાં વિનોબાએ કહ્યું : એનો અર્થ શું ? આવડો મોટો ગુરુ આવ્યો તે જ્ઞાનદાન કર્યા વિના જ પાછો ગયો ? શરીર નીરોગી રહે એ આધ્યાત્મિક દૃષ્ટિએ પણ જરૂરી છે. આરોગ્ય બગડે એનો અર્થ એ કે સાધનામાં ક્યાંક અપૂર્ણતા છે, અંદર ક્યાંક મલિનતા છે, આ તેમનો ગાંધીમાર્ગનો સિદ્ધાંત, આશ્રમમાં કોઇ બીમાર થાય તો તેઓ કહેતા : દુર્બળને આત્મજ્ઞાન નથી.

વર્ધા જિલ્લામાં પદયાત્રા ચાલતી હતી એ દરમ્યાન એક ગામના મુકામે પંડિત નહેરુના મૃત્યુના ખબર મળ્યા. આખો દેશ શોકસાગરમાં ડૂબી ગયો. વિનોબાએ કહ્યું : પંડિત નહેરુ મહાન નેતા હતા, છેવટના નેતા. હવે નેતૃત્વનો યુગ પૂરો થયો. ગણસેવકત્વનો યુગ આવ્યો છે. સહુએ મળીને કામ કરવાનું અને નિર્ણય લેવાના.

ગાંધીજીએ વિનોબાને પોતાના આધ્યાત્મિક ઉત્તરાધિકારી અને પંડિત નહેરુને રાજકીય ઉત્તરાધિકારી જાહેર કર્યા હતા. એટલે વિનોબા કહેતાઃ અમે તો ગુરુભાઇ છીએ. એ બન્ને વચ્ચેનો સંબંધ બધાને કોયડારૂપ લાગતો. એકવાર કોઇ વિરોધ પક્ષના નેતાએ ચિઢાઇને કહ્યું કે તમને નહેરુ પ્રત્યે સોફ્ટ કોર્નર છે. વિનોબાએ હસીને જવાબ આપ્યો કે સોફ્ટ કોર્નર જ નહીં, મારું આખું 'હાર્ટ' જ એના પ્રત્યે 'સોફ્ટ' છે. નહેરુ પ્રત્યે એમને ખૂબ પ્રેમ હતો. પણ પોતાના વિચાર વ્યક્ત કરવાની વાત હોય ત્યારે તેઓ સંકોચ ન રાખતા. નહેરુ અમુક કામ કેમ કરતા નથી એમ એક જણે પૂછયું તો વિનોબાએ કહ્યું કે એમની હજી ડિસ્કવરી ઓફ ઇન્ડિયા ચાલી રહી છે. રાજ્યકર્તાઓ તમારું સાંભળતા કેમ નથી એવો સવાલ પૂછાય ત્યારે કહેતા કે સુરદાસે કહી મૂક્યું છે ને કે 'મુરખ મુરખ રાજા કિન્હો,

પંડિત ફિરત ભિકલી.' મૂર્ખ લોકો રાજા થાય છે ને મારા જેવા વિદ્વાન ભિખારીની જેમ ભટકતા રહે છે. અને આજકાલ તો તમે વીણી વીણીને મૂર્ખાઓને ચૂંટી મોકલો છો. વિનોબાની પદયાત્રા સતત ચાલુ જ હોય એટલે નહેરુ લગભગ દર વર્ષે તેઓ જ્યાં હોય ત્યાં આવીને તેમને મળી જતા. ઋષિ કોઇ દિવસ રાજા પાસે ન જાય એ પ્રાચીન પરંપરા લઇને નિભાવી રહ્યા હતા. ક્યારેક તો એકાદ હપ્તા ગામડાની શાળાના ખંડિયેર મકાનમાં ભારતના વડાપ્રધાન કલાકોના કલાકો વિનોબા સાથે આંતરરાષ્ટ્રીય પ્રશ્નોની ચર્ચા કરતા બેસતા. વિશ્વશાંતિ માટે ભારતે એકપક્ષી નિઃશસ્ત્રીકરણની જાહેરાત કરવી જોઇએ. એમ વિનોબા સ્પષ્ટપણે કહેતા હતા. મારા આવા વિચારો જાહેરમાં કહી દેખાડવાથી નહેરુને મૂંઝવણમાં મૂકવા જેવું તો નહીં થાય ને, એવો વિચાર આપતાં વિનોબાએ એક જણને મોકલી નહેરુને પૂછાવી જોયું. નહેરુએ જવાબ મોકલ્યો કે વિનોબાએ પોતાના વિચાર મુક્તપણે જાહેર કરવા, એમાં વાંધો નથી. વિનોબા નહેરુને ફિલોસોફર કિંગ કહેતા. તેઓ કહેતા નહેરુ બહુ મોટો માણસ છે. વડા પ્રધાનનું પદ એને માટે સાવ નાની વસ્તુ છે. તે આટલો મોટો હતો એટલે જ કદાચ વડાપ્રધાન તરીકે એટલો સફળ નહીં થાય. એનાં કરતાં એની પુત્રી વડાપ્રધાન તરીકે સફળ થશે. ઇંદિરા ગાંધી વડાપ્રધાન થયા પછી વિનોબાએ આવો અભિપ્રાય ઉચ્ચાર્યો હતો. નહેરુ ઉપર તેમને આટલો ભાવ છે તો તમે ચૂંટણીમાં મદદ કેમ નથી કરતા એવો પ્રશ્ન કોઇ પૂછે તો વિનોબા કહેતા કે એના પર મને ભાવ છે. એની ખાતર હું જાન પર કુરબાન કરી દઉં. પણ એને મત નહીં આપું. આ નિર્ણય પાછળની તેમની વિચારભૂમિકા એવી હતી કે રાજકારણથી અલિપ્ત એવો સેવકવર્ગ દેશમાં નિર્માણ કરવો જોઇએ. જે સમાજનું માર્ગદર્શન કરે, તેઓ 'ઋષિસત્તા' તરીકે ઓળખાવતા તે આ નિર્માણયોજના. તેઓ કહેતાઃ લોકશાહીમાં નેતા એ ખરેખર નેતા નથી હોતા, નેતા આગળ હોય. આ નેતા પાછળ હોય છે. મત મેળવવા માટે તેઓ સમાજને ગમે એવું જ બોલશે ને કરશે. સાચું બોલવાની હિંમત આ નેતાઓ નહીં કરી શકે. એટલે જે લોકો સામાજિક ક્રાંતિ ઇચ્છતા હોય એમણે ચૂંટણીના રાજકારણથી અળગા રહેવું જોઇએ. આમાં વિચારીને જ વિનોબાએ એકે ચૂંટણીમાં મતદાન કર્યું ન હતું.

નહેરુ વયમાં વડીલ, તો વિનોબા જ્ઞાનમાં વડીલ. બન્ને મળે ત્યારે કોણ પહેલા પ્રણામ કરે એ માટે જાણે હરીફાઇ ચાલે. એકવાર નહેરુ પ્રણામ કરવા નીચા નમ્યા એટલામાં વિનોબાએ "તમે તો મારા વડીલ ભાઇ છો," કહીને તેમના હાથ પકડી લીધા. એ જ ક્ષણે છબીકારે કેમેરાનું બટન દબાવી દીધું.

વિનોબાએ એકવાર નહેરુને કહ્યું, તમે રાજકારણ માટે ,અયોગ્ય વ્યક્તિ છો. કારણ કે તમારામાં બે મોટા દોષ છે. તમે વેરભાવ રાખી શકતા નથી ને દ્વેષભાવ પણ રાખી શકતા નથી. નહેરુ આ વાત સાંભળીને ખૂબ હસ્યા. બન્નેની અંતિમ મુલાકાત ચીનના આક્રમણ પછી શાંતિનિકેતનમાં થઇ હતી. મળ્યા પછી બન્નેએ જાહેરસભામાં ભાષણ કર્યાં હતાં. રવીન્દ્રનાથે સ્થાપેલા "ચીનભવન"ના વયોવૃદ્ધ ચીની ડીરેક્ટર શ્રી. તાનયુન શાન પણ તે વખતે હાજર હતા. ચીને ભારતને હરાવ્યું એટલે આખા દેશમાં ચીનની વિરુદ્ધ પ્રજામત ઊકળ્યો હતો, દુઃખ, સંતાપ ને નિરાશાભર્યું વાતાવરણ ફેલાયું હતું. એ દિવસના ભાષણમાં નહેરુએ કહ્યું હતું. ચીને ભારત પર આક્રમણ કર્યું એટલે ભારતે પણ સૈન્ય મોકલ્યું છે. પણ ચીનની પ્રજા સાથે અમારે કશું વેર નથી. આ શબ્દો સાંભળીને તાન યુન શાનની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી હતી. એમણે કહ્યું. તમારા વડા પ્રધાન કેટલા મોટા મનના છે.

એકવાર નહેરુએ કહ્યું હતું : સરકારે રચનાત્મક કાર્યમાં પૂરેપૂરી મદદ કરવી જોઇએ એ વાત મને માન્ય છે. હું મદદ કરું છું પણ ખરો. પણ ઘણીવાર જોયું છે કે સરકારી મદદ મળે એટલે રચનાત્મક સંસ્થા અને કાર્યકરોનું 'તેજ' હણાઇ જાય છે. આવું જોઇને દુઃખ થાય છે. વિનોબા આ વાત અવારનવાર યાદ કરાવી આપતા અને કાકાસાહેબ કાલેલકરનાં અ-સરકારી અસરકારી, કામ જ અસરકારક થઇ શકે એ વચનોની પુનરાવૃત્તિ કરતા.

નહેરુની શાંતિ, વિશ્વમૈત્રી અને અલિપ્તતાની વિદેશનીતિમાં વિનોબાને ગાંધી વિચારનું સાક્ષર સ્વરૂપ દેખાતું. આ નીતિને તેઓ કાયમ ટેકો આપતા અને કહેતાઃ દુનિયામાં શાંતિ સ્થાપાય એના માટે નહેરુ પ્રયત્નશીલ છે. દેશમાં શાંતિ જાળવવી, અશાંતિનાં કારણ દૂર કરવાં અને અહિંસક ક્રાંતિ કરવી એ આપણું કામ છે.

નહેરુ પછી લાલબહાદુર શાસ્ત્રી વડાપ્રધાન થયા. પોતાને માથે આવી પડેલી નવી જવાબદારી પાર પાડી શકાય એ માટે વિનોબાના આશીર્વાદ મેળવવા લાલબહાદુર શાસ્ત્રી વર્ધા નજીકના જામની ગામમાં વિનોબાને મળવા આવ્યા. નાના અમથા આ ગામની એક ઝૂંપડીમાં બન્ને મળ્યા. વડાપ્રધાન જેવી મહાન વ્યક્તિ આવવાની હતી એટલે ઝૂંપડીના માલિકે આંગણામાં ફેલાવી મૂકેલા કાંદા અંદર લઇને ઊંચે મૂકી દીધા ને એના પર ગુણપાટ ઢાંકી દીધી. બન્ને વચ્ચે વાતચીત ચાલતી હતી એ જ વખત પવન ફંકાવા માંડયો ને કાંદા ટપ ટપ કરતા નીચે પડવા લાગ્યા. પુષ્પવૃષ્ટિને બદલે આ કાંદાવૃષ્ટિ શી રીતે થઇ રહી છે એ

જોવા શાસ્ત્રી અને વિનોબાએ ઉપર નજર કરી. એ મુલાકાત પછી શાસ્ત્રીએ કહ્યું. વિનોબા ગામડાંમાં ફરે છે, પણ ભારતમાં ને દુનિયામાં ક્યાં ક્યાં શું શું થઇ રહ્યું છે, ક્યાં શું જોખમ છે એ બધી એમને ખબર રહે છે. પછી જાહેરસભામાં એમણે કહ્યું હતું. ભૂદાન આંદોલન મહત્ત્વનું છે. દેશને શક્તિશાળી બનાવવામાં વિનોબાનું કાર્ય મદદરૂપ થઇ પડશે.

તાશ્કંદ જતાં પહેલાં શાસ્ત્રી ફરી એકવાર વિનોબાને મળવા તેમના જમશેદપુર મુકામે આવ્યા હતા. તાશ્કંદ જઇને જે કરાર કરવાના હતા એની વાત કરી એમણે વિનોબાની સલાહ માગી.

એ જ વર્ષે રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ વિનોબાને મળ્યા. વિનોબા જે વાક્ય બોલવાનું શરૂ કરે તે રાધાકૃષ્ણન પૂરું કરે. રાધાકૃષ્ણને કહ્યું : અમને માર્ગદર્શન આપવા માટે તમારા જેવો આધ્યાત્મિક માણસ અમારી વચ્ચે છે એ અમારું સદ્દભાગ્ય છે. વિનોબાએ નમ્રપણે કહ્યું. તમારા લગભગ બધા જ ગ્રંથો મેં વાંચ્યા છે અને તમારાથી મને ઘણી પ્રેરણા મળી છે. આજકાલ હું એ પ્રયોગ કરી રહ્યો છું. મૌન અને અશ્રવણ, અત્યાર સુધી બહુ ભાષણ કર્યાં એના પ્રાયશ્ચિત્ત તરીકે હવે મૌન ધારણ કર્યું છે.

ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને વિનોબાના સંબંધ અત્યંત નિકટના હતા. તેઓ ઘણીવાર વિનોબાને મળવા આવતા. સર્વોદય સંમેલનોમાં હાજર રહેતા. વિનોબા કહેતા રાજેન્દ્રબાબુનો દેહ રાષ્ટ્રપતિ ભવનમાં હોય છે, પણ મન ગામડામાં હોય છે. રાજેન્દ્રબાબુએ રાષ્ટ્રપતિ ભવનમાં સર્વોદયપાત્ર રાખ્યું તેમ હવે દેશના દરેક નાગરિકે રાખવું જોઇએ.

ત્રીજા રાષ્ટ્રપતિ ડૉ. ઝાકિર હુસેન ગાંધીજીના માર્ગદર્શન હેઠળ પાયાની તાલીમનું કામ કરતા હતા. આ કામ અંગે ડૉ. ઝાકિર હુસેન અને વિનોબા બહુ વર્ષોથી નિકટના પરિચયમાં હતા. શિક્ષણમાં ક્રાંતિ કેવી રીતે લાવી શકાય એ વિષે તેઓ બન્ને કલાકોના કલાકો ચર્ચા કરતા. સ્વતંત્રતા મળી તે જ દિવસે કરેલા ભાષણમાં વિનોબાએ કહ્યું હતું કે નવા રાજ્ય સાથે નવો ધ્વજ આવે. જૂનો ધ્વજ એક ક્ષણ પણ ચલાવી લેવાય નહીં. એ જ પ્રમાણે નવા રાજ્ય સાથે નવું શિક્ષણ પણ આવવું જોઇએ. ઝાકિર હુસેન રાષ્ટ્રપતિ થયા પછી વિનોબાને મળવા આવ્યા ત્યારે વિનોબાએ કહ્યું કેવો સુંદર યોગાયોગ કહેવાય. એક શિક્ષક (રાધાકૃષ્ણન) ગયા અને બીજા શિક્ષક આવ્યા. આ વાત સાંભળતાં જ ઝાકિર હુસેને નમ્રતાથી માથું નમાવીને કહ્યું સાચી વાત. પણ જે ગયો તે બહુ મોટો માણસ હતો. જે આવ્યો છે એ બહુ નાનો માણસ છે. વિનોબા જ્યારે જ્યારે આ વાત કરતા ત્યારે

કહેતા કે ઝાકિરસાહેબની નમ્રતાની મારા મન પર ઊંડી અસર પડી છે.

એ જ દિવસોમાં તામિળનાડુમાં હિંદીવિરોધી ધાંધલ શરૂ થઇ હતી, ભાષાકીય તોફાનો શરૂ થયાં ને હિંસા વધી રહી. વિનોબાએ ઉપવાસ શરૂ કર્યા. ગૃહપ્રધાન ગુલઝારીલાલ નંદા પવનાર આવ્યા અને વાટાઘાટો શરૂ થઇ. સહુની સામે ત્રણભાષાની ફોર્મ્યુલા રજૂ કરવામાં આવી. બધાં રાજ્યોના મુખ્ય પ્રધાનોએ એને મંજૂરી આપી અને વિનોબાએ ઉપવાસ છોડયા.

1965ના મે મહિનામાં વર્ધામાં સર્વસેવા સંઘનું અધિવેશન ભરાયું હતું. વિનોબાએ કાર્યકર્તાઓને કહ્યું કે બિહારમાં ગ્રામદાનનું કામ પરું કરવા જબ્બર હિલચાલ કરો. ઑગસ્ટમાં પોતે ફરી બિહાર ગયા. જો કે, હવે એમને માટે ચક્કર આવવાની બીમારીને લીધે પગપાળા યાત્રા કરવાનું શક્ય ન હતું. એટલે મોટરમાં આ યાત્રા કરી. કાર્યકર્તાઓમાં ફરી ઉત્સાહ આવ્યો અને બિહારના ગામેગામમાં ગ્રામદાનનાં પત્રો પર સહીઓ લઇને ગામનાં દાન જાહેર કરવાનું કામ શરૂ થયું. પ્રખંડદાન (વિકાસ વિભાગનાં મોટા ભાગનાં ગામોનું દાન), જિલ્લાદાન અને પછી બિહારદાનના કાર્યક્રમ વિચારાવા લાગ્યા.

આ યાત્રા વખતે વિનોબા બિહારમાં પૂસા રોડ, મધુબની, રાબીપતરા વગેરે સ્થળે આશ્રમમાં બેત્રણ મહિના રહ્યા. એક ઠેકાણે રહીને કૂર્મ દૃષ્ટિએ તેઓ કાર્યકર્તાઓને શક્તિ પ્રેરતા રહ્યા. આ જ ગાળામાં ખ્રિસ્તધર્મસાર, ભાગવતધર્મ મીમાંસા, ઋગ્વેદસાર, અષ્ટાદશી પુસ્તકો પૂરાં થયાં. ટાઇફોઇડને કારણે જમશેદપુરમાં તેમને ત્રણચાર મહિના રહેવું પડયું. એ જગ્યા તેમને સંપૂર્ણ ભારતની નાની આવૃત્તિ સમી લાગી.

8મી માર્ચ 1968ના દિવસે ભાગલપુર નજીકના કહલગાવ ખાતે 'આચાર્યકુલ'ની સ્થાપના થઇ. તે પૂર્વે પૂસા રોડમાં શિક્ષણવિદોનું સંમેલન યોજાયું. ન્યાયતંત્રની જેમ શિક્ષણ પણ સ્વતંત્રક્ષેત્ર હોવું જોઇએ. આચાર્યોએ રાજકારણથી અલગ રહી દેશને માર્ગદર્શન આપવું જોઇએ. જેવા મહત્ત્વના વિચારો વિનોબાએ સંમેલનમાં રજૂ કર્યા.

1969ના ઓક્ટોબરમાં રાજગૃહ ખાતે વિશ્વ સર્વોદય સંમેલન યોજાયું તેમાં બિહારદાનની જાહેરાત થઇ. અમદાવાદના કોમી હુલ્લડોને કારણે બાદશાહખાન વ્યથિત થયા હતા. દેશના ભાગલા પછી પહેલી જ વાર તેઓ ગાંધીજીના દેશની મુલાકાતે આવ્યા હતા. તેમને મળવા વિનોબા સંમેલન પછી સેવાગ્રામ ગયા. આ પહેલાં એકવાર બાદશાહખાન પાકિસ્તાનમાંથી મુક્ત થઇને કાબુલ ગયા ત્યારે વિનોબાએ તેમને લખ્યું હતું કે સ્વાતંત્ર્યની યોજનાનો સ્વીકાર કરવામાં અમે

તમારા પર ઘણો મોટો અન્યાય કર્યો છે. તમે ખુદાઇ ખિદમતગાર છો - ઇશ્વરના સેવક છો. રાજકારણ તમારા સ્વભાવમાં નથી. ઇશ્વર તમને દુનિયાના પ્રશ્નોના ઉકેલનું સાધન બનાવશે.

સ્વતંત્રતા પછીના સમયની બાદશાહખાન અને વિનોબા વચ્ચેની આ પહેલી મુલાકાત હતી. સેવાગ્રામમાં ત્રણચાર દિવસ મોકળા મનથી બધી વાતચીત કર્યા પછી બાદશાહખાન પવનાર આવ્યા. ત્યાંની બહેનોને એમણે કહ્યું, અમારે ત્યાં પાકિસ્તાનમાં મહિલા કાર્યકરો નથી. પાકિસ્તાનની મહિલાઓના ઉદ્ધાર માટે તમે ત્યાં આવો. બાદશાહખાને વિનોબાને એમ પણ કહ્યું કે ઝીનાસાહેબ એમના છેલ્લા દિવસોમાં બહુ જ દુઃખી હતા. બન્ને દેશોમાં જે લોહી રેડાયું તે જોઇને તેઓ બોલી ઊઠતાઃ "આ શું થઇ ગયું ?"

ભારતના સાડાપાંચ લાખ ગામડામાંથી એક લાખ સાઠ હજાર ગ્રામદાન વિનોબાને મળ્યું. એનો અર્થ એ કે દેશની પાંચમા ભાગની જનતાએ જમીનની વ્યક્તિગત માલિકી છોડવાના સંકલ્પ-પત્ર પર સહી કરી હતી. લગભગ પચાસ લાખ એકર જમીન ભૂદાનમાં મળી. એમાંથી તેર લાખની વહેંચણી થઇ. એકલા બિહાર પ્રાંતમાં જ પાંચ લાખ ભૂમિહીનોને જમીન મળી. વર્ષો વીત્યાં પણ એ લોકો ભૂદાની બાબાએ અમને જમીન આપી એ વાત ભૂલ્યા નથી. જમીનના એ નાનાસરખા ટુકડા પર આખું કુટુંબ મહેનત કરે છે અને પોતાની માલિકીની જમીનમાંથી ઉત્પન્ન કરેલું અનાજ ખાતી વખતે તેમના વિનોબાને યાદ કરે છે.

વિનોબાને હિંદી ભાષાની સેવા કરવા માટે મહાત્મા ગાંધી પુરસ્કાર અને સમાજસેવા માટે મેગ્સેસે પુરસ્કાર મળ્યા. દુનિયાના બધા દેશોમાં 'પદયાત્રા કરનારા અને ગરીબોને જમીન વહેંચી આપનારા' આ સંત અંગે કુતૂહલ જાગૃત થયું. ઇંગ્લૅન્ડના શાંતિવાદી ડોનાલ્ડ ગ્રુમ જેવા અનેક શાંતિવાદીઓએ વિનોબાની પદયાત્રામાં ભાગ લીધો. આમાં યુવાનોની સંખ્યા વધારે હતી. ડોનાલ્ડ ગ્રુમ વિનોબાને કહેતા કે તમે ઇંગ્લૅન્ડ આવો. વિનોબા હસવામાં વાત કાઢી નાખતા. પૂછતા : ત્યાં હું હિંદીમાં બોલીશ. તમે અનુવાદ કરશોને ? ખરેખર તો તમારે ઇંગ્લૅન્ડમાં હિંદીને બીજી ભાષાનો દરજ્જો આપવો જોઇએ. ગ્રુમ માથું હલાવીને બધી વાત સ્વીકારી લેતાં કહેતા, તમારે 'જય જગત'નો મંત્ર બધાને આકર્ષિત કરવા માટે બસ છે.

ઇંગ્લૅન્ડના મહાન કવિ ટેનિસનના પૌત્ર હોમ ટેનિસન થોડા દિવસ વિનોબાની પદયાત્રામાં સાથે રહ્યા અને તેમણે સેન્ટ ઓન ધી માર્ચ - પગે ચાલતા સંત નામે પુસ્તક લખ્યું. એમાં એમણે લખ્યું છે, સંતોના મનમાં પણ અત્યંત સૂક્ષ્મ આસક્તિ

હોય છે, ત્યાગનો અહંકાર હોય છે. પણ વિનોબાને અહંકારનો જરા પણ સ્પર્શ નથી થયો. એમણે કોઇને ક્યારેય પોતાનું અનુકરણ કરવાનું કહ્યું નથી, કોઇ એમને પૂછે કે તમારો ઉદ્દેશ ફળીભૂત થશે ખરો ? તો તેઓ ઉત્તર આપે છે કે અગ્નિ પ્રજ્વળે છે. પોતાની ઉપર કોઇ વાસણ મૂકે, એમાં દાળભાત રાંધે એવી બધી ચિંતા અગ્નિ નથી કરતો. ટેનિસને પોતાના આ પુસ્તકની આવક વિનોબાના કામ માટે અર્પણ કરી અને તેમના કાર્યના પ્રચાર માટે ઇંગ્લેંડમાં પદયાત્રા પણ કરી. ફાંસના લાન્ઝાદેલવાસ્તાએ ફ્રેંચ ભાષામાં "ગાંધીથી વિનોબા: એક નવી પદયાત્રા" નામે પુસ્તક લખ્યું. શાંતિદાસ નામે આ લેખક જાણીતા છે અને ફ્રાન્સમાં તેઓ એક આશ્રમ પણ ચલાવે છે. એમણે લખ્યું છે ભારતની સામાજિક અને આર્થિક ક્રાંતિમાં વિનોબાએ ભજવેલો ભાગ નાટ્યપૂર્ણ ચમત્કાર સમો છે.

સામ્યવાદી નેતા શ્રી એસ. એ. ડાંગે અને વિનોબાનો સંબંધ તેલંગણની યાત્રા વખતનો. એ વખતમાં ડાંગે ભૂગર્ભમાં હતા. તેમની અને વિનોબા વચ્ચે ગુપ્ત પત્રવ્યવહાર ચાલતો. એકવાર તેઓ મળ્યા ત્યારે વિનોબાએ ડાંગેના પહેરવેશ તરફ નજર કરીને કહ્યું. તમે ગરીબો વતી લડો છો ને ! તો પછી મૂડીવાદીઓની મીલમાં બનેલું કાપડ કેમ વાપરો છો ? તો પછી મને જુઓ. હું ગરીબોએ કાંતેલી ને વણેલી ખાદી વાપરું છું. આની એકેએક પાઇ ગરીબના ઘરમાં જાય છે. ગોહત્યાપ્રતિબંધ માટે ઉપવાસ પર ઉતરવાનો નિર્ધાર વિનોબાએ જાહેર કર્યો ત્યારે ડાંગે પોતાના બે પ્રમુખ સાથીદારો સાથે પવનાર આવીને વિનોબાને મળ્યા હતા. સુંદર મરાઠી ભાષામાં બન્ને વચ્ચે થયેલું સંભાષણ સાંભળનારા લોકોને જાણે ભાવતું ભોજન મળ્યું. વિનોબાએ ડાંગેને તેમના સંસ્કૃતના અભ્યાસ અંગે પૂછ્યું. વિનોબાના અંતિમ દિવસોમાં ડાંગે ખાસ તેમને મળવા પવનાર આવ્યા હતા. વિનોબાએ ક્યાંય લગી તેમનો હાથ પોતાના હાથમાં પકડી રાખ્યો હતો. ડાંગેએ વિનોબાને ગરીબોના બેલી કહીને બિરદાવ્યા હતા અને ભૂદાન-ગ્રામદાન જેવાં આંદોલન દ્વારા વિનોબાએ કરેલા કાર્યને અત્યંત મહાન ગણાવ્યું હતું.

વિદર્ભની માત્રા દરમ્યાન એકવાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગોળવલકર ગુરુજી વિનોબાને મળવા આવ્યા હતા. બન્ને વચ્ચે બે કલાક ખુલ્લા દિલે વાતચીત થઇ. વિનોબાએ ગુરુજીને કહ્યું : હિંદુ ધર્મ તો સમુદ્ર જેવો છે, બધાને પોતાના ઉદરમાં સમાવી લે છે. સંકુચિતપણું હિંદુ ધર્મને ચાલે જ નહીં. ગુરુજીએ વિનોબાને પોતાના કામકાજની માહિતી આપી. વિનોબાએ એવી સૂચના કરી કે બૌદ્ધિક વર્ગમાં તમારે બધા જ ધર્મોની માહિતી આપવી. મેં બધા ધર્મોના સારગ્રંથ તૈયાર કર્યા છે. આદિવાસી, દલિત, પીડિત, ઉપેક્ષિત ગરીબ જનતાની સેવાની પ્રવૃત્તિને

વધારે મહત્ત્વનું સ્થાન આપવું જોઇએ એવી સૂચના પણ વિનોબાએ કરી. અને કહ્યું કે સ્વામી વિવેકાનંદે દરિદ્રનારાયણની ઉપાસના કરવાનો મંત્ર આપ્યો જ છે.

કાશ્મીરની પદયાત્રા પછી પંજાબના એક ગામમાં પાકિસ્તાનના વિદેશ પ્રતિનિધિ શ્રી બ્રોહી વિનોબાને મળવા આવ્યા. વિનોબાને મળવા આવનારાઓમાં તેઓ પહેલા પાકિસ્તાની પ્રતિનિધિ હતા. એમને જોતાં વેંત વિનોબાએ એક જ વાક્ય કહ્યું, આજ લગીમાં અનેક દેશના અનેક માણસો મને મળી ગયા. પણ મારો ભાઇ મને મળવા આવ્યો ન હતો. તે આજે આવ્યો છે. દસ મિનિટ સુધી એમની આંખમાંથી આંસુની ધાર વહેતી રહી. એમનાથી આગળ બોલી ન શકાયું. શ્રી બ્રોહી પણ વિચલિત થઇ ગયા, તેમનાથી પણ આંસુ રોકી ન શકાયાં. બન્નેએ બે કલાક સુધી એકાંતમાં બેસી વાતચીત કરી. તે પછી એક મિત્રને શ્રી બ્રોહીએ કહ્યું હતું કે વિનોબા સાથેની વાતચીતથી મારા મનને ઘણું સાંત્વન મળ્યું છે. પણ એથી વધુ ઘેરી અસર મારા મન પર પડી છે તે પહેલી અશ્રુસભર મૌન મુલાકાત. તે પછીની વિનોબા જયંતીએ એક જાહેર સભામાં બોલતાં એમણે કહ્યું હતું, પાકિસ્તાનના ઘેરઘેર વિનોબાનું નામ જાણીતું છે. ગરીબોને જમીન આપનારા ફકીર તરીકે અમારા લોકો એમને ઓળખે છે.

ગાંધીજીની અહિંસક લડતનો પ્રયોગ દુનિયાના અનેક દેશોમાં થવા લાગ્યો અને તે તે દેશમાં પોતાના ગાંધી નિર્માણ થયા. અમેરિકાના ગાંધી તરીકે ઓળખાયેલા હબસી નેતા માર્ટિન લ્યૂથર કિંગ વિનોબાને મળવા રાજસ્થાનની પદયાત્રામાં આવ્યા હતા. અમેરિકાના પીડિત અને શોષિત હબસી લોકોને કિંગે અહિંસાનો નવો માર્ગ ચીંધીને તેમનામાં અજબ જાગૃતિ આણી હતી. એમને ગાંધીજીનું નામ આપેલું તે કેટલું સાર્થક હતું. એનો ખ્યાલ તેમના જીવનમાંથી તો આવે જ, પણ મૃત્યુ પછીથી પણ આવે છે. તેઓ સાવ નાની ઉંમરમાં વિરોધીની ગોળીનો ભોગ બન્યા. કિંગે વિનોબાને પોતાની લડત અંગે માહિતી આપી અને તેમના આશીર્વાદ માગ્યા. વિનોબાએ તેમને ખ્રિસ્તી ધર્મના ભજનો ગાવાનું કહ્યું. કિંગે વિનોબાને કહ્યું, તમને મળીને મને ઘણી પ્રેરણા અને શક્તિ મળ્યાં છે, ગાંધીજીને જ મળ્યો હોઉં એવું લાગ્યું છે.

રાજગૃહ ખાતેના સંમેલનમાં દલાઇ લામા પણ હાજર રહ્યા હતા. સંમેલન પહેલાં તેઓ વિનોબાને મળવા આવ્યા ત્યારે એમણે કહ્યું હતું કે એ, બી, સી નો એક ત્રિકોણ છે. અફઘાનિસ્તાન, બર્મા અને સીલોનનો ત્રિકોણ. આ ત્રિકોણમાં આવતા બધા દેશોનું 'કોન્ફેડરેશન' થવું જોઇએ એમ તમે અનેક વાર કહયું છે. આ ત્રિકોણમાં અમારા તિબેટનો પણ સમાવેશ કરવો જોઇએ. વિનોબાએ એમની

વાતને સંમતિ આપતાં પૂછયું, તમારી ઉંમર કેટલી ? દલાઇ લામાએ પોતાની ઉંમર કહી, ત્યારે વિનોબાએ કહ્યું : તમે તો મારા પુત્ર કે પૌત્ર જેવડા લાગો છો. જુઓ અમારી તો હવે ઉંમર થઇ. થોડા વખતમાં અમે તો દુનિયામાંથી વિદાય લઇશું. પણ બાબાએ આ જે એ, બી, સી નો વિચાર રજૂ કર્યો છે તેનો અમલ તમારે કરવાનો છે. કરશો ને ? દલાઇ લામાએ હા કહી. તે સાથે જ વિનોબાએ પોતાના સહકારીઓને કહ્યું : હવે બાબાને ચિંતા નથી. બાબાનું કામ આ (દલાઇ લામા) કરવાના છે.

દક્ષિણની યાત્રા દરમ્યાન વિનોબાએ કાંચીના વયોવૃદ્ધ શંકરાચાર્યની મુલાકાત લીધી. તેઓ એક નાની શી ઝૂંપડીમાં રહેતા હતા. જેમાં બે ચટાઇ અને પીવાના પાણીની માટલી સિવાય કંઇ જ ન હતું. શંકરાચાર્ય સાથે સંસ્કૃતમાં વાતચીત થઇ. એમણે વિનોબાના કાર્યને સફળતાના આશીર્વાદ આપ્યા. આ મુલાકાતનો ઉલ્લેખ કરી વિનોબા ઘણી વાર કહેતા કે શંકરાચાર્યના અપરિગ્રહી જીવનની મારા મન પર ઊંડી અસર પડી છે. ખરેખર તો માણસ બધાનો ત્યાગ કરીને જ સંન્યાસી થાય છે. પણ એમણે શંકરાચાર્યની ગાદીનો પણ ત્યાગ કરી એક યુવાનના હાથમાં સૂત્રસંચાલન સોંપી દીધું, એ અત્યંત મહત્ત્વની વાત છે. આ વાત કહેતાં વિનોબાનું ગળું ભરાઇ આવતું.

વિનોબા કાશ્મીરમાં પહેલગામ પહોંચ્યા ત્યારે શ્રી જે. કૃષ્ણમૂર્તિ પણ ત્યાં હતા. વિનોબા એમને મળવા ગયા. શરૂઆતમાં એકબીજાના ક્ષેમકુશળ પૂછયા પછી વિનોબાએ એમને કહ્યું : તમે જ્ઞાની છો, અમને બે શબ્દ કહો. કૃષ્ણમૂર્તિએ વિનોબાની સાથે આવેલા લોકો તરફ આંગળી ચીંધીને પૂછ્યું, "આ બધા તમારા શિષ્યો છે ?" વિનોબાએ હસતાં હસતાં કહ્યું : મને ખબર નથી. કૃષ્ણમૂર્તિ કહ્યું: કોઇએ કોઇના શિષ્ય બનવું એ જ બરાબર નથી. હિંદુસ્તાનની સામાજિક સુધારણા તરફ બધાનું આટલું બધું લક્ષ શા માટે છે ? માણસના મનમાં ક્રાંતિ થયા સિવાય સામાજિક ક્રાંતિ શી રીતે આવશે ? વિનોબાએ તેમને પૂછયું, તમે શું શું વાંચો છો ? કૃષ્ણમૂર્તિએ કહ્યું : ક્યારેક ક્યારેક મઝા ખાતર 'ઓલ્ડ ટેસ્ટામેંટ' વાંચું છું. કલાકેક વાતચીત કર્યા પછી વિનોબા પાછા ફર્યા. બીજે દિવસે કૃષ્ણમૂર્તિ વિનોબાને મળવા આવ્યા, તે દિવસે સાંજે વિનોબાએ પોતાના સહકાર્યકરોને કહ્યું : કૃષ્ણમૂર્તિ પ્રહરી છે, આપણને જગાડે છે.

અંતિમ ચરણ

7મી જૂન 1966ના દિવસે બિહારના પૂર્ણિયા જિલ્લાના રાનીપતરા આશ્રમમાં વિનોબાએ 'સૂક્ષ્મ કર્મયોગ'ની ઘોષણા કરી. પચાસ વર્ષ પૂર્વે આ જ દિવસે તેઓ ગાંધીજીને જઇ મળ્યા હતા. ત્યાર પછીના પચાસ વર્ષ ગાંધીજીના આદેશમાં રહી તેમના જીવનદર્શન પ્રમાણે આચરેલા કર્મયોગનાં વર્ષો હતાં. હવે એ બધાં કર્મો ગાંધીજીને સમર્પિત કરી મુક્ત થવાનો નિર્ણય વિનોબાએ કર્યો હતો. હવે લેખન, પત્રવ્યવહાર વગેરે બધું બંધ, માર્ગદર્શન કરવાનું પણ બંધ. તેઓ કાર્યકર્તાઓને કહેતાઃ હવેથી બધાએ મળીને સર્વસંમતિથી નિર્ણયો લેવાના છે. છેવટની ઘડી સુધી માર્ગદર્શન કરતો રહીશ તો કાર્યકર્તાઓ પોતાના પગ પર ઊભા રહેવાનું ક્યારે શીખશે ? પોતાના સહકાર્યકરોને વિચાર અને અધ્યાત્મના ક્ષેત્રે સ્વાવલંબી બનાવવાનો એ પ્રયોગ હતો. તેમ મનુષ્યે છેક લગી કર્મમાં પુણ્યકર્મમાં પણ ડૂબેલા ન રહેવું જોઇએ એવો ઇશારો પણ તેઓ કરવા માગતા હતા. પુણ્યકર્મની આસક્તિ માણસને કસીને બાંધી રાખે છે. સાંકળ સોનાની હોય તો પણ છેવટ સાંકળ તો ખરી જ ને. લોઢાની સાંકળ તોડવાનું મન લોકો કરે, પણ સોનાની સાંકળ ને તે અલંકાર સમજે છે.

તે પછી ચાર વર્ષે, 7મી જૂન 1970ના દિવસે 'સૂક્ષ્મતર કર્મયોગ'નો આરંભ થયો. પવનારના બ્રહ્મવિદ્યા મંદિરમાં જ રહેવાનું એમણે નક્કી કર્યું. ઓગણીસ વર્ષ પૂર્વે આ સ્થળ છોડી એમણે ભ્રમણ શરૂ કર્યું હતું. હવે સ્વસ્થાને પાછા ફરવાનું હતું. કાર્યકરોએ તેમના પંચોતેરમાં વર્ષે જન્મદિવસ નિમિત્તે પંચોતેર લાખ રૂપિયાની રકમ ભેગી કરી હતી તે અમૃતમહોત્સવ સમારંભમાં તેમને અર્પણ કરવામાં આવી. 7મી ઓકટોબરે વિનોબાએ 'ક્ષેત્રસંન્યાસ'નો નિર્ણય જાહેર કર્યો. પવનારના આશ્રમમાંથી પગ બહાર ન મૂકવાનો એમનો નિર્ધાર હતો.

અંતરયાત્રાના એક પછી એક પગલાં તેઓ માંડી રહ્યા હતા. 'હું છું અને નથી,' નું આ વ્યક્ત રૂપ હતું. હોવા છતાં ન હોવા જેમ રહેવાનો પ્રયોગ હતો. વિનોબાના અંતરમાં વસતો 'વૈજ્ઞાનિક' જીવનની પ્રયોગશાળામાં આમ જ સતત

મહત્ત્વના પ્રયોગો કર્યા કરતો હતો. હજારો માઇલની પગપાળી યાત્રા કરનાર યાત્રિક હવે એક સ્થળે સ્થિર થયો હતો. સ્થિતિ અને ગતિ બન્ને એક જ સિક્કાની બે બાજુ છે. જેના પર દૃષ્ટિ સ્થિર તરી હતી એ સ્થિતિગતિની પેલી પારનું તત્ત્વ હતું. એક એક કરીને બહારનાં વળગણ ખરી રહ્યાં હતાં. બે વર્ષે "ગ્રંથમુક્તિ"નો વિચાર કર્યો. મા કહેતી, વિન્યા, તને પુસ્તકોનું ઘેલું છે. પદયાત્રામાં પણ તેઓ મોટાં મોટાં પુસ્તકો લઇને બેસતા. એ ગ્રંથો પણ હવે આઘા કર્યા 'ગીતા પ્રવચન' પુસ્તકની નકલ ઉપર જ વિનોબા સહી કરી આપતા એટલે જેને જાણીતી વ્યક્તિઓની સહી મેળવવાનો શોખ હોય એ લોકોએ આ પુસ્તક ખરીદવું પડતું. આ રીતે લોકોને જ્ઞાન પણ મળતું. પરંતુ થોડા વખત પછી વિનોબાએ સહી આપવાનું પણ બંધ કર્યું. અને એને બદલે રામહરિ લખવાનું શરૂ કર્યું. આમ કરવા પાછળની દૃષ્ટિ પોતાના નામરૂપનો લોપ કરવાની હતી.

ધીમે ધીમે વિનોબાએ બોલવાનું પણ ઓછું કરી નાખ્યું. કોઇ આવે તો તેની સાથે સૂત્રરૂપે બેચાર શબ્દો બોલતા. વિનોબાની પ્રકૃતિ શિક્ષકની, જેલમાં જતી વખતે જાત લખવી પડતી. ત્યાં પણ તેઓ 'શિક્ષક' એમ લખતા. જે જન્મભર વિદ્યાર્થી રહે, નવું નવું શીખતો રહે એ જ ઉત્તમ શિક્ષક. રોજ નવું નવું શીખવાનો એમનો સ્વભાવ હતો. બાવીસ ભાષા તેઓ જાણતા હતા. તો પણ યુરોપના એક ગૃહસ્થે એમને 'એસ્પરંટો' શીખવાની સૂચના કરી એટલે વિશ્વભાષાના પ્રયોગ તરીકે તેઓ 'એસ્પરંટો' ભાષા શીખવા માંડયા. એક જાપાની ભિક્ષુ થોડા દિવસ પદયાત્રામાં સાથે હતા ત્યારે તેની પાસે જાપાની ભાષા શીખવી શરૂ કરી. વ્યાકરણ પર વિનોબાને ખાસ અધિકાર અને પાણિનિ અત્યંત પ્રિય. એટલે કોઇ પણ ભાષા શીખતાં તેમને વાર ન લાગતી. અધ્યયન અને અધ્યાપન તેમના ખાસ શોખ. મજાકમશ્કરીમાં ક્યારેક તેઓ કહેતા કે ઠોઠ વિદ્યાર્થીને શીખવવાનું મને વધારે ગમે છે.

1972ના ઓકટોબરમાં પવનારમાં શિક્ષક પરિષદ યોજાઇ. એમાં વિનોબાએ યોગ-ઉદ્યોગ-સહયોગ એવું શિક્ષણનું ત્રિકોણી સૂત્ર રજૂ કર્યું. વ્યક્તિના સમગ્ર વિકાસ માટે યોગ, સમાજના ઘટક તરીકે કામ કરે તે માટે ઉદ્યોગ અને સમાજરચનાના મૂળ તત્ત્વ તરીકે સ્પર્ધા નહીં પણ સહયોગ. પરિષદને જ દિવસે યોજાયો હતો. જેમાં ઉદ્યોગપતિઓએ ભાગ લીધો હતો. આ પરિષદને જ દિવસે ગાંધીજીની 'ટ્રસ્ટીશીપ'ની ભાવના અંગે એક પરિસંવાદ યોજાયો હતો જેમાં ઉદ્યોપતિઓએ ભાગ લીધો હતો. આ પરિસંવાદમાં બોલતાં વિનોબાએ ટ્રસ્ટીશીપ એટલે અંતે તો વ્યક્તિગત માલિકીનું વિસર્જન એવો વિચાર રજૂ કર્યો અને સર્વોદય સેવકોને

કાયમ માટે નીચે મુજબના ચતુર્વિધ કાર્યક્રમરૂપે કામ સોંપ્યું.

1. પંચશક્તિ સહયોગ – જનશક્તિ, વિદ્વાનોની શક્તિ, મહાજન શક્તિ, શાસન શક્તિ અને સજ્જનશક્તિ (સેવક વર્ગ)– એ સમાજના ભલા માટે હાથનાં પાંચ આંગળાંની જેમ સાથે મળીને કામ કરવું જોઇએ.
2. શંકરાચાર્યના પંચાયતન પ્રમાણે સર્વોદયનું પણ પંચાયતન–

શંકર	બ્રહ્મવિદ્યા
નારાયણ	ગ્રામસ્વરાજ
હરિ	શાંતિસેના
ગણપતિ	આચાર્યકુલ
દેવી	દેવનાગરી લિપિ

3. ઉપવાસદાન અને
4. સર્વસંમતિથી નિર્ણય

સ્ત્રીશક્તિને જાગૃત કરવાનું કામ વિનોબાનું વિશેષ પસંદગીનું. બ્રહ્મવિદ્યાની સામૂહિક સાધનાનો પ્રથમ પ્રયોગ કરવાનું માન બ્રહ્મચારિણી બહેનોને મળ્યું. 1958માં વિનોબાએ પોતાનું સાધનાસ્થાન પવનાર આશ્રમ બ્રહ્મચારિણી બહેનોના હાથમાં સોંપીને બ્રહ્મવિદ્યા મંદિરની સ્થાપના કરી હતી. જુદા જુદા પ્રાંતોની જુદી જુદી ભાષા બોલનારી, જુદા જુદા ધર્મની અને જુદા જુદા સામાજિક શૈક્ષણિક સ્તરની બહેનો એકત્ર મળીને સામૂહિક સાધના કરે એવો આ નિરાળો પ્રયોગ હતો. એક ખ્રિસ્તી ધર્મગુરુને વિનોબાએ કહ્યું, તમારામાં ત્રણ વ્રત લેવાનાં હોય છે. બ્રહ્મચર્ય, સ્વેચ્છા પૂર્વકનું દારિદ્રય અને આજ્ઞાપાલન. આમાંનાં બે પહેલાં વ્રત તો અમે પણ સ્વીકારીએ છીએ. પણ ત્રીજું વ્રત અમારે માટે 'પૂર્ણ સ્વાતંત્ર્ય'નું છે. બ્રહ્મવિદ્યામંદિરમાં કોઇ મુખ્ય નથી, સંચાલક નથી, દરેકને પૂર્ણ સ્વાતંત્ર્ય છે. સહુ ભેગા મળીને નિર્ણય લે છે. બીજી વિશિષ્ટતા એ કે જીવનના કુરુક્ષેત્રમાં સફળતાપૂર્વક પાર ઉતારે એ જ ગીતા. આજનું કુરુક્ષેત્ર એટલે મજૂરીનું ક્ષેત્ર. એની કસોટીમાંથી પાર ઉતારો ત્યારે બ્રહ્મવિદ્યા સાચી. એટલે બ્રહ્મવિદ્યામંદિરમાં સહુ શ્રમ કરીને મજૂરી મેળવશે અને તે ભેગી કરીને જીવન યાપન કરશે. શ્રમ સરળ થાય તે માટે વિજ્ઞાનની મદદ લેવામાં આવશે. કોઇ પણ મજૂર આધ્યાત્મિક સાધના કરી શકે છે એ અહીં સિદ્ધ કરવાનું છે. પવનાર આવ્યા પછી વિનોબાએ બ્રહ્મવિદ્યામંદરની નાની નાની બાબતોમાં પણ ધ્યાન આપવા માંડયું અને સૂચનાઓ કરી. ખ્રિસ્તનું એક વચન તેઓ હંમેશાં કહેતા, "તમે પરસ્પર પ્રેમ કરો, જેમ મેં તમારા પર કર્યો છે." સાથે રહેવાને કારણે ઉપસ્થિત થતા પ્રશ્નો, તણાવ વગેરેના ઉપાય તરીકે

વિનોબાએ એક સૂત્ર રચ્યું –

काल-जारणम्   स्नेहसाधनम्
कटुक–वर्जनम्   गुणनिवेदनम्

બ્રહ્મવિદ્યામંદિર સ્ત્રીશક્તિને જાગૃત કરવાની પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવવાની તેમની ઇચ્છા હતી એટલે કોઇ પણ સ્થૂળ કાર્યક્રમને ત્યાં સ્થાન ન હોવા છતાં સ્ત્રીશક્તિના કાર્યક્રમ તેમાં લેવામાં આવ્યા. 1974ના માર્ચમાં અખિલ ભારતીય સ્ત્રીશક્તિ સંમેલન યોજાયું ત્યારે વિનોબાના આમંત્રણને માન આપીને વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી ખાસ હાજર રહ્યાં હતાં. જેનાથી સ્ત્રીનું અપમાન થતું હોય એવાં ગંદા ભીંતપત્રો ફાડીને ફેંકી દો, ઘરમાં સુખશાંતિ રહે એ માટે દારૂબંધી જાહેર કરો એવી સૂચનાઓ વિનોબાએ આ સંમેલનમાં રજૂ કરી. સરકારે શું કરવું જોઇએ એ વિષેની સૂચનાઓ પણ એમણે કરી. અણુશસ્ત્રોને લઇને સર્વનાશનો સંભવ છે એટલે દુનિયાએ અહિંસાનો ઉપાય અજમાવવો રહ્યો, આ અહિંસક સમાજનું નેતૃત્વ સ્ત્રીઓને હસ્તક રહેવું જોઇએ કારણકે ગીતામાં વાણી, શ્રી, કીર્તિ, ક્ષમા, મેધા, ધૃતિ અને સ્મૃતિ એ જે સાત શક્તિની વાત છે તેનું પ્રતીક સ્ત્રી છે. સ્ત્રીને પણ બ્રહ્મચર્યનો - સંન્યાસનો અધિકાર છે. હું સ્ત્રી હોત તો સમાજ વિરુદ્ધ મેં બંડ પોકાર્યું હોત. શંકરાચાર્યની જેમ તેજસ્વી, જ્ઞાનનિષ્ઠ, વૈરાગ્યસંપન્ન એવી શંકરાચાર્યા પણ મળવી જોઇએ. એવું બધું વિનોબા હંમેશાં કહેતા.

માતા પોતાનાં બાળકોને પ્રેમ કરે છે. તેમના માટે ત્યાગ કરે છે. પોતાનાં ઘરનાં બાળકો છે તેજ પોતાનાં એમ નથી, ગામનાં બધાં બાળક મારાં જ છે એમ બધી માતાઓ સમજે ત્યારે સમાજમાં ક્રાંતિ આવશે એવી વિનોબાને શ્રદ્ધા હતી.

પંડિત નહેરુ પ્રત્યે વિનોબાને ખાસ મમતા હતી. વિનોબા કેટલીક વાર મજાકમાં કહેતા કે "નહેરુ વાઘ છે, પણ પિંજરામાં છે અને હું છું કૂતરો, છૂટો. ભસી લઉં છું." કોઇએ આ વાત નહેરુને કાને નાખી. એકવાર દિલ્હી પાસેના પટ્ટીકલ્યાણ આશ્રમમાં વિનોબા હતા ત્યારે નહેરુ તેમને મળવા આવ્યા હતા. મુલાકાત પછી મોટરમાં બેસતી વખતે હસીને બોલ્યા: "પાછો પિંજરામાં પુરાવા જાઉં છું." વિનોબા નહેરુને મોટાભાઇ માનતા એટલે એમની પુત્રી પ્રત્યે એમના મનમાં વાત્સલ્યભાવ હતો. 1974ના જાન્યુઆરીમાં ઇંદિરા ગાંધી વિનોબાને મળવા પવનાર આવ્યાં ત્યારે વિનોબાએ કહ્યું: પહેલાં હું મારા મોટા ભાઇની પુત્રીને મળી લઉં. પછી વડાપ્રધાન સાથે વાતચીત કરીશ. તે દિવસે દોઢ-બે કલાક મનમોકળી ચર્ચા કર્યા પછી વિનોબાએ આશ્રમવાસીઓની સભામાં કહ્યું: "અમારા વિચારોમાં મને એટલું સામ્ય દેખાયું છે કે મને તો તેઓ આપણા સર્વસેવાસંઘના

સભ્ય જ ન હોય એવું લાગ્યું છે."

ભારતના દરેક વડાપ્રધાને વિનોબાની મુલાકાત લીધી હતી. પણ સહુથી વધુ મુલાકાત ઇંદિરા ગાંધીએ લીધી હતી. 1959માં રાજસ્થાનના અજમેર ખાતે યોજાયેલા સર્વોદય સંમેલનમાં તેઓ કોંગ્રેસના પ્રમુખ તરીકે હાજર રહ્યાં હતાં. વડાપ્રધાન થયા પછી બિહારમાં પુસારોડ ખાતે જઇ એમણે વિનોબા સાથે દોઢ કલાક ચર્ચામંત્રણા કરી હતી. વિનોબાએ એમને બ્રહ્મવિદ્યાની વાતો કરી હતી. મુલાકાત પછી વિનોબાએ એક આશ્રમવાસીને કહ્યું હતું કે આનો બાપ બહુ મોટો માણસ હતો. પણ વડાપ્રધાન તરીકે પુત્રી એના પિતા કરતાં વધારે મોટી કામગીરી કરી દેખાડશે. બંગલા દેશને મુક્ત કરાવીને ભારતે પોતાની સેના પાછી ભારતમાં આણી ત્યારે વિનોબાએ કહ્યું હતું કે ભારતના ઇતિહાસમાં આવી ઘટના રામાયણના સમયમાં એક જ વાર બની છે. રામે રાવણને મારીને વિભીષણને રાજગાદી પર બેસાડયો અને પોતાની સેના સાથે પાછા ફર્યા. બંગલા દેશમાં ભારતે આમ જ કર્યું છે. આ ઘટના રામાયણના જેવી જ છે. નહેરુની વિદેશનીતિની જેમ ઇંદિરા ગાંધીની વિદેશનીતિની પણ વિનોબા પ્રશંશા કરતા. વિશ્વશાંતિ અને વિશ્વમૈત્રી માટેના ભારતના પ્રયત્ન માટે તેમને અભિમાન હતું.

પિતૃવત્ વાત્સલ્યની સાથે પિતાની જેમ સાચું લાગે એ કહી દેવામાં પણ વિનોબા અચકાતા નહીં. કટોકટીની પરિસ્થિતિ છ મહિનાથી વધારે લંબાવવી ન જોઇએ, એમાં અહિત સમાયેલું છે એવો ઇશારો વિનોબાએ વખતોવખત કરેલો. 76ની સાલમાં જ ચૂંટણી યોજો, ભારે સફળતા મળશે એવી સલાહ પણ એમણે આપી હતી. ગોહત્યા પ્રતિબંધ માટે વિનોબાની આગ્રહી ભૂમિકા હતી. એટલે આ વિષય પર તેઓ અનેકવાર કડક શબ્દોમાં બોલતા. પણ સ્ત્રી શક્તિનાં પ્રતીક સમી એક સ્ત્રી વડાપ્રધાન બની છે અને હિંમતભેર કામ કરી રહી છે એ જોઇને વિનોબા સંતોષ અનુભવતા. ચૂંટણીમાં હારી ગયા પછીના અઢી વર્ષના ગાળામાં ઇંદિરાજી અનેકવાર પવનાર આવીને રહી ગયાં હતાં. વિનોબા એમને હંમેશાં કહેતા: "આ આશ્રમ તમારો જ છે. તમે અહીંના જ એક છો. ગમે ત્યારે આવીને રહી શકો છો." રાજકારણ છોડીને અશોકની જેમ આખા દેશમાં પરિભ્રમણ કરો એવી સલાહ પણ વિનોબા આપતા. ઇંદિરાજી કહેતાં: કામ છોડીને ભાગવાની વૃત્તિ મને નથી ગમતી. સામે આવેલું કામ કઇ ભૂમિકાએ રહીને કરવું એ જ મહત્ત્વની વાત છે. બિહારમાં રાંચી ખાતે એકવાર ઇંદિરાજી મળવા આવ્યાં ત્યારે વિનોબાએ તેમને પૂછ્યું : રાત્રે કેવીક ઊંઘ આવે છે ? ઇંદિરાજીએ કહ્યું: બહુ જ સરસ. વિનોબા આ સવાલ ને જવાબનો ઉલ્લેખ વારંવાર કરતા. તેઓ કહેતા

મારી પરીક્ષામાં એ પાસ થઇ છે. આટલી ફિકરચિંતા છતાં એને રાત્રે સરસ ઊંઘ આવે છે. વિનોબા ઇંદિરાજીને રામ-હરિનો જપ કરવાનું કહેતા. શ્વાસ લેતાં રામ અને ઉચ્છ્વાસ કરતાં હરિનું નામ લેવાનું. પોતે કરીને પણ બતાવતા. અંતિમ દિવસોમાં પણ એમ જ કરી બતાવ્યું. ઇંદિરાજી પ્રણામ કરીને કહ્યું: "હું એમ જ કરું છું, બાબા." એ સાંભળીને વિનોબાએ હાથ ઊંચો કરીને આશીર્વાદ આપ્યા.

બિહાર દાનનો સંકલ્પ જાહેર થયા પછી આગળ પરનું કામ બિહારના સહરસા જિલ્લામાં પ્રયોગરૂપે આરંભાયું. ગ્રામદાન જાહેર થયાનો અર્થ એ કે ગામના લોકોએ પોતાનો સંકલ્પ જાહેર કર્યો. પણ એનો અમલ કરવાનું એટલું સહેલું ન હતું. દરેક ગામમાં લોકો મળીને ગ્રામસભા બનાવે, નિયમિત રીતે સભા ભરે મળેહળે, પોતાની જમીનના વીસમા ભાગની જમીન ભૂમિહીન લોકોને આપે એ બધાં કામો માટે દેશના ખાસ વીણેલા નિષ્ઠાવાન, કાર્યકર્તાઓ ગામોગામ ફરવા લાગ્યા. પવનારના આશ્રમમાંથી વિનોબા આ કામનું માર્ગદર્શન કરી રહ્યા હતા. જે કોઇ એમને મળવા આવે એને તેઓ સહરસા મોકલી દેતા. સર્વોદયના નેતા શ્રી ધીરેન્દ્ર મુજુમદાર વૃધ્ધાવસ્થા અને માંદગી છતાં ગાડાંમાં બેસીને ગામોગામ ફરતા હતા. કામ આગળ વધી રહ્યું હતું. પકડ જમાવી રહ્યું હતું. બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં મુસહરી વિકાસ વિભાગમાં શ્રી જયપ્રકાશ નારાયણ આ કામ સંભાળી રહ્યા હતા. ચીનમાં બે કરોડ માણસોની કતલ પછી પણ ખેડૂતોનો માલિકી હક્ક છોડાવવાનું મુશ્કેલ થઇ પડયું હતું. એ જ કામ ભારતમાં અહિંસા દ્વારા થઇ રહ્યું હતું. કાયદાની દૃષ્ટિએ વ્યક્તિગત માલિકી નાબૂદ કરીને સમાજની માલિકી સ્થાપિત કરવાની પ્રક્રિયા પણ ચાલુ હતી.

આવી મૂળભૂત ક્રાંતિને વખત તો લાગે જ. પણ વિનોબા સૂક્ષ્મમાં જઇને પવનારમાં બેઠા હતા. હાથ લીધેલા કામને જોઇએ તેવી સફળતા મળતી ન હતી. એટલે સર્વોદયના વરિષ્ઠ કાર્યકરો ધીમે ધીમે નિરાશ ને હતાશ થવા માંડયા હતા. વિનોબાની વાનર સેના સરખા જ ઉત્સાહથી કામ કરી રહી હતી. જોતજોતામાં બે વિચારધારા સ્પષ્ટ થવા લાગી. જયપ્રકાશજી અને તેમના મતના લોકો રાજકારણ તરફ ઝૂકવા માંડયા. વિનોબાની પ્રત્યે નિષ્ઠા ધરાવતા કાર્યકરો પહેલાં પ્રમાણે જ ગ્રામદાન, ગ્રામસ્વરાજ્યનું કાર્ય કરતા હતા, સર્વોદયના મૂળ વિશુદ્ધ પ્રવાહનું રક્ષણ કરી રહ્યા હતા. એ જ અરસામાં ગુજરાતમાં કોલેજના વિદ્યાર્થીઓએ આંદોલન શરૂ કર્યું. દેશમાંના પ્રતિગામી પરિબળોએ એ આંદોલનને ટેકો આપ્યો. સર્વોદયના કેટલાક કાર્યકરો તેના તરફ વળ્યા. એમાં એ લોકોને નવો પ્રકાશ દેખાયો. પછી તો બિહારમાં પણ ભ્રષ્ટાચાર નાબૂદ કરવાના નામે વિદ્યાર્થીઓનો

સાથ મેળવી ગુજરાત જેવું જ આંદોલન શરૂ થયું. વિરોધી પક્ષોએ એમાં સાથ આપ્યો. જયપ્રકાશજીએ એનું નેતૃત્વ સ્વીકાર્યું. એમની તરફના કાર્યકરો સર્વોદયના રાજનીતિકરેણની વાત કરવા લાગ્યા. ગાંધીજી વિનોબાએ રાજનીતિને અધ્યાત્મનો સ્પર્શ આપવા સતત પ્રયત્ન કર્યો. હવે એમના જ નામે ઊંધી દિશાએ ગતિ કરવાના પ્રયત્ન કરવામાં આવી રહ્યા હતા. એને કારણે મોટો વાદવિવાદ થઇ રહ્યો હતો.

વિનોબાની નજર સમક્ષ દેશ હતો, દુનિયા હતી, સમગ્ર માનવજાત હતી. એટલે દરેક પ્રશ્ન તેઓ વ્યાપક અને સમગ્ર દષ્ટિકોણથી વિચારતા. બિહાર આંદોલન કે સંઘર્ષ આંદોલનના નામે જાણીતું થયેલું જયપ્રકાશજીની નેતાગીરી હેઠળનું આંદોલન તે વખતની ચર્ચાનો વિષય હતું. વિનોબા સમ્યક્ દષ્ટિએ આ આંદોલનનો વિચાર કરી લોકોને સમજાવતા હતા. સર્વસેવાસંઘર્ષ પ્રબંધ સમિતિને વિનોબાએ સંદેશ પાઠવ્યો હતો કે ભારત, પાકિસ્તાન અને બંગલા દેશ વચ્ચેના સંબંધો સમજૂતીભર્યા ન થાય ત્યાં સુધી ભારત સરકારની વિરુદ્ધમાં કોઇ આંદોલન ન કરવું. પછી ભલે તે અહિંસક હોય, અહિંસક આંદોલન પણ ન કરવું એવા તેમના વિચાર પાછળની દષ્ટિ દેશ આંદોલનથી નબળો ન પડવો જોઇએ એવી હતી. પણ સર્વસેવાસંઘના મુખ્ય મુખ્ય કાર્યકરો બિહારમાં આંદોલન કરવાની તૈયારીમાં લાગેલા હતા. આવું કામ સર્વોદયના વિચારને સુસંગત નથી એવી કેટલાક લોકોની દલીલ અને કારણે વિરોધ હતો. 1964માં પવનારમાં સર્વસેવાસંઘની સભા યોજાઇ હતી. તેમાં આ આંદોલન વિષે વાદવિવાદ થયો હતો. વિનોબાએ સમાધાનનો મધ્યમ માર્ગ સૂચવ્યો. ગંગા અને બ્રહ્મપુત્રાની બે ધારા વહેતી હોય છે તે પ્રમાણે જે લોકોને સર્વોદયનું ગ્રામસ્વરાજ્યનું મૂળભૂત કામ કરવું હોય એણે એ કામ કરતા રહેવું અને જેને બિહાર આંદોલનમાં ભાગ લેવો હોય એમણે સત્ય, અહિંસાની મર્યાદામાં રહીને બિહારમાં કામ કરવું અને એ પ્રયોગ કરી જોવો. પણ થોડા જ દિવસોમાં આંદોલનનું સાચું સ્વરૂપ દેખાવા લાગ્યું. આખા દેશમાં આવું આંદોલન શરૂ કરવાની દષ્ટિએ પ્રયત્ન શરૂ થયા. જયપ્રકાશજી આખા દેશમાં ફર્યા. વિનોબા મશ્કરીમાં કહેતા જયપ્રકાશજી દેશભર જાકર ઊધમ મચાતે હૈ, પંજાબમેં ઊધમસિંહ નામ હી હોતા હૈ. 'ઇંદિરા હટાવ'નો એકસૂત્રી કાર્યક્રમ પણ સ્પષ્ટ થવા લાગ્યો. બધા વિરોધી પક્ષો એમાં જોડાયા. વિનોબાએ એક ભાષણમાં કહ્યું, 'ભક્તિ બે પ્રકારની હોય છે, અનુરોધી અને વિરોધી. રાવણ વિરોધી ભક્તિ કરીને મૃત્યુ પછી રામની જ્યોતિમાં સમાઇ ગયો. એમ આજે ઇંદિરાજીના બે પ્રકારના ભક્ત છે. બન્ને પ્રકારના ભક્ત - વિરોધી ભક્તિ

કરનારા પણ ઇંદિરા-જ્યોતિમાં લીન થઇ જવાના છે.'

વિનોબા પોતાનો મૂળભૂત વિચાર સતત કરતા હતા. "પૉલિટિક્સ ઇઝ આઉટડેટેડ. આજ પોલિટિક્સના અને ધર્મગ્રંથોના દિવસ આથમી ગયા છે. હવે અધ્યાત્મ અને સાયન્સના દિવસ આવવાના છે. પંડિત નહેરુએ મારા વિચારનો દુનિયા આખીમાં પ્રચાર કર્યો, અમારું (સર્વોદયનું) કામ માણસોને ભેગા મેળવવાનું છે જોડવાનું છે, સંબંધ તોડવાનું નહીં. આજની સમસ્યાઓ તમારાં આવાં આંદોલનોથી ઉકેલાવાની નથી. એને માટે પાયાનું કામ થવું જોઇએ."

સંઘર્ષમય આંદોલમાં જોડાયેલા સંર્વોદય કાર્યકરો એવો દાવો કરતા હતા કે અમે તો કેવળ ભ્રષ્ટાચાર વિરુદ્ધ આંદોલન કરી રહ્યા છીએ, પણ થોડા જ દિવસમાં એ લોકોએ ઇંદિરા સરકારને કાઢવા ચૂંટણીમાં ભાગ લેવાનું નક્કી કર્યું. ત્યારે વિનોબાએ સ્પષ્ટપણે કહી દીધું કે "બાબાએ તમને બિહાર આંદોલનમાં ભાગ લેવાની અને સત્ય-અહિંસાની મર્યાદામાં રહી કામ કરવાની પરવાનગી આપી હતી એને બદલે તમે તો ચૂંટણીમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો છે. બાબા આ વાતમાં ક્યારેય સંમતિ નહીં આપે."

"વિનોબાની વાત અમે શા માટે સાંભળીએ ?" એવો પ્રશ્ન સંઘર્ષતરફી કાર્યકર્તાઓ કરતા તેના ઉત્તરમાં વિનોબા કહેતાઃ 'જરા પણ ન સાંભળશો. બાબાની વાત ન જ સાંભળશો. કોઇ નેતાની વાત ન સાંભળશો. તમે બધા મળીને સર્વસંમતિથી નિર્ણય લેજો. પણ તમે તો એક માણસને લોકનાયક બનાવી બેઠા છો. ધારો કે કાલે ઊઠીને એને દેવાજ્ઞા થઇ તો તમારા આ સંઘર્ષના આંદોલનનું શું થશે ? સર્વોદયના મોટા નેતા દાદા ધર્માધિકારીએ કહ્યું, 'આંદોલન બંધ પડી જશે.' વિનોબા ખૂબ હસ્યા અને કહ્યું, તારી દ્વારકા તો એક થાંભલા પર ઊભી છે.'

પછી ગંભીર થઇને કહેવા લાગ્યાઃ આપણા પૂર્વજોના પુણ્યે જ ભારત દેશ એક રહ્યો છે. એ લોકોએ મહામહેનતે એકતા આણી છે. એના ટુકડા કરવાનું કામ ન કરશો. તોડફોડનાં આંદોલનોમાં બાબાને જરા પણ શ્રદ્ધા નથી.

વિનોબા જુદી જુદી રીતે સમજાવતા હતા. પણ કેટલાક કાર્યકર્તાઓ સમજવા માગતા ન હતા. આંદોલનનો પવન મનમાં ભરાઇ ગયો હતો એટલે તેઓ વિનોબાની અવગણના પણ કરવા લાગ્યા હતા. ઇસુ ખ્રિસ્તને એના કેટલાક શિષ્યોએ છેલ્લી ક્ષણોમાં દગો દીધો હતો. એ કથા કેટલાકને યાદ આવી ગઇ. એક આશ્રમવાસીએ કહ્યું 'ઇશ્વર લીલા કેવી અજબ છે. ગાંધીજીને પણ તેમના છેલ્લા દિવસોમાં તેમના સાથીઓ છોડી ગયા હતા. અને એમને એકલા જ આગળ વધવું પડયું. આજે વિનોબાને પણ તેમના સાથીઓ ને શિષ્યો છોડી ગયા

છે.' આ વાત સાંભળીને વિનોબાએ એને કહ્યું, "તારી ભૂલ થાય છે. ગાંધીજીને એમના સાથીઓ છોડી ગયા હતા. એ ખરું છે પણ વિનોબાને એના સાથીઓ છોડી ગયા નથી. વિનોબાએ જ એમનો છોડ્યા છે. તમારે જે કરવું હોય તે કરો એમ કહીને વિનોબા મૌનવ્રત લેવાના છે."

અને 25મી ડિસેમ્બર 1974ના ખ્રિસ્ત દિવસ, ગીતાજયંતી અને ઇદ એ ત્રણના સંગમના પાવન દિવસે વિનોબાએ એક વર્ષ માટે મૌનવ્રત ધારણ કર્યું. સંઘર્ષના આંદોલનનો સૈદ્ધાંતિક વિરોધ કરનારા પોતાના સાથીઓને એ વખતે એમણે કહ્યું હતુંઃ બુદ્ધ ભગવાને ત્રણ શરણસ્થાન ગણાવ્યાં છે. બુદ્ધં શરણં ગચ્છામિ. સંઘંમ શરણં ગચ્છામિ. ધમ્મં શરણં ગચ્છામિ. બુદ્ધ પછી સંઘ. હવે સંઘ (સર્વસેવાસંઘ)માં તૂટ પડી છે, સંઘર્ષ થવા લાગ્યો છે. 'સંઘ'ને ર્ષ લાગ્યો છે શું કરવું ? ધર્મને શરણે જવું. જે ધર્મ આપણા હૃદયમાં હોય એને શરણે જવું.

વિનોબાની વાણીએ એક વર્ષ માટે વિરામ લીધો. દેશમાં આંધી ઊઠી હતી. સર્વોદયના ક્ષેત્રે ભયંકર મંથન ચાલી રહ્યું હતું. સર્વસેવાસંઘના બંધારણ મુજબ બધા નિર્ણય સર્વસંમતિથી લેવાતા. સંઘર્ષના આંદોલનમાં ભાગ લેવાનું સૂચન કરતો ઠરાવ મંજૂર ન થયો. સર્વ સેવા સંઘે બંધારણની મર્યાદા વિરુદ્ધ જઇને ગેરકાયદે રીતે સંસ્થાને આંદોલનમાં ધક્કેલી દીધી.

પછીના મહાભારત પછી કટોકટીની જાહેરાત. જય પ્રકાશજીની ધરપકડ, મુક્તિ, જનતા પક્ષનો વિજય ઇત્યાદિ બાબતો અંગે સર્વોદય કાર્યકર્તાઓ જયપ્રકાશજી પાસે માર્ગદર્શન માટે જતા ત્યારે તેઓ કહેતાઃ વિનોબા પાસે જાવ. એમનું માર્ગદર્શન માગો. 1978ના એક સર્વોદય સંમેલનજોગા સંદેશામાં જયપ્રકાશજીએ કહ્યું હતું કે હવે પછી સર્વોદય કાર્યકરોએ વિનોબાના માર્ગદર્શન હેઠળ ગ્રામસ્વરાજનું કામ કરવું.

1975ના માર્ચમાં પવનાર ખાતે સર્વસેવા સંઘનું અધિવેશન ભરાયું. વિનોબા સાથે વાણી દ્વારા ચર્ચા કરવાનું બને એમ ન હતું. ચિઠ્ઠી પર એકાદબે શબ્દ લખી આપે કે ઇશારાથી કંઇ સમજાવે એટલું જ. એમના સેવકો સર્વસેવાસંઘની સર્વોદયની વિરોધી નીતિ, પોતાની અને દેશની પાયમાલી નોતરે એવી નીતિ સહન કરી શકતા ન હતા. એટલે વિનોબા તરફથી લીલીઝંડી મળતાં જ એ બધા સર્વસેવાસંઘમાંથી છૂટા થઇ ગયા. આમ સંઘના બે ભાગ પડયા. આ અધિવેશનમાં વિનોબાએ બે મિનિટ મૌનનો ત્યાગ કરીને જયપ્રકાશજીને કહ્યું: "ભારત સરકાર સામેનું આંદોલન શરૂ ન કરો. કેવળ ભ્રષ્ટાચારવિરોધી આંદોલન કરશો તો તેમાં બાબાનો પણ સાથ મળશે." વિનોબાનો નિર્ધાર એટલે ભીષ્મ પ્રતિજ્ઞા તેમ છતાં દેશ પરની

આપત્તિ ટળી શકે તો ટાળવી એ હેતુથી મૌનની પ્રતિજ્ઞા તોડીને પણ એમણે આટલા શબ્દો કહ્યા. કશાની અસર ન થઇ. દેશ સળગતો રહ્યો. વિનોબાએ, પોતે એક દિવસ ઉપવાસ કરીને સર્વસેવાસંઘને દાન દેતા તે બંધ કરવાની જાહેરાત કરી. સર્વસેવાસંઘનું વિસર્જન કરવાની વિનોબાની સૂચના એ લોકોએ માન્ય ન કરી. ઉત્તર પ્રદેશની સરકારે જમીનની વહેંચણી માટે રચેલી ખાસ સમિતિમાં જોડાવાની પરવાનગી વિનોબાએ પોતાના સાથીઓને આપી.

તે પછી અલ્લાબાદની વડી અદાલતનો ચુકાદો વડાપ્રધાનની વિરુદ્ધમાં ગયો. વડાપ્રધાને રાજીનામું આપવું કે નહીં એવો સવાલ એક સાથી તરફથી પૂછાયો. વિનોબાએ ન આપવું એમ ઇશારાથી જણાવ્યું. 25મી જૂન 1975ના દિવસે કટોકટીની જાહેરાત કરવામાં આવી. જયપ્રકાશ નારાયણ, કેટલાક સર્વોદય કાર્યકર્તા અને વિરોધ પક્ષના અનેક નેતાઓની ધરપકડ કરવામાં આવી. કેટલાક લોકોએ આ પરિસ્થિતિથી દુઃખી થઇને પૂછ્યું, કટોકટીનો અંત ક્યારે આવશે ? વિનોબાએ સૂચવ્યું, છ મહિના. શ્રી વસંતરાવ સાઠે મળવા આવ્યા ત્યારે વિનોબાએ એક ચિઠ્ઠી પર લખી આપ્યું. "ઇમરજન્સી અનુશાસન પર્વ" શ્રીમન્નારાયણે દારૂબંધી માટે સંદેશો માગ્યો ત્યારે એમણે લખી આપ્યું. "અનુશાસન પર્વમેં શરાબબંધી આવશ્યક હૈ. અનુશાસન કે લિયે", આ વાક્યનાં મોટાં મોટાં પોસ્ટર્સ બનાવી ચારે તરફ ચોંટાડવામાં આવ્યા. સરકારે પણ "અનુશાસન પર્વ" શબ્દોનો ઘણો પ્રચાર કર્યો.

15મી ઓગસ્ટે બંગલા દેશમાં શેખ મુજીબુર રહેમાન અને તેમના પરિવારનાં માણસોની ક્રૂર હત્યા થઇ અને આ ઘટના પાછળ સામ્રાજ્યવાદી શક્તિનો શું દાવ છે એ સ્પષ્ટ થવા લાગ્યું. "બંગલા દેશમાં સરમુખત્યાર ગયો, હવે ભારતમાં પણ એમ જ બનવું જોઇએ". એવી પત્રિકાઓ ચોરીછૂપીથી વહેંચાઇ. આ બધું બનતું ગયું અને કટોકટી લંબાતી ગઇ. 25મી ડિસેમ્બર 1975ના દિવસે વિનોબાનું એક વર્ષનું મૌનવ્રત પૂરું થતું હતું. એ નિમિત્તે ભૂદાન રજત જયંતી સમિતિએ પવનાર ખાતે એક ભવ્ય સંમેલન યોજયું હતું. એ જ દિવસે કટોકટીના મહિના પૂરા થતા હતા. તે પહેલાં કટોકટીની જાહેરાત પાછી ખેંચી લેવી એવો સંદેશો વિનોબાએ વડાપ્રધાનને મોકલ્યો હતો. એમણે પોતાની મુશ્કેલી જણાવી હતી.

25મી ડિસેમ્બરના રોજ ભૂદાનની રજત જયંતી નિમિતે યોજાયેલ વિશાળ સભામાં વિનોબાએ ભાષણ કર્યું. "અનુશાસન એટલે નિર્ભય, નિર્વેર, નિષ્પક્ષ, આચાર્યોનું અનુશાસન". તે પછી આચાર્ય સંમેલન યોજાયું. 25મી ફેબ્રુઆરીએ વડાપ્રધાન વિનોબાને મળવા પવનાર આવ્યાં. વિનોબાએ એમને કટોકટી પાછી

ખેંચી લેવા અને ચૂંટણી યોજવાની સલાહ આપી. છેવટ કંઇ નહીં તો સમાચારોની પૂર્વ તપાસની પદ્ધતિ રદ કરવી અને અમુક લોકોને બાદ કરી બાકીના કેદીઓને મુક્ત કરવાની સૂચના કરી. પણ એવું કંઇ બન્યું નહીં. બે મહિના પછી વિનોબાએ ભારતમાં ગો હત્યા પર પૂર્ણપણે પ્રતિબંધ મૂકવાની માગણી કરી અને તેય ન થાય તો 11મી સપ્ટેમ્બરથી અમરણાંત ઉપવાસ શરૂ કરવાની જાહેરાત કરી. આ જાહેરાત કરતું નિવેદન પવનારથી પ્રકાશિત થતા "મૈત્રી" માં છપાયું. આ સામયિકની બધી પ્રત મહારાષ્ટ્ર સરકારે જપ્ત કરી. એ વખતે વડાપ્રધાન પરદેશ ગયાં હતાં. ભારત પાછા આવીને વડાપ્રધાને મૈત્રીની જપ્ત કરવામાં આવેલી બધી પ્રત પાછી કરાવી. આમરણાંત ઉપવાસની તૈયારી તરીકે વિનોબાએ છ મહિના આગળથી જ ખોરાક ઓછો કરવા માંડયો હતો. એમનો સૂક્ષ્મ ઉપવાસ શરૂ થઇ ગયો હતો. એ વર્ષ એમની માતાની એકસોમી સંવત્સરીનું હતું. એટલે માતાનું સ્મરણ કરીને વિનોબાએ આ નિર્ણય કર્યો હતો.

વિનોબાની જાહેરાતને કારણે બધે ચિંતાનું વાતાવરણ ફેલાયું હતું. તેઓ ઉપવાસ પર ન ઊતરે તે માટે પ્રયત્ન શરૂ થયા હતા. સામ્યવાદી પક્ષના ત્રણ નેતા એ માટે પવનાર આવી ગયા. ભારત સરકારના પ્રતિનિધિઓ દિલ્હી ને પવનાર વચ્ચે દોડાદોડી કરવા લાગ્યા. અંતે એક સમાધાન પર વાત આવી. કેરળ અને બંગાળ સિવાયનાં ભારતનાં બધાં જ રાજ્યોમાં ગોહત્યા પર પ્રતિબંધ મૂકતો કાયદો કરવાની જાહેરાત ભારત સરકારે કરી. કેરળ અને બંગાળની લાક્ષણિક પરિસ્થિતિ જોતાં એ રાજ્યોને એક વર્ષનો સમય આપવાનું નક્કી કરવામાં આવ્યું અને 11મી સપ્ટેમ્બરનો વિનોબાનો જન્મદિવસ આનંદઉત્સાહ લઇને આવ્યો. તે દિવસના પ્રવચનમાં વિનોબાએ ગોહત્યા પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત અંગે સંતોષ વ્યક્ત કરતાં કહ્યુંઃ ભારતમાં ગોહત્યાપ્રતિબંધના પ્રશ્નનો મહદ્અંશે ઉકેલ આવી ગયો છે. આ ઉકેલનું શ્રેય ચાર જણાને છે, ભગવાન, માતા રુક્મિણી (વિનોબાનાં માતુશ્રી), ગાંધીજી અને ઇંદિરાજી. આમાંથી પહેલા ત્રણ આકાશમાં વસે છે. ઇંદિરાજી ધરતી પર છે. એટલે એમનો આભાર માનવાનો.

ઘટનાચક્ર ફરી રહ્યું હતું. કટોકટી અંગે અસંતોષ વધી રહ્યો હતો. ચૂંટણી વધારે વખત લંબાવવાની કેટલાકની સલાહ હતી તેનો વડાપ્રધાને અસ્વીકાર કરીને ચૂંટણી યોજવાની જાહેરાત કરી. કેદીઓને છોડયા અને 1977ના માર્ચમાં ચૂંટણી યોજી. તેમાં ઇંદિરા ગાંધી અને કોંગ્રેસ પક્ષની હાર થઇ. વિરોધી પક્ષોએ એકત્ર થઇને રચેલા જનતા પક્ષની સરકાર સત્તા પર આવી.

1978ના અંતમાં કલકત્તામાં કતલ કરવામાં આવતી ગાયોની કરુણ કહાણી

સાંભળીને વિનોબાએ ફરી સંપૂર્ણ ગોહત્યાબંધી દાખલ કરવા માટે ઉપવાસ પર ઉતરવાની જાહેરાત કરી. કેરળ અને બંગાળના સામ્યવાદી મુખ્યપ્રધાનો વિનોબાને મળવા પવનાર આવ્યા. સુમેળના વાતાવરણમાં ચર્ચા થઇ, પણ કોઇ ઉકેલ ન નીકળ્યો. છેવટે 22 એપ્રિલ 1979ના દિવસે વિનોબાએ ઉપવાસ શરૂ કર્યા. બીજા જ દિવસથી તેમના પિશાબમાં એસીટોન નીકળતું દેખાયું. ડૉકટરોને ચિંતા થવા લાગી. દેશ આખાને ચિંતા થઇ રહી હતી, સહુ કંઇક રસ્તો કાઢવાના પ્રયત્નમાં હતા. ઉપવાસનો છઠ્ઠો દિવસ ઊગ્યો. વિનોબાની તબિયત બગડી રહી હતી. છેવટ એક રસ્તો નીકળ્યો. તે વખતના વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઇએ પશુસંવર્ધનનો વિષય કેન્દ્રીય સૂચિમાં મૂકવાની ખાતરી આપી. વિનોબાએ ઉપવાસ છોડયા. સર્વોદય કાર્યકર્તાઓ આખા દેશમાં ગોહત્યા પર પ્રતિબંધ મૂકવા સંબંધિત કામમાં લાગ્યા હતા.

મુંબઇમાં દેવનાર ખાતેના કતલખાનામાં સારા સારા બળદની મોટી સંખ્યામાં કતલ કરવામાં આવી રહી છે એવું સાંભળવામાં આવતાં વિનોબાએ પોતાના નિકટના સાથી શ્રી અચ્યુતભાઇ દેશપાંડેને કાર્યકર્તાઓ સાથે લઇ દેવનાર ખાતે સત્યાગ્રહ કરવા મોકલ્યા અને 'આ દેશમાં નાનામોટા કોઇ પણ વયના ગાયબળદની હત્યા ન થવી જોઇએ' એવો સંદેશો આપ્યો. જે કોઇ મળવા આવે તેને તેઓ દેવનાર જાવ, એમ કહેતા.

શાંતિસેના તેમનું મનગમતું કામ હતું. તેઓ કહેતા 'બાપુ પહેલા શાંતિસૈનિક હતા. તેઓ પ્રથમ અમં એટલે એકડાની સંખ્યા. આપણે એમની પાછળ "શૂન્ય" બનીને ઊભા રહીએ. તો એક પાછળ જેટલાં શૂન્ય ચઢશે એટલી એની કિંમત વધતી જશે. રાષ્ટ્રસંઘે (યુનો) સશસ્ત્ર સેના કરતાં શાંતિસેના રાખવી જોઇએ. સાતલાખ શાંતિસૈનિકની જરૂર હોય તો એમાંથી એક લાખ અમે ભારતમાંથી આપીશું એમ તેઓ કહેતા. "જય જગત" એ તેમનો જયઘોષ. આજના વિજ્ઞાન યુગમાં બધાં પરિમાણો બદલાશે. હવે ગામડું કુટુંબ બનશે, વિકાસખંડ ગામ બનશે, પ્રાંત જિલ્લો થઇ જશે. દેશ પ્રાંત બનશે અને જગત દેશ બની જશે. આ વાત વિનોબા હંમેશાં કહ્યા કરતા. ભારતે હંમેશાં દુનિયાનો જ વિચાર કર્યો છે. વેદમાં પૃથ્વીસૂક્ત છે. આપણે પૃથ્વીનાં નિવાસી છીએ, વિશ્વમાનવ છીએ એમ કહેવાયું છે. એટલે ભારતીય જનનું મન નાનું હોય એ ન શોભે, એનું મન તો સમુદ્ર સમું ઘેરું ઊંડું અને આકાશ જેવડું વ્યાપક-મહાન હોવું જોઇએ.

એકવાર એક ખ્રિસ્તીએ ખ્રિસ્ત જયંતી નિમિત્તે સંદેશો માગ્યો ત્યારે વિનોબાએ કહ્યુંઃ "ઇસુ ખ્રિસ્તનું નામ લઇને બધાં શસ્ત્રાસ્ત્ર સમુદ્રમાં ડુબાડી દો. યુદ્ધમાં એક

દેશનાં જહાજ બીજો દેશ ડુબાડે એવું પરાવલંબન શા માટે હોવું જોઇએ ? આપણાં શસ્ત્રાસ્ત્ર, યુદ્ધ - જહાજ આપણે જ ડુબાડી દઈને સ્વાવલંબી થવું જોઈએ". તેઓ અનેક વેળા કહેતા કે "આજે દુનિયાના કેટલાક દેશો પાસે એટલી શસ્ત્રસામગ્રી એકઠી થઇ ગઇ છે કે એ દેશોના વડાની બુદ્ધિ જો ફરે તો આખી દુનિયાનો નાશ થાય એમ છે. એટલે આજકાલ હું ભગવાન પાસે પોતાને માટે કંઇ માગતો જ નથી. એને વિનવું છું કે હે ભગવાન, અમેરિકા અને રશિયાના નેતાઓને સદ્‌બુદ્ધિ આપજે. મારી બુદ્ધિ બગડશે તો તેથી દુનિયાને કંઇ નુકસાન થવાનું નથી."

લોકો દેશની વિવિધ સમસ્યાઓ અંગ વિનોબાને પૂછતા, તમને આસામ વિષે ચિંતા નથી થતી એમ કોઇ પૂછે તો તેને વિનોબા કહેતા : "બાબા ભારતનો એકલાનો વિચાર કરતા નથી, દુનિયાનો કરે છે. એ જય જગતનો ઘોષ કરે છે." કોઇ પણ સમસ્યા સાવ અલગ પાડીને વિચાર કરવો યોગ્ય નથી. આખી દુનિયાને નજરમાં રાખી તેના સંદર્ભમાં દરેક સમસ્યાનો વિચાર કરવો જોઇએ, એમ તેઓ કહેતા. એક ઓસ્ટ્રેલિયન કેટલાક દિવસ પદયાત્રામાં સાથે હતો. પાછા જતી વખતે એણે ઓસ્ટ્રેલિયા જોગ સંદેશ, ત્યાંના રેડિયો પરથી પ્રસારિત કરવા માટે માગ્યો. વિનોબાએ કહ્યું, હું જે કહું તે પ્રસારિત કરવાની હિંમત હોય તો સંદેશો આપું. પેલાએ આગ્રહ રાખ્યો એટલે કે જમીન ભગવાનની માલિકીની વસ્તુ છે. જમીનની માલિકી મનુષ્યની નહીં ને રાષ્ટ્રની પણ નહીં. દુનિયાની બધી જમીન પર સહુ માનવીનો સરખો અધિકાર છે. ઓસ્ટ્રેલિયામાં પુષ્કળ જમીન છે ને લોકસંખ્યા ઓછી છે. જ્યારે ચીન-જાપાનમાં જમીન ઓછી ને માણસ વધારે છે. એટલે આવા દેશો માટે ઓસ્ટ્રેલિયાના દરવાજા ખુલ્લા થવા જોઇએ. દુનિયાના કોઇ પણ ભાગમાં વસતા કોઇ પણ માણસને ગમે તે ખૂણે જઇને રહેવાની અને જમીનની સેવા કરી જીવન ગુજારવાની છૂટ હોવી જોઇએ.

દુનિયાની સમગ્ર કુદરતી સંપત્તિ પર બધા જ માનવીઓનો અધિકાર છે એમ તેઓ કહેતા ત્યારે કેટલાક પ્રશ્ન કરતા કે "તો પછી ઝરિયાની ખાણના કોલસા અને આસામ કે અખાતી દેશોમાં મળી આવતા તેલના જથ્થાનો માલિક કોણ ?" વિનોબા તરત જવાબ આપતા. દુનિયા, વિશ્વરાજ્ય એનું માલિક. આ માટે વિશ્વકુટુંબની ભાવના દૃઢ થવી જોઇએ. તેઓ કહેતા : વિજ્ઞાન ભૌતિક અંતર ઓછું કરે છે. આજે ઘેરબેઠે દુનિયા આખીના ખબર મળે છે. ચાર-છ કલાકમાં એક દેશમાંથી બીજા દેશમાં જઇ શકાય છે. પણ માણસ હજી માણસથી દૂર છે. માનસિક અંતર દૂર કરવાનું કામ વિજ્ઞાન કરી શકતું નથી. એ કામ તો અધ્યાત્મ

જ કરી શકે. વિજ્ઞાન અને અધ્યાત્મ માનવ પક્ષીની બે પાંખ છે. બન્ને પાંખ ફફડાવીને જ તે આકાશમાં ઊંચે સુધી ઊડી શકે.

પવનારના બ્રહ્મવિદ્યામંદિરમાં અધ્યાત્મ અને વિજ્ઞાનના સમન્વય પર આધારિત જીવનપદ્ધતિ વિકસાવવાનો પ્રયોગ થઇ રહ્યો હતો. વિનોબાને કોઇ એકાદ કામ અંગે પૂછે તો ગીતાઇ ઉઘાડીને તેઓ દેખાડતા. તેમનું કામ પૂરું થયું હતું. તબિયતની ખબર પૂછનારાને તેઓ પોતાની માંદગી જણાવતાં કહેતા : દુશ્મન પર હલ્લો કરવા વિમાનમથક બાંધી રાખવામાં આવે એમ યમરાજે મારા શરીરમાં ઠેકઠેકાણે પોતાનાં મથક બાંધી રાખ્યાં છે. યમરાજાનું એક વિમાનમથક છે, પેટ. એમાં છે અલસર. બીજું મથક છે ગળું, એ મને હંમેશાં તકલીફ આપે છે.

પાંસઠ પછી બધાને ઉપર જવાની પરવાનગી હોય છે. મને પરલોકનો પાસપોર્ટ મળી ગયો છે. હજી વીઝા મેળવવાનો બાકી છે.

કતો સ્મર કૃતમ્ સ્મર

આ પ્રાણ ચૈતન્યમય અમૃતતત્ત્વમાં લીન થાઓ અને પછી શરીરની રાખ થાઓ. ઇશ્વરનું નામ લઇને હે દૃઢસંકલ્પમય જીવ, યાદ કર, એણે જે કંઇ કર્યું છે તે યાદ કર. હે મારા જીવ, યાદ કર, પોતાના સંકલ્પનો ત્યાગ કરીને એણે કરેલું યાદ કર.

ઇશાવાસ્યોપનિષદનો વિનોબાએ હૃદયસ્પર્શી અનુવાદ કરેલો અને પોતે જ ગાંધીજીના અસ્થિવિસર્જન પ્રસંગે એનો પાઠ કરેલો. તે વખતે શ્રોતાઓને કંઇક દિવ્ય અનુભૂતિ જેવું લાગ્યું હતું. આમાં મરણ મહોત્સવનું વર્ણન છે, મરણ એક મંગળ ઉત્સવ છે. પણ તે ક્યારે ? જ્યારે "પોતાના સંકલ્પનો ત્યાગ" કરીને એનું કરેલું યાદ કરવામાં આવે ત્યારે. માણસ જિંદગી આખી કર્મ કરતો રહે છે. ઇહલોકમાં કર્મ કરતાં કરતાં સો વર્ષ જીવવાની ઇચ્છા કરવી. તારે દેહવંત માટે આ જ માર્ગ છે, બીજો કોઇ માર્ગ નથી. પણ એ કર્મનું સંચિત, સારાંમાઠાં બધાં જ કર્મોનું સંચિત, જે ઇચ્છાઓ નિર્માણ થાય છે તેમાંથી જે સંકલ્પ ઊભા થાય છે એ જ મનુષ્યને જન્મમરણના ચક્રમાં ફસાવે છે. એટલે જ ઇચ્છાઓ ગમે તેટલી પવિત્ર હોય તો પણ બંધનમાં જકડવાની સંકલ્પ ગમે તેટલા ઉદાત્ત હોય તો પણ નીચે ખેંચવાના જ, ગીતાપ્રવચનમાં વિનોબાએ આ જ વાત કહી છે. ગાંધીજી હંમેશાં ચરખો ચરખો કર્યા કરતા. પણ અંતિમ ઘડીએ એ જ ચરખાનું નામ નહીં. કશાયનું સ્મરણ ન જોઇએ, કોઇ સ્મૃતિ ન જોઇએ. આવું શી રીતે બની શકે ? બધી કર્મજાળ બળીને ભસ્મ શી રીતે થાય ? કર્મજાળ બળીને રાખ થતાં પહેલાં દેહની રાખ થાય તો એમાંથી પાછું જન્મમરણનું ચક્ર નિશ્ચિત. જીવન જેટલું સુંદર તેવું જ મંગળ મૃત્યુ શી રીતે થાય ?

4થી નવેમ્બર 1982 વિનોબાને તાવ આવ્યો. છેલ્લા કેટલાક વખતથી એમનું સ્વાસ્થ્ય બરોબર નહોતું રહેતું. પણ ચહેરા પરનું તેજ વધતું હતું. એટલે જોનારા પાછા ફરતા. તાવ આવ્યો એટલે સેવાગ્રામના ડૉકટર આવ્યા અને બીજા દિવસે રાત્રે હૃદયરોગનો હુમલો થયો. હોસ્પિટલમાં ખસેડવાની ડૉકટરોની સલાહ આશ્રમવાસીઓએ ન માની. કારણકે વિનોબાને એ ગમ્યું ન હોત. આશ્રમની એક

કુટિરમાં જ સારવાર શરૂ થઇ. ત્રણ દિવસનું જોખમ ગણાય તે આઠમી તારીખે ડૉક્ટરોએ ટળી ગયાની જાહેરાત કરી. તબિયતમાં સારો સુધારો છે એમ જણાવ્યું. ચિંતા દૂર થઇ. વિનોબા મજાકમશ્કરી કરતા હતા. તેઓ હંમેશાં 'યરલવ' બોલતા રહેતા. 'ય' પછી 'ર' આવે. યોગી થઇ જાવ નહીં તો રોગી થઇને મરવાનો વારો આવશે. 'હું રોગથી -બીમારીથી નહીં મરું' એમ વિનોબા ઘણી વાર કહેતા. તબિયત સુધરી અને ડૉક્ટરોએ એ રોગ રહ્યો નથી એમ જાહેર કરતાં તે જ રાત્રે વિનોબાએ દવા કે પાણી કંઇ પણ લેવાની ના પાડી દીધી. બીજે દિવસે સવારે સહુને ખબર પડયા કે બાબાએ અન્નપાણીનો ત્યાગ કર્યો છે. નજીકના લોકોને તો તેઓ આવું કંઇક કરશે એવો આછોસરખો ખ્યાલ હતો. એમની પાસે એક નોંધપોથી રહેતી તેમાં કોણ ક્યા વર્ષે મૃત્યુ પામ્યું એની નોંધ હતી. જ્ઞાનેશ્વર 24, શંકરાચાર્ય 32, ઇસુ ખ્રિસ્ત 33, તુકારામ 42, બુદ્ધ 80, શ્રીકૃષ્ણ 125 એમ ઝીણા અક્ષરે નોંધપોથીમાં ટપકાયેલું હતું. વિનોબા આ બધી નોંધ જોઇ ક્યારેક સાથીઓને પૂછતા : જ્ઞાનદેવે જમીનમાં સમાધિ લીધી, એકનાથે જળસમાધિ લીધી, જૈન સમાજમાં સંથારો કરવાની રીત છે, તેમાં અન્નપાણીનો ત્યાગ કરવામાં આવે છે આ બધામાં ક્યો માર્ગ સારો ? કોઇ કહે, મરણની વાત શા માટે કાઢો છો તો તેઓ તાળી પાડતા ને ગાવા માંડતા : "કાળ દેહાસી આલા ખાઊિ, આમ્હી આનંદે નાચૂં ગાઉં."

માણસના મરણની પળ નિશ્ચિત થયેલી હોય છે. તે કોઇ ટાળી શકતું નથી. મરણનો પ્રકાર બદલી શકાય છે એમ વિનોબા કહેતા. ક્યારેક કોઇ કહેતું: સાને ગુરુજીને તમારા પર કેટલી આસ્થા હતી. છેલ્લા દિવસોમાં તેઓ અસ્વસ્થ હતા. તેઓ તમને બોલાવતા રહેતા હતા. વિનોબા, આશ્રમમાંથી બહાર નીકળો. પણ તમે જવાબ આપ્યો કે મારા પગે ભમરી છે. એક વાર બહાર નીકળીશ તો ફરતો જ રહીશ. એ વખતે તમે બહાર નીકળ્યા હોત તો સાને ગુરુજી બચી ગયા હોત. આના જવાબમાં વિનોબા પોતાના સ્વભાવ પ્રમાણે કહેતાઃ બચ્યા ન હોત, ગોળી ખાઇને મર્યા એને બદલે સર્પદંશથી મર્યા હોત એટલું જ. આ વાત સાંભળીને આશ્રમવાસી કહેતાઃ તમે ઇચ્છામૃત્યુ નોતરી શકો એમ છો. ક્યારે ને શી રીતે મરવું એ તમે જ નક્કી કરશો. વિનોબા સાંભળીને ફક્ત સ્મિત કરતા.

વિનોબાએ અંતિમ યાત્રાની તૈયારી કરી લીધી છે, એમ બધા સમજી ગયા. કેટલાક 'પાણી તો લ્યો' એવો આગ્રહ કરવા ગયા તો વિનોબાએ વેદમાંથી પાઠ સંભળાવ્યો–

'तनूरेव तन्वो अस्तु भेषजम्' –શરીર એ જ એનું ઔષધ છે. અને પછી–

विश्व पुष्टं ग्रामे अस्मिन् अनातुरम्

अनु जनान् यतते पंच धीरः

शूरग्रामः सर्ववीर सहावान्

आर्याव्रता विसृजंतो अधि क्षमी...या उच्चार केला નો પાઠ સંભળાવ્યો.

મળવા આવનારનું તેઓ નિયમ પ્રમાણે "આગમ્યતામ્ સુખમાસ્યતામ્" કહીને સ્વાગત કરતા. અવાજ ધીમો પણ સ્પષ્ટ હતો. આસપાસ બેઠેલાઓનો દવાપાણી માટેનો આગ્રહ વધવા માંડે કે તેઓ ગીતાઇનો પાઠ બોલવા માંડતા. છઠ્ઠા અધ્યાયના 39-42, સાતમાનો 19મો અને અઢારમાનો 78મો શ્લોક તેઓ એકધારા ગણગણતા રહેતા.

ઉપવાસ શરૂ થયા તે જ દિવસે વિનોબાએ ગોહત્યા પ્રતિબંધ સત્યાગ્રહના પ્રમુખ શ્રી. અચ્યુતભાઇ દેશપાંડેને બોલાવ્યા. સહુને થયું કે વિનોબા ગોહત્યાપ્રતિબંધનું કામ કરો એવી એમની ઇચ્છા વ્યક્ત કરશે. પણ એ વિષે વિનોબા એક અક્ષર પણ ન બોલ્યા. છેવટના સાત દિવસોમાં એમણે એકવાર પણ ગોહત્યાપ્રતિબંધની વાત ઉચ્ચારી ન હતી. બીજો કોઇ વિષય પણ એમણે ચર્ચા માટે માંડયો ન હતો. રામહરિનો જપ કરવાનું જ તેઓ કહેતા. મહાપુરુષોને પોતાના માપથી માપનારા લોકો "આખરની ઇચ્છા" શબ્દનો પ્રયોગ કરે છે. બધી ઇચ્છાઓની પાર જવું એટલે શું એની કલ્પના પણ તેમને આવી શકતી નથી.

વિનોબાનું જીવનપર્વ એટલે એક મહાન ગાથા છે. પણ એમના મરણપર્વની મહાનતા શબ્દોથી વર્ણવી શકાય એમ નથી. સમાધિ એટલે શું એનું પ્રત્યક્ષ દર્શન એમના અંતિમ દિવસોએ કરાવ્યું હતું. નજર સામે જ કંઇ બની રહ્યું હતું તે બધું વિલક્ષણ જ હતું. ઉપવાસનો પ્રારંભ થયો તે દિવસે જ ડૉકટરે કહ્યું: "તમે બેભાન થઇ જાવ તો અમારે સારવાર કરવી પડશે. એનો તો સ્વીકાર કરશો ને ?" થોડી વારની ચૂપકીદી પછી વિનોબાએ કહ્યું: મારા મૃત્યુ પછી જે ઉપચાર કરવા હોય તે કરજો, એનો સ્વીકાર કરીશ. પહેલાં નહીં. એવો વખત જ આવવાનો ન હતો. વર્ષોથી અલ્સરની તકલીફ તો હતી જ. એના ઇલાજ તરીકે દર ત્રણ-ચાર કલાકે તેઓ થોડું દૂધ પીતા હતા. આમાં સહેજ વહેલું મોડું થાય તો પણ ખૂબ તકલીફ થતી, વેદના થતી. ડૉકટરને એમ કે બેત્રણ કલાકમાં અલ્સર ફાટશે અને પરિણામે વેદના વધશે, મૂત્રાશય કામ કરતું બંધ થશે અને અંતે વિનોબા બેભાન થઇ જશે. પણ આવું કંઇ ન બન્યું. છેવટની ઘડી સુધી શરીર સારું રહ્યું, એટલું જ નહીં, વધારે ને વધારે શુદ્ધ થતું ગયું. ગોહત્યાપ્રતિબંધ માટે છેલ્લે કરેલા ઉપવાસ વખતે બીજા જ દિવસથી પિશાબમાં એસિટોન જવા લાગ્યું હતું. પણ આ વખતે છેવટ સુધી એવું પણ ન થયું. ડૉકટરોને આ રહસ્ય કેમે કરીને સમજાતું ન હતું. ડૉકટરોના શાસ્ત્રના બધા નિયમ, બધાં અનુમાન ને નિદાન નિરર્થક નીવડતાં

જણાતાં હતાં. બધું ઊંધું જ બનતું હતું. મીરાંબાઇએ ગાયું છે: ભઇ મેરે નંદનકી, ગણિતના આંકડા ખોટા ઠરતા હતા. આ મૃત્યુ ન હતું સમાધિ હતી. સમાધિનું પ્રત્યક્ષ દર્શન થઇ રહ્યું હતું. માણસ જન્મજન્માંતરમાં અનંત કર્મ કરે છે, એ બધાનું સંચિત એને ક્યારે પણ મુક્ત થવા દેતું નથી. કર્મજાળના પૂર્ણનાશ વિના મુક્તિ નથી મળતી. કર્મનું સંચિત અને તેમાંથી નિર્માણ થતા સંકલ્પ એ બધું આ અંતિમ તપની ધગધગતી જ્વાળામાં બળીને રાખ થઇ રહ્યું છે, શરીરની રાખ થતાં પહેલાં જ કર્મજાળની રાખ થઇ રહી છે એવું અવનવું દર્શન થઇ રહ્યું હતું. પૃથ્વી, જલ, વાયુ, તેજ અને આકાશ એ પાંચ તત્ત્વોનો બનેલો દેહ બ્રહ્મકાંડમાં લીન થતાં પહેલાં જ, કંઇક અદ્ભુત એવું બની રહ્યું હતું. વાટ વિનાનો દીપ એકસરખો પ્રજળી રહ્યો હતો. જીવનમરણની સીમારેખા પરની એ ક્ષણોએ સસીમ અને અસીમ, સાન્ત અને અનન્ત, સાકાર અને નિરાકાર એક બિંદુ પર આણી મૂક્યાં હતાં.

શરીરની બાબતમાં આવો ચમત્કાર થતો હશે તેમ ચિત્તની સ્થિતિ અંગે પણ ચમત્કાર થતો હતો. આજ લગી કંઇ પીડા થાય કે વિનોબા 'આઇ-આઇ' કરીને કણસવા લાગતા. મારી મા મારી પાસે જ છે. એનું નામ લેવાથી સારું લાગે છે એમ કહેતા. પણ આ વખતે માને યાદ કર્યા નથી, કણસવાનું પણ બંધ. જાણે પીડા છે જ નહીં. પ્રસન્ન, પ્રશાંત, તેજસ્વી ચહેરો. વાચા ચાલતી હતી ત્યાં સુધી મજાક-મશ્કરીના બેચાર શબ્દ બોલતા. પછી ઇશારા કરતા થયા. સાવ છેલ્લા કલાકમાં પણ તેમની ફ્રેંચ માનસકન્યા ઋતાએ પાણી પીવાનો આગ્રહ કર્યો ત્યારે ઇશારાથી 'તું જ પી, તું જ પી' એમ કહીને એને હસાવી અને સામેની પટ્ટી પર લખેલા રામ-હરિ શબ્દ તરફ એનું ધ્યાન દોર્યું. છેક છેલ્લી ઘડી સુધી તેમનું ચિત્ત જાગૃત હતું. રામ-હરિના નામ સાથે પગથી તાલ દેતા તે છેવટની ઘડી સુધી ચાલુ હતું. આગલે દિવસે એક શીખ ભાઇ આવ્યા હતા. તેમનું ધીમા અવાજે 'એક ઓંકાર સતનામ' કહીને અભિવાદન કર્યું. બાકીની પૂર્તિ મહેમાને કરી.

આખરી રાત વધારે વિલક્ષણ નીવડી. રાત્રે આઠના સુમારે લોહીનું દબાણ એકદમ ઘટી ગયું. ડૉકટરોએ કહ્યું: હવે ગણતરીના દિવસની વાત છે. આખો આશ્રમ જાગતો હતો. ઉપવાસ શરૂ થયા ત્યારથી જ કુટિર સામે અખંડ પાઠ તો ચાલુ જ હતા. ગીતાઇ, રામાયણ, વિષ્ણુસહસ્રનામ, કુરાન, બાઇબલ વગેરેનો પાઠ થતો રહેતો. આસપાસનાં ગામોમાંથી ભજનમંડળી આવીને ભજન ગાતી. તબિયત ચિંતાજનક છે એવી ખબર પડતાં જ કોઇ બોલ્યું: આજની રાત આમ જ જશે. કાલે દિવાળી છે - સોમવતી અમાસ ને મહાવીર નિર્વાણ દિન. સ્વામી રામતીર્થ નિર્વાણ દિન. એમણે કાલનો દિવસ પસંદ કર્યો છે અને બરાબર એમ જ થયું. દિવાળીના દિવસે સવારે 9-30 વાગે વિનોબાએ છેવટનો શ્વાસ લીધો.

મૃત્યુ પૂર્વે સાધારણ રીતે જે કંઇ થાય છે એવું કંઇ ન થયું. સાવ સહજપણે, શાંતપણે પ્રાણનું સ્પંદન બંધ થયું.

બ્રહ્મવિદ્યામંદિરની બહેનોની કસોટીની એ પળ હતી. બે વર્ષ પહેલાં જન્મજયંતીના દિવસે બહેનો આનંદથી ભજન ગાતી હતી તે જોઇ વિનોબાએ કહ્યું: "મારા જન્મ દિવસે તમે જે આનંદથી ગાવ છો એજ રીતે મૃત્યુ વખતે ગાતાં રહેશો તો જ મારી પરીક્ષામાં પાસ થશો." એમ જ બન્યું. અંતિમ ક્ષણ આવી જોતાં એક બહેને શંખધ્વનિ ફૂંક્યો અને 'રામહરિ રામહરિ, રામહરિ ભયો રે' ની ધૂન શરૂ થઇ. મૃત્યુ આટલું પાવન, આટલું મંગળમય, આટલું મહાન હોઇ શકે એ વાત કોઇના માન્યામાં આવતી ન હતી.

કબીરનું એક ભજન વિનોબાને બહુ ગમતું. "સો ચાદર સુર નર મુનિ ઓઢે ઓઢિકે મૈલી કીન્હી ચદરિયાં. દાસ કબીર જનમસે ઓઢી, જ્યોં કી ત્યોં ધર દિન્હી ચદરિયાં." આ ચાદર દેહી સુરનરમુનિ બધા જ ઓઢે છે પણ ચોળી નાખે છે, મેલી કરી નાખે છે. કબીરે એવી રીતે સંભાળીને ઓઢી કે મળી એજ સ્થિતિમાં પાછી આપી.

અંતિમ સંસ્કાર મરણમહોત્સવનો પ્રસંગ હતો. ધામ નદીના પાત્રમાં, વિનોબાએ પહેલેથી જ દેખાડી રાખેલી જગ્યાએ, બહેનોના ઇશાવાસ્યના પાઠની સાથે દેહની રાખ થઇ રહી હતી. બ્રેઝનેફના અંતિમસંસ્કાર માટે ગયેલાં વડા પ્રધાન ઇંદિરા ગાંધી મોસ્કોથી સીધાં પવનાર આવ્યાં. ધામ નદીનો કિનારો માણસોથી ખીચોખીચ ભરાઇ ગયો હતો. ગામેગામથી લોકો ભજનકીર્તન કરતા દિણ્ડી કાઢીને આવ્યા હતા.

જીવનની જેમ મૃત્યુમાં પણ ક્રાંતિકારી ઘટના બની. સમાજના જૂના નિયમ તોડીને અને સગાભાઇ શિવાજી ભાવે હાજર હોવા છતાં એક સ્ત્રીએ ચિતાને અગ્નિ દીધો. વિનોબાનાં સહુથી જૂનાં સેવિકા મહાદેવીમાઇ અગ્નિદાહ દેશે એવું આશ્રમની બહેનોએ નક્કી કર્યું હતું. ચિતા માટે ચંદનનાં કાષ્ટ ન વાપરતાં સાદું બાવળનું લાકડું વાપરવામાં આવ્યું હતું. આશ્રમની બહેનોએ અર્થી ઉપાડી, વડાપ્રધાન સહિત બધા લોકો પાછળ ચાલવા લાગ્યાં.

"વિનોબા ગયા, હવે તમારું શું થશે ? 'એવો સવાલ કોઇએ પૂછયો ત્યારે આશ્રમવાસી એક બહેને કહ્યું: પહેલાં તેઓ હતા તો પણ ન હતા, હવે નથી પણ છે.' હોવું ન હોવું , નજીક-દૂર, મિલન-વિયોગ એ બધાથી પર એવું કંઇક છે એવો ભાસ ચારે બાજુના વિસ્તારમાં થઇ રહ્યો હતો. ગામની સ્ત્રીઓ અંદરોઅંદર વાત કરવા લાગી: "વિનોબા ગયા. હવે અહીં કોણ આવશે ?' બીજીએ કહ્યું, "વિનોબાજી ગયા જ નથી. એઓ આપણા બધાના હૃદયમાં છે."

વિનોબાનો વારસો

જગન્નાથપુરીમાં સમુદ્રનાં ઊછળતાં મોજાંની રમત જોતાં બધાં ઊભાં હતાં. બેચાર નાનાં મોજાં આવ્યાં ને વિનોબાએ કહ્યું: "આ જુઓ નિર્મળા, આ આવી કુસુમ." એક મોજું જરા વધારે ઊંચું ગયું. વિનોબાએ કહ્યું "આ આવ્યા વિનોબા" થોડી વાર પછી એક મોટું ઊંચા પર્વત જેવડું મોજું આવ્યું ને વિનોબા બોલી ઊઠયા 'આ તો મહાત્મા ગાંધી" પાણીના મોજાં ઊછળે ને પાણીમાં જ સમાઇ જાય. બધું પાણી જ. મોજાં ઊછળવાથી પાણી ઘટયું નહીં કે પાછા સમાઇ જવાથી વધ્યું નહી. આવા મોજાં ચૈતન્યરૂપી સમુદ્રમાં ઊછળતાં હોય છે તેને આપણે જુદાં જુદાં નામ આપીએ છીએ. એક મોજું આવ્યું ને ગયું, પાછળ શું રહે છે ?

ખરેખર તો કંઇ જ પાછળ હોતું નથી. પણ માણસજાતની તોલમાપ ને મોજણીની હોંશ કંઇ કરતાં ઓછી થતી નથી. અમુક એક વ્યક્તિ દુનિયામાં આવી, થોડો વખત રહી અને ગઇ, પાછળ શું રહ્યું ? આની ગણતરી તરત થવા લાગે છે.

ભવિષ્યમાં ઇતિહાસકારો આવી ગણતરી કરવા લાગશે ત્યારે તેમને શું સાંપડશે ? એ માણસ કોણ હતો ? ગરીબોને જમીન આપનારો ભૂદાન બાબા ? કે પછી પ્રચંડ તપ કરનાર, છેવટની ઘડી સુધી તપના અગ્નિમાં સમગ્ર પ્રારબ્ધને બાળી નાખનાર તપસ્વી ? ભંગીનું કામ કરીને ઉપેક્ષિતો, પીડિતો, દલિતો સાથે એકરૂપ થયેલો શોષિતોનો તારણહાર ? કે બાવીસ ભાષા અને બધા જ ધર્મગ્રંથો પર આશ્ચર્યકારક પ્રભુત્વ ધરાવનાર પ્રચંડ વિદ્વાન ? વિદ્રોહી સંત મીરાંબાઇની જેમ સ્ત્રીઓને વિદ્રોહી કરવાનું કહેતો વિદ્રોહી કે કોમી તોફાનોની આગ પ્રેમનાં પાણીથી ઓલવનાર શાંતિસૈનિક ? મારો જન્મ જમીન અને સંપત્તિની ખાનગી માલિકી નાબૂદ કરવા માટે જ થયો છે એવી ગર્જના કરતો ક્રાંતિકારી કે ગામ માટે પોતાના પ્રાણની આહુતિ આપવા તત્પર ગોસેવક ? સતત જ્ઞાનદાન કરતો ફરતો શિક્ષક કે કાંતણને વણકરમાં કલાકોના કલાકો ગૂંચવાઇ રહેતો વણકર ? જ્ઞાન અને બુદ્ધિની મર્યાદાની બહારના તત્ત્વને પામવા કર્મવિણ કદી કોઇ ન રહે

ક્ષણમાત્ર એવા ગીતાવચન મુજબ નિરંતર કર્મરત કર્મયોગી કે 'જ્ઞાનથી બાળ્યા' કર્મ મુજબનો જ્ઞાનનો અગ્નિહોત્ર અખંડ પ્રજ્વલિત રાખનાર જ્ઞાનયોગી કે પછી જ્ઞાનદેવ જેવા સંતોનાં સ્મરણથી આંસુની અંજલિ અર્પતો ભક્તિયોગી ?

આ સર્વ પ્રશ્નો સદા અનુત્તરિત રહેવાના છે. આંધળા અને હાથીની વાતો પ્રમાણે કોઇ કાન પર હાથ ફેરવીને કહેશે હાથી સૂપડા જેવો છે, તો કોઇ પગે હાથ ફેરવીને કહેશે હાથી થાંભલા જેવો છે. હાથીનું સમગ્ર દર્શન કરવા માટે આવશ્યક દૃષ્ટિ આપણી પાસે છે જ ક્યાં ?

વિનોબા અનેક વાર કહેતાઃ "મારું બધું ચાલ્યું જશે. બાકી રહેશે એક ગીતાઇ," મરાઠી ભાષા જ્યાં સુધી ટકશે ત્યાં સુધી ગીતાઇ અને ગીતા પ્રવચનોની મીઠાશ પણ ટકી રહેશે. સૈંકડો વર્ષ સુધી મરાઠી માણસને માર્ગ ચીંધતી રહેશે. અસાધારણ વિદ્વત્તા એટલે શું, એ કોને કહેવાય એનું નાના સરખા સૂત્રમાં પૂરેપૂરું ને સ્પષ્ટ વર્ણન કરનારી આ વિચારસભર પોથીને કોણ ભૂલી શકે ? ઓંકારમાં સચવાયેલા શબ્દબ્રહ્મના ઉપનિષદમાંના ઉન્મેષને કોઇ અભ્યાસુ નજર આડે કરી શકે ખરો ? ષડ્દર્શનની હારમાં બેસી શકે એવું 'જ્ઞાનસમાધિ ને ધ્યાનસમાધિ' સ્થિતપ્રજ્ઞની "જ્ઞાનાવસ્થા ક્રિયાવસ્થા, ભાવાવસ્થા, નિર્વાણ ને બ્રહ્મનિર્વાણ"નું દર્શન ક્યા વિચારવંતને પ્રભાવિત ન કરે ? આવતી કાલની દુનિયાનું સ્વરાજ્ય શાસ્ત્ર આવતીકાલના માણસને રસ્તો ચીંધશે જ.

વિજ્ઞાનનો વિકાસ થતો જશે. અંતરીક્ષ યાત્રા સરળ થઇ પડશે. આખી દુનિયા ખરેખર 'વસુધૈવ કુટુમ્બકમ્' જેવી બનશે. ત્યારે કોઇ એકાદને યાદ આવશે કે વીસમી સદીમાં ભારતમાં એક ગાંડો પીર થઇ ગયો હતો જે આવું જ કંઇક કહેતો હતો. અર્થ સમજાય કે ન સમજાય, બાળકો પાસે 'જયજગત'ની ઘોષણા કરાવતો હતો અને આ ઘોષણાને તે મંત્ર તરીકે ઓળખાવતો હતો.

આવો શબ્દોનો જાદુગર, ફૂલ ખીલે ત્યારે ભમરાને બોલાવવા નથી પડતા એમ કહી સાહિત્યકારોને આવાહન દેતો પ્રતિભાવાન્ કે મૌનમાં બધી ભાષા વેરાઇ જાય છે એમ કહી લાખો લોકોના સમૂહની વચ્ચે ધ્યાનમગ્ન બનતો ધ્યાનયોગી ?

"વિશ્વં પુલ્ટે ગ્રામે અસ્મિન્ અનાતુરમ્" કહીને સહુની દૃષ્ટિ ગ્રામોદ્ધાર તરફ ખેંચનાર ગ્રામસેવક કે પછી કરોડોના કંઠમાંથી 'જયજગત'નો જયઘોષ કરાવનાર વિશ્વમાનવ ? જેમાં રામ ન હોય એવાં મોતીને ચાવી કૂચો કરીને ફેંતી દેનારા હનુમાનની જેમ જે કામમાં અધ્યાત્મ ન હોય તે નિઃસાર ગણીને ફેંકી દેનારો આધ્યાત્મિક સાધક ? કે ખાવાપીવાથી માંડીને જીવનના દરેક કૃત્યમાં ગણિત

જેવી ચોકસાઇ રાખનાર વૈજ્ઞાનિક ? હૃદયોને સાંધવા એજ મારું મિશન છે એમ કહી માણસોને પાસે ખેંચનાર કે આજની સમાજરચનાને આગ લગાડવી જોઇએ એમ કહેનાર વિદ્રોહી ?

કાલે ઊઠીને વિશ્વરાજ્ય અસ્તિત્વમાં આવશે ત્યારે બધા ધર્મના લોકોએ સાથે મળીને રહેવું પડશે, એકબીજાને સમજી લેવા જોઇશે. અને ત્યારે સહુની દૃષ્ટિ વિનોબાના સારગ્રંથો ભણી વળશે. કુરાનસાર, ભાગવતધર્મસાર, ઋગ્વેદસાર અને સમણસુત્તમ્ તથા ધમ્મપદ. આ બધા સારગ્રંથોની આવશ્યકતા જણાશે. મૂળ ગ્રંથ વાંચવાનો વખત કોને મળશે ? અનાયાસે એક માણસે સાર કાઢી જ આપ્યો છે. વિનોબા સહકાર્યકરોને કહેતાઃ 'ગાય ઘાસ ખાય, ચાવી ચાવીને ખાય, પચાવે ને પછી દૂધ દે. તેમ તમારે માટે દૂધ આપી રાખ્યું છે.'

લોકો દૂધ પીશે અને દૂધથી પણ તબિયતને હાનિ પહોંચી શકે છે એમ સાંભળશે. વિજ્ઞાનયુગમાં પંથવાદને સ્થાન નથી, આધ્યાત્મિકતા જ ટકી રહેશે. ગ્રંથોનું વજન માથા પર ન રાખતાં બધા ગ્રંથો બાજુએ સારીને સત્યની શોધ કરવી એમ કોઇએ કહ્યું છે. 'કિતાબેં ડાલ પાનીમેં પકડ દસ્ત તૂં ફરિશ્તોં કા.' માત્ર કહ્યું જ નથી તેનો પ્રયોગ પણ કર્યો છે એનો ખ્યાલ આવશે.

દુનિયામાં નવી અર્થવ્યવસ્થા આવવાના આસાર છે એટલે જમીન અને સંપત્તિ પર સહુનો સરખો અધિકાર છે. એમ કહીને તે પ્રમાણે ભૂમિદાનનું અને સ્વેચ્છાપૂર્વક માલિકીનું વિસર્જન કરાવવાનું મહાન કાર્ય ક્યારેક કોઇએ કર્યું હતું એ વાત યાદ આવશે જ ને. માણસ અને ઇશ્વર પરની શ્રદ્ધા ચલિત થવા લાગશે ત્યારે 'દરિદ્રનારાયણની ઉપાસના'નો મંત્ર અને તેનું તંત્ર શ્રદ્ધાનું બળ નહીં પૂરે ?

વિજ્ઞાન કે અધ્યાત્મ, વ્યક્તિ કે સમાજ સ્થાનિક અભિમાન કે જાગતિક જાગૃતિ, શાંતિ કે ક્રાંતિ એવાં અનેક દ્વંદ્વોમાં માણસ સપડાશે ત્યારે આ દ્વંદ્વોની પાર જઇને સમન્વય સાધનારી, અદ્વૈતની વ્યાવહારિક ભૂમિકા કોઇએ પ્રતિપાદિત કરી હતી એ હકીકત પ્રત્યે કોઇનું ધ્યાન નહીં જાય ?

કોઇને 'સ્ત્રીશક્તિ' એ શબ્દો આકર્ષિત કરશે તો કોઇને 'શાંતિમય ક્રાંતિ' ને 'શાંતિસેના'નો સાદ મંત્રમુગ્ધ કરશે, કોઇને 'આચાર્યકુલ'ના પ્રસ્તાવમાં ધાર્યો હેતુ સિદ્ધ થતો દેખાશે અને બધું મળીને પણ તે છતાં મન અશાંત રહેશે ત્યારે સહુ પોતાના અંતરમાં શોધ શરૂ કરશે અને ત્યારે 'ચિત્તવિસ્ફોટ' થવો એ વસ્તુ શું છે એ જાણવાનું કુતુહલ થશે. સમય ગમે તે હોય, દેશ ગમે તે હોય, પરિસ્થિતિ ગમે તે હોય, માણસને ક્યારેક તો વિનોબા યાદ આવ્યા વિના નહીં રહે.

અને ત્યારે ક્યાંકથી, નિઃશબ્દમાંથી શબ્દ ઊઠશે, વિનોબાનું સ્મરણ શા માટે

થવું જોઇએ ? ભૂલી જા વિનોબાને. પોતાના અંતરના જ અંતરતરને યાદ કર, પોતાના હૃદયનો દીપ પ્રગટાવ - એ જ તારા માર્ગને અજવાળશે. તે પછી સહુ ભેગા મળીને એકબીજાનો હાથ ઝાલીને એ સુપંથે આગળ ચાલવા માંડજો.

ક્યાંથી આવે છે આ શબ્દ ? એવો સવાલ ઊઠે ને ઉત્તર માટે પ્રયત્ન કરીએ ત્યારે સંભ્રમ થશે, આ વિનોબાનો જ અવાજ તો નથી ને ?

Printed at Beauty Print, 10/8020 Multani Dhanda, Paharganj, New Delhi-55